
# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-
વર્ષ - ૭, અંક - ૪
**એપ્રિલ-૨૦૧૦**
મહાકુંભ વિશેષાંક





### હતાશા નહિ

ભગવન્નામકામ, મોહ, ક્રોધ વગેરેનો નાશ કરે છે. કોઈ હતાશા નહિ. ઓ વીર ! આગળ વધો ! હિંમત રાખો. ઓ મુસાફર ! ધ્યાનથી સાંભળ ! આ સંસાર સારહીન છે, રસહીન છે. સાંસારિક જીવન દુઃખથી ભરેલું છે. અહીંનું જીવન હંમેશાં અભાવ અનુભવે છે. અહીંના જીવનને અમૂલ્ય સમજીને સાધના કરો. પ્રેમ, આનંદ અને શાંતિ ઉપર ધ્યાન કરો.

- સ્વામી શિવાનંદ


श्री आदि शक्ति
Sri Sri Sri
Ashta
Lakshmi
Bhavan

**શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત**

# દિવ્ય જીવન હરિદ્વાર - મહાકુંભ - ૨૦૧૦ વિશેષાંક

વર્ષ : ૭ અંક : ૪ એપ્રિલ-૨૦૧૦



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**ડૉ. મફતલાલ જે. પટણી**
**ડૉ. હરીશ દ્વિવેદી**

•

**લેખ મોકલવાનું સરનામું :**
**તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી**
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

•

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી ઉપેન્દ્રભાઈ પી. પુરોહિત**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

•

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org



## લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૦૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૦૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૨૫૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૦/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૨૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૦૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


**ॐ**

**श्रवणादिभिरुद्दीप्तज्ञानाग्निपरितापितः ।**
**जीवः सर्वमलान्मुक्तः, स्वर्णवद्द्योतते स्वयम् ॥**

**हृदाकाशोदितो ह्यात्मा, बोधभानुस्तमोऽपहृत् ।**
**सर्वव्यापी सर्वधारी, भाति सर्वं प्रकाशते ॥**

**दिग्देशकालाद्यनपेक्षसर्वगं, शीतादिहृन्नित्यसुखं निरञ्जनम् ।**
**यः स्वात्मतीर्थं भजते विनिष्क्रियः, स सर्ववित्सर्वगतोऽमृतो भवेत् ॥**

**आत्मबोधः-६७, ६८, ६९**

શ્રવણાદિથી ઉદ્દીપન કરેલા જ્ઞાનાગ્નિથી સારી રીતે તપાવેલો જીવ સર્વ મેલોથી મોકળા થયેલા સોનાની જેમ પોતે પ્રકાશે છે.

હૃદયાકાશમાં ઉદિત થયેલ આત્માના જ્ઞાનરૂપી સૂર્ય અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરે છે, પોતે પ્રકાશે છે અને સર્વેને પ્રકાશિત કરે છે, તે સર્વવ્યાપક ને સર્વને ધારણ કરનાર છે.


જે અત્યંત અક્રિય પુરુષ દિશા, દેશ અને કાલાદિની અપેક્ષા વિનાનું, સર્વવ્યાપક, શીતલતા આદિને દૂર કરનારું, નિત્ય સુખરૂપ ને અવિદ્યારૂપી મલથી રહિત પોતાના આત્મરૂપ તીર્થને ચિત્તની એકાગ્રતાથી સેવે છે તે પુરુષ સર્વજ્ઞ, સર્વવ્યાપક અને અવિનાશી બને છે.

## શિવાનંદ વાણી

ભગવાન મહાન છે. તેમની ઈચ્છા ઉપર જીવનને સંપૂર્ણ રીતે છોડી દો. તેમની ઈચ્છા જ મહાન છે અને તેમનું કાર્ય જ્ઞાનપૂર્વકનું હોય છે. જ્યારે ભગવાનનું કર્મ આખા જગત ઉપર કે મોટા સમૂહ ઉપર અસર કરે છે, ત્યારે કોઈ વેરભાવ રાખી શકતું નથી કે ફરિયાદ કરતું નથી. પ્રકૃતિના કાર્યમાં હંમેશા અકસ્માતનું એક પ્રકરણ હોય છે. આપણે ગંભીર બનીએ અને આપણાં કર્મો તથા તેમનાં ફળો ભગવાનની પૂજા તરીકે તેમનાં ચરણોમાં અર્પણ કરીએ. આપણે તેમને કદાપિ ન ભૂલીએ. આપણે આખા જગતની શાંતિ માટે પ્રાર્થના કરીએ. આપ નિરંતર ભગવાનના કામમાં લાગી રહો. તમે સદાય અખંડ શાંતિમાં રહો !

**- સ્વામી શિવાનંદ**

**અંક સૌજન્ય :**



આ અંક પિતાશ્રી સ્વ. શ્રી રાયચંદભાઈ આચાર્ય તથા માતુશ્રી સ્વ. વારાંબેનના સ્મરણાર્થે તેઓના પરિવારના સૌજન્યદાનથી પ્રકાશિત થયેલ છે. ગુજરાત દિવ્ય જીવન સંઘ તેઓના આભારી છે.




**પ્રકાશક-મુદ્રક :** અરૂણ દેવેન્દ્ર ઓઝા, માલિક ગુજરાત દિવ્ય જીવન સંઘ વતી પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. શ્લોક - આત્મબોધ | શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય | ૧ |
| ૨. અનુક્રમ, તહેવાર સૂચિ | | ૨ |
| ૩. સંપાદકીય | સંપાદક | ૩ |
| ૪. ઉપવાસ-૧ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૪ |
| ૫. પહેલું પગલું | શ્રી સ્વામી ચિદાનંદજી | ૭ |
| ૬. મનાચે શ્લોક-મનોબોધ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૯ |
| ૭. શિવાનંદ કથામૃત | ગુરુદેવના સંન્યાસી શિષ્યો | ૧૧ |
| ૮. સત્સંગની આવશ્યકતા | શ્રી યોગેશ્વરજી | ૧૪ |
| ૯. યોગ એ જ જીવન | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૧૬ |
| ૧૦. આચારાંગ સૂત્ર | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી | ૧૯ |
| ૧૧. ઉપનિષદ-યાત્રા | શ્રી ગુણવંત શાહ | ૨૦ |
| ૧૨. મન અને તેના કાર્યો | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૨૩ |
| ૧૩. અષ્ટાવક્રગીતા તત્ત્વાવલોકન | ડૉ. કલાબહેન પટેલ | ૨૬ |
| ૧૪. સ્નેહનો સેતુબંધ | ડૉ. હરીશ દ્વિવેદી | ૨૮ |
| ૧૬. હરિદ્વાર કુંભ મહાપર્વ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૩૦ |
| ૧૫. વૃત્તાંત | | ૬૨ |


## તહેવાર સૂચિ

**એપ્રિલ, ૨૦૧૦**

| તા. | તિથિ | (ચૈત્ર વદ) |
|---|---|---|
| ૧૦ | ૧૧ | એકાદશી |
| ૧૧ | ૧૨ | પ્રદોષપૂજા |
| ૧૪ | ૩૦ | મેષ સંક્રાંતિ (સવારે ૮-૨૧) અમાવાસ્યા |
| | | **(અ.વૈશાખ સુદ)** |
| ૨૪ | ૧૧ | એકાદશી |
| ૨૬ | ૧૩ | પ્રદોષપૂજા |
| ૨૮ | ૧૫ | પૂર્ણિમા |

**● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગ યોગ ● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર**

લગાતાર પુરુષાર્થ કરો. દરેક બાબતમાં સફળતા મેળવવાનું આ રહસ્યચિહ્ન છે. ઈશ્વરમાં જ રહો, તેમાં જ જીવો અને તેમાં જ ફરો. ભગવાનના નામમાં મશગૂલ થઈ જાઓ. શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો. તમારી જાતને ઓળખો. તમારા તાત્ત્વિક દિવ્ય સ્વભાવને ઓળખો. પ્રેમ અને જ્ઞાનની પાંખો વડે ઊડીને અમરધામ બ્રહ્મમાં પહોંચી જાઓ. પ્રાર્થના ભગવાન પાસે પહોંચી જવાની પાંખ છે. ધ્યાન ભગવાનને નિરખવાની આંખ છે. **- સ્વામી શિવાનંદ**

**દિવ્ય સ્ફુલિંગ - સર્વોચ્ચ અનુભવ :** આધ્યાત્મિક અનુભવ શબ્દાતીત છે. ભાષા તેનું વર્ણન કરવા સમર્થ નથી. સાધકોએ તે અનુભવવાનો છે અને તેની વૃદ્ધિ કરવાની છે. પ્રારંભમાં એક ભક્ત, એક યોગી અને એક સંત-સંન્યાસીના અનુભવો જુદા જુદા હોય છે. અંતિમ અને સર્વોચ્ચ અનુભવ એક અને કાયમી હોય છે. તે અનુભવમાં તમે અને બ્રહ્મ એક બની જાઓ છો. **- સ્વામી ચિદાનંદ**

### 'દિવ્ય જીવન' માસિકના સંદર્ભમાં વિજ્ઞપ્તિ

'દિવ્ય જીવન' માસિકના પ્રકાશક, મુદ્રક તરીકેની જવાબદારી, ગુજરાત દિવ્ય જીવન સંઘના ટ્રસ્ટીમંડળે મને સોંપી છે. માસિકમાં જીવન ઉત્થાન માટે ઉપયોગી સામગ્રી પ્રસિદ્ધ કરવામાં આવે છે, તે ખૂબ જ આગવી અને જીવનને દિવ્યતા તરફ લઈ જવા માટે ઉપયોગી છે. આ સાહિત્યનો બહોળો પ્રચાર થવો તે તંદુરસ્ત સમાજ માટે અને વિશેષ કરીને યુવાનો માટે અત્યંત જરૂરી છે. આ માટે સૌને સહકાર આપવા હાર્દિક વિનંતી. વધુમાં વધુ આજીવન/વાર્ષિક સભ્યો નોંધાય એ માટે સૌનો સહકાર આવકાર્ય છે.

અંકમાં પ્રસિદ્ધ થતી સામગ્રી બાબત અભિપ્રાયો તથા વાચકોના મંતવ્યો પણ આવકાર્ય છે. સંપાદન મંડળ માન્ય રાખે તે મંતવ્યો-અભિપ્રાયોને પ્રસિદ્ધ કરવામાં આવશે. સદ્ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી, ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી, પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજીના પ્રેરણાત્મક વ્યક્તિગત જે અનુભવો ભક્તોને હોય તે પણ આવકાર્ય છે. દર મહિનાનો અંક પ્રસિદ્ધ કરવા માટે થતા ખર્ચને પહોંચી વળવા સહાયતા પેટે કોઈના સ્મરણાર્થે કે જન્મતિથિ નિમિત્તે અંક સૌજન્ય (sponsor) કરી શકાય. દરેક વ્યક્તિદીઠ આજીવન કે વાર્ષિક સભ્ય ફી જમા કરાવીને પોતાના તરફથી જે તે મહાનુભાવોને શુભેચ્છાના ભાગરૂપે અંક મોકલવાની વિનંતીથી પણ સહકાર આપી શકાય. તાજેતરમાં બે મહાનુભાવોએ રૂા.૩૦૦૦/- અને રૂા.૧૦૦૦/- દાનપેટે આપીને તેઓ તરફથી અનુક્રમે ૩૦ અને ૧૦ વ્યક્તિને અંક મોકલવા વિનંતી કરી છે. આ પ્રમાણે પોતાના તરફથી જાહેર પુસ્તકાલય કે શાળાઓને પણ અંક મોકલી શકાય. **- અરૂણ ઓઝા, પ્રકાશક**

# સંપાદકીય

એકવીસમી સદીનો સર્વપ્રથમ મહાકુંભ હરિદ્વાર ખાતે વર્ષના પ્રારંભ સાથે જ આરંભાયો છે. આ મહિનો પૂરો થતાંની સાથે આ કુંભપર્વ પણ વિરમશે. અઢી મહિનાના ગાળામાં હરિદ્વારમાં સાડાચાર કરોડ ભક્તો, મુમુક્ષુઓ, સાધુઓ, સંતો, વૈરાગીઓ, વ્યાપારીઓ, કલાકારો, તત્ત્વચિંતકો, સંતો, મહંતો ઉપરાંત પોલીસ અને પ્રશાસન સૌ અહીં આવ્યા, હવે જશે.

આપણે છેલ્લાં બત્રીસ વર્ષથી જાહેરમાં એક ગાણું ગાઈએ છીએ ''મેરા ભારત મહાન'', આ સાત્ત્વિક અનુભૂતિ છે. આ વિરાટ માનવ મહેરામણની સરભરા માટે કેન્દ્ર સરકારે પણ ૪૫૦ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. નવી સડકો બની; નવા પુલ બંધાયા, નૂતન ઘાટ, પાણી પીવાનાં; પ્રસાધનોનાં સ્થાનો અને અનેક નવાં વિશ્રામ ભવનોનાં નિર્માણ થયાં.

પતરાળાં અને પડિયા ભલે પ્લાસ્ટિક, કાગળ અને થર્મોકોલનાં બને પણ જુનાં પરંપરાગત પતરાળાં તો છેક બિહાર અને બંગાળથી આવ્યાં. આંધ્ર અને કર્ણાટકથી પણ ફૂલ, જૂટનાં દોરડાં, તંબુ માટેની સામગ્રી આવી. વાસણો મુરાદાબાદ (ઉત્તરપ્રદેશ) અને છેક રાશીપુરમ્-સેલમ્ તામિલનાડુથી આવ્યાં. પોલીસ વ્યવસ્થા અને આર્મી તથા પ્રશાસન ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, પંજાબ અને હરિયાણાથી આવ્યું. દાન ગુજરાત અને મારવાડ તથા પંજાબ, મુંબઈ કે દિલ્હી અથવા તો લંડન, અમેરિકા અને વિશ્વના ઇતર દેશોમાંથી આવ્યું.

અહીં નીકળતી શાહીનો શૃંગાર માયસોર અને શિવકાશીથી આવ્યો. હાથી, ઘોડા, ઊંટ, શંખનાદ, ભેરી અને તુરીના સૂર ઉત્કળ પ્રદેશ અને બંગાળ તથા મહારાષ્ટ્રથી આવ્યાં. આ મહાકુંભ માત્ર આધ્યાત્મિક મેળો જ નથી, રાષ્ટ્રીય એકતા અને અખંડતાનું સુંદર ઉદાહરણ છે.

અહીં આવવા માટે કોઈને વ્યક્તિગત નિમંત્રણની આવશ્યકતા નથી. સૌ પોતપોતાની રીતે પંચાંગ કેલેન્ડરો જોઈને આવી જાય. વિશ્વમાં આવો અદ્ભુત સમારોહ જ્યાં આટલા લાંબા સમય સુધી સૌ કોઈ વિધવિધ રૂપ, રંગ, જાતિ, પાતિ, કલા, સાહિત્ય, ધર્મ, વ્યવસ્થા, ઉદ્યોગ, નિર્માણ, પ્રશાસન, માહિતી-પ્રકાશન-મીડિયા-સૌ વિશ્વના ચારેય ખૂણેથી અહીં આવ્યાં છે.

આ બધાંને એક સૂત્રે બાંધનારું કોણ ? તે ગંગામૈયા છે. વિભિન્ન અખાડાઓ, મંડલેશ્વરો કે મઠાધીશોના વૈભવ કે રાત્રીના નિબિડ અંધકાર વચ્ચે અદ્ભુત રોશનીથી ઝાકઝમાળ પાછળનું રહસ્ય ગંગાજી છે.

કુંભપર્વ આરંભ્યું. આ મહિનાની સાથે પૂરું થશે. સૌ આવ્યાં, સૌ જશે. પરંતુ ગંગા શાશ્વત છે. ભારતની સંસ્કૃતિ, સંસ્કાર, સદાચાર અને વ્યવહાર પરંપરાની ગંગા કરોડરજ્જુ છે. પ્રાચીન ભારતનાં મગધ, અવધ, ગુપ્ત કે મૌર્ય સામ્રાજ્યના ઇતિહાસની ગંગા સાક્ષી છે. અગણિત ઋષિમુનિઓ, તપસ્વીઓ, ચિંતકો, લેખકો, કવિઓ કે સામ્રાજ્યોની સત્તાનાં આંતરજીવનને ગંગા સ્પર્શી છે. હવે હિમાળો ઓગળશે. ગંગાનાં પાણી વધશે. આ હિમાલય અને ગંગાના સંરક્ષણમાં જ આપણું અને રાષ્ટ્રનું સંરક્ષણ છે.

ગંગા પાપ નિવારિણી હોઈ શકે, તે તનના મેલને ધૂવે છે. મનના મેલ કેમ સ્વચ્છ કરશે. આપણા સમાજની ભૌતિક ગંદકીને વહન કરનારી ગંગા ન બને, તે માટે સાવધાની રાખવી જ પડશે. પ્રદૂષણ અહીં ગંગાનું નથી. આપણાં વિચાર, વ્યવહાર અને સંસ્કારોનું છે. ગંગાનો સ્પર્શ આપણને સ્વર્ગના સ્પર્શની અનુભૂતિ કરાવે તો જ આપણું કુંભસ્નાન સાર્થક. ગંગાનું સંરક્ષણ આપણા વૈદિક વાઙ્મય અને આપણી સંસ્કૃતિ અને ગરિમા કે ગૌરવનું સંરક્ષણ છે. મહાકુંભમાં આપણે આ પર્યાવરણનાં શુદ્ધીકરણના સંરક્ષણ અને માતૃભૂમિ માટે નૈતિક તથા બૌધિક અને આધ્યાત્મિક વફાદારીના પ્રણ લઈએ, ત્યાં જ મહાકુંભ પર્વનું સાર્થક્ય ! આ પ્રણને જીવનપર્યન્ત જીવનમાં આત્મસાત્ કરીએ એટલે જ ખરા અર્થમાં દિવ્ય જીવન. આમ આ પવિત્ર કુંભપર્વે મહાકુંભ, તે શા માટે ? કેમ ? ક્યાં કેવી રીતે ? કોના દ્વારા વિગતવાર જાણી અને માણી શકાય તે પવિત્ર હેતુથી આ અંકમાં કુંભ વિશેષાંક સામેલ કરવામાં આવેલ છે. આશા છે કે સુજ્ઞ પાઠકો તેને સપ્રેમ આવકારશે. ૐ શાંતિ.

**- સંપાદક**

# ઉપવાસ-૧

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

**માતા પ્રકૃતિ - આપણી તારણહાર :**

માનવ દર્દો માટે કુદરતી ઉપચાર એક પરમ સ્વાભાવિક રીત છે. તેનો મુખ્ય આશય પ્રથમ દર્દને થતાં અટકાવી, માનવના શરીરને પ્રભાવી તેમ જ હૃષ્ટ-પુષ્ટ બનાવવામાં મદદ કરવાનો છે. કુદરતી ઉપચાર એ ખરેખર એક ફિલસૂફી છે અને જીવન, સ્વાસ્થ્ય અને રોગ તરફ જોવાની એક દૃષ્ટિ છે.

નૈસર્ગિક ઉપચારથી રોગો અટકાવી શકાય છે, દર્દો મટાડી પણ શકાય છે. આ એક પૂર્ણ પદ્ધતિ છે. કુદરત આંધળું બળ નથી. તે અકર્મણ્ય નથી. કુદરત પવિત્રતા સભર બુદ્ધિગમ્ય સિદ્ધાંત છે. તે ભગવાનની શક્તિ હોઈ સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે.

કુદરત શરીરનું ફરીથી નિર્માણ, રચના અને દુરસ્તી કરે છે. માનવ શરીરમાં નિરુપયોગી પદાર્થો સતત પેદા થતા રહે છે. મૂત્રપિંડો, ફેફસાં, ચામડી અને આંતરડાં દ્વારા સ્વસ્થ લોકો તેનો તુરત નિકાલ કરી દે છે. જો આ અવયવો બરાબર કામ ન આપે તો કચરો ભેગો થાય, હળવું વિષ પેદા થાય અને રોગો ઉદ્‌ભવે.

જીવન અને સ્વાસ્થ્યને ભયકારક બધી અશુદ્ધિઓ અને જંતુઓ શરીરતંત્રમાંથી ફેંકી દેવાનો પ્રયત્ન કુદરત કરે છે. આ તેનો મુખ્ય વ્યવસાય છે. બધી નુકસાની તે પૂરે છે. બધા રોગો કુદરત પોતે જ મટાડે છે. ઈશ્વરે પ્રકૃતિને ચમત્કારિક રોગદુરસ્તીની શક્તિ આપી છે.

આમ જુઓ તો આપણને જે રોગ તરીકે દેખાય છે તે ખરેખર તો નિસર્ગના શુદ્ધીકરણના અને રોગને મટાડવાના પ્રયાસો છે. રોગનાં ચિહ્નો ખરેખર રોગનાબૂદીનાં ચિહ્નો છે. કુદરતને લાગેવળગે છે ત્યાં સુધી રોગ અને ઉપાય વચ્ચે કશો ફરક નથી. આ કુદરતી ઉપચારનો મહત્ત્વનો સિદ્ધાંત છે.

કેટલાક સામાન્ય રોગોમાં આ નિયમ કેમ કામ કરે છે તે જોઈએ. જ્યારે ગળામાં સોજા જેવું થાય છે કે તરત કુદરત તેની આપ-સફાઈની પ્રક્રિયા ચાલુ કરે છે અને બળખો અને શ્લેષ્મ બહાર ફેંકાવા લાગે છે. આમ થાય ત્યારે રોગશમનની પ્રક્રિયા ચાલુ હોય છે. પરંતુ આપણે તેને 'સાદી શરદી' કહીએ છીએ. કુદરત શું કરી રહી છે તે સમજ્યા વગર આપણે દવા અને ગોળીઓ લઈએ છીએ અને કુદરતના કાર્યમાં ખરેખર દખલ કરીએ છીએ.

જ્યારે શરીરમાં કોઈ અતિ વિકટ બગાડ એકઠો થાય છે ત્યારે કુદરત તેનો સફાઈનો પ્રયત્ન જોરદાર રીતે કરે છે; ત્યારે આપણે કહીએ છીએ કે ખૂબ આકરી બીમારી, તાવ કે સોજો વગેરે થયાં છે. કુદરત ઘણી ચોકસાઈથી કાર્ય કરે છે. તેનાં કાર્યમાં દખલ કરવી ડહાપણભર્યું નથી. તે કર્મ અને પ્રતિકર્મના નિયમ પ્રમાણે ચાલે છે. આપણે તેના નિયમો ન પાળીએ તો આપણા શરીરમાં તંદુરસ્તીને હાનિકારક તત્ત્વ હોય તેને શરીરમાંથી બહાર ફેંકી દઈ, પ્રતિક્રિયા કરે છે. આ બનાવને આપણે 'તાવ'ના નામે ઓળખીએ છીએ.

ઘણા કિસ્સાઓમાં માંદગી માટે દવા વાપરતા હોઈએ છીએ તે દર્દને દાબી દેતી હોય છે. દર્દના ખરા કારણને તે નિર્મૂળ કરતી નથી. પરંતુ કુદરત તેના કામમાં અતિસાવધાન હોય છે. તે બેદરકાર નથી. તે સૂક્ષ્મ જીવંત કોષોમાં મટાડવાની ક્રિયા કરે છે. જેમ ગટરમાંનો કચરો કાઢી દેવાથી પાણી છૂટથી વહે છે તેમ જ્યારે શરીરમાંથી ઝેર અને વિષાણુ દૂર થાય કે તુરત સ્વાસ્થ્ય અને પ્રાણશક્તિ છૂટથી વહે છે.

કુદરતી ઉપચાર મુજબ દવા લઈ કુદરતનાં કાર્યમાં બાધા નાખવાને બદલે અમુક નૈસર્ગિક પ્રક્રિયા કરીને આપણે કુદરતને મદદરૂપ થવું જોઈએ. કુદરતની રોગમુક્ત કરવાની પ્રક્રિયામાં મદદ કરે તેવા આઠ પ્રાકૃતિક રસ્તાઓ છે. ઉપવાસ, પથ્ય ખોરાક, વિવિધ સ્નાન અને ભીનાં પોતાં, સૂર્યસ્નાન, બસ્તી, શારીરિક કસરત, શ્વસન ક્રિયાની કસરતો અને આરામ કે શિથિલીકરણ.

આ બધામાં ઉપવાસ ખાસ મહત્ત્વનો છે. તેને આપણે વિગતવાર ચર્ચીશું. નીચેનાં આંતરડામાં ભરાઈ

રહેલ મળોત્સર્ગ માટે ગુદા દ્વારા પાણી ચડાવવાને બસ્તી કહે છે. ઉપવાસ કરીએ તેની સાથોસાથ બસ્તી પણ અપાય છે.

**ઉપવાસ અને તેનું મહત્ત્વ :**

શરીર થોડું પણ રોગી લાગે તો એક કે બે દિવસના ઉપવાસ કરવા. જો રોગ થાય તો સહજપણે પશુ જે કુદરતના આધારે જીવે છે તે કુદરતી રીતે જ ઉપવાસ કરતાં હોય છે. તેઓ સૂર્યનો પ્રકાશ, તાજી હવા, ઉપવાસ અને આરામ જેવાં કુદરતી સાધનો વડે રોગ-મુક્ત બને છે. માણસ જ એક એવો છે જે કુદરતના કાયદાઓનું ઉલ્લંઘન કરે છે અને જાતને દુઃખી કરે છે.

શરદી, શિરદર્દ, થોડો તાવ, થોડી ઉધરસ અને ભરેલાં આંતરડાં બીમારીનાં ચિહ્નો છે. શરૂમાં તેને અવગણવાથી આગળ જતાં ગંભીર રૂપ પકડે છે. આવી પરિસ્થિતિને ખાળવા આપણાં શાસ્ત્રોએ બધી એકાદશી કે પ્રદોષના દિવસોએ નિયમિત ઉપવાસ કે બધી અમાસો કે અઠવાડિયાનો અમુક વાર ઉપવાસ કરવા રિવાજ રાખ્યો છે.

દિવસ દરમિયાન ફક્ત પાણી જ લેવાથી પૂર્ણ ઉપવાસ થાય. થોડી આદત પાડ્યા સિવાય લોકો આજકાલ આવો ઉપવાસ કરી શકતા નથી. એટલે આપણે સોનેરી મધ્યમ માર્ગ અપનાવી ફળના રસ અને ખૂબ પાણીથી ઉપવાસ કરવો. તે દિવસે કોઈ જાતનો સ્થૂળ આહાર ન લેવો. સારી તબિયત જાળવવા આ જાતનો ઉપવાસ ઉત્તમ છે.

ઉપવાસ રોગ નિવારણનું મોટું સાધન છે. તેથી પેટને આરામ મળે છે, શરીર કચરો અને વિષ ફેંકી કાઢે છે. ઉપવાસ પછી વધુ સ્ફૂર્તિ જણાય છે.

બે કે ત્રણ દિવસના ઉપવાસ કોઈ જાણકારના માર્ગદર્શન વગર પણ કરી શકાય. પરંતુ તે દિવસોમાં દરરોજ તેમ જ ઉપવાસ બાદ એક કે બે દિવસ બસ્તી લેવી જોઈએ. ખૂબ કાળજીપૂર્વક લાંબા ગાળાના ઉપવાસ આદરવા, તે પણ જો કોઈ ડૉક્ટર સલાહ આપે તો જ. આવા ઉપવાસ કોઈ તજજ્ઞની રાહબરી હેઠળ હાથ ધરવા, નહિ તો કેટલીક વાર શરીરને ફાયદા કરતાં નુકસાન વધુ થવા સંભવ છે.

**ટૂંકા ઉપવાસની દિનચર્યા :**

**પહેલો દિવસ :** નારંગી કે લીંબુના રસ સાથે પાણી ભેળવી દિવસમાં બે યા ત્રણ વખત એક એક ગ્લાસ પીવું.

**બીજો દિવસ :** ઉપર પ્રમાણે જ, ત્રણ કે ચાર વખત કરવું.

**ત્રીજો દિવસ :** ઉપર મુજબ સવારે એક ગ્લાસ રસ લઈ, બપોરે અને સૂતી વખતે એક કપ દૂધ લેવું.

આ યુગમાં આત્મ-સંયમ ન હોવો એ સામાન્ય છે, ત્યારે અઠવાડિયે એક દિવસ તાજાં ફળના રસ પર રહેવું જરૂરી છે. ઘણાને આમ કરવું પણ અઘરું લાગશે માટે બધાએ એકવાર જમી બીજા ટંકનો ઉપવાસ કરવો જ. સાંજનું વાળુ છોડી દેવું કે સવારનો નાસ્તો છોડવો. ધીમે ધીમે અભ્યાસ થતાં અઠવાડિયે એક ઉપવાસ કરતાં શીખવું. અઠવાડિયે ઉપવાસમાં ફળ અને ભાજીના રસ જ લેવાથી શરીર ચોખ્ખું થાય છે અને વધુ કાર્યશક્તિ, બળ અને આધ્યાત્મિક શક્તિ મળે છે. કોઈ કોઈ નાનાં દર્દો પણ મટે છે.

ઉપવાસ કરતી વખતે પુષ્કળ પાણી પીઓ. તેથી નબળાઈ હઠશે અને શરીરમાંથી કચરો નીકળી જશે.

**ઉપવાસ એ જ ઉપચાર :**

ખૂબ મહેનત કરશો તો પૂરો આરામ લેવો પડશે. આરામ લીધા વગર કામ કર્યે રાખશો તો સમય જતાં આખું શરીરતંત્ર તૂટી પડશે. તેવી જ રીતે પેટ અને બીજાં પાચનક્રિયાને લગતાં અંગો નિયમિત આરામ માગે છે. વધુ પડતું ખાઈ, પાચનક્રિયાનાં અંગો પાસે વધુ કામ લેશો તો અનેક રોગો થવા વકી છે.

શહેરની ગટરવ્યવસ્થા મળના ભરાવાથી અટકતાં તેને પુષ્કળ પાણીથી સાફ કરવી પડે, તમારું મળતંત્ર ભરાઈ જાય તો તમારે પણ સાફ કરવા ખાવાનું બંધ કરી ખૂબ પાણી પી આંતરડાં સાફ કરવાં જોઈએ.

મોટર-કારમાં ભાંગફોડ થાય તો તેને વર્કશોપમાં મોકલી તેની પૂરી તપાસ કરાવીએ છીએ. પૂરી મરામત પછી તે કાર નવા જેવું કામ આપશે. ઉપવાસનું પણ તેવું જ છે. તે શરીરતંત્રની પૂરી મરામત કરી, નવું જોમ અને બળ શરીરને આપે છે જેથી કોઈ રોગ સિવાય તે તકલીફ વગર કામ આપે.

ઉપવાસ એટલે ભૂખમરો નહિ. તેનું પ્રયોજન હોય છે- ધાર્મિક, આત્મ-સંયમ કે શરીરનું સ્વાસ્થ્ય પાછું મેળવવાનું. તે સ્વૈચ્છિક હોય. કુદરત તેનું કામ સંતોષજનક કરી શકે તે માટે તેને સહકાર આપવાનો આ સંકેત છે.

ભૂખ ન હોય ત્યારે પેટ ઠાંસીને ભરો તે પાપ છે. તેમ કરી તમે કુદરતથી વિરુદ્ધ વર્તન કરો છો અને નિસર્ગ તમને કડક શિક્ષા કરશે. માટે ઉપવાસ સાથે પ્રાર્થના કરો. પેટને વધુ પડતું ભરશો નહિ. ખાવામાં મધ્યમ માર્ગ અપનાવો. તમે સુખી તંદુરસ્ત થઈ, આધ્યાત્મિક પ્રગતિ સાધશો. ઉપવાસ કરશો એટલે પ્રાર્થનામય મનોભાવ જાગશે.

ઉપવાસ કરશો એટલે જીભ પર જાડી છારી બાઝી જશે. ચોખ્ખાઈની પ્રક્રિયા ખૂબ ત્વરિત થઈ રહી છે તેનું આ ચિહ્‌ન છે. જીભ સાફ રહે, મોઢામાં ગમે તેવો સ્વાદ રહે, જ્યારે કુદરતી ભૂખ પાછી ફરે, ત્યારે ઉપવાસ છોડવા.

ઉપવાસ તોડતાંવેંત વધુ ખાવાના, બધી જાતનાં ભોજન જમવાના અભરખા થાય છે. જીભ જબ્બર બળવો કરશે. સાવધાન રહો. જો આવી લોલુપતાને વશ થશો તો પરિણામ ગંભીર આવશે. લાલસાને વશ કરો. તમે વિચારેલ રાહને વળગી રહો. આ લોભને દાદ ન દો.

જો ઉપવાસ વિચાર વગર ખૂબ ખાઈ, ભારે ખોરાકથી વહેલા છોડશો તો શરીર પર સોજા આવી જશે. આ સ્થિતિ મટાડવા, ફરી ઉપવાસ કરવા પડશે. ગરમ પાણીથી સ્નાન કરી અને બસ્તી લો. જ્યારે સોજા મટે ત્યારે ઉપવાસ છોડો. હવે બરાબર કાળજી રાખો.

લાંબા ઉપવાસ પછી પાચનશક્તિ ખૂબ નબળી હોય છે. ઓચિંતાનો ભારે ખોરાક ન લેવો. શરીરની મરામત કરી, તેને બળ પ્રદાન કરવામાં કુદરત તેને જોઈતો સમય લે છે. એટલે ખોરાક ખૂબ ધીમે વધારવો જોઈએ. આમ રોજિંદા ખોરાક લેવાના દરે પહોંચતાં, તમે જેટલા દિવસના ઉપવાસ કર્યા હોય તેટલા દિવસ લાગે.

**ઉપવાસના ફાયદા :**

બધા ધર્મો ઉપવાસની સલાહ આપે છે. દિવ્ય જીવનની સીડી પર આ પહેલું પગથિયું છે. ઉપવાસ અને જમણવાર (મિજબાની) બંને માણસને ગમતી બક્ષિસો છે. મિજબાની ઝડપથી આનંદ આપે છે, પણ તે થોડા કલાક માટે જ હોય છે; પાછળથી દુઃખકર થાય છે; ઉપવાસ બીજા પ્રકારનું સુખ આપે છે; તે મિજબાની કરતાં વધુ સૂક્ષ્મ અને લાંબા ગાળાનું સુખ છે.

બીમાર હો ત્યારે ઉપવાસ હોય તો ડૉક્ટર નિદાન સાચી રીતે કરી શકે છે. ત્યારે નાડીતંત્ર શાંત હોવાથી દર્દનાં ચિહ્‌નો વધુ સ્પષ્ટ થાય છે.

ઉપવાસથી શરીરને આરામ મળતાં શક્તિ બચે છે તે ધ્યાન અને પ્રાર્થનામાં વપરાય છે. સામાન્ય રીતે લાંબા સમય માટે ઉપવાસ હોય ત્યારે મન ઈશ્વરમાં રહે છે. ઉપવાસથી મન એકાગ્ર થાય છે. પ્રાણ-શક્તિ પાછી મળે છે.

ઉપવાસ માણસનું વ્યક્તિત્વ બદલે છે. તમે ભગવાનની નજીક પહોંચો છો. શરીર હળવું થાય છે અને બાહ્ય મુક્તિથી ભિન્ન આંતરિક મુક્તિની લાગણી થાય છે. તમારા શરીર અને મનમાં આનંદ ટકી રહે છે. આ આનંદ ભગવદ્ આનંદનો ભાગ હોઈ જે કોઈ તમારા સંપર્કમાં આવે તેના સૌ પર તે આનંદનાં કિરણો પથરાય છે. તમે મધુરું સૌંદર્ય ધરાવતી દિવ્ય વ્યક્તિ બની રહો છો.

ભૌતિક ફાયદાઓ દેખીતા છે અને તેની ચર્ચા થઈ ચૂકી છે, ઉપરાંત ઉપવાસથી મનોબળ વધે છે અને તમારામાં એકાગ્રતાની મોટી શક્તિ આવે છે. તમારી મક્કમતા વધે છે; શારીરિક વ્યથા, માંદગી, થાક અને રોગની સામે ટકી રહેવાનું બળ વધે છે. તમે વધુ ધીરજવાન, દૃઢ, શાંત, બહાદુર અને શૌર્યવાન બનો છો. એક ગૂઢ દિવ્ય શક્તિ ઉત્પન્ન થાય છે. તેના આનંદની અનુભૂતિ અવર્ણનીય હોય છે. તે સ્વર્ગીય હોય છે; પૃથ્વી પર તેની સરખામણીમાં આવે તેવું કશું નથી.

નિયમિત સમયાંતરે ખરો ઉપવાસ કરનાર સ્પષ્ટ વિચાર ધરાવે છે, આ તેની પોતાની એક અભિવ્યક્તિ છે; તેની કલ્પનાને કોઈ ટપી જઈ શકતું નથી. ઈશ્વરસાક્ષાત્કાર જ તેનો આદર્શ હોઈ શકે.

☐ 'યોગના પાઠ'માંથી સાભાર

# પહેલું પગલું

શ્રી સ્વામી ચિદાનંદજી

આપણામાંના દરેકને મન ઈશ્વરનો શો અર્થ છે ? ઈશ્વર સાથે આપણો શો સંબંધ છે અને ઈશ્વરને આપણી સાથે શો સંબંધ છે ? શાસ્ત્રો કહે છે કે તે પૂર્ણ છે અને આપણે અંશ છીએ. સર્વવ્યાપી અને અંતરનિવાસી હોઈ, ઈશ્વર આપણો સદાનો સાથી છે. આપણે પહેલો શ્વાસ લઈએ ત્યારથી છેલ્લા શ્વાસ સુધી ઈશ્વર આપણો જીવનભરનો સાથી છે.

તમે કદી એકલા નથી હોતા. જો કોઈ હંમેશાં તમારી સાથે રહેતું હોય તો તે ઈશ્વર છે. તે તમારો જીવનભરનો, સતત નિકટતમ સાથી છે. તે સાક્ષી છે. કાયમનો મૌન સાક્ષી. તે સર્વજ્ઞ હોઈ, તમારા વિશે બધું જ જાણે છે અને તમને સારી પેઠે ઓળખે છે; એટલું જ નહિ, તમે તમારી જાત વિશે જેટલું જાણો છો તેથી અધિક ઈશ્વર તમારા વિશે જાણે છે.

તમારાં મન, સ્મૃતિ અને ચિત્તમાં તમારા વિશે ઘણી વિગતો છુપાયેલી પડેલી છે. તમને તે વિશે પૂરો અંધકાર, પૂરું અજ્ઞાન છે, બસ તમે જાણતા નથી એટલું જ. ક્યારેક તમે ઓચિંતાના જાણી લો ત્યારે તમે વિસ્મય પામો છો : 'શું ! મારી અંદર આવું હોઈ શકે ? તમારી અંદરથી આવું બહાર આવે ?' તમે ચકિત થઈ જાઓ છો. કારણ, તમારું અંતરજ્ઞાન લગભગ અંધારામાં છે. તમને ખબર નથી; પણ ઈશ્વર જાણે છે. તે ન જાણતો હોય તેવું કશું જ નથી.

તે તમને સાંગોપાંગ ઓળખે છે અને તમારી બધી કમજોરીઓ, નકારાત્મક બાબતો, ત્રુટીઓ, અપૂર્ણતાઓ અને અપર્યાપ્તતાઓ હોવા છતાં તે તમને બધી રીતે નભાવી લે છે. તે સૌથી વધુ સહનશીલ છે. આપણાં કર્મોનાં ફળોનો તે નિષ્પક્ષ દાતા છે. નિયમ રચનાર તે જાતે જ છે પરંતુ તે દંડ પણ નથી દેતો તેમ ઈનામ પણ નથી આપતો. નિયમ સ્વતઃ પરિપૂર્ણ રીતે પળાય છે.

અને તેના વિશે આશ્ચર્યજનક વાત તો એ છે કે તે તમારી નકારાત્મક બાબતો જાણતો હોવા છતાં તે સહી લે છે, તે તો આ બાબતો પર ધ્યાન આપવાની સાથે તમારી વિરુદ્ધમાં તે બાબતોની ગણતરી પણ નથી રાખતો, બસ તે બાબતો માટે બેધ્યાન બની રહે છે. તે છતાં તે તમારી બધી હકારાત્મક બાબતો માટે આતુરતાથી ધ્યાન આપે છે. તે બધી હકારાત્મક બાબતોની નોંધ રાખે છે, ગણનામાં લે છે. હકારાત્મક બાબતો ઈશ્વર હિસાબમાં ઉમેરે છે પણ નકારાત્મક બાબતો પર ધ્યાન ન આપતાં તે એમ કહી પડતી મૂકે છે કે આ નકારાત્મક બાબતો લોકોની સમસ્યાઓ છે માટે તેનો ઉકેલ તેમને જ કરવા દો.

તે છતાં, જો તમારી સમસ્યાનો ઉકેલ ઈશ્વર પાસે માગવા જાઓ તો ઈશ્વર તૈયાર છે. તે તમારો કાયમનો સાથી તો છે જ, તમારો મૂંગો, સદા ધૈર્યધર, સદા સહનશીલ સાક્ષી તો છે જ, તમારા વિશે તમારાથી વધુ તે જાણે જ છે, સાથે સાથે તે તમારો મિત્ર, સલાહકાર અને દિશાદર્શક છે. તમને સાચી દિશા બતાવવા તે ઈચ્છે છે. જો તમે તેને પૂછશો, તેના તરફ ફરશો, તેને કાન દઈ સાંભળશો તો તે તમારો શ્રેષ્ઠ મિત્ર છે. ઉચ્ચ સમજણનો પ્રકાશ તે તમને આપે છે.

વધુમાં, નિઃસહાયનો તે સહારો છે; તમે બસ તેના તરફ જુઓ એટલી જ વાર, તેની મદદ તૈયાર છે. ઘણીયે વખત તમે તેના તરફ ન જુઓ તો પણ, દેખીતી મુશ્કેલીઓના રૂપે, દેખાતાં વિરુદ્ધનાં પરિબળો રૂપે તે તમારી મદદે આવે છે. તે જરૂર આવે છે. તેના આશીર્વાદ છૂપા હોય છે. આગળ જતાં તમને ખ્યાલ આવે છે : 'પેલું ઊલટું લાગતું પરિબળ કેવું મોટું કૃપાદાન હતું ! હું કહેતો જ રહ્યો - ઈશ્વર તું આ શું કરે છે ? બધો સમય હું સમજી જ ન શક્યો કે ઈશ્વર મને મદદ કરી રહ્યો હતો !'

નિઃસહાયને તે કદી છોડી દેતો નથી. જો કોઈ તેની મદદ માગવા જાય તો તેને ખાલી હાથે પાછો વાળતો નથી. તે કદી પ્રાર્થનાને આડા કાન કરતો નથી, હંમેશ આપણી પ્રાર્થના કાન પર ધરે છે, હંમેશ મદદ

માટે તૈયાર હોય છે, આપણે માગીએ તે આપે છે. આમ, ઈશ્વર જીવનભરના સાથીથી વધુ છે. તે મોટો સહાયક સાથી છે; ઘણો કરુણાવાન, સમજદાર અને સહાનુભૂતિશીલ સાથી છે. આ બધું તો ખરું તેથીયે વિશેષ છે. તે આપણને સર્વોચ્ચ વરદાન આપે છે.

પરંતુ તે ચાહે છે કે તેના તરફ પહેલું પગલું આપણે ભરીએ. તેના તરફનું પહેલું પગલું એ સ્વીકૃતિ છે કે આપણું હૃદય તેનું નિવાસસ્થાન છે અને આપણું શરીર ઈશ્વરનું જંગમ મંદિર છે માટે આપણે આ શરીરને સુયોગ્ય સાફ, પવિત્ર રાખવું જોઈએ. કવિ શ્રી રવીન્દ્રનાથ ટાગોર કહે છે : 'હે ભગવાન, મારા જીવનનો તું પ્રાણ છે માટે મારું શરીર હું હંમેશ પવિત્ર રાખીશ. કારણ હું સમજું છું કે મારાં બધાં અંગો પર તારો જીવંત સ્પર્શ છે. મારું હૃદય હું હરહંમેશ પવિત્ર રાખીશ. કારણ કે આ શરીરરૂપી મંદિરમાં તારી ભવ્ય ગાદી છે.'

આટલી તેની નિકટતા છે તે સમજીને આપણું દિલ ચોખ્ખું રાખીએ. આ જાણીએ છીએ માટે ઈશ્વરની પ્રકૃતિથી વિરુદ્ધનું હોય તે બધું હૃદયમાંથી બહાર રાખીએ, બધું આસુરી, બધું અનાધ્યાત્મિક, અસાત્ત્વિક, અપવિત્ર અને અપુનિત કાઢી નાખીએ. આપણી જાતને આપણે કહીશું, 'ના, કોઈ પણ ચીજ સર્વોચ્ચ ગુણધર્મવાળી ન હોય તેને અંદર આવવા દઈ હું તેના દિવ્ય આવાસને અભડાવીશ નહિ. કારણ તેને સુયોગ્ય નિવાસ આપવો એ મારો વિશેષાધિકાર છે. તેના નિવાસને હરહંમેશ પવિત્ર, સાફ અને શુદ્ધ રાખવો, દરરોજ જીવનની દરેક પળે તેને સાફ કરતા રહેવું તે મારો નમ્ર હક્ક છે. હું કોણ ? અને તે કોણ ? એમ છતાં તે મારામાં નિવાસ કરે છે. કેટલો મહાન વિશેષાધિકાર, મહાન વરદાન ? આવો હક્ક મેળવવા મેં ક્યાં કાંઈ કર્યું છે ?'

આ કારણે, અહોભાવ અને ઉપકારની લાગણીવાળો માણસ પોતાના અંતરમંદિર-નિજમંદિર-ને પવિત્ર, સ્વચ્છ અને શુદ્ધ રાખવા માટે બનતું બધું કરે છે, પછી જ્યારે સતત મહેનત અને દિલ દઈને, ગંભીરતા અને મોટી આકાંક્ષા રાખીને વ્યક્તિ-ભક્ત, સાધક, યોગી - પોતાની હૃદયશુદ્ધિ માટે કામ કરે ત્યારે તે શુદ્ધ હૃદયમાં ઈશ્વરના મહાન મૂલ્યની ઓળખ પ્રગટે છે.

આ મહાન હસ્તીની સામે બીજું સઘળું કેટલું ક્ષુલ્લક જણાય છે. તેવી ઈશ્વરની મહાન ઓળખને ફક્ત એક પવિત્ર દિલ જ સમજી શકે. તેમ થતાં વૈરાગ્ય જાગે : 'આટલાં બધાં વર્ષો મેં કેવી નાદાની આચરી ! ઈશ્વર જ જાણે છે, આ બધી બેકાર વસ્તુઓ પાછળ હું કેટલાં જન્મથી દોડતો રહ્યો છું ! કેટલી મોટી મૂર્ખાઈ ! નહિ, હવે આવું કદી જ ન થાય ! બસ, હવે બહુ થયું !' આ રીતે તમે જે બધું અપાત્ર હોય તેનાથી મોં ફેરવી, ફક્ત ઈશ્વરને જ શોધશો. આમ, હૃદયની શુદ્ધિ થવાથી ભક્તિ અને ત્યાગ આવે છે અને ત્યાગને લઈને મહાન શાંતિ આવે છે-તે જ ઈશ્વર છે. ત્યાગ દ્વારા જ અમરતા આવે છે.

પવિત્રતા માટેની તીવ્ર ઈચ્છાની અભિવ્યક્તિ દ્વારા ઈશ્વર આપણામાં કાર્ય શરૂ કરે છે. પવિત્રતા દ્વારા ભક્તિ પ્રવેશે છે અને ભક્તિ આવતાં વૈરાગ્ય પ્રગટે છે. વૈરાગ્ય અને ત્યાગ અંતિમ પ્રાપ્તિ કરાવે છે. વ્યક્તિ અમર થઈ જાય છે અને અક્કલ કામ ન કરે તેવી શાંતિ મળે છે. ☐ 'મુક્તિપથ'માંથી સાભાર

**અધ્યાસને ભૂંસી નાખો**

આપણે તત્ત્વચિંતન કરતા નથી. આપણે વિષય-વસ્તુનું ચિંતન કરીએ છીએ. ઘર કરી ગયેલી પોતાની ખોટી ઓળખાણની આ પરિસ્થિતિ તમારે માટે સારી નથી. તમે હંમેશાં દુઃખી જ થશો. જો આપણે પાયાની મૂળભૂત વાતને સ્વીકારીએ કે અધ્યાસ (ખોટી ઓળખાણ) તેનું મૂળ કારણ છે, તો તમે તેનો સંકલ્પ કરો અને કહો 'જે હું નથી તેની સાથે કોઈપણ સંજોગોમાં હું મારી જાતને ઓળખાવીશ નહીં' ત્યારે તમારું જીવન વધુ લાંબા ગાળા માટે કામ, ક્રોધ કે બીજા અવરોધોનું ગુલામ રહેશે નહીં; ત્યારે તમારું જીવન ખાસ પ્રકારનું ગૌરવ, ઊંડાણ, સૌમ્યતા પ્રાપ્ત કરશે અને અંતે તે દિવ્યતામાં પરિણમશે.

- સ્વામી ચિદાનંદ

# મનાચે શ્લોક - મનોબોધ

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

**બળે આગળા રામ કોદંડ ધારી;**
**મહાકાળ વિક્રાળ તોહી થરારી ।**
**પુઢે માનવા કિંકરા કોણ કેવા;**
**પ્રભાતે મનીં રામ ચિંતીત જાવા ॥ ૬૮ ॥**

**બળે અગ્ર છે રામ કોદંડધારી,**
**મહાકાળ વિકરાળ ઊઠે થરારી,**
**પછી માનવી દાસનો ભાર શો રે,**
**પ્રભાતે મને રામને ચિંતવી લે.**

*શ્રી રામ બળમાં સર્વથી અગ્ર શ્રેષ્ઠ છે. તેઓ ધનુષ્યધારી છે. એમને જોતાં મહાકાળ ધ્રુજી ઊઠે છે; તો દીન-દુર્બળ એવા માનવીનો શો ભાર છે ? આવા શ્રીરામનું તું પ્રભાતે ધ્યાન ધર. ॥ ૬૮ ॥*

શ્રી રામનાં પ્રાગટ્યથી જ શ્રી રામનાં બળ અને તેમનાં ધનુષના ટંકારનું સ્મરણ કરીએ તો તાડકાવધ, મારીચ-સુબાહુ, કે ધનુષભંગ અથવા તો સુગ્રીવના કહેવાથી હાડપિંજરને દૂર સુધી ફેંકવાનું અથવા તો એક જ બાણથી સાત વૃક્ષોને વીંધવાનું અને અંતે વાલીવધ, કુંભકર્ણ વધ, અહીરાવણ, મહીરાવણ અને રાવણવધની પરાક્રમગાથા અનંત છે. શ્રીરામ રાવણનાં યુદ્ધને માટે તો પંડિતો એવું કહે છે કે શ્રીરામ રાવણનું યુદ્ધ શ્રીરામ રાવણ જેવું હતું. માટે જ શ્રીરામચંદ્રજીને રણવીર, રણધીર, આજાનબાહુ કોદંડરામના નામે ઓળખવામાં આવે છે.

આ બળ તે બાહુબળ સુધી જ સીમિત થઈ જતું નથી. બાહુબળે તો કોઈપણ બળવાન હોઈ શકે. શ્રીરામનું જે બળ છે, તે તેમનું આત્મબળ છે. વિશ્વામિત્ર ઋષિ જ્યારે પોતાના યજ્ઞના સંરક્ષણ માટે રાજા દશરથ પાસે બાળરામ અને લક્ષ્મણની યાચના કરે છે, ત્યારે ખરેખર રાજવી અકળાયા છે. જ્યારે વિશ્વામિત્રનું દશરથની રાજસભામાં આગમન થયું ત્યારે તેઓ મહામુનિ અને જ્ઞાની પધાર્યા છે, તેવું વર્ણન છે, પરંતુ જ્યારે તેમણે આ રાજકુમારોની યજ્ઞરક્ષા અને રાક્ષસોના વધ માટે માગણી કરી ત્યારે માનસકાર કહે છે કે ''બ્રાહ્મણ વગર વિચારે બોલે છે.'' અહીં રાજા અકળાયેલા છે, પરંતુ શ્રીરામ અકળાયેલા નથી.

તેથી પણ વિશેષ પ્રસંગ ધનુષયજ્ઞમાં લક્ષ્મણ અકળાય છે, આકરો ઉતાવળો થાય છે, પરશુરામજી જોડે પણ બાખડી પડે છે, પરંતુ અહીં પણ શ્રીરામ પ્રશાંત અને આત્મસ્થ છે. સૌથી વિશેષ પ્રસંગ તો રાજતિલકને સમયે જ્યારે તેમને વનવાસ જવાની આજ્ઞા આપવામાં આવી ત્યારે પણ 'તાત દીન મોહે કાનન રાજુ' પિતાશ્રીએ મને જંગલનું રાજ્ય આપ્યું છે, તેવું તેમણે માનસિક સમાધાન જ નથી કર્યું, પરંતુ ભરત અને વસિષ્ઠ ઈત્યાદિ તેમને અયોધ્યા પાછા ફરવા માટે આગ્રહ કરે છે, ત્યારે પણ આત્મનિષ્ઠા અને પિતૃઆજ્ઞામાં પ્રમાણિકતાનું ઉદાહરણ શ્રીરામે પૂરું પાડ્યું છે.

આમ અહીં સંત રામદાસજી જ્યારે બળમાં અગ્ર છે. શ્રીરામને કોદંડધારી કહે છે, ત્યારે ધનુર્ધારી રામનાં બળની શ્રેષ્ઠતાની કથા તો છે જ, પરંતુ તેમનાં મનોબળ, તેમનાં ચારિત્ર્ય, અનુશાસન અને ધૈર્ય અતુલ હતાં તેની વાત કરે છે. પ્રસંગ ભલે સુર્પણખાનો નાનો હોય પરંતુ એક પત્નીવ્રતના વ્રતે બંધાયેલા રામના અબાધ્ય સંયમનું અહીં દર્શન છે. શ્રીરામ સમુદ્રને પહેલી જ દષ્ટિએ સૂકવી શકે તેમ છે, 'મહાકાળ વિકરાળ ઊઠે થરારી' પરંતુ શ્રીરામ કરુણાનિધાન છે. મર્યાદા પુરુષોત્તમ છે. સરળ છે. સહજ છે. નિષ્કપટ છે. નિષ્પાપ છે. સંયમી છે. વ્યવહારુ તો છે જ. માટે જ ઉદધિને વિનંતી કરે છે. અને શ્રીરામચરિતમાનસમાં શ્રીરામજીએ કહ્યું છે કે ''મોહે છલ છીદ્ર ન ભાવા'' મને છીંડાળ વ્યક્તિ પસંદ નથી. જેને આઘીપાછી-હેરાફેરી કે ચુગલખોર વૃત્તિવાળો માણસ હોય તો તે ''મને ન ખપે.'' સુંદર દર્શન છે. અહીં દર્શન છે. પ્રદર્શન નથી. તેથી જ શ્રીરામ વાસ્તવિક છે. પ્રપંચ દંભ કે આડંબરના ઓછાયામાં શ્રીરામ કદીયે ક્યાંય લેપાયા નથી; તેથી જ તેઓ સબળ છે. એવા શ્રી રામનું જે પ્રભાતે ચિંતન કરે, અને

શ્રીરામની શરણાગતિ ઈચ્છે અને શરણાગતિ સ્વીકારે પછી તે અભય. આ અભયત્વ તે સૌથી મોટો દૈવી ગુણ છે. તે અશક્ય નથી. શ્રીગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ સદૈવ પ્રાર્થતા, ''I am thine, thou art mine, Thy will be done.'' હે નાથ ! હું તારો છું, તું મારો છે; તારી ઈચ્છા પ્રમાણે થાઓ. માટે હે મન ! પ્રાતઃકાળે શ્રીરામનું ચિંતન કર.

**પ્રાતઃ સ્મરામિ રઘુનાથમુખારવિન્દં**
**મંદસ્મિતં મધુરભાષી વિશાલભાલમ્ ।**
**કર્ણાવલમ્બિચલકુણ્ડલશોભિગણ્ડં**
**કર્ણાન્તદીર્ઘ નયનં નયનાભિરામમ્ ॥**

જે મધુર હાસ્ય, મધુર વાણી અને વિશાળ ભાલથી સુશોભિત છે, કાનમાં લટકતાં બંને કુંડળોથી જેના બંને કપોલ સુશોભિત છે, તથા જે કાન સુધી પહોંચે તેવા વિશાળ નયનોથી શોભાયમાન છે અને જે આંખને આનંદ આપે તેવા છે, એવા રઘુનાથજીના મુખારવિંદનું હું પ્રાતઃકાળે સ્મરણ કરું છું. ૐ શાંતિ. (ક્રમશઃ)

## પુસ્તક પ્રકાશન અર્થે અપીલ

દિવ્ય જીવન સંઘ, નવરંગપુરા તરફથી (૧) 'શ્રી વિષ્ણુસહસ્રનામ સ્તોત્રમ્', (૨) 'ભજ ગોવિંદમ્' અને (૨) 'રુદ્રમ' માટે આપના ઉદાર ચરિત સહયોગ માટે શિવાનંદ આશ્રમ, અમદાવાદનો સંપર્ક કરવા વિનંતી. સહયોગ રૂ.૨૦૦૦/- કે તેથી વધુ આપનારની સૌજન્ય નોંધ પુસ્તકમાં લેવામાં આવશે. રકમના ૨૫ ટકાના મૂલ્યનાં પુસ્તકો સહયોગીને ભેટ આપવામાં આવશે. પુસ્તકોની વિગતો અત્રે આપેલ છે.

**શ્રીવિષ્ણુસહસ્રનામસ્તોત્રમ્ :** મહાભારતના યુદ્ધના અંતે ભીષ્મ પિતામહે મહારાજ યુધિષ્ઠિરને જે ભક્તિનો જ્ઞાનોપદેશ આપ્યો તે જ 'શ્રીવિષ્ણુસહસ્રનામસ્તોત્રમ્'. તેમાં ભગવાન શ્રી વિષ્ણુના એક હજાર નામોનું વર્ણન કરવામાં આવેલ છે. જેનો પદચ્છેદ અને ભાવાર્થ સહિતનું સુંદર સંકલન આદરણીય ડૉ. શ્રી મફતભાઈ પટણીએ કરેલ છે. જેનું મૂલ્ય રૂ.૩૦/- અંકિત કરેલ છે. પાઠ કરવાની સાધક-મુમુક્ષુઓને આ પુસ્તક માત્ર રૂ.૫/-માં આપવામાં આવશે.


**ભજ ગોવિન્દમ્ :** જગદ્ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય વિરચિત ભજ ગોવિંદમ્ સ્તોત્રમાં તેઓએ જીવનની વાસ્તવિકતાઓ પ્રતિ ધ્યાન દોરતાં અત્યંત દુઃખની લાગણી સાથે જીવન નિચોડ આપેલ છે. જેમાં તેઓના શિષ્યોએ પૂર્તિ શ્લોકો પાછળથી આપેલ છે જે સર્વે 'મોહમુદગર' સ્વરૂપે પ્રચલિત છે. આ તમામ શ્લોકો ઉપર પરમ ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજે કરેલ પ્રવચનોનું સંકલન આપણે છેલ્લા ઘણા વખતથી 'દિવ્ય જીવન' માસિકમાં પ્રકાશિત શૃંખલાને પુસ્તક સ્વરૂપે પ્રકટ કરતાં અત્યંત આનંદની લાગણી અનુભવી રહ્યા છીએ.

**રુદ્રમ્ :** ભગવાન શ્રી શિવશંકરની ઉપાસનાવિધિના આઠ અધ્યાય સાથેની સ્તુતિ એટલે 'રુદ્રાષ્ટાધ્યાયી'. જેનું પદચ્છેદ સહિતનું શબ્દશઃ અર્થઘટન સહિતનું વર્ણન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ શ્રી ડોલરરાય માંકડે કરેલ જેનું પુનઃ સંકલન તથા મુદ્રણ પ્રકટ કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ ત્રણેય પુસ્તકો તા.૩જી મેના રોજ પ્રકાશિત થનાર છે. તો સમયસર સહયોગની રકમ મોકલી સહકાર આપવા હાર્દિક વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

# શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટિર હૃષિકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]



## અંતર્નાદ

**મેં અંદરથી નાદ સાંભળ્યો : ''શિવ, જાગ્રત થા !**
**અને તારા જીવનના પાત્રને આ અમૃતથી ભરી દે;**
**તેને બધાની સાથે વહેંચ,**
**હું તને તે માટે બળ, શક્તિ, સામર્થ્ય અને જ્ઞાન આપીશ.''**
**હું તેના આદેશને અનુસર્યો;**
**તેણે પાત્રને ભરી જ દીધું;**
**અને મેં તે બધાંને વહેંચ્યું.**

**- શિવાનંદ**

### કથાનક-૫

### ગુરુ માટે તલસો

મોં. બૉગ્રોફ ફ્રાન્સમાં રહેતા એક રશિયન વેપારી આનંદકુટીરની ઊડતી મુલાકાતે આવ્યા હતા. દિલ્હીના ગુરુદેવના ચાહક શ્રી બી. એલ. નેહરુએ તેમને ગુરુદેવને મળવા માટે પ્રેરણા આપી હતી. ગુરુ વિશેની વાત નીકળતાં ગુરુદેવે કહ્યું : 'ગુરુની જરૂરિયાત છે, પણ તમારે તેમના જ્ઞાનના મૂળના સ્વીકાર માટે પ્રથમ ભૂમિકા તૈયાર કરવી જોઈએ. ગુરુ તમારા માટે આ કરી શકે નહિ. સાદી રહેણીકરણી, સાદો આહાર, સાદો પોશાક, ઇન્દ્રિયજન્ય ભોગ તરફ અભાવ, સત્ય બોલવું, પ્રેમમય હૃદયનો વિકાસ, સંતોષ, સહનશીલતા, સંયમ - આ બધાંનો તમારે વિકાસ કરવો પડશે.'

મોં. બૉગ્રોફ આશ્ચર્ય પામીને ગુરુદેવ તરફ જોઈ જ રહ્યા. ગુરુદેવે આગળ ચલાવ્યું : 'તમારામાં ગુરુને મળવાની તેમ જ તેમની પાસેથી દીક્ષા લેવાની તીવ્ર ઈચ્છા-તલસાટ-હોવાં જોઈએ. પછી ભગવાન પોતે તમારે માટે ગુરુ મોકલશે. આત્મ-સાક્ષાત્કાર પામેલા અને જેમણે આ પથ ખેડ્યો છે એવા યોગીઓ વડે લખાયેલાં સારાં પુસ્તકો તમને ખૂબ મદદ કરશે. ફક્ત વાતો કરવાનો કોઈ અર્થ નથી. તમારે અભ્યાસ કરવો જ જોઈએ !'

### આધ્યાત્મિક વલોણું

શ્રી રામદાસ, એમ.એસસી.એ ગુરુદેવને જણાવ્યું કે તેઓ પોતાના ખેતી અને ડેરી-કૃષિના અભ્યાસ માટે થોડા સમયમાં અમેરિકા જવાના છે. ગુરુદેવે તેમને આવકારતાં કહ્યું : 'તમે ખેતી અને ડેરી-કૃષિમાં આટલો બધો રસ લો છો જાણી મને આનંદ થયો છે. ભારતમાં દરેક મનુષ્યના સ્વાસ્થ્યને નભાવવા માટે તે ખૂબ અગત્યનાં છે. પણ એક બીજું સર્વોપરી પ્રકારનું માખણ છે, જેનું જ્ઞાન ખાસ કરીને ભારતમાં દરેક માણસ માટે જરૂરી છે. તે માખણ આત્માનું છે ! કોષોને વલોવી આત્માનું માખણ કેવી રીતે મેળવવું તેની તમને ખબર છે ?'

'સ્વામીજી, મેં આ વલોણું અને આત્માનું માખણ કેમ મેળવવું તે વિશે સાંભળ્યું પણ નથી, મહેરબાની કરીને આપ મને તે વિશે કહો.'

'આ માખણ મેળવવા માટે તમારે ફોરેસ્ટ એકેડેમી (શિવાનંદ આશ્રમ, હૃષીકેશમાં આધ્યાત્મિક વિષયો પર શીખવાતો એક કોર્સ - અભ્યાસક્રમ)માં જોડાવું જોઈએ. શરીરના પાંચ કોષો એટલે દહીં વલોવવાનું પાત્ર, ઓમ્ એટલે રવૈયો. તમે જ સર્વવ્યાપક આત્મા છો એમ માનીને ઓમ્ પર ધ્યાનનો અભ્યાસ કરો. તમને ટૂંક સમયમાં આત્માનું માખણ મળશે, જે તમને અમર તથા સદા પરમસુખી બનાવશે.'

વૈજ્ઞાનિકે કહ્યું : 'સ્વામીજી, આપનો ખૂબ ખૂબ આભાર. આપે મારી આંખો ખરેખર ઉઘાડી નાખી છે. આત્માનું માખણ ખાવા માટે આધ્યાત્મિક વલોણાનો

અભ્યાસ કરીશ અને અમર બનીશ.'

**સાચો કર્મયોગ**

'યુવાનીમાંથી જ મનુષ્યે સાદું જીવન ગાળવાનો, ઈશ્વરના નામનું રટણ કરવાનો, યોગનો અભ્યાસ કરવાનો, પૃચ્છા કરવાનો (હું કોણ છું તેની), ગીતા અને બીજા ધર્મગ્રંથોનો અભ્યાસ કરવાનો અને ઇન્દ્રિયોને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. કીર્તનનું ગાન અને દિવ્ય નામના જપ શાશ્વત આનંદ અને સર્વોપરી આંતરિક શાંતિની ભેટ આપે છે, પણ તમે અભ્યાસ કરો તો જ આનો અનુભવ થાય.'

'છતાં યુવાનો ધ્યાન નહિ આપવાના ! જ્યારે માણસને તેના રોજિંદા જીવનના યુદ્ધમાં ચારે બાજુથી માર પડે છે ત્યારે તે ઈશ્વર તરફ વળે છે. ઈશ્વરનો તેણે દર્શાવેલી દયા માટે શા માટે આભાર ન માનવો અને તેને દરેક સ્વરૂપમાં કેમ ન પૂજવો ? નિષ્કામ સેવા પણ કરો.'

'હા, સ્વામીજી, આમ તો અમે કરીએ જ છીએ. અમે ધન કમાઈએ છીએ, કુટુંબને માટે કામ કરીને તેને નભાવીએ છીએ. એટલે અમે બધા કર્મયોગી જ ગણાઈએ.'

ગુરુદેવે કહ્યું : 'આ મોટી ભૂલ છે. લોકો કર્મયોગના રહસ્ય અને કાર્યરીતિ વિશે શું જાણે છે ? તેઓ તો પોતાના કુટુંબ સાથે જ સંલગ્ન છે. તેઓ પોતાના જીવનને પેટ માટે રળવામાં જ જીવન નકામું ખરચી નાખે છે અને માને છે કે તેઓ કર્મયોગ કરી રહ્યા છે. તેઓ કર્મયોગ વિશે શું જાણે છે ? કર્મયોગ તદ્દન જુદી વસ્તુ છે. તમારે અહંનો ત્યાગ કરવો જોઈએ. તમારે કર્તાભાવ અને ભોક્તાપણાની લાગણીનો ત્યાગ કરવો જોઈએ. તમારે તમારી જાતને આત્મા સાથે એકરૂપ બનાવવી જોઈએ.'

'થોડીક પણ આ નિષ્કામ સેવા ભલે પછી તે અપૂર્ણ હોય તો પણ તે સારી છે. તે તમારા હૃદયને શુદ્ધ કરે છે. સેવા સાથે જપ, કીર્તન અને ધ્યાનને જોડો. તમને પરમસુખનો અનુભવ થશે.'

'આવતી વખત અહીં આવો ત્યારે ઓછામાં ઓછું એક અઠવાડિયું રોકાઓ. તમને તમારી જાતને ઉગ્ર સાધનામાં જોડાવાનો પૂરતો સમય મળી રહેશે.'

ગુરુદેવ અને અમેરિકન વેપારી વચ્ચે ઉપર પ્રમાણે વાતચીત થઈ હતી.

**બધા જ અજ્ઞાનમાં ડૂબેલા છીએ**

રૂરકીના ડૉ. શ્રી પટ્ટવર્ધન (પીએચ.ડી.) ગુરુદેવનાં દર્શને આવ્યા હતા.

ગુરુદેવે તેમને ઉદ્દેશીને કહ્યું : 'ડૉ. સાહેબ, દરેક જણને પીએચ.ડી. કે ડી.લિટ. કે આઈ.સી.એસ. કે એમ.બી.બી.એસ. થવું છે. કોઈને પણ આત્માના સ્વરૂપને જાણવાની ઇચ્છા નથી. કોઈને પણ માયા અને ગુણોનો ખેલ, મન શું છે, માનવ અને બ્રહ્મ વચ્ચે શું સંબંધ છે, શાશ્વત પરમસુખ કેવી રીતે પ્રાપ્ત કરવું, બંધનોમાંથી પોતાની જાતને કેવી રીતે મુક્ત કરવી તે વિશે સમજવાની ઇચ્છા જ નથી. મનુષ્ય ઇન્દ્રિયોથી પર અસ્તિત્વ ધરાવતા સનાતન જીવનમાં માનતો નથી. તે અલૌકિક બાબતોમાં માનતો નથી. દરેક જણને પત્ની, કેટલાંક બાળકો, બંગલા, બગીચા, કારો અને બેન્કમાં ધન જોઈએ છે, તેમના માનસિક પ્રવાહો કુદરતી રીતે આ બધા પદાર્થો તરફ વહે છે. દિવ્ય નામનું રટણ આનંદ અને આંતરિક શાંતિ આપી શકે છે તેમ તેઓ માનતા નથી.'

'સ્વામીજી, મને લાગે છે કે આવી માન્યતાઓ અને અભ્યાસ - આચરણ - માટે જીવનનો અમુક ગાળો હોય છે.'

'આ જ ઉત્તમ ગાળો છે - યુવાની ! તમે વૃદ્ધ થઈને શું કરી શકો ? તમે બહેરાં થશો, એટલે ભગવાનના નામનો અવાજ તમારા કાનમાં કેવી રીતે પ્રવેશી શકશે ? તમે કીર્તન અને કથા કેવી રીતે માણી શકશો ? તમે જોઈ શકશો નહિ, પછી તમે ગીતા અને બીજા ધર્મગ્રંથો જેવા પવિત્ર ગ્રંથોને કેવી રીતે વાંચી શકશો ? તમે એક સ્થળે બેસીને સતત જપ કરી શકશો નહિ, તમે ઇન્દ્રિયો પર અંકુશ રાખી શકશો નહિ. આમ સાધના કરવી અશક્ય બની જશે. તમે તમારું આખું જીવન નકામી વસ્તુઓને પ્રાપ્ત કરવામાં ખરચી નાખ્યું અને જ્યારે ખૂબ મોડું થયું છે ત્યારે જ આધ્યાત્મિક પથ તરફ વળો છો.'

ડૉક્ટરે કહ્યું : 'સ્વામીજી, જો બધા જ સંન્યાસી બને તો પછી આ સંસારનું શું થશે ?'

ગુરુદેવે જવાબ આપ્યો : 'આવું કદાપિ નહિ બને. તમે સંસારની શા માટે ચિંતા કરો છો ? તમારું મન તમારી સાથે ચાલાકી કરે છે અને છેતરે છે. સર્વશક્તિમાન પ્રભુ એક મિનિટમાં જોઈએ એટલા મનુષ્યોનું સર્જન કરી શકે છે. તમે તમારું શ્રેય જુઓ ! પૃચ્છા કરો અને તમારા અજ્ઞાનનો નાશ કરો !'

પછી ડૉક્ટર મૂક રહ્યા. તેમને ખાતરી થઈ ગઈ.

## દલીલથી દૂર રહો !

વૃદ્ધ સંન્યાસી સ્વામી સત્‌ચિદાનંદજી આશ્રમમાં રહે છે. તેઓ ઓફિસમાં પ્રવેશ્યા, ગુરુદેવને પ્રણામ કરી ગુરુદેવની શાંત અને પરમાનંદી મુખમુદ્રાને અવલોકતા એક બેન્ચ પર બેઠા.

શ્રી ગોપાલ આયર દાખલ થયા અને ગુરુદેવ સમક્ષ - 'Sacred epics of the land' - 'ધરતીનાં પવિત્ર મહાકાવ્યો' પરનાં તેમનાં સંશોધનોનાં પરિણામો દર્શાવતી છાપાની કેટલીક કાપલીઓ રજૂ કરી. જીવનભરની મહેનત હોવાથી ગુરુદેવ તરફથી ખરેખર ખૂબ પ્રોત્સાહન અને સારા અભિપ્રાયોને પાત્ર હતા.

શ્રી ગોપાલ આયર શ્રી સત્‌ચિદાનંદજીની પાસે બેન્ચ પર બેઠા અને બીજું કંઈ કરવાનું નહિ હોવાથી બેન્ચ પર બેઠેલા સહમિત્રો સાથે વાતચીતનો દોર સાંધ્યો. નમ્ર શબ્દો, વિવેક, દલીલો, સહેજ ગરમ વાદવિવાદ એમ આગળ વધતાં 'અહં-મિટર'નો પારાનો આંક ઊંચે ને ઊંચે જવા માંડ્યો !

સત્‌ચિદાનંદ પંડિત પર એવું ઠસાવવા પ્રયત્ન કરતા હતા કે અદ્વૈતને હળવી રીતે લેવું ન જોઈએ. સવારની કૉફી માટે દૂધ સમયસર ન પહોંચતાં જે લોકો ગાંડા થઈ જાય તેઓ પુરાણો, દિવ્યતાઓ અને સંતોને ઉતારી પાડે તે યોગ્ય નથી. આ સાંભળતાં જ પંડિતના હૃદયના નાજુક તાર ઝણઝણ્યા અને તેમનો ગુસ્સો ફાટી ઊઠ્યો. સ્વામીનાં નામ દઈને 'બનાવટી સંન્યાસી', 'ભગવા કપડામાં ઢંકાયેલ દેહ', 'જીવનમાં સાવ નકામો માણસ' વગેરે બોલવા લાગ્યા.

તરત જ સ્વામી સત્‌ચિદાનંદે એકદમ મૃદુ બનતાં ઝઘડાને વાળી લેતાં કહ્યું : 'મહારાજ, મારું જ્ઞાન ખૂબ કમ છે. જે જ્ઞાનસાગરમાં આપ તરી રહ્યા છો તેના અંશને પણ હું પામી શક્યો નથી. હું હજી એક વિદ્યાર્થી છું, આપ તો ખૂબ આગળ વધેલા છો. તમારી સાથે દલીલ કરવા માટે મને કૃપા કરી માફ કરો.'

તેનાથી પંડિત ટાઢા પડ્યા અને મસ્તક ટટ્ટાર રાખી ચાલ્યા ગયા.

ગુરુદેવે સત્‌ચિદાનંદ તરફ સ્મિત કરતાં કહ્યું : 'ખૂબ સારો જવાબ આપ્યો !'

## સાંસ્કૃતિક સેવાનું સ્થાન પ્રથમ

દક્ષિણ ભારતથી શ્રી નટરાજન્ અખિલાન્દેશ્વરીના મંદિર માટે ફંડ ભેગું કરવાના કાર્ય માટે આવ્યા હતા. તેમના પિતાએ શરૂ કરેલું કાર્ય પૂરું કરવાનું હવે તેમને આર્થિક રીતે મુશ્કેલ લાગી રહ્યું હતું. શ્રી નટરાજન્ આ ફંડ ભેગું કરવા માટે દિલ્હી આવ્યા હતા. તેમને ત્યાં ધારેલી સફળતા મળી ન હતી. તેમણે ગુરુદેવને આ કાર્યમાં આશીર્વાદ આપવા વિનંતી કરી હતી.

ગુરુદેવ થોડોક સમય મૌન રહ્યા, જાણે કે આગંતુકની વિનંતી સાંભળતા જ ન હોય. વાત ચાલતી હતી તે દરમિયાન તેમનું પોતાનું કામ ચાલુ જ હતું. પછી તેમણે પેન એક બાજુ મૂકી દીધી અને બોલ્યા :

'કોઈ અનુષ્ઠાન કરો. પૈસા પાછળ આ રીતે દોડવું એ ઠીક નથી. કેવળ આધ્યાત્મિક શક્તિ દ્વારા તમારે જે જોઈએ છે તે માટે ઈશ્વરની કૃપા માટે પ્રાર્થના કરવી જોઈએ. ધન તમારી તરફ આવશે. તમારે તેની પાછળ દોડવાની જરૂર નથી. પ્રસંગોની ઉજવણી દરમિયાન જમણના ખર્ચમાં ઘટાડો કરો. જે કંઈ પૈસો ભેગો થાય તેને સાંસ્કૃતિક હેતુ માટે વાપરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જમાડવાથી તો ઝઘડાનું જ સર્જન થશે અને બિનજરૂરી લોકોનાં ટોળાં ભેગાં થશે.'

'એક સંસ્કૃત કોલેજ શરૂ કરો. તેમાં વેદ અને ઉપનિષદોનાં ભાષાંતર કરાવો. તો જ લોકોને લાભ થશે. તેઓ તમારા કાર્યને વખાણશે અને પૈસાનો પ્રવાહ વહેશે. બીજે ચાલતી કોલેજ કેમ કાર્ય કરે છે તેનો અભ્યાસ કરો. ચિંગલપુરના શ્રી એસ.વી. આયરનાં સૂચનો લો. ત્યાં તેમણે હમણાં સેવાશ્રમની સંઘટના કરી છે.

કામ કરવાનો આ માર્ગ છે. પછી લોકો તમારી પાસે તમે હાથ પર લીધેલી સેવાની વિગતને સમજવા માટે આવશે અને તેઓ પોતે તમને મદદ કરવા આગળ આવશે. આજે તમને લોકોને જમાડવા માટે કોઈ પણ દાન આપશે નહિ.'

'સ્વામીજી, જમાડવાનું પણ જરૂરી છે. શું તે જરૂરી નથી ?'

'હા, પણ મુખ્ય જરૂર છે સાંસ્કૃતિક સેવાની.'

'અન્નદાન પ્રથમ અને...'

'ના, ના. જ્ઞાનદાન પ્રથમ અને અન્નદાન પછી આવે. તમે માણસને ભોજન આપો તો થોડાક કલાકમાં તે ફરીથી ભૂખ્યો થઈ જશે. વધુમાં, જો તમે તેને સંતોષ ન આપો અને તેની માગણી મુજબ ન ખવરાવો તો તે તમને ગાળો દેશે.'

☐ - Sivananda's Gospel of Divine Lifeમાંથી સાભાર અનુવાદ

# સત્સંગની આવશ્યકતા

**શ્રી યોગેશ્વરજી**

આધ્યાત્મિક વિકાસના મંગલમય માર્ગ પર સફળતાપૂર્વક સફર કરીને સિદ્ધિની પ્રાપ્તિ કરવાની ઈચ્છાવાળા સાધકે સંગની પસંદગીમાં ખૂબ જ ધ્યાન આપવું પડશે. સાધકે જ નહિ પરંતુ બીજા સામાન્ય માણસે સંગ પ્રત્યે જરા પણ ગાફેલ નથી રહેવાનું. સાધનાના માર્ગમાં આશાસ્પદ રીતે આગળ વધેલા કેટલાય સારા સાધકો સંગની પસંદગીમાં ગાફેલ રહેતાં સંગદોષના શિકાર બની ગયા છે, વિવેકભ્રષ્ટ બન્યા છે ને બરબાદ થયા છે. મહામહેનતે એકઠી કરેલી પોતાના આધ્યાત્મિક જીવનની મૂડીને એમણે એકાએક અને અનુકંપા ઉત્પન્ન થાય એવી રીતે ખોઈ નાખી છે. પોતાના મૂળ નિશ્ચિત કરેલા સાધનામાર્ગને મૂકીને અથવા તો ઉચ્ચ જીવનના આદર્શોને તિલાંજલિ આપીને એ કોઈક ભળતે જ માર્ગે વળી ગયા છે કે પથભ્રાંત બન્યા છે. તો એથી ઊલટું ઉત્તમ પ્રકારના જીવનવિકાસમાં મદદરૂપ થનારા સંગની પસંદગી કરીને અને એના સંગનો લાભ ઉઠાવીને બીજા કેટલાય સાધકોએ પોતાના દોષો દૂર કર્યા છે. પોતાની જીવનદષ્ટિને વધારે ને વધારે સ્પષ્ટ ને ઉત્તમ કરી છે તથા પોતાની અંદર નવા પ્રકાશ ને નવી પ્રેરણાની સામગ્રી ભરી છે. સંગમાં એવા બંને પ્રકારના સારા ને નરસા ભાગ ભજવવાની શક્તિ છે અને સાધકે એના નરસા ભાગનો ત્યાગ કરીને એના સારા ભાગનો સ્વીકાર કરવાની કળામાં કુશળ થતાં શીખવાનું છે.

આપણી ભાષામાં સંગના સંબંધમાં ત્રણ જુદા જુદા શબ્દો પ્રચલિત છે. સત્સંગ, કુસંગ અને અસંગ. એમાંથી જેમણે આત્મોન્નતિને માર્ગે આગળ વધવું હોય તેમણે સત્સંગનો વધારે ને વધારે રસ કેળવવો જોઈએ ને કુસંગથી કાયમને માટે દૂર રહેવું જોઈએ. અધ્યાત્મમાર્ગમાં જેમને બિલકુલ રસ ન હોય પરંતુ દુન્યવી વિષયોમાં જ રસ લાગતો હોય એવા વ્યસની, દુર્ગુણી, ન્યાયનીતિને નેવે મૂકીને ચાલનારા તેમ જ ધર્મ અને ઈશ્વરની સાથે છૂટાછેડા લઈને જીવનારા મનુષ્યોનો સંગ કુસંગ કહેવાય છે. એવાં પુસ્તકો ને સ્થળોનો સંપર્ક પણ કુસંગની જ ગરજ સારે છે. એથી એમનો સંસર્ગ સદાને માટે ટાળવો જોઈએ. એવાં ચિત્રો તથા દશ્યોથી પણ દૂર રહેવું જોઈએ. એથી ઊલટું; ચિત્રો, દશ્યો, પુસ્તકો, સ્થળો કે મનુષ્યોને જે સંગ અંતરમાં સુષુપ્ત રીતે રહેલી કે અંકુરિત થયેલી શુભ વૃત્તિઓ અને ભાવનાઓને પોષતો હોય; ધર્મ, નીતિ ને ન્યાયપરાયણ કરતો હોય; સર્વ પ્રકારનાં વ્યસનો ને દુર્ગુણોમાંથી મુક્ત કરીને સાચા અર્થમાં પૂર્ણ કે આદર્શ માનવ બનવાની પ્રેરણા પૂરી પાડતો હોય તેમ જ ઈશ્વરવિમુખ નહિ પરંતુ ઈશ્વરાભિમુખ કરતો હોય તે સંગને સત્સંગ કહી શકાય. એવો સત્સંગ મહામોંઘા મંત્રરૂપ અથવા તો અમૂલખ આશીર્વાદરૂપ ઠરે છે અને એટલા માટે જ હંમેશાં આવકારદાયક છે. કુસંગ બહારથી આકર્ષક છે અને એના તરફ મન પ્રમાણમાં બહુ વહેલું વળે છે. છતાં એની ભયંકર હાનિકારકતાનો વિચાર કરીને એમાંથી મનને પાછું વાળીને સત્સંગમાં જ પરોવવું જોઈએ. સત્સંગનો સ્વાદ લાગતાં પહેલાં તો જરા વાર લાગશે પરંતુ પછીથી એનો એવો તો રસ લાગશે કે વાત નહિ. સત્સંગ જીવનમાં એવીરીતે તાણા ને વાણાની પેઠે વણાઈ જશે ને જીવનને ઉત્તમ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

સત્સંગનો તાત્ત્વિક અર્થ શો છે ? સત્યરૂપી પરમાત્માનો પરિચય કરાવે કે તે પરમાત્માની પાસે પહોંચાડે તે સત્સંગ. એટલે સર્વ પ્રકારના સત્સંગનું છેવટનું ધ્યેય એ જ હોવું જોઈએ. એ દષ્ટિથી જોતાં પરમાત્માનો પરિચય સાધી ચૂકેલા કે સાધવાનો પ્રયાસ કરનારા સત્પુરુષના સમાગમ જેવો સુંદર, સાર્થ ને શક્તિવાળો સત્સંગ બીજો એકે નથી. જીવનની કાયાપલટ કરવામાં એવો સત્સંગ ભારે અકસીર પુરવાર થાય છે. પરંતુ એવો સર્વોત્તમ સત્સંગ ન મળે ત્યારે પણ કાંઈ બેસી ન રહેવાય. એ સંજોગોમાં સહેલાઈથી મળી રહેતા સારામાં સારા સત્સંગોનો લાભ લેવો જોઈએ. મહર્ષિ વ્યાસ ને કૃષ્ણ આજે નથી. પરંતુ ભાગવત તથા ગીતા દ્વારા તુલસીદાસને, બાઈબલ દ્વારા ઈસુને, અવસ્તા દ્વારા જરથુષ્ટ્રને અને શંકરાચાર્ય ને બીજા મહાપુરુષોનો સમાગમ પણ એ જ રીતે કરી શકાય છે.

સત્સંગ ન મળે તો કુસંગ તો ન જ કરવો, પણ અસંગ એટલે સંગ વગરના અથવા એકલા રહેવું. એથી વધારે લાભ થશે. સમય તથા શક્તિ બચી જશે. આગળ વધતાં લાંબે વખતે એક એવી અવસ્થા આવશે જ્યારે બહારના સત્સંગની ઈચ્છા જ નહિ રહે. એ ભૂમિકાએ પહોંચ્યા પછી સાધક અનુકૂળ કે પ્રતિકૂળ પ્રકારના વાતાવરણમાં રહીને પોતાની આત્મસંપત્તિને સાચવી શકશે. પોતાના મનને ઈશ્વરાભિમુખ રાખી શકશે ને ઉત્તમ જીવનના આદર્શ તરફ સ્વાભાવિક રીતે જ પ્રયાણ કરશે. પછી પોતાને પોતાનો સંગ જ પૂરતો થઈ પડશે. પરંતુ એવી ભૂમિકા તો ભાગ્યે જ ને કોઈકને પ્રાપ્ત થશે. બીજા બધાએ તો પોતાની સલામતી માટે, સંસ્કારોની સુરક્ષા તથા સુદૃઢતા માટે, પ્રેરણા ને પથદર્શન માટે, જરૂરી જ્ઞાનની પ્રાપ્તિ માટે, અને એ રીતે સમસ્ત જીવનના આમૂલ પરિવર્તન તેમ જ આધ્યાત્મિક ઘડતર માટે બહારના સત્સંગનો આધાર લેવો જ પડશે. એમને માટે એ આશીર્વાદરૂપ ઠરશે.

સાથે સાથે એવો સત્સંગ જડ કે યાંત્રિક ન થાય અથવા તો ઘરેડરૂપ ન બની જાય એનું પણ ધ્યાન રાખવું પડશે. સત્સંગ માત્ર કરવાને ખાતર કરવો અને એમાંથી જીવનને વિશુદ્ધ કરીને આગળ વધવાની શક્તિ ન મેળવવી એવું ન હોવું જોઈએ. એવી પરિસ્થિતિ જ્યાંત્યાં દેખાય છે. તમે નથી જોતાં કે માણસો નિયમિત કથાવાર્તા ને પ્રવચનમાં જાય છે, ગીતાભાગવત વાંચે છે, દેવમંદિર જાય છે, ભજન ગાય છે, પૂજાપાઠ કરે છે, તીર્થોમાં ફરે છે ને સંતસમાગમ કરે છે તોપણ બાવાજીની તુંબડી જેવા જ રહે છે ? મતલબ કે એમનો સ્વભાવ નથી સુધરતો. એમનામાં રહેલા કામ, ક્રોધ, મદ તથા મોહ નથી મટતા. પેલી બાવાજીની તુંબડીની પેઠે કટુ જ રહે છે ને મધુમય નથી બનતા. જે સત્સંગ એ કરે છે એનો આત્મા એમના જીવનમાં નથી ઊતરતો. એની અસરથી એ અલિપ્ત રહે છે. એક રીતે જોતાં એ સત્સંગપ્રૂફ બની ગયા હોય છે. સત્સંગના પ્રભાવથી એમના વ્યાવહારિક જીવનમાં, એમની રીતભાત કે ટેવોમાં, એમના વિચારોમાં, એમનાં કર્મોમાં અને એમના વ્યક્તિત્વમાં કોઈ નોંધપાત્ર સુધારો નથી થતો. એવો સુધારો કરવાની તીવ્ર ઈચ્છા કે પ્રેરણા પણ એમનામાં નથી પ્રગટતી. સત્સંગ કરવો જોઈએ એટલા માટે એ કરે છે. એ સારી પ્રવૃત્તિ કરી રહ્યા છે એમાં શંકા નથી. પરંતુ એટલી જ એમના જીવનવિકાસને માટે પર્યાપ્ત નહિ થાય એ પણ એમણે સમજી લેવાનું છે. એથી આગળ વધીને ને પ્રવૃત્તિની મદદથી જીવનને નિર્મળ, ઉત્તમ અને ઈશ્વરપરાયણ બનાવવાની સાધના પણ એમણે કરવી જોઈએ અને જીવનને સાચા અર્થમાં જીવન બનાવવું જોઈએ. બહારનો સત્સંગ ત્યારે જ સાર્થક થઈ શકશે. જીવનની વિશુદ્ધિ કોઈ એકાદ-બે દિવસ, મહિના કે વરસોનો ખેલ નથી. એ તો વરસોના પરિશ્રમ અને એકધારા પરિશ્રમનો પરિપાક છે. છતાં પણ એ માટેના પ્રયત્નો જે પ્રામાણિકપણે પ્રારંભ કરશે તે વહેલોમોડો જીવનની ઉત્તમતાનો આનંદ અવશ્ય મેળવી શકશે એમાં સંદેહ નથી.

□ 'સાધના'માંથી સાભાર


## દિવ્ય જીવન

**પત્રિકાની માલિકી અને અન્ય બાબતોનું વિવરણ**

**ફોર્મ-૪**

**(નિયમ - ૮ મુજબ)**

| | | |
|---|---|---|
| (૧) | પ્રકાશનનું સ્થળ | : ગુજરાત દિવ્ય જીવન સંઘ શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. |
| (૨) | પ્રકાશન તારીખ | : દરેક માસની ચોથી તારીખ |
| (૩) | પ્રકાશકનું નામ | : અરુણ દેવેન્દ્ર ઓઝા |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ગુજરાત દિવ્ય જીવન સંઘ, શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૨૬૮૬૧૨૩૪ |
| (૪) | તંત્રીનું નામ | : ડૉ. મફતલાલ જ. પટણી |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ૪, વિશ્વભારતી સોસાયટી, નવરંગપુરા ટેલિફોન એક્સચેન્જ પાછળ, નવરંગપુરા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| (૫) | મુદ્રકનું નામ | : પ્રિન્ટ વિઝન પ્રા.લિ. |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ |
| (૬) | પત્રિકાની માલિકી | : ગુજરાત દિવ્ય જીવન સંઘ, ટ્રસ્ટ શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. |

હું અરુણ દેવેન્દ્ર ઓઝા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી માન્યતા અને જાણકારી મુજબ ખરી છે.

**- અરુણ દેવેન્દ્ર ઓઝા**

તા.૦૪-૦૪-૨૦૧૦

# યોગ એ જ જીવન

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

## પ્રાથમિક આસનો

### પેન્ક્રિયાઝ

પેન્ક્રિયાઝ સાકરનું નિયંત્રણ કરે છે.

આ પેન્ક્રિયાઝ મોટા ડાઘિયા કૂતરાની લાંબી જીભ જેવું આશરે પંદર સેન્ટિમીટર લાંબું, બદામી ગુલાબી રંગનું, આશરે પંચાસી ગ્રામ વજનનું હોય છે. પેટની છેક પાછળ અંદરની તરફ આ પેન્ક્રિયાઝ રહેલું હોય છે. તે કરોડસ્તંભની આગળ પોતાનું સ્થાન ધરાવે છે. તેની ચોપાસ લીવર, કિડની અને મોટું આંતરડું આવેલાં છે. આ બધું એકમેકથી એટલાં નજીક છે કે જાણે મેળામાં સૌ ભેગાં થાય અને ધક્કા મારીને ચાલે, તેવો અહીં ઘાટ છે.

પેન્ક્રિયાઝ ખૂબ જ કાર્યનિરત અંગ છે. આપણે ઢગલાબંધ ખોરાક ખાઈએ છતાં જો પેન્ક્રિયાઝમાંથી આવતા પાચક રસો તેમાં ન ભળે તો આટલો ખોરાક ખાધો હોવા છતાં, આપણે ખોરાક ખાતા જ નથી, તેવી સ્થિતિ થાય છે. આપણું ઊઠવું, બેસવું, ખાવું, પીવું, ચાલવું, ફરવું, આંખોના પલકારા મારવા કે હૃદયમાં ધડકારા થવા, આ બધું, આપણા શરીરમાં જે ક્રિયાઓ થાય છે, તેને માટે શક્તિ જોઈએ. મગજ તરફ લોહીને પંપ કરીને ફેંકવાનું, તે બધાં માટે ઊર્જા જોઈએ. આ ઊર્જા - શક્તિ આપણને પેન્ક્રિયાઝમાંથી મળે છે. પેન્ક્રિયાઝ ઊર્જા અને શક્તિનો સ્રોત છે, જેના વડે આપણાં બાહ્ય દૃશ્યમાન દૈનિક કાર્યો આપણે કરીએ છીએ.

ખરેખર આ પેન્ક્રિયાઝ બે અલગ અલગ ગ્લાન્ડ્સનું એક બંધારણ છે. આ બંને ગ્લાન્ડ ભેગી થઈને બે મહત્ત્વનાં કાર્યો કરે છે. પહેલું કાર્ય, ખૂબ જ મહત્ત્વના હોર્મોન્સ બનાવવાનું હોય છે, અને બીજું કાર્ય તેને આપણા રક્તસંચારમાં ઠાલવવાનું હોય છે. આ પેન્ક્રિયાઝમાંથી ઊપજતો ગ્લુકોઝ કે બ્લડસુગર, તે શરીરના પ્રત્યેક રક્તકણો, અણુ-પરમાણુ માટે ઊર્જા પૂરી પાડે છે. શક્તિનો જબરો જુવાળ અહીં જ નીપજે છે ! તેમાંથી મળતું ઇન્સ્યુલીન આપના શરીરમાં ગ્લુકોઝ- બળતણ ક્યાં કેટલું બરોબર વપરાય છે કે નહિ તેની કાળજી રાખે છે. પેન્ક્રિયાઝ દ્વારા બહુ જ નાજુક અને ગંભીર કાર્ય કરવાનું હોય છે.

ખોરાક પચાવવા માટે આશરે એક લિટર જ્યૂસ-રસાયણ આ પેન્ક્રિયાઝમાં ઉત્પન્ન થાય છે. પંચાસી ગ્રામ વજનની આ ગ્લાન્ડ કે ગ્રંથિમાંથી ૯૦૦ ગ્રામ જેટલું ફ્લુઈડ મળે છે. જ્યારે આપણા પેટમાંથી અન્ન આગળ વધે, ત્યારે તેમાં અનેક પ્રકારનાં રસાયણો ઉત્પન્ન થાય છે ત્યારે સત્વરે આ પેન્ક્રિયાઝમાંથી આવતા દ્રાવણ આલ્કલીથી જ આ એસિડના ગરમાવાનું શમન થાય છે. જો આ પેન્ક્રિયાઝ સમયસર આલ્કલી દ્રાવણ ન મોકલી શકે તો પેટમાં ખોરાક સાથે આવતા જલદ રસો તેના પોતાના જ નાના આંતરડાને તેની અંદરની નાની લાઈનિંગને, તેના પોતાની જ આંતઃસ્રાવ ગ્રંથિઓ (ઇન્ટરનલ વીસેરાઝ) અંતઃસ્થ પેટના અંદરના ભાગોને જ ખાઈ જાય છે. તેથી જ પેન્ક્રિયાઝે આ જલદ તેજાબીય દ્રાવણોને ન્યુટ્રલાઈઝ કરવા માટે મોટા પ્રમાણમાં આલ્કલી દ્રાવણ બનાવવું પડતું હોય છે. જો આપણો ખાવામાં સંયમ ન હોય તો આ પેન્ક્રિયાઝે પણ વધુ પડતું કામ કરવું પડે.

આપણે જમવાનો આરંભ કરીએ તેની સાથે જ આપણી નર્વસ સિસ્ટમ આ પેન્ક્રિયાઝને તેનાં આલ્કલી દ્રાવણો બનાવવાનો ઓર્ડર કરે છે. આમ થતાંની સાથે પેન્ક્રિયાઝ ધમધોકારપણે કામે લાગી જાય છે. સ્ટમક (હોજરી)થી ડ્યુઓડેનમ સુધીના માર્ગનું દ્વાર પાઈલોરસ છે, ત્યાં સુધી ખોરાક આવતાંની સાથે જ પેન્ક્રિયાઝનો આલ્કલી સપ્લાય ચાલુ થઈ જાય છે. આ ડ્યુઓડેનમ નાના આંતરડાના પહેલા ૨૫ સેન્ટિમીટરને કહેવામાં આવે છે. ત્યાં ડ્યુઓડેનમ પણ એન્ઝાઈમનું નિર્માણ કરે છે. તેનો રાસાયણિક સંદેશો કે જે રક્તસંચાર દ્વારા પેન્ક્રિયાઝને મળે છે, તેની સાથે જ તે આલ્કલાઈન રસાયણો બનાવીને તેજાબી દ્રાવણોને ન્યુટ્રલાઈઝ કરી નાખે છે.

દુર્ભાગ્યે આપણે ખાવાનો કોઈ કાયદો નથી, આપણે ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે, ગમે તેટલું ખાતાં હોઈએ છીએ અને જેવો ખોરાક હોજરીમાં જવા માંડે

કે સત્વરે જ પેન્ક્રિયાઝનું કાર્ય આરંભ થઈ જાય છે. કારણ ખોરાક જેવી અવસ્થામાં આવે તેવો જ તે આગળ ન જાય અને હોજરી જેને એક્સેપ્ટ કરે તેવી અવસ્થાની વ્યવસ્થા જાળવવાનું મહત્ત્વનું કાર્ય પેન્ક્રિયાઝનું છે. તેને માટે પેન્ક્રિયાઝ ત્રણ વિશેષ પ્રકારનાં એન્ઝાઈમ બનાવે છે. આમાંનું એક રસાયણ વર્ચ્યુઓસોસ (Virtuosos) ટ્રાઈપ્સિન (Trypsin) પ્રોટીનમાંથી એમિનો એસીડ (Amino acids)માં નિરૂપણ કરવાનું કાર્ય છે, કે જેથી તે રક્તપ્રવાહ શરીરમાં ભ્રમણ અને ટિસ્યુ (Tissue) બનાવવા સહાયપ્રદ થઈ શકે. બીજો એન્ઝાઈમ, એમાઈલેસ (Amylase) સ્ટાર્ચ (Starch)ને સાકરમાં પરિણીત કરવાનું કામ કરે છે. ત્રીજું તત્ત્વ લાઈપીસ (Lipase) ફેટ ગ્લોબ્યુલસ (fat globules)નું પાચન અને ગ્લિસરીનમાં રૂપાંતર કરે છે. આપણે જે કંઈ ખાઈએ છીએ તેની કેવી કેટલી અવાંછનીય અસરો આપણી સિસ્ટમ્સમાં થાય છે, તેનાથી આપણે તદ્દન અજાણ છીએ.

આપણું શરીર એક મશીન છે. તેનાં અલગ અલગ અંગો છે, જેમ કે લીવર, કિડની, પેન્ક્રિયાઝ અને અન્ય અંગો. તેમનો ઉપયોગ કરવાનો છે, જે તેઓ જાતે જ આપણા જીવનની ઘટમાળનું આવશ્યક અંગ બનીને કાર્યનિરત થઈને રહે છે, પરંતુ તેમને સજા થાય તે પ્રમાણે સંયમશૂન્ય જીવન જીવવાથી આપણે આપણા જ પગ ઉપર કુહાડો મારીએ છીએ. સદ્‌ભાગ્યે પેન્ક્રિયાઝમાં પાચક રસો બનાવવાની અદ્‌ભુત અને અકલ્પ્ય ક્ષમતા છે, તેથી જ આપણે જીવન સ્વસ્થતાપૂર્વક જીવી શકીએ છીએ, પરંતુ 'અતિ સર્વત્ર વર્જયેત્'. કોઈ પણ કાળે કે ક્ષણે 'અતિ' ન જ થવો જોઈએ. પેન્ક્રિયાઝ પોતાની ક્ષમતા કરતાં અડધું કામ કરે તો પણ મોઢામાંની લાળ (Saliva), ગેસ્ટ્રિક અને ઈન્ટેસ્ટીનલ સિક્રિશન્સ વડે કામ ચલાવી શકાય છે, પરંતુ ભોજન પચાવવાનું કામ કપરું છે, ત્યાં પેન્ક્રિયાઝ વગર ચાલે તેમ નથી.

પેન્ક્રિયાઝનું વિશેષ કાર્ય તો ઈન્સ્યુલીન બનાવવાનું છે. જો આ કાર્ય બરોબર ન થાય તો ડાયાબિટીસ થવાની પૂરી સંભાવના છે. ઈ.સ. ૧૯૧૨માં પ્રાણીઓના શરીરમાંથી ઈન્સ્યુલીન બનાવવાનું ચાલુ થયું હતું તે પૂર્વે ડાયાબિટીસ થવો એટલે મૃત્યુનાં દ્વાર ખૂલ્યાં એમ જ માનવામાં આવતું હતું. કારણ જો પેન્ક્રિયાઝમાં ઈન્સ્યુલીન - હોર્મોન્સ ન બને તો માણસ મરવાના વાંકે જ જીવે, તે સિવાય બીજું કંઈ જ ન થઈ શકે. પેન્ક્રિયાઝમાંથી અગણિત હોર્મોન્સ બને છે, પરંતુ તે તેના ૮૫ ગ્રામ વજનના ૧.૫ ટકા જેટલા જ છે. શરીરમાં જે લોહી ફરે છે, તેમાં બધામાં ગ્લુકોઝનું પ્રમાણ ૪.૪ ગ્રામ હોય છે, જે જરૂરી છે.

પેન્ક્રિયાઝ સંબંધી વધુ આવશ્યક વાત અને વિચાર પશ્ચિમોત્તાન આસનના અભ્યાસ સમયે કરીશું, પરંતુ આ પ્રમુખ લાભ આપણને અર્ધપવનમુક્તાસન અને પવનમુક્તાસનમાં પણ મળે છે.

**અર્ધપવનમુક્તાસન**

(૧) ધાબળા ઉપર ચત્તા સૂઈ જવાનું છે. (૨) બંને પગ જોડાયેલા હાથ શરીરની બંને બાજુએ રિલેક્સ.



(૩) જમણા ઘૂંટણને વાળો. પેટ સુધી લાવો. શ્વાસ છોડો. (૪) ખભા માથું શ્વાસ છોડીને ઊંચાં કરવાં અને જમણા ઘૂંટણમાં કપાળ અડકાવવું. જમણા ઘૂંટણને બે હાથથી પકડીને પેટ ઉપર દબાવવું. શ્વાસ બહાર ન રોકી શકાય તો કુદરતી શ્વાસ લઈ શકાય.


આ પ્રક્રિયાને ડાબું ઘૂંટણ વાળીને પણ કરી શકાય, જ્યારે જમણું ઘૂંટણ વાળીએ ત્યારે ડાબો પગ લાંબો અને સીધો, જ્યારે ડાબું ઘૂંટણ વાળીએ ત્યારે જમણો પગ લાંબો અને સીધો રાખવો. આ પ્રક્રિયા ૧/૨થી પાંચ મિનિટ સુધી કરી શકાય.

**લાભ**

પવનમુક્તાસન પ્રમાણે

**પવનમુક્તાસન**

(૧) ધાબળા ઉપર ચત્તા સૂવાનું છે. હાથ બંને સાથળ પાસે રિલેક્સ.



(૨) બંને ઘૂંટણને વાળો, પેટ પાસે લાવો. બંને ઘૂંટણ જોડેલાં રાખો, બંને પગ જોડેલા રાખો. (૩) બંને હાથ વડે

ઘૂંટણને પેટ ઉપર દબાવો. જેવી રીતે મિત્રોને આલિંગન કરીએ - ભેટી પડીએ તે પ્રમાણે હાથથી ઘૂંટણ દબાવવા. (૪) શ્વાસ છોડતાં જવું, ખભા માથું ઊંચાં કરવાં. કપાળને ઘૂંટણમાં અડકાવવું. જેટલી વાર વધુ સમય કોઈ પણ કષ્ટ વગર રહી શકાય તેટલું રહેવું.

**લાભ**

પેટનો અનાવશ્યક ગેસ રિલીઝ થાય છે. તદુપરાંત એકપાદઉત્તાનાસન, ઉત્તાનપાદાસન, નૌકાસન, દ્રોણાસન, ઉત્તીથ્થ પશ્ચિમોત્તાનાસન અને આ એકપાદ તથા બંને પગેથી કરવામાં આવેલા પવનમુક્તાસનથી સાથળની બાજુએ આવેલા સ્નાયુ (Quadriceps) મજબૂત બને છે. હિપ જોઈન્ટ-થાપાના સાંધામાંથી પગને ઊંચકવાથી ઢીંચણ-ઘૂંટણ, સાથળના દુખાવામાં લાભ થાય છે. પેટની આગળની દીવાલના સ્નાયુ (Rectus Abdominis) મજબૂત બને છે. ઓસ્ટિયોપોરોસિસ થતો અટકાવે છે, પેટની ચરબી ઓછી કરે છે. પવનમુક્તાસનમાં ખાસ કરીને (Hip Flexors) થાપાના સ્નાયુ અને સાથળના સ્નાયુ (Hamstring)નું સંકોચન થાય છે. તેથી તે પ્રભાગની સ્વસ્થતા વધે છે. કાર્યક્ષમતામાં ધરખમ વધારો થાય છે.

**કટિઉત્થાનાસન**

આ પૂર્વેનાં આસનોની જેમ અહીં પણ ધાબળા ઉપર ચત્તા થઈને સૂવાનું છે.

(૧) બંને પગ એકમેકમાં જોડાયેલા, હાથની હથેળી જમીન ઉપર શરીરની સાથે - શરીરની નિકટ.



(૨) બંને પગને ઘૂંટણમાંથી વાળવા. પગ છેક નિતંબ સુધી આવશે.

(૩) ધીરેથી બંને પગ અને બંને ઘૂંટણ સુધી એકમેકને સમાંતર રહે તેમ પહોળા કરવા. બંને પગ અને ઘૂંટણ વચ્ચે, બંને ખભા વચ્ચે જેટલું અંતર છે, તેટલું અંતર રાખવું.

(૪) બંને હાથની હથેળી અને બંને પગના ઉપર વજન આપીને કમરના ભાગમાંથી શરીરને ઊંચું કરો. જેટલું વધુ ઊંચું થઈ શકે, તેટલું ઊંચું કરવું.

(૫) ત્યાં જેટલી વાર વધારેમાં વધારે રહી શકાય, સ્થિર રહી શકાય તેટલી વાર સ્થિર રહેવું. ઓછામાં ઓછું દરેક આસનમાં આરંભમાં વીસ સેકન્ડથી આરંભ કરીને દોઢ મિનિટ સુધી તો સ્થિર રહેવું જ જોઈએ. ક્રમશઃ આ સમય વધારીને પાંચ મિનિટ સુધી સ્થિર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૬) શ્વાસ સાધારણ. પ્રત્યેક શ્વાસ જે અંદર આવે છે, અને જે શ્વાસ બહાર જાય છે, તેના ઉપર મનને એકાગ્ર કરવું.

**લાભ**

આ આસનના અભ્યાસથી સાથળની પાછળની બાજુએ આવેલા સ્નાયુ હેમસ્ટ્રિંગ (Hamstrings)નું સંકોચન થાય છે. થાપાના સ્નાયુનું સંકોચન થાય છે. કમરના મણકાની આસપાસના સ્નાયુ (Low back muscles)ની મજબૂતાઈ વધે છે. લમ્બર સ્પાઈનનો કુદરતી આકાર જાળવવામાં, સ્પોન્ડિલોસિસ અટકાવવામાં મદદરૂપ છે. રુધિરનું ભ્રમણ છાતીના અવયવો, ફેફસાં અને હૃદય તરફ વધે છે.

આપણને સીધા બેસવાનું ગમતું નથી. લોકો ખુરશી ઉપર બેસે કે જમીન ઉપર પલાંઠી વાળીને બેસે, પરંતુ 'સમંશિરો ગ્રીવાકાયં' માથું શરીર અને ગળું એક જ લાઈનમાં રાખીને કે મેરુદંડ સીધો રાખીને ક્યારે બેસીએ છીએ ? જ્યાં પણ બેસીએ, જ્યારે પણ બેસીએ ત્યારે સીધા જ બેસવાની ટેવ પાડવી જોઈએ. આપણને સૌને મોટા ભાગે કમર વાંકી કરીને જ બેસવાની ટેવ છે, લાંબે ગાળે કમરમાં જ્યાં કરોડસ્તંભના વર્ટેબ્રા પૂરા થાય અને છેડે હાડકાંનો એક ગઠ્ઠો સેક્રમ અને કોક્સીકનો આરંભ થાય તે જોડાણમાં દુખાવો થતો જાય છે. કોઈ સ્થાને આપણે એક બે કલાક ઊભા રહેવું પડે તો પણ કમરમાં દુખાવો થવા લાગે છે. આને 'લમ્બો સેક્રલ પેઈન' લમ્બર અને સેક્રલના જોડાણમાં થતો દુખાવો કહે છે. આપણે આજે જે કટિ ઉત્થાનાસનની વાત કરી તેના અભ્યાસથી આ લમ્બોસેક્રલ પેઈનનું નિવારણ કરી શકાય છે. આ જ પ્રકારનો લાભ હવે પછીના આસન સેતુબંધાસનના અભ્યાસથી પણ મેળવી શકાય છે.

**સેતુબંધ આસન**

(૧) ધાબળા ઉપર ચત્તા સૂવાનું.

(૨) એડી અને પંજા એકમેકમાં જોડાયેલાં.

(૩) હાથની હથેળી જમીન ઉપર, હાથ શરીરથી ખૂબ જ નિકટ.



(૪) બંને હાથ અને બંને પગ ઉપર વજન આપીને કમરને વધુમાં વધુ ઊંચી કરવી. (કટિ ઉત્થાનાસનમાં બંને પગ અને ઘૂંટણ પહોળાં હતાં, અહીં બંને પગ અને ઘૂંટણ એકમેકમાં જોડાયેલાં છે.)

(૫) ખભાથી કોણી સુધીનાં હાથ-બાવડાં જમીન ઉપર જ રહેશે. કોણીથી કાંડાં સુધી - હથેળી સુધીના હાથને પરપેન્ડીક્યુલર - કાટખૂણે ઊંચો કરવો. આ હાથને કમરની નીચે રાખીને કમરને સપોર્ટ-આધાર આપવો. અંગૂઠો અને આંગળાં બહાર રહે તે પ્રમાણે કમરની નીચે હાથ રાખવા.

(૬) જેવી રીતે ફ્લાયઓવર રસ્તાઓ નીચે કોલમ-આધારસ્તંભો ઊભા કરેલા હોય - તેવા સીધા થાંભલાની જેમ કોણીથી હાથનાં કાંડાં સુધીનો ભાગ સીધો-કાટખૂણે જ રાખવો જોઈએ.

(૭) ત્યાર પછી જમણા પગને જમીન ઉપર લાંબો-સીધો કરવો. ઘૂંટણ સીધું, વળેલું નહિ. ત્યાર પછી ડાબા પગને લાંબો કરવો. ઘૂંટણ સીધું, વળેલું નહિ. બંને પગ જોડેલા, બંને ઘૂંટણ જોડેલાં રાખવાં. આમ થવાથી શરીરનો આકાર નદી ઉપર કે રસ્તાઓ ઓળંગવા માટે બાંધવામાં આવેલા પુલ કે ફ્લાયઓવર જેવો થશે. આરંભમાં વીસેક સેકન્ડ સુધી આ સ્થિતિમાં રહેવું. ક્રમશઃ ધીરે ધીરે સમય વધારીને દોઢ મિનિટ તો સ્થિર રહેવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. પાંચેક મિનિટ સુધી રહી શકાય તો વધુ લાભ મેળવી શકાય.

**લાભ**

આ આસનના અભ્યાસથી પગના સાથળના સ્નાયુઓ, થાપા અને કમરના સ્નાયુને કસરત મળે છે. હાથનાં કાંડાં, બાવડાં પર વજન અનુભવાય છે. તેમનું સ્નાયુબળ વધે છે. કરોડ-સ્તંભની સ્થિતિસ્થાપકતા વધે છે. લમ્બર સ્પોન્ડિલોસિસ થતો અટકાવી શકાય છે. ચક્રાસનના અભ્યાસપૂર્વે કટિઉત્થાન અને સેતુબંધના અભ્યાસ વડે ચક્રાસન કરવાનું સરળ બને છે.

☐ 'યોગ એ જ જીવન'માંથી સાભાર



# आसक्तिः अनवरतप्रवृत्ति

**ષોડશક**

**શ્રી આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી**

**સ્થળ ભલે ને માથેરાનનું છે કે મહાબળેશ્વરનું છે. સમય ભલે ને બપોરનો છે કે રાતનો છે. સંયોગ ભલે ને અનુકૂળ છે કે પ્રતિકૂળ છે. ધનલંપટના મનમાં ધનપ્રાપ્તિ માટેનાં જ આયોજનો ચાલતાં રહેતાં હોય છે, એની તમામ પ્રવૃત્તિઓ ધનને કેન્દ્રમાં રાખીને જ ચાલતી હોય છે.**

## પ્રભુ !

**આસક્તિનું જો આ જ પરિણામ હોય કે એ પ્રવૃત્તિનું સાતત્ય ઊભું કરી જ દે છે તો આનો અર્થ તો એ જ થયો કે અમારા જીવનમાં અમે આપની પાછળ કેટલા પાગલ છીએ એની ખાતરી આ એક જ પરિબળ પરથી થાય છે કે અમે અમારા જીવનમાં આપની આજ્ઞાના પાલનનું સાતત્ય કેટલું ઊભું કરી શક્યા છીએ ? સાચું કહીએ ? આ બાબતમાં સંતોષજનક પ્રત્યુત્તર આપવાની સ્થિતિમાં અમારું અંતઃકરણ નથી. કદાચ આપની પ્રત્યે અમને પ્રીતિ છે પણ આસક્તિ ? લાચાર છીએ. શું કહીએ ? આપના અનંત ગુણો જ અમારા આકર્ષણનું કેન્દ્ર બની જાય એવી નિર્મળ દૃષ્ટિના આપ અમને સ્વામી બનાવી દો. પછી ? પ્રીતિ આસક્તિનું રૂપ ધારણ કર્યા વિના નહીં રહે. પછી એ આસક્તિ આપની ભક્તિની અનવરત પ્રવૃત્તિમાં અમને જોડ્યા વિના નહીં રહે.**

☐ 'પ્રભુ વીર કહે છે' માંથી સાભાર

# ઉપનિષદ-યાત્રા

શ્રી ગુણવંત શાહ

## વિસ્મય, વિચાર અને વિવેક હોય ત્યાં દેવલોક !

**ઋષિના શબ્દો : दीप्यत इव हि देवलोकः ।** (બૃહદારણ્યક, અધ્યાય-૩, પ્રથમ બ્રાહ્મણ, મંત્ર ૮)

**ભાવાર્થ : પ્રજાળે યજ્ઞ આહુતિ, દેવલોક ઝળાં ઝળાં !**

**અંધકારને ગાળ દેવાની શી જરૂર ?**

વિખ્યાત ફ્રેન્ચ લેખક એલેક્ઝાંડર ડ્યુમા નાનો બાળક હતો ત્યારે બનેલો પ્રસંગ છે. એ રસ્તા પરથી પસાર થતો હતો ત્યારે ક્યાંકથી એને ભાંગેલી આરસીના ટુકડા જડ્યા. એણે એમાંથી એક મોટો ટુકડો ઉપાડ્યો અને તેની સાથે રમવાનું શરૂ કર્યું. રમત લાંબી ચાલી ત્યારે એને એક વાત જડી. તેને સમજાયું કે આરસીના એ ટુકડાની મદદથી ગુફાઓમાં, ભોંયરાઓમાં અને અંધારિયા ખૂણાઓમાં પણ સૂર્યના પ્રકાશનું પરાવર્તન કરી શકાય છે. બાળકને તો ભારે મજા પડી ગઈ ! એલેક્ઝાંડર મોટો થયો ત્યારે એને એવું સમજાયું કે માણસના મનને સુધારવાનો એક જ માર્ગ છે. મનના અંધારિયા ખૂણાઓમાં પ્રકાશ પહોંચે તો જ જીવનમાં કંઈ વળે. આવી પરિપક્વ સમજણથી એણે લખવાનું શરૂ કર્યું, જેથી માણસનું મન ઊજમાળું બને. એક ચીની કહેવત છે :

ગાઢ અંધકારને
ગાળ દેવા કરતાં
એક મીણબત્તી સળગાવવી સારી !

**પ્રત્યેક દીપક માઈક્રો-સૂર્ય છે**

દિવાળી એટલે પ્રકાશનું પર્વ. એને દીપાવલિ (દીવાઓની હાર) કે દીપોત્સવી પણ કહે છે. આસો વદ અમાસની રાતે ગાઢ અંધકારનો સામનો ફળિયે ફળિયે અને ઘરે ઘરે પ્રગટેલા દીપકોની જ્યોત થકી થતો રહે છે. સર્વત્ર ફેલાયેલા અંધકાર સામે જાણે અહિંસક અસહકારનો જ્યોતિર્મય સત્યાગ્રહ શરૂ થઈ જાય છે. છેવટે અંધકાર હારે છે અને નવા વર્ષની ઊઘડતી ઉષાએ સર્વત્ર આનંદ-મંગલ વર્તાય છે. દિવાળીનો તહેવાર એટલે દીપક-મહોત્સવ. ઘરના ઉંબરા પર ગોઠવાયેલી દીપમાળાની પ્રત્યેક જ્યોત 'માઈક્રો-સૂર્ય' છે. પ્રજ્વલિત દીપક સાક્ષાત્ સૂર્યનો નાનકડો પ્રતિનિધિ છે.

ઊગતા સૂર્ય સામે બે મિનિટ માટે ત્રાટક કરવામાં આવે ત્યારે એવું જોવા મળે છે કે (હિલિયમના) મોટા મોટા પહાડ ઉત્પન્ન થાય છે અને લય પામે છે. પ્રતિક્ષણ સૂર્યમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયની લીલા ચાલતી જ રહે છે. ઉત્પત્તિ અને લય વચ્ચે સેંડવિચ થયેલી સ્થિતિ ક્ષણાર્ધ માટે માંડ ટકતી હોય છે. રાતે ઘરના ઓરડામાં સંપૂર્ણ અંધકાર હોય ત્યારે એક પ્રયોગ કરવા જેવો છે. દીપકની ટમટમતી જ્યોત સામે બે-ત્રણ મિનિટના ત્રાટક દરમિયાન અનિમેષ જોવાનું બને ત્યારે ફરીથી એ જ દૃશ્ય જોવા મળશે. મોટા મોટા પહાડ ઊગે છે અને આથમી જાય છે. જ્યારે કોડિયાની વાટ સળગે ત્યારે વાસ્તવમાં સૂર્યનો સાક્ષાત્કાર થતો હોય છે. ભારત કથા-કાવ્યરૂપી તેલ ભરેલ જ્ઞાનમય દીવા જેવા વિશાલબુદ્ધિ વ્યાસને નમસ્કાર કરવા માટે રચાયેલા સુભાષિતને અંતે કહેવાયું : प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ।

વિદેહના રાજા જનકે યજ્ઞ કર્યો. સંસારમાં રહીને સંસારથી વેગળા રહેવાની કળાનું રહસ્ય પામવું હોય તો જનકને સમજવા પડે. જનકનો યજ્ઞ કેવળ હોમહવનની વિધિ પૂરતો સીમિત ન હતો. એની જોડાજોડ વિચારયજ્ઞ પણ ચાલતો હતો. વિચારયજ્ઞનું આરાધન વિદ્વાનો વચ્ચેના સંવાદો થકી થતું રહ્યું. વિધિ અને વિચારનો આવો સમન્વય યાજ્ઞવલ્ક્ય જેવા પરિવ્રાજકની ઉપસ્થિતિમાં થયો. સંવાદ શરૂ થયો. સૌ પ્રથમ જનકના અશ્વલ નામના અધ્વર્યુએ યાજ્ઞવલ્ક્યને પ્રશ્નો પૂછવા માંડ્યા. યજ્ઞમાં અપાતી આહુતિઓ કેટલી જાતની ? યાજ્ઞવલ્ક્ય અશ્વલને કહે છે : 'જે આહુતિ અગ્નિમાં હોમવાની સાથે જ પ્રજ્વલિત થઈ ઊઠે તેના

થકી દેવલોક પ્રાપ્ત થાય છે, કારણ કે દેવલોક દીપ્તિમંત હોય છે.'

**સૂર્ય તિમિરનો શત્રુ**

દેવલોકનું સરનામું આકાશમાં નથી શોધવાનું. દેવલોકનો સંબંધ મૂળે પ્રકાશ સાથે છે અને પ્રકાશનો ઉપનિષદીય અનુબંધ જ્ઞાન સાથે છે. દેવલોક એટલે જ્ઞાનના પ્રકાશથી ઝળહળતો અલૌકિક પ્રદેશ, જ્યાં તિમિર (તમસ્) ટકી જ ન શકે. આપણે ત્યાં સૂર્યને तिमिरारि કહ્યો છે. સૂર્ય તિમિરનો શત્રુ (અરિ) છે. જ્ઞાન અજ્ઞાનનું દુશ્મન છે. આ દુશ્મનાવટ પણ કેવી મધુર છે ? ક્યાંય ઝઘડો નથી કે ઘોંઘાટ નથી. જ્ઞાનનો ઉદય થાય ત્યારે અજ્ઞાન તો ભાગી છૂટવા માટે જાણે ટાંપીને જ બેઠેલું હોય છે. સદીઓથી જ્ઞાન અને અજ્ઞાન વચ્ચે કોઈ ગુપ્ત સમજૂતી થયેલી જણાય છે. જ્ઞાન સામે પરાજિત થવા માટે અજ્ઞાન ઉતાવળું બને છે. બંને વચ્ચેની દુશ્મનાવટ સ્થૂળ નથી, સૂક્ષ્મ છે. જ્યાં જ્ઞાનમય પ્રદીપ પ્રજ્વલિત થાય ત્યાં તત્કાળ દેવલોક ઉજ્જ્વલિત થાય છે (આ મંત્રનું ભાષ્ય કરતી વખતે શંકરાચાર્યે 'ઉજ્જ્વલિત' શબ્દ પ્રયોજેલો છે).

દીવો પ્રગટે છે, ફૂટતો નથી. બોમ્બ ફૂટે છે, પ્રગટતો નથી. વાતવાતમાં લોકો જ્ઞાનના વિસ્ફોટ (નોલેજ એક્સપ્લોઝન)નો ઉલ્લેખ સમજ્યા વગર કરતા હોય છે. આજકાલ માહિતીનો વિસ્ફોટ જરૂર થયો છે. જ્ઞાનનો ઉદય થાય છે, વિસ્ફોટ નથી થતો. જ્ઞાન તો પૂર્વાકાશમાં વહેલી સવારે પ્રગટ થતી ઉષાની માફક અંધારાને હળવેકથી દૂર કરે છે. તેથી કહ્યું : तमसो मा ज्योतिर्गमय ।

**દેવલોક એટલે જ્ઞાનલોક**

શ્વેતાશ્વતર ઉપનિષદમાં પણ દીપક અને જ્ઞાન વચ્ચેનો અનુબંધ સુંદર રીતે પ્રગટ થયો છે :

યદા આત્મતત્ત્વેન તુ બ્રહ્મત્ત્વં
દીપોપમેનેહ યુક્તઃ પ્રપશ્યેત્ ।

(અધ્યાય ૨, મંત્ર ૧૫)

ઋષિ કહે છે : 'જ્યારે યોગી દીપક જેવા પ્રકાશમાન આત્મતત્ત્વ વડે બ્રહ્મતત્ત્વને નીરખે છે, ત્યારે...' ભારતીય દર્શનમાં જે જ્ઞાનમીમાંસા (એપિસ્ટેમોલોજી) વિકસી, તેનું હાર્દ ઉપરોક્ત મંત્રમાં આબાદ પ્રગટ થયું છે. મૈત્રાયણી ઉપનિષદમાં પણ હૃદયમાં રહેલા દીપક (દીપવદ્દ્યઃ સ્થિતો હૃદિ)નો મહિમા થયો છે. જૈમિનીય ઉપનિષદમાં દીવાની જ્યોત (दीप्ताग्र)નો અનુબંધ કીર્તિ સાથે થયો છે. જે દેદીપ્યમાન હોય તે કીર્તિમાન હોય એ સ્વાભાવિક છે. અંધકારના પ્રદેશમાં દીવાની જ્યોતિની કીર્તિ ચોમેર ફેલાઈ જતી હોય છે. અભણ લોકોના ગામમાં આજે પણ કોઈ વિદ્વાન કીર્તિવાન બની રહે છે. ભારતમાં પ્રજ્વલિત દીપકનું સ્થાન જ્ઞાનથી આલોકિત એવા દેવલોકમાં છે. દેવલોક એટલે જ્ઞાનલોક !

ભગવાન બુદ્ધ જ્ઞાનનો મહિમા પ્રકાશના પ્રદેશની દિવ્ય ઘટના તરીકે 'ધમ્મપદ'માં આવા સુંદર શબ્દોમાં કરે છે :

સૂર્ય દિવસે પ્રકાશે છે;
ચંદ્ર રાતે અજવાળું પાથરે છે;
યોદ્ધો બખતરમાં શોભે છે;
બ્રાહ્મણ ધ્યાનમાં દીપ્તિમાન દીસે છે,
પરંતુ
જે જાગી ચૂક્યો છે,
તે તો
રાત અને દિવસ
તેજથી દેદીપ્યમાન બની રહે છે.

**દિવાળી પ્રકાશપર્વ છે કે ખલેલપર્વ ?**

દર વર્ષે દિવાળી આવે છે. સારું સારું ભોજન તૈયાર થાય છે. ફટાકડા ફૂટે છે. ફળિયે ફળિયે ઘોંઘાટ અને બેચેની ફૂટી નીકળે છે. મંદિરોમાં ભીડ જામે છે. વાક્બારસે સરસ્વતીની, ધનતેરસે લક્ષ્મીની અને કાલીચૌદશે શક્તિની આરાધના થાય એવી સુંદર યોજના આપણા પૂર્વજોએ વિચારપૂર્વક કરેલી છે. લોકો દિવાળીના દિવસોમાં બીજું બધું જ કરે છે, પણ વિચારવાનું સાવ બાજુએ રહી જાય છે. વિચારવાનું ટાળવામાં ફટાકડા મદદરૂપ થતા જણાય છે. દેવલોકમાં ત્રણ બાબતોની પ્રતિષ્ઠા છે : વિસ્મય, વિચાર અને વિવેક. આ ત્રણે શબ્દોમાં બધા અધ્યાત્મનો સાર આવી જાય છે. શાસન ચલાવનારા મહારાજા જનક પાસે હતો એટલો સમય પણ

વિચારવા માટે આપણી પાસે નથી.


દિવાળીમાં ઘરે ઘરે પ્રગટેલી દીપમાળ પણ આપણી રોજિંદી ઘટમાળને ઝાઝી ખલેલ નથી પહોંચાડતી. દિવાળી પ્રકાશપર્વ છે કે ખલેલપર્વ ? જાત સાથે દોસ્તી ખતમ થાય એવું ષડ્યંત્ર ચારે તરફ ગોઠવાયું હોય એવી રીતે દિવાળીની ઉજવણી થાય છે. રવીન્દ્રનાથની પંક્તિઓમાં એ ષડ્યંત્રથી બચવાનો મૌલિક ઉપાય બતાવ્યો છે. તેઓ કહે છે :

મારા આત્મન્ !
તું શાંતિ રાખજે.
આ વૃક્ષો
એ જ પ્રાર્થના છે !

દિવાળીની રજાઓમાં પણ સુંદર કાવ્યપંક્તિની કે પછી સુંદર વિચારની ખલેલ પામવાનું જેમના નસીબમાં ન હોય તેવા સૌએ ફટાકડાના અસહ્ય અવાજની ખલેલથી ચલાવી લેવું પડે છે. શાપનહોઅરે કહેલું કે ઘોંઘાટ સહન કરવાની શક્તિ એ જ માણસની અસભ્યતાનું લક્ષણ છે. દિવાળીના તહેવારોમાં દર વર્ષે એક પ્રશ્ન પજવે છે : આપણે સભ્ય છીએ કે અસભ્ય ? કાકાસાહેબ કાલેલકરે 'જીવતા તહેવારો'ની વાત કરેલી. આપણે આપણા તહેવારોને અત્યંત સ્થૂળ કક્ષાએ લાવી મૂક્યા છે. અગિયારસને દિવસે માણસો અપચો થાય તેટલી હદે 'ફરાળ' કરે છે. તેઓ રાંધણછઠને દિવસે ગરમ ગરમ અને તળેલું ભોજન ઝાપટે પછી શીતળાસાતમને દિવસે ઠંડી અને વાસી વાનગીઓ પેટમાં ઠાલવે છે. ગોકુળઅષ્ટમી જુગાર અષ્ટમી બની ગઈ છે. ગણપતિચોથ ઘોંઘાટચોથ બની ગઈ છે. તહેવારોના દિવસોમાં શરાબ વધારે પીવાય છે. આપણે વિચારવાનું ક્યારે શરૂ કરીશું ?

☐'પતંગિયાની અમૃતયાત્રા'માંથી સાભાર

## વહાલા નવલકાકાની વસમી વિદાય



દિવ્ય જીવન સંઘ, જામનગર શાખાના પાયાના સભ્ય અને 'દાદા'ના હુલામણા નામે પૂજ્યભાવ પામતા વહાલા નવલકાકાનો કૈલાશવાસ થયો છે. ૭૮ વર્ષનું વય, ચૈત્ર માસ, શુક્લપક્ષ, એકાદશી અને શુક્રવારના રોજ બ્રહ્મમૂહુર્તે સવારે ૩-૩૦ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા.

છેક ૧૯૬૨થી તેઓશ્રી જામનગર ખાતેની દિવ્ય જીવન સંઘની શાખા સાથે જોડાયેલા હતા. તેમણે હાપા રેલવેસ્ટેશન ખાતે ટ્રેઈન એક્સાઈમીનર તરીકે (Suprentendent of Train Examination) ૩૫ વર્ષો સુધી પ્રશસ્તિ પ્રાપ્ત સેવાઓ બજાવી. દિવ્ય જીવન સંઘ, જામનગર દ્વારા આયોજિત માસિક નેત્ર ચિકિત્સા યજ્ઞોના તેઓ અધ્વર્યુ હતા. હૃષીકેશ શિવાનંદ આશ્રમની અનેકવાર યાત્રા કરી હતી. પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રી સાથે છેલ્લા ૨૫ વર્ષોથી તેઓ નિયમિત પ્રત્યેક ભાગવતકથામાં હારમોનિયમ વાદન તથા તેમના સૂરીલા કંઠે શાસ્ત્રીય સંગીતમાં નિબદ્ધ હરિનામ સંકીર્તન, તે તેમને પ્રિય વિષય હતો.

૩૪ વર્ષ પૂર્વે તેમનાં ધર્મપત્નીનું દેહાવસાન થતાં, તેઓ શ્વેત વસ્ત્રોમાં સંન્યસ્ત જીવન જ યાપન કરતા હતા. સેવા, પ્રેમ, ઉદારતા, પરોપકાર, જપ, તપ, ધ્યાનના હિમાયતી અને સાચા સાધક નવલકાકાની ચીર વિદાયથી માત્ર દિવ્ય જીવન સંઘ, જામનગર જ નહીં, પરંતુ તેમની સેવાઓ હવે ભાગવતકથામાં નહીં મળી શકે તે ખોટ કદીયે પૂરી શકાશે નહીં.

જામનગરના તળાવની પાળે સુપ્રસિદ્ધ પાબારી હોલમાં દિવંગતની આત્મશાંતિ તથા પરમોચ્ચ મુક્તિ માટે પ્રાર્થના સભાનું આયોજન તા.૨૭-૩ની સાંજે પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની અધ્યક્ષતામાં આયોજવામાં આવ્યું. વહાલા નવલકાકાની વસમી વિદાય સદૈવ જીવનમાં એક સંભારણું બની રહેશે. ૐ શાંતિ.

## શ્રીમતી વીરબાળાબેન જોષીનો શિવલોક વાસ

ગુજરાત દિવ્ય જીવન સંઘના ટ્રસ્ટી આદરણીય ડૉ. નરેન જોષીનાં ધર્મપત્ની શ્રીમતી વીરબાળાબેન જોષીનો શિવલોક વાસ રવિવાર તા.૨૮ માર્ચની સવારે ૭-૩૦ કલાકે 'આસુતોષ' ભાવનગર ખાતે થયો છે. આનંદમયી, કરુણામયી, ઉદારતા અને નિર્મળ પ્રેમસભર જીવનના યાત્રી વીરબાળાબેનનો દેહવિલય વહાલા ડૉ. નરેન જોષીના જીવનમાં શૂન્યાવકાશ ઊભો કરી ગયો.

ઈશ્વર અને શ્રી ગુરુદેવમાં તેમની અનન્ય શ્રદ્ધા અને વિશ્વાસ, સેવા, પ્રેમ, દાન અને પવિત્રતાનું મૂર્ત સ્વરૂપ તેમનું દિવ્ય જીવન સદૈવ પરોપકારથી ભર્યું ભર્યું હતું. તેમના દિવંગત આત્માની પરમ શાંતિ અને સદ્ગતિ માટે પ્રાર્થના.

તેમની અંત્યેષ્ટિમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ, શ્રી મરૂત દવે, શ્રીમતી પૂનમ થવાણી, શ્રી મફતભાઈ પટેલ, કુ. સંગીતા થવાણી, શ્રી તેજસ ભાવસાર અને શ્રી મણિલાલભાઈ ગુજરાત દિવ્ય જીવન સંઘ, શિવાનંદ આશ્રમ વતી ભાવનગર ખાતે હાજર રહ્યા હતા. ૐ શાંતિ.

- ગુજરાત દિવ્ય જીવન સંઘ

# મન અને તેનાં કાર્યો

**ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી**

### જગતનું પ્રક્ષેપણ

ઉનાળામાં આખી પૃથ્વી શેકાય છે. વરસાદનું ઝાપટું પડે કે તરત બીજ અને છોડવા ફૂટી નીકળે છે. વરસાદ પહેલાં તેઓ અપ્રગટ અવસ્થામાં હતાં. જગત પણ જે પ્રગટ અવસ્થામાં છે તેને અપ્રગટ અવસ્થા હતી. તે માયામાંથી પ્રગટ થયું છે, જે ઈશ્વરનું કારણ શરીર છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, હવા અને આકાશ બધું જ માયાનું ઉત્પાદન છે. પૃથ્વી કરતાં પાણી વધારે સૂક્ષ્મ અને વ્યાપક છે. પાણી કરતાં અગ્નિ વધારે સૂક્ષ્મ અને વ્યાપક છે. અગ્નિ કરતાં હવા વધારે સૂક્ષ્મ અને વ્યાપક છે. આકાશ, હવા કરતાં વધુ સૂક્ષ્મ અને વ્યાપક છે.

તમારા ટેબલ ઉપર જો તમે થોડાક જસ્મિન ફૂલો રાખો તો તેની સુગંધ અને સુવાસ આખા રૂમમાં ફેલાઈ જશે. સુગંધ, ફૂલો કરતાં વધારે વ્યાપક છે. ફૂલ એક જ સ્થાને છે. પૃથ્વી કરતાં વાયુનો ભેજ વધારે વ્યાપક છે. સૂર્યનો પ્રકાશ પાણી કરતાં વધારે વ્યાપક છે. આકાશ કે જે ચારે તત્ત્વોનો મૂળ પદાર્થ છે એ સર્વવ્યાપક છે. આ ચારેય તત્ત્વો સર્વવ્યાપક આકાશમાં મૂળબદ્ધ છે.

બ્રહ્મ અથવા સર્વોપરી અસ્તિત્વમાંથી પાંચ તત્ત્વો પ્રગટ થયાં. આકાશ પહેલાં ઉદ્ભવ્યું. આકાશ એટલે ઈશ્વર અથવા અવકાશ. આકાશ અથવા અવકાશ એ ચાર તત્ત્વોનું રહેઠાણ છે. એ વાસણ અથવા ડબ્બો છે. આકાશમાં ગતિ અથવા વેગ હતો. વાયુ અથવા હવાનો જન્મ થયો. આ ગતિ હવા છે. હવાની ગતિથી ગરમી ઉત્પન્ન થઈ. આમ હવામાંથી અગ્નિનો જન્મ થયો. અગ્નિ હવા વગર બાળી શકતો નથી.

### શરીરના કોષો

વ્યક્તિગત આત્મા ને પાંચ કોષોનું આવરણ ચઢેલું છે. તે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષો છે. અંતઃકરણ ચાર પ્રકારનાં રૂપ ધારણ કરે છે. જેવાં કે મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત.

અહંકારનો સંબંધ બુદ્ધિ સાથે છે. તેનું રહેઠાણ વિજ્ઞાનમય કોષ છે. મનનો સંબંધ ચિત્ત સાથે છે. તેનું રહેઠાણ મનોમય કોષ છે.

સૂર્યનો પ્રકાશ બુદ્ધિને તેજસ્વી કરે છે. સૂર્યની ગરમી પ્રાણને ઉષ્મા આપે છે અને એ રીતે શરીરની ગરમી જાળવે છે.

જે રીતે મન એ આત્મા અને શરીર વચ્ચે ભેદ કરતી દીવાલ છે, તે પ્રમાણે પ્રાણ (પ્રાણવાયુ, શક્તિ) મન અને શરીર વચ્ચે સીમા કરતી દીવાલ છે.

મનની ઉપર બુદ્ધિ છે. બુદ્ધિ અથવા જ્ઞાનશક્તિ અગ્નિતત્ત્વની બનેલી છે. મનની નીચે પ્રાણ છે જે પણ અગ્નિતત્ત્વનો બનેલો છે. અગ્નિ (ઉપરની બુદ્ધિ) અને અગ્નિ (નીચેનો પ્રાણ)ની વચ્ચે મન (જળ) છે. મનનો અધિષ્ઠાતા દેવતા ચંદ્ર છે. મનને (પાણીને), વિચારો (બુદ્ધિ) અથવા પ્રાણ (પ્રાણાયામ)ના અગ્નિ વડે અથવા બંને વડે સૂકવી નાખો. તમે શાશ્વત સુખ અને શાંતિ પ્રાપ્ત કરશો.

### સમાધિ

સમાધિ ચેતનાની ચોથી અવસ્થા અથવા તુરીયા અવસ્થા છે જ્યાં ફક્ત નિરપેક્ષતા છે અને દ્વૈતચેતનાની ઝલક નથી.

રાજયોગીઓ નીરોધ સમાધિ કેળવે છે. જ્ઞાનયોગી અથવા વેદાંતીઓ બદ્ધસમાધિ કેળવે છે. નીરોધ સમાધિની કેળવણીમાં રાજયોગીઓ મનની તમામ વૃત્તિઓ એક જ રૂપ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. બદ્ધ સમાધિની કેળવણીમાં જ્ઞાનયોગીઓ તમામ પ્રકારના નામ અને રૂપ ત્યજી દે છે અને સત્ત્વ ગ્રહણ કરે છે જે વડે સત્‌ચિત્‌આનંદ બ્રહ્મ કે જે તમામ નામ અને રૂપનો આધાર છે. જ્ઞાનયોગીની સાધનામાં વ્યાપકતા છે. તેઓ ચાલતી વખતે પણ સાધના કરે છે. એ જ્યાં જ્યાં જુવે છે, એ તેના નામરૂપને હટાવી તેમાં રહેલું સત્ત્વ જુવે છે. એ હલનચલન વખતે પણ સહજ સમાધિમાં હોય છે. પણ રાજયોગી બેસે છે અને ધ્યાન ધરે છે. એને

સ્થિર અને ચોક્કસ મુદ્રાની જરૂર હોય છે. તે ચાલતા કે હલનચલન કરતા સમાધિમા નથી હોતા.

વેદાંતમાં ધ્યાનને નિદિધ્યાસન કહે છે. નિદિધ્યાસન, સાક્ષાત્કાર અથવા નિર્વિકલ્પ સમાધિ તરફ લઈ જાય છે. જેણે નિર્વિકલ્પ સમાધિ અનુભવી છે તે દેહધારી અવસ્થામાં પાછો ફરતો નથી.

**વેદાંતીક સાધનાની પદ્ધતિ**

શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ વેદાંતીક સાધનાના ત્રણ ઘટક છે.

શ્રવણ એટલે સત્ય સાંભળવું. બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસેથી અભેદ-બોધ વાક્ય સાંભળવું. ત્યાર પછી વેદાંતીક ધાર્મિક ગ્રંથો અને પુસ્તકોનો અભ્યાસ મહાવાક્યોના અર્થો યથાર્થ રૂપે ગ્રહણ કરવા ધ્યાનપૂર્વક કરવો.

વેદાંતીક ગ્રંથો બે પ્રકારના છે. પ્રમાણગ્રંથ અને પ્રમેયગ્રંથ. હંમેશા વેદાંત ઉપર માન્ય રચનાઓનો અભ્યાસ કરવો. આ વિષય ઉપર સંપૂર્ણ અને વિસ્તૃત પુસ્તકનો ઉચ્ચતમ ચોક્કસાઈથી અભ્યાસ કરવો. તો જ વેદાંત ઉપર સંપૂર્ણ જ્ઞાન ગ્રહણ કરી શકાશે. પુસ્તકો જેવા કે અદ્વૈતસિદ્ધિ, ખંડન અખંડખંડ્ય, બ્રહ્મસૂત્ર વગેરે પ્રમાણગ્રંથ છે કારણ કે તે બીજા મત અને સિદ્ધાંતોનું ખંડન કરે છે અને અદ્વૈત તત્ત્વને તર્ક અને વાદવિવાદ દ્વારા સ્થાપિત કરે છે. ઉપનિષદો, ભગવદ્‌ગીતા અને યોગવશિષ્ટ પ્રમેયગ્રંથ છે કારણ તે ફક્ત નિરપેક્ષ સત્ય અધિકારથી કહે છે અને કશું પણ ખંડન કે સ્થાપિત કરવા ચર્ચામાં ઉતરતા નથી. તે સંસ્થાગત પુસ્તકો છે જ્યારે પ્રમાણગ્રંથ બૌદ્ધિક છે.

વેદાંતીક સાધનાની શરૂઆત પહેલાં મન શાંત અને શુદ્ધ હોવું જોઈએ. વાસનાને મનમાં રાખવી એટલે અંદર કાળા નાગને રાખી દૂધ પીવડાવી ઉછેરવા બરાબર છે. તમારી જિંદગી હંમેશા જોખમમાં છે. આ વાસનાઓને વિચાર, વૈરાગ્ય અને આત્મા ઉપર ધ્યાન દ્વારા મારી નાખો.

શ્રૃતિ સર્જનને લગતા વિષય જેવા કે ‘બ્રહ્માથી આકાશ પ્રકટ થયું, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ’ વગેરે. સાથે સંબંધ ધરાવે છે તેઓ ફક્ત નવોદીક્ષિત શિષ્યોને પ્રારંભિક સૂચનાઓ આપવા માટે છે. તેઓ અજાતવાદ અથવા અવિકાસવાદને સહેલાઈથી ગ્રહણ કરી શકતા નથી. જ્યારે પણ તમે સર્જન સંબંધિત લખાણ વાંચો, હંમેશા યાદ રાખો કે તે બધું અધ્યારોપ છે. આ ક્યારેય ભૂલશો નહિ. એક ક્ષણ માટે પણ એવું વિચારતા નહિ કે આ જગત સત્ય છે. ફક્ત અપવાદયુક્તિથી દ્વારા જ તમે કેવલ અદ્વૈત સિદ્ધાંત સ્થાપિત કરી શકશો. જો જગત સત્ય હોય તો તમને અદ્વૈતિક અનુભૂતિનો અનુભવ થશે નહિ.

જો અહંકારરૂપી અશુદ્ધિનો નાશ થશે તો બીજી બે અશુદ્ધિઓ જેવી કે કામ-મળ (ઈચ્છાની અશુદ્ધિ) અને કર્મ-મળ (ક્રિયાની અશુદ્ધિ) જાતે જ નાશ થઈ જશે. ત્યાર પછી જીવનમુક્ત અથવા મોક્ષ પામેલ સંત માટે પ્રારબ્ધ ક્યાં રહે છે ? તે તો નિરપેક્ષ બ્રહ્મ સાથે એક થઈ ગયા છે.

**વેદાન્તીક સાધનામાં અવરોધ**

અહંકાર આત્મસાક્ષાત્કાર માટે સૌથી મોટો અવરોધ છે. ‘હું બધું જ જાણું છું. મારો દૃષ્ટિકોણ અથવા મત જ સાચો છે. હું જે કરું તે સાચું. તે માણસ કશું જાણતો નથી. હું જે કહું તે જ બધા અનુસરે. બધા મારી આજ્ઞાનું પાલન કરે. હું કોઈપણ પ્રકારની ક્ષતિથી મુક્ત છું. હું સદ્‌ગુણોથી સંપન્ન છું. હું ઘણો બુદ્ધિશાળી છું. પેલો માણસ ઘણો મૂર્ખ છે. પેલા માણસમાં ઘણા દોષો છે. હું શાણો છું. હું સુંદર છું.’ અહંકારી માણસ આ પ્રમાણે કહેશે. આ રાજસિક અહંકારનો સ્વભાવ છે. તે પોતાની ક્ષતિઓ છુપાવે છે. તે પોતાની ક્ષમતાઓ અને સદ્‌ગુણોનો અતિશયોક્તિપૂર્વક રજૂ કરે છે. તે બીજાનો અનાદર કરે છે. તે બીજાની નિંદા કરે છે. તે બીજાઓ ઉપર ક્ષતિઓ આરોપિત કરે છે જે તેઓનામાં નથી. તે બીજામાં સારું નહીં પણ બુરાઈ જુવે છે. તે પોતાનામાં ઘણા સદ્‌ગુણો આરોપિત કરે છે જે એ ધરાવતો નથી. આ માણસ વેદાંતિક સાધના કરી શકતો નથી. એ જ્ઞાનના માર્ગ માટે ગેરલાયક છે.

રાગ અને દ્વેષ જીવના મહાન સંસારમાં સંસ્થાપિત છે. તેમનો સર્વોચ્ચ બ્રહ્મનના જ્ઞાન વડે નાશ કરવો પડશે. તેમનો આ પ્રવાહ ક્યાં તો ખરી સમજશક્તિ અને વિવેક અથવા પ્રતિપક્ષ ભાવનાથી નષ્ટ કરવો

પડશે. મોક્ષ સરળતા દ્વારા પ્રાપ્ત કરી શકાશે, સતર્કતાથી પ્રાપ્ત કરી શકાશે, શુદ્ધતાથી, ઉત્સુકતાના સંયમથી અને સંત મહાત્માના પગલે ચાલવાથી પ્રાપ્ત કરી શકાશે.

વેદાંતિક સાધના દ્વારા બ્રહ્મકાર વૃત્તિ ઉત્પન્ન કરી શકાશે. એક વાંસ બીજા વાંસ જોડે અથડાય છે અને અગ્નિ ઉત્પન્ન થાય છે. આખું જંગલ બળી જાય છે. દાવાનળ થાય છે. પછી આગ જાતે જ બુઝાઈ જાય છે. આ જ પ્રમાણે સાત્ત્વિક મનમાં, બ્રહ્મન્ પરના ધ્યાન દ્વારા અથવા 'તત્ત્વમસિ' મહાવાક્યની સાર્થકતા દ્વારા ઉત્પન્ન થયેલી બ્રહ્માકાર વૃત્તિ વડે અવિદ્યા અથવા અજ્ઞાનતા નાશ પામે છે અને તે વૃત્તિ સર્વોચ્ચ બ્રહ્મની અનુભૂતિથી શાંત થઈ જાય છે.

નિર્મલાના બીજની ચટણી પાણીમાંની ગંદકી દૂર કરે છે અને ગંદકીને તળિયે બેસી જવામાં મદદ કરે છે. કચરાની સાથે ચટણી પણ અદૃશ્ય થઈ જાય છે. એ જ પ્રમાણે બ્રહ્માકાર વૃત્તિ તમામ સાંસારિક (વિષયાકાર) વૃત્તિઓનો નાશ કરે છે અને અંતે અવિનાશી (બ્રહ્મ)ના જ્ઞાનના ઉદ્ભવ સાથે વિનાશ પામે છે.

## જ્ઞાનીની પ્રકૃતિ

જ્ઞાનયોગી રાજયોગીની જેમ પ્રત્યાહાર કે ચિત્તવૃત્તિ નિરોધનું આચરણ કરતા નથી. એ તો તમામ નામ અને રૂપ પાછળ રહેલા સત્ચિદાનંદના અખંડ સારને ધ્યાનથી જુવે છે. એ દર્શક અથવા સાક્ષી તરીકે ઊભો રહે છે. તમામ વૃત્તિ ધીરે ધીરે નાશ પામે છે. જ્ઞાનીની પદ્ધતિ હકારાત્મક (સમ્યગ્દર્શન) છે, જ્યારે રાજયોગીની પદ્ધતિ નકારાત્મક (નિરોધ) છે.

યોગીની દૃષ્ટિમાં કોઈ શરીર નથી. તો પછી જ્ઞાની માટે પ્રારબ્ધ ક્યાંથી હોય ? જ્ઞાની નિરપેક્ષ સાથે એક જ (અદ્વૈત) છે અને તેથી તેના અસ્તિત્વમાં કોઈ ફેરફાર થતો નથી. એ સત્યમ્, શિવમ્ અને અદ્વૈતમ્ છે. એ જીવનમુક્ત છે. એ આ જન્મમાં જ મોક્ષ પામેલો છે. એનું શરીર બળી ગયેલા કપડાં જેવું અથવા પારસમણિથી સોનામાં ફેરવાઈ ગયેલ તલવાર જેવું છે. એનો અહમ્ સર્વોચ્ચ પ્રજ્ઞા દ્વારા બળી ગયો છે.

-અનુવાદ : શ્રી નીતિનચંદ્ર જ. દેસાઈ, 'વેદાંત ફોર બીગીનર્સ'માંથી સાભાર

## આગામી ઉત્સવ

**હૃષીકેશ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ :** ગંગાતટે, હૃષીકેશમાં, અધિક માસમાં, પવિત્ર કુંભપર્વમાં જયરામ અન્નક્ષેત્ર, ત્રિવેણી ઘાટ, હૃષીકેશમાં પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ તા.૧૬-૪ થી ૨૨/૪ સુધી સમ્પન્ન થશે. સમય સવારે ૯-૦૦ થી બપોરે ૧-૦૦નો રહેશે. સૌ ભક્તોને આ અલભ્ય લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

**બાળકોની આવાસીય શિબિર :** તા.૫ મે થી ૯ મે ૨૦૧૦ સુધી શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે ૮ થી ૧૨ વર્ષની ઉંમરના બાળકો માટેનો આવાસીય શિબિર યોજવામાં આવેલ છે. બાળકોએ તા.૫ મેના રોજ સવારે નવ વાગ્યા સુધી શિવાનંદ આશ્રમ પહોંચવાનું રહેશે. તા.૯ મેની રાત્રે બાળકોને પાછા લઈ જવાના રહેશે. આ શિબિર વ્યક્તિત્વ વિકાસની હોઈ આ પાંચ દિવસમાં વચ્ચે વાલીઓએ મળવા આવવું નહીં, ફોન કરવા નહીં. રૂા.૧૦૦૦/- ન્યોચ્છાવર જમા કરાવીને તા.૩૦-૪-૨૦૧૦ પૂર્વે ફોર્મ વહેલા તે પહેલાના ધોરણે ભરીને નોંધાવવું જરૂરી છે. સંપર્ક શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન. : ૦૭૯-૨૬૮૬૧૨૩૪, ૨૩૪૫, ૦૪૫૫.

**૨૦મો યોગ શિક્ષક તાલીમ શિબિર :** જેમને યોગાસનો આવડતાં હોય, નિયમિત કરતા હોય અને બીજા લોકોને વૈજ્ઞાનિક પદ્ધતિસર શિખવવામાં રુચિ હોય, જેમની વય ૨૦ થી વધુ અને ૬૦ થી ઓછી હોય, અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ અપાશે તે માટેની તૈયારી હોય, સ્નાતક હોય, તેઓ સૌ આ આવાસીય યોગ શિક્ષક તાલીમ શિબિરમાં જોડાઈ શકે છે. તા.૧૦મી મેની સાંજે શિવાનંદ આશ્રમ, અમદાવાદ પહોંચી જવાનું રહેશે. તા.૩૦મી મેની સાંજે પૂર્ણાહુતિ પછી પરત જઈ શકાશે. યોગાસનો, પ્રાણાયામ, ક્રિયા, મુદ્રા, બંધ ઉપરાંત શરીર વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્રમાં કાર્ડિયોલોજીસ્ટ, પેથોલોજીસ્ટ, ઓર્થોપેડીક સર્જન, ડાયાબિટોલોજીસ્ટ, ફિઝિશિયન, ડાયેટિશીયન, આયુર્વેદ, મેનેજમેન્ટ એક્ષપર્ટ, પાતંજલ યોગદર્શન, ગીતા, રેઈકી વગેરેનું પ્રશિક્ષણ દરરોજ અધિકારી શિક્ષકો દ્વારા આપવામાં આવશે. તેની લેખિત-પ્રેક્ટિકલ પરીક્ષાઓ થશે. પ્રશિક્ષણને અંતે પ્રમાણપત્ર આપવામાં આવશે. રહેવા, અભ્યાસક્રમ અને ભોજન પેટે રૂા.૭૫૦૦/- આપવાના રહેશે. તે જમા કરાવીને તા.૩૦ એપ્રિલ, ૨૦૧૦ પહેલાં રજીસ્ટ્રેશન કરાવી લેવું જરૂરી છે. પ્રવેશપત્ર આશ્રમની વેબસાઈટ www.divyajivan.org પરથી મેળવી લેવું. સંપર્ક : મંત્રીશ્રી, શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, ઈસરો સામે, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૨૬૮૬૧૨૩૪, ફેક્સ : ૦૭૯-૨૬૮૬૨૩૪૫ Email : sivananda_ashram@yahoo.com

**ઉત્સવ ત્રિવેણી - વાર્ષિકોત્સવ ૨૦૧૦ :** શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે તા.૨૫-૪ થી તા.૩-૫ સુધી ઉત્સવ ત્રિવેણી એટલે શિવાનંદ આશ્રમનો વાર્ષિકોત્સવ ઉજવાશે. તા.૨૫-૪ થી તા.૩-૫ સુધી દરરોજ સવારે ૯ થી ૧૧ અને સાંજે ૪ થી ૫ સુધી મહામૃત્યુંજયમંત્ર તા.૨૫-૪ થી તા.૨૮-૪ સુધી દરરોજ સાંજે ૬-૩૦ થી ૮-૦૦ સુધી સત્સંગ તા.૨૯-૪ના રોજ શ્રી શ્રી શ્રી અષ્ટલક્ષ્મી ભવન અને શ્રી સ્વામી ચિદાનંદ ધ્યાન-યોગ મંદિરના નવમા પાટોત્સવ પ્રસંગે સવારે ૭ થી ૯ સામૂહિક શ્રીયંત્ર પૂજા, શ્રી નવચંડીયજ્ઞ સવારે ૯ થી સાંજે ૬, ભંડારાનું આયોજન નક્કી કરવામાં આવ્યું. તા.૩૦-૪ થી તા.૩-૫ સુધી પરમ પૂજ્ય શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો ૬૬મો પ્રાકટ્યોત્સવ પ્રસંગ સત્સંગ તેમ જ આયુષ્ય હોમ, રક્તદાન શિબિર, નારાયણ સેવા વગેરેનું આયોજન કરેલ છે. - શિવાનંદ આશ્રમ, અમદાવાદ

# અષ્ટાવક્રગીતા તત્ત્વાવલોકન

ડૉ. કલાબહેન પટેલ

## આત્માનુભવોપદેશ વર્ણન નામ

## પ્રકરણ-૧ (VII)

**દોરીમાં સર્પ કલ્પિત, ભાસે ક્ષેમ વિશ્વ અહીં,**
**તું આનંદ પરમાનંદ, જાણીને સુખેથી ચર ॥૧૦॥ (પ્ર.૧)**

આત્મસ્વરૂપના અજ્ઞાનને કારણે જગત કેવળ ભાસે છે, એટલે કે આત્માનું અજ્ઞાન જ જગતનું કારણ છે. અજ્ઞાન મારામાં છે, તો ભાસિત જગતનો લય પણ મારામાં છે જ. જગતનો જન્મ દોરીમાં સાપના જન્મ જેવો ભ્રમમાત્ર છે. તે કેવળ ભાસે છે, હોતો નથી. દોરીનું જ્ઞાન થતાં સાપનો દોરીમાં લય થઈ જાય છે. તે જ પ્રમાણે જગત માત્ર અધિષ્ઠાન આત્મા પરનો નામરૂપે આરોપમાત્ર હોઈ સત્ય નથી, મિથ્યા છે. આ પ્રમાણે દોરીમાં સાપ અને દશ્યજગત બંને, જોનારાઓ માટે કેવળ ભ્રમ કે કલ્પનામાત્ર છે. જેમ આછા અંધારામાં દોરી જ સાપરૂપે ભાસે, તેમ અજ્ઞાનમાં આત્મા જ જગતરૂપે ભાસે છે. બંનેનો લય તેઓના અધિષ્ઠાનમાં જ શક્ય છે. સાપનો લય દોરીનું જ્ઞાન થતાં, દોરીમાં થઈ જાય, તેમ દશ્ય જગતનો લય આત્માના જ્ઞાન થકી આત્મામાં થઈ જાય.

કાર્ય ઘડાનું કારણ માટી હોઈ, કાર્ય ઘડો ફૂટે, ત્યારે માટીમાં મળી જાય, તેમ અજ્ઞાનવશ મારામાંથી જન્મેલું જગત જ્ઞાન થતાં મારામાં મળી જાય છે. આ પ્રમાણે કારણ અને કાર્ય એક જ છે. છતાં અજ્ઞાનવશપણે કે દિવસે જગતનો જન્મ અને ઊંઘમાં જગતનો લય ભાસે છે.

જેમ સમુદ્ર, તરંગો, પરપોટા જુદા જુદા આકારે દેખાય, પરંતુ તે સર્વ સ્વરૂપે તો પાણીમાત્ર છે, પાણી સિવાય ત્યાં કાંઈ જ નથી. તેવી જ રીતે આત્મા, જગતના અનેક નામરૂપ પદાર્થો રૂપે અભિવ્યક્ત થાય છે. વળી તેમાં અનેક પરિવર્તનો પણ દેખાતાં રહે છે, છતાં જ્ઞાન થતાં સર્વનું અધિષ્ઠાન કેવળ આત્મા હોઈ તે સર્વનામરૂપ પદાર્થોનો આત્મામાં લય થઈ જાય છે. આ પ્રમાણે દેખાતો નામરૂપ આરોપ તેના મૂળ અધિષ્ઠાનમાં શક્ય બને છે. સર્વનું અધિષ્ઠાન એક શાશ્વત સત્યરૂપ હોઈ તે જ આત્માનું સ્વરૂપ છે.

દોરીમાં સાપ આવ્યો ક્યાંથી ?

સાપ અને દોરીના રૂપમાં તાદશ્યતા છે. માટે જ દોરીના અજ્ઞાનના કારણે મનમાં રહેલ તેવા આકારનો કલ્પિત સાપ, ભ્રમથી દોરીમાં દેખાયો. તેનાથી ભય પણ લાગ્યો.

આપણો આ સંપૂર્ણ સંસાર મનમાં કલ્પિત છે. આત્માના સ્વરૂપ જ્ઞાનના અજ્ઞાનના કારણે આત્મા સંસારના નામરૂપ પદાર્થો તરીકે ભ્રમથી વિવિધ રૂપે દેખાઈ રહ્યો છે. આમ ભ્રમરૂપ દેખાતો સંસાર સત્ય નથી, પણ તે ક્યારે ? જ્યારે આત્માનું જ્ઞાન થાય ત્યારે. અજ્ઞાનમાં આત્મા જ સંસારરૂપે ભાસે છે. પ્રશ્ન થશે કે આત્મા અને સંસારમાં શી તાદશ્યતા છે ? આત્મા સ્વરૂપે સત્ સ્વયંસિદ્ધ અસ્તિત્વ કે શાશ્વત સત્તા સ્થાને છે, પરંતુ સંસાર તો વિવિધ પરિવર્તનશીલ નામરૂપે આભાસ છે. એટલે કે અહીં તાદશ્યતા વગરનો ભાસ કે ભ્રમ છે.'

જેવી રીતે રણની રેતીમાં સૂર્યપ્રકાશની હાજરીથી, જળનો આભાસ મૃગજળ તરીકે નથી થતો ? ત્યાં રેતી અને દેખાતા પાણીમાં કોઈ તાદશ્યતા નથી. છીપમાં ચાંદી દેખાવામાં ચળકાટનું તાદશ્ય છે - ટૂંકમાં તાદશ્યતા વગર પણ આત્મા પર અનેક નામરૂપ સંસારનો ભાસ થઈ શકે છે. આ જ આત્માની લાક્ષણિકતા છે. આત્મજ્ઞાન માત્રથી, વિવિધરૂપે દેખાતું જગત, આત્મામાં લય પામે છે. એટલે કે નામરૂપ સંસારનો બાધ થઈ શકે છે. માટે જ, દશ્ય જગત ભ્રમમાત્ર કહેવાયું છે. જેમ મૃગજળ દૂર ભાસે છે, પરંતુ તેની પાસે આવવા માત્રથી તે બાધિત થઈ જાય છે. તેમ જ્ઞાન થતાં જ સંસાર બાધિત થઈને રહે છે.

૧. જેનો બાધ થઈ શકે તેને મિથ્યા કહેવાય.

૨. જે નથી, છતાં દેખાય તેને મિથ્યા કહેવાય.

૩. મિથ્યાની પોતાની સ્વતંત્ર એવી જુદી સત્તા હોય નહીં.

૪. મિથ્યા સદા પરાધીન છે. સંસાર સદા આત્મા પર અવલંબિત છે. આત્મા સિવાય સંસાર છે જ નહીં. માટે જ આત્મા સત્ છે, સંસાર અસત્ મિથ્યા છે. યાદ

રાખો કે આભાસ કે આરોપ સદા અધિષ્ઠાનથી અભિન્ન હોય. બંને એક છે છતાં આત્માની સત્તા કાયમી પણ આભાસની સત્તા પરિવર્તનશીલ, વિનાશી, આવાગમનવાળી છે. તેથી જ મિથ્યા, બાધિત થઈ શકે છે.

**સત્તા ત્રણ પ્રકારે અનુભવાય છે.**

(૧) **પારમાર્થિક સત્તા,** - મુખ્ય શાશ્વત સત્તા. સત્ સત્તા. તેને આત્મા, ઈશ્વર યા પરમાત્મા કે બ્રહ્મસત્તા પણ કહી શકો, કારણ કે સત્ સ્વરૂપે તે એકમાત્ર સત્તા છે, જે સર્વ સ્થળે, સર્વ કાળે, સર્વમાં એક સમાન વ્યાપી તેનો કદી નાશ કે અભાવનો અનુભવ થનાર નથી. તે પ્રસિદ્ધ-સ્વયંસિદ્ધ, સ્વયંપ્રકાશ, અનંત છે, અદ્વિતીય છે.

(૨) **મિથ્યા સત્તા,**- તે અસત્ સત્તા છે. દેખાય પણ વિચાર કરતાં પુરવાર થતી નથી. તે સર્વ કાળે એક સમાન નથી. તે મુખ્ય સત્તા પર અવલંબિત છે. તેની પોતાની નિજી સ્વતંત્ર જુદી સત્તા નથી. તે ગૌણ સત્તા છે. દા.ત. આકાશની લાલીમા.

મિથ્યા સત્તા બે પ્રકારે છે.

(૧) **વ્યાવહારિક સત્તા :** જાગ્રતમાં જગત સૌને સત્ય લાગે. પરંતુ ઊંઘમાં જગત નથી, તેથી જગત મિથ્યા કહેવાયું. પણ જાગ્રતમાં જગતની વ્યાવહારિક સત્તા છે. ઘડો માટી જ છે, નામરૂપ મિથ્યા છે. પણ વ્યવહારમાં ઘડો ઉપયોગી છે.

(૨) **પ્રાતિભાસિક સત્તા :** કલ્પિત મિથ્યા સત્તા. આત્મજ્ઞાનથી જેનો બાધ થઈ શકે છે તે. તે પારમાર્થિક સત્તા પર આધારિત છે. સ્વપ્નની સત્તાને પણ પ્રાતિભાસિક સત્તા કહી છે. તેની ગૌણ સત્તા છે. જાગ્રત થતાં સ્વપ્નમાં સાચું લાગતું સ્વપ્નજાત બાધિત થઈ જાય છે. જગતની સત્તાને પણ પ્રાતિભાવિક સત્તા કહી છે. ઊંઘમાં તેનો લય થાય છે. આમ તેની સત્તા ગૌણ સત્તા, કલ્પિત સત્તા કહેવાઈ છે.

(૩) **તુચ્છ સત્તા,**- જેની નહિવત્ સત્તા છે, તે તુચ્છ સત્તા છે. દા.ત. વંધ્યાપુત્ર, સસલાના શીંગડાં. હું કહું કે, 'જુઓ મારા હાથમાં હાથી છે.' તેનો જવાબ 'ના' ક્યારે કહી શકો જ્યારે તમારા મનમાં હાથીનું જ્ઞાન થઈ જાય. આમ જે 'નથી' તે પણ તુચ્છ સત્તા છે.

જો હવે પારમાર્થિક મુખ્ય સત્તાનું જ્ઞાન જાણવું હોય તો, દેહથી અલગ થઈ સાક્ષીરૂપે જગતને જોતાં શીખો. રાતદિવસ પોતે અકર્તા આત્મા છો, તે યાદ રાખો અને જાણો.

જ્ઞાન થવા માટે શબ્દપ્રમાણ એટલે કે શાસ્ત્રના શબ્દો પ્રમાણરૂપે છે. શાસ્ત્રશ્રવણ યા સત્સંગ આપણી બુદ્ધિમાં એવું વિચારબીજ રોપે છે, જેને કારણે દશ્યજગત કેવળ કલ્પિત છે, એવું જ્ઞાન દૃઢ થઈને, શરીર મન, ઈન્દ્રિયો પણ દશ્યજગતની અંતર્ગત હોઈ, તેને પણ કલ્પિત જાણીને, પોતે આત્મા સ્વરૂપે સૌથી અસંગ, અલગ, અદ્વૈત છે જ, એની સ્મૃતિ થઈ શકે છે. જાગ્રત અવસ્થામાં દેખાતા સંસારનો લોપ થવો, તેનું બાધિત થઈ જવું, એ જ આત્મજ્ઞાન છે. એ જ ઉત્કૃષ્ટ ગૌરવભર્યો આનંદ છે, તેથી તેને પરમાનંદ કહ્યો છે. પરમાનંદ જ સત્ય છે. તે સિવાયનું બાકી સર્વ અસત્ એટલે કે મિથ્યા છે.

વળી આ જ્ઞાનની દૃઢતા થવા માટે એક બીજું દૃષ્ટાંત વસ્ત્રમાં સૃષ્ટિભાતનું પણ છે.

વસ્ત્ર એટલે કે કાપડ.

કાપડ એટલે સૂતરનો તાણો અને વાણો. ત્યાં મુખ્ય આધાર સૂતર યા રૂ જ છે. જો સૂતરને એવી રીતે રંગીને વણવામાં આવે કે તેને જોતાં તેમાં સૃષ્ટિનાં અનેક નામરૂપોનો ખ્યાલ આવે. તો ત્યાં સૂતર જ એ રીતે વણાયું યા ચિતરાયું હોય છે. કાપડ પર અનેક ભાતો આપણે જોતાં આવ્યાં છીએ. પર્વત, નદી, સૂર્ય, જંગલો, ઘર, ગામડું જેવાં દશ્યો ગાલિચા પર ભરાતાં આવ્યાં છે. પહેરાતાં વસ્ત્રો પર પણ જાત જાતની ભાતો, ફૂલોથી માંડી પક્ષીઓ, પશુઓ, માણસો, આકાશ અને વાદળાંની ચિત્રવિચિત્ર છાંટો જોવા મળે છે.

આવા વસ્ત્રને નજરે જોતાં ત્યાં સૃષ્ટિ દેખાય છે, પરંતુ વિચાર કરીએ તો ત્યાં તેનો આધાર માત્ર રૂનો તંતુ માત્ર જ છે. તંતુ સિવાય ત્યાં બીજું કશું છે જ નહીં. છતાં ત્યાં આપણા રાગદ્વેષો હોઈ શકે છે.

એ જ રીતે જાગ્રત અવસ્થામાં ભલે, સૃષ્ટિ અનેક વિવિધ પદાર્થોના નામરૂપોવાળી દેખાતી રહે, પણ વિચાર કરતાં તેનો આધાર અધિષ્ઠાન આત્મા હું, યા પરમાત્મા જ છું, એવી દૃઢ પ્રતીતિ થાય છે. જ્ઞાન દૃઢ થતાં તેની અનુભૂતિથી મળતો આનંદ, પરમાનંદ થઈ જાય છે, જેની તુલના કોઈપણ ભોગના આનંદ જેવી નથી. આત્મજ્ઞાન માત્ર પોતાની અનંતતાનો આનંદ છે.

# સ્નેહનો સેતુબંધ

ડૉ. હરીશ દ્વિવેદી

આપણા સહુની જિંદગી એ તો લાગણીઓનું વાવેતર છે. જીવનમાંથી જો પ્રેમ અને લાગણી ચાલ્યાં જાય તો જીવન સાવ ઉજ્જડ-વેરાન જેવું બની જાય. એટલા માટે તો માણસ હંમેશા પ્રેમ અને લાગણીને શોધતો ફરે છે. સ્નેહનાં મૃગજળને પામવા એ અથાક પરિશ્રમ કરે છે. લાગણીઓનું વાવેતર કરી પ્રેમનું પુષ્પ ઉગાડવા એ મથી રહ્યો છે.

જીવનમાં એ સ્નેહના સંબંધનો સેતુ બાંધવા આકાશપાતાળ એક કરતો હોય છે ! સ્નેહનો એ સેતુ પછી વિસ્તરતો જતો હોય છે અને પ્રાણીમાત્રની સાથે જોડાઈ જતો હોય છે. તથાગત ભગવાન બુદ્ધમાંથી એ કરુણાની અજસ્ર ધારારૂપે વહેવા લાગે છે. મહાવીરમાં એ અહિંસાનું રૂપ ધારણ કરે છે તો કૃષ્ણની પાસે પ્રેમની એ પુણ્યસલિલા બની વહેવા લાગે છે એ એમનાં જીવનનું સત્ત્વ બની જતું હોય છે. આપણે પણ એમની પાસેથી પ્રેમ, કરુણા અને અહિંસાનો સેતુ બાંધવાની કળા શીખવાની છે. જીવનનો એ જ સાચો ધર્મ છે. માણસ તરીકેનું એ જ આપણું પ્રથમ કર્તવ્ય છે.

આ સંદર્ભમાં એક માન્યતા એવી પણ છે કે માણસને હંમેશા બીજાની પાસેથી લેવાનું ગમતું હોય છે. પોતાની વસ્તુ આપવી તેને ગમતી હોતી નથી. આવા એક કંજૂસની સરસ મજાની વાત છે. જીવનમાં હંમેશા એ જે કંઈ મળે તે બધું ભેગું જ કરતો રહ્યો હતો. જીવનમાં ક્યારેય કદી કોઈને એણે કશું આપ્યું નહોતું. જ્યારે પણ કંઈ આપવાની વાત નીકળે એટલે તે પોતાનો હાથ પાછો ખેંચી લેતો. જીવનભર એણે બે હાથે જેટલું ભેગું કરી શકાય તેટલું ભેગું જ કર્યે રાખ્યું હતું.

હવે એક વાર એવું બન્યું કે નદીમાં સ્નાન કરતાં કરતાં આ કંજૂસકાકા ડૂબવા લાગ્યા. કિનારે ઊભેલા લોકોએ આ દૃશ્ય જોયું અને જોરથી બૂમો મારવા લાગ્યા કે કાકા તમારો હાથ આપો, હાથ આપો. અહીં આપવાની વાત આવી એટલે પાણીમાં ડૂબતાં ડૂબતાં પણ કાકાનો હાથ પાછો ખેંચાઈ ગયો. જીવનમાં આપવાનું તો કદી એ શીખ્યો જ નહોતો. હંમેશા લેવાની અને સંગ્રહ કરવાની ભાષા જ એ જાણતો હતો. પછી એ પોતાનો હાથ આપે શાનો ?

ત્યારે એ કંજૂસને સારી રીતે જાણનાર એક વ્યક્તિએ લોકોને કહ્યું કે ભાઈઓ એ માણસે જીવનમાં કદી કોઈને કંઈ જ આપ્યું નથી. એટલે તમે એને હાથ આપવાનું કહેશો તો એ તમને નહીં જ આપે. એને જો બચાવવો હોય તો તમે એને કહો કે ભાઈ લે તું અમારો હાથ લે અને લેવાની ભાષા એ સારી રીતે જાણે છે અને એનું ધાર્યું પરિણામ પણ આવ્યું. કંજૂસકાકાએ લેવાની વાત આવી એટલે તરત હાથ પકડી લીધો અને ડૂબતાં ડૂબતાં બચી ગયો !

પછી એ કંજૂસ માણસના જીવનમાં પરિવર્તન થયું કે નહીં તે તો આપણે જાણતાં નથી પરંતુ આવા અપવાદો તો બહુ થોડા જ હોય છે. બાકી જીવનમાં આપણને આપવું પણ ગમતું હોય છે. આપવાનો કોઈ અનેરો આનંદ હોય છે. ક્યારેક તો લઈને પણ જેટલી ખુશી ન થાય તેટલી આપીને થતી હોય છે. આપવું એ જીવનની શોભા છે. ત્યાં પૈસાનું કોઈ મહત્ત્વ નથી. જીવનના બધા વ્યવહારમાં એ હિસાબકિતાબ કામ લાગતો નથી પરંતુ આજે આપણે પ્રેમ અને લાગણીનું પણ રૂપિયામાં મૂલ્ય કરવા લાગ્યા છીએ. ત્યારે આપણે ભૂલી જઈએ છીએ કે પૈસાથી બીજું બધું ખરીદી શકાતું હશે પરંતુ સંબંધોની ઉષ્મા ખરીદી શકાતી નથી.

જીવનમાં સંબંધોનું મૂલ્ય સર્વોપરી હોય છે. એની સાથે સુખદુઃખમાં સહભાગી થઈ સમસંવેદન અનુભવતાં આપણે શીખવાનું છે. એમ કહેવાય છે કે ભગવાન હંમેશાં ભાવના ભૂખ્યા હોય છે. એમને છપ્પન ભોગની પણ કંઈ પડી હોતી નથી. ભાવથી ભગવાનને ભાજી ધરાવી હોય તો પણ એને મિષ્ટાન્નની

માફક તેઓ આરોગે છે. એ રીતે માણસ પણ હંમેશાં પ્રેમ અને લાગણીનો ભૂખ્યો હોય છે. પૈસો, ધનવૈભવ એ બધું ગૌણ બની જતું હોય છે. સામાન્ય માણસને પણ પ્રેમના બે મીઠા શબ્દો સાંભળવા ગમતા હોય છે. ક્યારેક એ અજમાવી જોવા જેવું જરૂર છે. કોઈની પણ સાથે સ્નેહનો એ સેતુ બંધાયા પછી એ તમારે માટે તમે કહો તે કરવા તૈયાર થઈ જતો હોય છે. ભગવાન શ્રીરામે પણ વાનરસેનાની સાથે પ્રથમ સ્નેહનો સેતુ બાંધી સમુદ્ર ઉપર અશક્ય લાગતો 'સેતુબંધ' બંધાવ્યો હતો.

જીવનમાં પણ આપણે સહુએ પ્રેમ દ્વારા પ્રભુની પાસે પહોંચવા સ્નેહનો સેતુબંધ બાંધવાનો છે.

આપણા સહુની પાસે એનો અખૂટ ખજાનો ભરપૂર ભર્યો પડેલો છે. એ કદી ખૂટવાનો નથી. પ્રેમ, સત્ય, શિવ, સુંદર, માંગલ્ય અને સુખશાંતિના આપણા એ આંતરિક ખજાનાની વિશેષતા એ છે કે એને આપણે જેટલો વાપરીશું એટલો એ વધવાનો છે. પરંતુ પેલા કંજૂસ માણસની જેમ એને બંધ કરીને બેસી જઈશું તો આપણી દશા પણ એના જેવી જ થવાની. માણસ તરીકેનું જે કાર્ય આપણે કરવા આવ્યા છીએ તે અધૂરું રહી જશે. વાલિયા લૂંટારામાંથી વાલ્મીકિ ઋષિ બનવાની યાત્રા અપૂર્ણ રહી જશે. હાથમાં આવેલો મહામૂલો અવસર એળે ચાલ્યો જશે !

પરંતુ ના આપણને સહુને મળેલા જીવનના આ મહામૂલા અવસરને આપણે એળે જવા નથી જ દેવો. આપણને ઈચ્છાશક્તિનું એવું મોટું વરદાન મળેલું છે કે આપણે જે પ્રમાણે વિચારીએ તે પ્રમાણેનું જીવન આપણે બનાવી શકીએ તેમ છીએ. કોઈ પણ માણસ સંપૂર્ણ રીતે સોએ સો ટકા બૂરો હોતો નથી. વાલિયામાંથી વાલ્મીકિ બનવાની ક્ષમતા એનામાં રહેલી જ હોય છે. જીવનમાં પરિસ્થિતિ અને સંજોગો ક્યારેક મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. બાકી મૂળભૂત રીતે માણસ 'સારો' હોય છે. ''Man is potentially divine'' આ દિવ્યતાની ક્ષમતા એનામાં અપ્રગટરૂપે પડેલી જ છે.

તો, હવે સવાલ એ થાય છે કે આપણા સહુની અંદર અપ્રગટરૂપે રહેલી દિવ્યતાને બહાર લાવવી કઈ રીતે ? આપણા સહુનો આ પ્રશ્ન છે. માણસમાં જો દિવ્યતાનું સ્ફુલ્લિંગ રહેલું હોય તો પછી એ બૂરાઈ તરફ આટલો જલદી કેમ સરી જતો હોય છે ? પ્રશ્ન ખૂબ વિચાર માગી લે તેવો છે. મનુષ્યત્વના સ્તર પર ઊભા રહીને આપણી ગતિની હંમેશાં બે પ્રકારની દિશા હોય છે. એક છે તે ઊર્ધ્વગતિ અને બીજી તે અધોગતિ.

આમાં જે ઊર્ધ્વગતિ છે તે દિવ્યતાનું પ્રતીક છે. જીવનમાં આ ઊર્ધ્વગતિ પકડીને આગળ વધીએ તો ઉત્તમોત્તમ અને સર્વોત્તમ સુધી પહોંચી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો માણસમાંથી એ મહામાનવ બની પુરુષોત્તમ પણ બની શકે છે. જ્યારે અધોગતિની દિશામાં માણસ મનુષ્યત્વના સ્તરેથી નીચે પડતાં પડતાં અધમાધમ અને મહા અધમની કક્ષાએ જઈ પહોંચે છે અને ત્યારે માણસમાંથી એ પશુ અથવા દાનવ પણ બની શકે છે.

આપણા સહુના માટે આ બંને માર્ગ ખુલ્લા છે. આપણે ધારીએ તે ગતિ પકડી શકીએ તેમ છીએ. આપણા હાથની એ વાત છે. એની પૂરેપૂરી સ્વતંત્રતા આપણને મળેલી છે. પસંદગી આપણે જ કરવાની છે અને બંને સમાંતરે રહેલા છે. ''It is as easy to be divine as to be a devil'' જો દિવ્યતાને પામવું એટલું જ સરળ હોય તો પછી શેતાન શા માટે બનવું ?

આપણે સહુ પ્રેમના સજીવન કોષ છીએ. આપણા અણુએ અણુમાં રહેલા પ્રેમના એ કોષો આપણી જડતાના આવરણ નીચે દબાઈ ગયા છે. એને ફરીથી જીવંત બનાવી મનુષ્યત્વના સ્તર ઉપરથી સ્નેહનો સેતુ બાંધતા બાંધતા દિવ્યતા સુધી પહોંચવાનું છે અને ત્યારે એ સ્નેહને કોઈ સીમાડા રહેતા નથી. પ્રાણીમાત્ર પ્રત્યે અને પ્રકૃતિના અણુએ અણુમાં એ વિસ્તાર પામતો રહે છે અને સર્વત્ર વ્યાપીને રહેલા ચૈતન્યની સાથે એનો સ્નેહનો સેતુબંધ રચાઈ જતો હોય છે.

# હરિદ્વાર કુંભ મહાપર્વ : જ્યાં ભારતીય સંસ્કૃતિના આત્માનું પરમ દર્શન પામી શકાય છે

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

[શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજે મલાયા છોડી હિમાલયમાં આવી નિવાસ કર્યા પછી, દિવ્ય જીવન સંઘની સ્થાપના ૧૯૩૬માં કર્યા પછી ગંગા કિનારો છોડ્યો જ નહીં. એકવાર ૧૯૫૦માં બે મહિના માટે ભારત અને શ્રીલંકાની યાત્રાએ ગયા. આ ગંગા, હરિદ્વાર, હૃષીકેશ અને તેમને સાંકળતું મહાકુંભ પર્વ ભારતીય અને હિન્દુ સંસ્કૃતિના આત્માનું એક વિશિષ્ઠ દર્શન કરાવે છે. પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ન્યૂયોર્ક-ન્યુજરસી (અમેરિકા)થી પ્રકાશિત થતાં ગુજરાત ટાઈમ્સ સાપ્તાહિકના સન્માનનીય લેખક છે. છેલ્લા અગિયાર વર્ષોથી પૂજ્ય સ્વામીજીના આ સુપ્રસિદ્ધ સમાચારપત્રમાં છપાયેલા લેખોમાંથી પાંચ પુસ્તકો તૈયાર થયાં છે. અત્રે પ્રકાશિત આ સમગ્ર કુંભમેળા-સામગ્રી ગુજરાત ટાઈમ્સમાં જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૦માં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીની કલમે આલેખાઈને પ્રગટ થયેલી, જે દિવ્ય જીવનના સુજ્ઞ અને સન્માનનીય વાચકોના લાભાર્થે પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ, આશા છે કે ''એપ્રિલ-૨૦૧૦''નો આ દિવ્ય જીવન અંક કુંભમેળા વિશેષાંકના રૂપમાં સૌ સ્વીકારી, અમોને ઉપકૃત કરશો. આ સાહિત્ય દિવ્ય જીવનમાં પ્રકટ કરવાની અનુમતિ આપવા બદલ શ્રી રમેશ તન્ના, સંપાદક ગુજરાત ટાઈમ્સનો આભાર. - તંત્રી]

અધ્યાત્મ તત્ત્વ અને અધ્યાત્મ વિદ્યા ભારતના શક્તિસ્રોત છે. પ્રગાઢ આધ્યાત્મિકતાના કારણે જ ભારતીય સભ્યતા, સંસ્કૃતિ અને સંસ્કાર આજે અનેક આરોહઅવરોહ અને તડકા-છાંયાના ઉતાર-ચઢાવ કે ભયાવહ થપાટો પડવા છતાં મજબૂત છે અને તેના મૂળમાંથી તે હલ્યાં નથી. આ ધર્મપ્રાણ ભારતભૂમિમાં આપણા ઋષિ-મુનિઓ તથા મહાપુરુષોએ ઐશ્વર્ય અને બાહ્ય ઉપભોગ ઐન્દ્રિયજન્ય સુખસમૃદ્ધિ પ્રતિ ધ્યાન આપ્યા વગર ભગવત્‌ભજન, આંતરચેતનામાં અવગાહન, ધ્યાન, જપ, તપ વગેરે સુબોધ સાધનો દ્વારા અંતર્શુદ્ધિ કરીને આત્મોન્નતિના માર્ગે આરોહણ કર્યું છે. તે માટે જીવનસાધના, સંયમ અને નિયમના સરળ તથા લોકભોગ્ય માર્ગો પણ નક્કી કર્યા છે.


આ અંતર્શુદ્ધિ ક્રિયાઓમાં તીર્થસેવન, સંતદર્શન, સત્સંગ, સ્વાધ્યાય, પવિત્ર નદીઓ અને સંગમોમાં સ્નાન, અવગાહન, દાન તથા પુણ્યને વિશેષ મહત્ત્વ આપ્યું છે. વિશેષ તિથિઓ કે પર્વો-ઉત્સવો પર શાસ્ત્રો દ્વારા નિર્ધારિત પવિત્ર તીર્થોમાં નિવાસ ઉપવાસાદિ કરવાથી મનુષ્ય ક્રમશઃ દુર્વિચાર અને દુર્વાસનાથી મુક્ત, શુદ્ધ વિચાર, વ્યવહાર, વર્તન અને પવિત્ર ચારિત્ર્યને પ્રાપ્ત કરે છે.

પર્વ તે તિથિ કે સમય-વિશેષને કહેવામાં આવે છે કે જ્યારે અમુક ગ્રહો, નક્ષત્રો એક વિશેષ યોગને કારણે અમુક ચોક્કસ સ્થિતિમાં આવે છે. તે પળ, તે ઘડી, તે મુહૂર્તને તે દિવસનું પર્વ કે પવિત્ર તિથિ કહેવામાં આવે છે. આ વિશેષ ગ્રહ-યોગના મુહૂર્તનો પ્રાણીમાત્ર પર વિશેષ પ્રભાવ પડે છે. વિજ્ઞાન પણ માને છે કે તેવી નિશ્ચિત પળોએ મન નિતાંત શાંત, સ્વસ્થ અને બહિર્મુખથી આંતર્મુખ થતું હોય છે, તેથી તે પળોમાં કરેલાં જપ, ધ્યાન, સ્નાન, દાન અને સેવા-પરોપકાર વગેરેનો પ્રભાવ આપણા અંદરના શરીર ઉપર પણ પડે છે.

આપણું શરીર પાંચ કોષોમાં વિભાજિત થયેલું માનવામાં આવે છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષ. તેમાંથી અન્નમય કોષ તો મૃત્યુ પછી અહીં જ ભસ્મીભૂત થઈ જતો હોય છે, પરંતુ પ્રાણમય કોષ અન્ય ત્રણ કોષોને સાથે લઈને અન્યોન્ય લોકોમાં જાય છે. પ્રાણમય કોષના માધ્યમથી જ સ્થૂળ અને દૈવી જગતમાં પરસ્પર સંબંધ સ્થાપિત થાય છે. પ્રાણમય કોષમાં પ્રમુખતઃ બે શક્તિ હોય છે. એક તો આકર્ષણ શક્તિ કે જે પોતાની તરફ ખેંચે છે, અને બીજી વિકર્ષણ શક્તિ કે જે વિરુદ્ધ દિશામાં ધક્કો મારે છે, પરંતુ ગ્રહોના વિશેષ મુહૂર્તમાં મનને સ્નાન, દાન, ધ્યાનથી એકાગ્ર કરવામાં આવતી સ્થૂળ ક્રિયાઓ સાથે આ બાહ્યગમન અને આંતર આગમન કરનારી બંને શક્તિઓનું એકીકરણ થાય છે. જે જે સ્થળોએ આવું શક્તિસમૂહનું ઐક્યત્વ સંયોજાય છે તેને 'પીઠ' કહેવામાં આવે છે. તે પીઠના ક્ષેત્રને તીર્થ કહેવામાં આવે છે. તેવાં પવિત્ર સ્થળોમાં અગણિત ભક્તો, સાધકો તથા મુમુક્ષુઓ દ્વારા કરવામાં આવતી આધ્યાત્મિક સાધનાને કારણે તે સ્થળમાં મહાન આધ્યાત્મિક ઊર્જા ઉત્પન્ન થાય છે, તેથી જ તીર્થોની યાત્રાથી એક વિશેષ

આત્મશાંતિની અનુભૂતિ થાય છે.

આ ઉપરાંત એક બીજો દૃષ્ટિકોણ પણ છે. પ્રાચીન સમયમાં જ્યારે યાત્રાર્થે અર્વાચીન સમયની જેમ વાહનવ્યવહાર સુલભ નહોતો, ત્યારે લોકો ઘોડાગાડી, બળદગાડી, ઊંટગાડી કે નૌકાઓ અથવા તો પગે ચાલીને જ મોટા ભાગની યાત્રાઓ કરતા હતા. આવાં ભવ્ય સંમેલનોમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ભારત તથા ભારત બહારથી પણ અનેક વિદ્વાનો, ભક્તો, સંતો, મહંતો, જ્ઞાનીઓ, કળાકારોનાં આગમન થતાં હતાં. વ્યક્તિગત, પારિવારિક, સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભક્તિ ચેતના સિવાય લૌકિક અને વ્યાવહારિક વિષયો સંબંધી વાર્તાલાપો તથા વિચારોનું આદાન-પ્રદાન થતું હતું. તિથિઓ અને પર્વોના ઉપક્રમે જ આ માનવ-સંમેલનોને જ મનોરંજન તથા ક્રય-વિક્રયનાં સાધનો-પ્રસાધનોને જોડી દઈને તેને મેળાવડામાંથી 'મેળા' એવું નામકરણ કરવામાં આવ્યું હતું. કાળક્રમે સ્થાનીય, પ્રાંતીય અને દેશીય તથા સાર્વભૌમિક સ્થાન આ પર્વોત્સવોને મળ્યા. કુંભ પણ આવા જ પ્રકારનો સાર્વભૌમિક મેળો છે, જેમાં ભાષા, વેશભૂષા, ખાન-પાન, રીતિ-રિવાજમાંથી જ મૈત્રી અને પરસ્પર પ્રેમ, સદ્‌ભાવ, સન્માન અને ભાઈચારાનો સંબંધ પાંગરે છે.



બંગાળના સુપ્રસિદ્ધ કવિ અચિંત્ય સેને એટલા માટે જ કહ્યું અને ગાયું છે :

*નાના ભાષા, નાના મત,*
*નાના પરિધાન વિવિધેર,*
*માઝે દેખો મિલન મહાન,*
*દેખિયા ભારત જાતીર ઉત્થાન,*
*જગ જન માનીબે વિસ્મય !*
*રહો ધરમે તે ધીર, રહો કરમે તે વીર, રહો ઉન્નત સિર ડરો ના !*
*ભૂલી ભેદા ભેદજ્ઞાન, હાઓ સબે આગુયાન સાથે આ છે ભગવાન, હોબે જય ! હોબે જય ! હોબે જય !*

આપણો મહાન દેશ, રાષ્ટ્ર ભારતવર્ષ અનેક ભાષા, મતમતાંતરો અને પરિધાનોનો સમૂહ છે, છતાં સૌ વચ્ચે એક સામ્ય છે, એક હૃદય હૈ ભારત જનની ! તેથી જ આપણે અડગ, અચળ છીએ માટે ધર્મનું પાલન કરો. કર્મ છોડશો નહિ, માથું ઊંચું રાખો અને આગળ વધો. મા અભી ! ડરશો નહિ. ભેદભાવ ભૂલીને આગળ વધો, ભગવાન તમારી સાથે જ છે અને તમે વિજયને જ વરશો.

**કુંભમાહાત્મ્ય**

ઈ.સ.૬૪૪ના કુંભપર્વથી મહારાજ હર્ષવર્ધને બૌદ્ધ ભિખ્ખુઓ અને વૈદિક સંતોની સેવાર્થે રાજકોષ ખુલ્લો રાખવાની પ્રથા આરંભ કરી હતી. ત્યારથી બૌદ્ધ પારિપાટીના રાજવીઓ અને સનાતન વૈદિક મતાવલંબી રાજાઓ કુંભપર્વ નિમિત્તે ઉદારતાથી સહાય કરતા થયા હતા. આમ જ્યારે રાજ્ય શાસનની રુચિ અને વ્યવસ્થા હેઠળ કુંભપર્વોનાં આયોજન થવા લાગ્યાં ત્યારે તેનું આકર્ષણ પણ વધવા લાગ્યું અને સંતો-મહંતો, વિદ્વાનો સિવાય વિવિધ કળાક્ષેત્ર, દસ્તકારી, હસ્તકળા વિભાગના વ્યવસાયીઓનો પણ મેળો આ કુંભપર્વનું અવિભાજ્ય અંગ બની ગયો. આમ થતાં સાધુ, સંતો, સંન્યાસીઓ, મહાત્માઓ, કથાકારો, શાક્ત તાંત્રિકો, માંત્રિકો, જૈન અને બૌદ્ધ મુનિઓ અને ભિખ્ખુઓને પણ પરસ્પર એકબીજાને મળવાનો, પોતાના પરિચિતો, અનુયાયીઓ સાથે રહેવાનો એક શુભ અવસર મળવા લાગ્યો. તમામ સંતો, બૌદ્ધિકો મળીને

રાષ્ટ્રના ઉત્કર્ષ અને અભ્યુદય માટે વાટાઘાટો કરતા થયા, રાજ્ય શાસન તેમાંથી ઉલ્લેખનીય એવાં સૂચનોનું અમલ કરતું થયું અને રાષ્ટ્રોત્થાન માટે કુંભપર્વોની અમૂલ્ય ભૂમિકા રહી.

ઈ.સ. ૮૦૦ના કુંભપર્વમાં જગતગુરુ આદિ શંકરાચાર્યજી પણ પધાર્યા હતા, ત્યારે તેઓ કાશીથી બદરિકાશ્રમના માર્ગે હરિદ્વાર પંચપુરીમાં રોકાયા હતા. આ પ્રસંગે તેઓ પણ રાષ્ટ્રના ચારેય ખૂણેથી આવેલા સંતોને મળીને તેમની, તેમના ધર્મની, તેમની સાધનાની સમસ્યા વગેરે સાંભળીને તથા દેશ સમક્ષ ઊભાં થતાં ઉપનિવેશવાદીઓનાં ષડ્યંત્રો અને કાપાલિકવાદથી પરિચય પામીને તેમણે અદ્વૈત સિદ્ધાંતથી વિભિન્ન ધર્મો, જાતિઓ અને સંપ્રદાયને એકસૂત્રે બાંધીને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનાં મંડાણ કર્યાં હતાં, ત્યારથી દેશમાં ચાર છેડે હરિદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન, નાસિકમાં અનુક્રમે ગંગા, ત્રિવેણી સંગમ, ક્ષિપ્રા અને ગોદાવરી તળે કુંભપર્વોમાં એકત્રિત થઈને રાષ્ટ્રની પરિસ્થિતિ અને સમસ્યાની છણાવટ કરીને તેના નિરાકરણ હેતુ એકત્ર થવાની એક કાયમી વ્યવસ્થિત પરંપરા કાયમ કરવામાં આવી. ત્યારથી કુંભમેળાની તમામ વ્યવસ્થા નાગા સંન્યાસીઓ દ્વારા જ કરવામાં આવતી હતી. આ પરંપરાને અંગ્રેજોએ સમાપ્ત કરીને કુંભમેળાનો પ્રબંધ પ્રશાસનને આધીન કર્યો, પરંતુ પ્રશાસન કુંભપર્વના નિમિત્તે આગંતુક લાખો શ્રદ્ધાળુ અને સાધુઓને માટે કાયદા અને વ્યવસ્થાની જોગવાઈ જરૂરથી કરે છે, ખૂબ જ વ્યવસ્થિત અને સારી રીતે કરે છે, પરંતુ સમગ્ર કુંભપર્વોમાં સ્નાન, તેમની મુખ્ય તિથિઓ અને અખાડાઓમાં ક્યાં કોનું અને કેટલું પ્રભુત્વ રહેશે તે કાયમ સંતો અને અખાડાઓના મહંતો જ સામૂહિક રીતે સાથે બેસીને નક્કી કરે છે.

કુંભ રાશિના ગુરુમાં મેષના સૂર્યનો પ્રવેશ થાય ત્યારે હરિદ્વારમાં કુંભપર્વનું આયોજન થાય છે. આ શતાબ્દીનો આ હરિદ્વારમાંનો પ્રથમ મેળો છે, અને પ્રશાસને જાગરૂકતા વાપરીને ખૂબ જ અદ્ભુત વ્યવસ્થા આદરેલી છે. આ પૂર્વેનાં તમામ કુંભપર્વોના પ્રમાણમાં સૌથી વધુ સહાય કેન્દ્ર સરકાર તરફથી આ વર્ષના હરિદ્વારના કુંભ માટે ફાળવવામાં આવી છે, અને તે છે સાડા સાતસો કરોડ રૂપિયા !

અશ્વમેધ સહસ્રાણિ વાજપેય શતાનિ ચ ।
લક્ષં પ્રદક્ષિણા ભૂમેઃ કુંભસ્નાનેન તત્ફલમ્ ॥

હજાર અશ્વમેધ યજ્ઞ કે એકસો વાજપેયી યજ્ઞ અથવા તો એક લાખ વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરવાથી જે ફળ પ્રાપ્ત થાય, તેટલું ફળ એકમાત્ર કુંભપર્વમાં સ્નાન કરવાથી થાય છે.

**કુંભ કથાત્રય**

રામાનુજ સંપ્રદાયના ગોપાલદત્ત શાસ્ત્રીજી મહારાજે તીર્થરાજ પ્રયાગ મહાકુંભનામક લઘુ પુસ્તિકા બહાર પાડી છે, તેમાં કુંભસંબંધિત વિવિધ કથાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

એક સમય દુર્વાસા ઋષિએ પ્રસન્ન થઈને પોતાના ગળામાં પહેરેલી પુષ્પમાળા પ્રસન્નતાપૂર્વક ઈન્દ્રને પહેરાવી હતી. ઈન્દ્ર ત્યારે કયા વિચારમાં પ્રમત્ત હશે, તેણે તે માળાને પોતાના ગળામાંથી કાઢીને તે જે હાથી ઉપર સવાર હતા, તે ઐરાવત હાથીના માથા ઉપર તે માળા પહેરાવી. હાથી તો જડ પ્રાણી છે. તેણે આ પ્રસાદીની પુષ્પમાળાને પોતાના પગ તળે કચડી નાખી. આમ આ દિવ્ય પુષ્પમાળાનું અસહનીય અપમાન થયું. કહેવાય છે કે આ દૃશ્ય જોઈને દુર્વાસા ત્યાંથી ચાલ્યા ગયા. સંતનું મૌન અને સંત જો કડવો ઘૂંટડો ગળે તો તે પ્રજા માટે ધિક્કાર અને ફિટકાર જ લાવે છે. પ્રકૃતિનો કોપ થયો અને અનાવૃષ્ટિ તથા દુર્ભિક્ષથી પ્રજા ત્રાહિમામ પોકારવા લાગી. સંસારમાં હાહાકાર મચી ગયો. આ ઉદ્વેગમાંથી શાતા અને સમન્વય માટે એક જ ઉપાય હતો. સંતોની શરણાગતિ. સૌ કુંભપર્વે એકત્રિત થયાં. પરસ્પર પ્રેમ અને સદ્ભાવ તથા ક્ષમાની ત્રિવેણીમાં અવગાહન કરી સૌએ આત્મીય દૈવી આનંદની અનુભૂતિ કરી.

ભગવાન નારાયણ મહાવિષ્ણુની પ્રેરણાથી દેવ અને દાનવોએ સમુદ્રમંથન કર્યું. તેમાંથી જ્યારે ભગવતી મહાલક્ષ્મીજીનું પ્રાગટ્ય થયું, ત્યારે સર્વત્ર શ્રી, વર્ચસ્વ, આયુષ્ય, આરોગ્ય, ધન, ધાન્ય અને બહુરત્નો તથા શાતાસભર સાંત્વનાની સૌને પ્રાપ્તિ થઈ. વૃષ્ટિ થતાં કૃષક-વર્ગોનું કષ્ટહરણ થયું, પરંતુ જ્યારે અમૃતઘટ લઈને ભગવાન ધન્વંતરિ પ્રગટ્યા ત્યારે આ ઘડાને

લઈને અસુરોએ પાતાળમાં-નાગલોકમાં આ અમૃતકુંભ છુપાવી દીધો. ત્યારે મહાવિષ્ણુના વાહન ગરુડજીએ નાગલોકમાં જઈને ત્યાંથી આ અમૃતકુંભ પાછો મેળવ્યો. નાગલોકથી ક્ષીરસાગર જતા માર્ગમાં જ્યાં જ્યાં આ કુંભ રાખવામાં આવ્યો ત્યાં ત્યાં કુંભપર્વ સ્નાન-મેળા પ્રસિદ્ધ થયા છે.

ત્રીજી કથા કશ્યપ ઋષિનાં બે પત્નીઓ વચ્ચેના અહંકારમાંથી ઊપજેલા કલેશમાંથી ઊપજી છે. આ બંને પત્નીઓ હતી કદ્રુ અને વિનતા. કદ્રુના પુત્ર હતા નાગરાજ વાસુકિ અને વિનતાના ગરુડ.

આ બંને મહિલાઓ વચ્ચે એક દિવસ વિવાદ થયો કે સૂર્યના રથના અશ્વો શ્વેત છે કે શ્યામ ? ખરેખર તો અશ્વો શ્વેત રંગના જ હતા, પરંતુ કદ્રુના કહેવાથી અગણિત સર્પો સૂર્યરથના અશ્વોનાં અંગેઅંગ પર જઈને વીંટળાઈ વળ્યા કે અશ્વો શ્વેત દેખાય જ નહિ અને આમ વિનતાનો પરાજય થયો. શરત એ હતી કે જે પરાજય પામે તે વિજેતાની દાસી થઈને રહે. તેથી વિનતાએ કદ્રુનું દાસત્વ સ્વીકારવું પડ્યું. વિનતાને દાસત્વ બહુ જ દુઃખદાયક હતું. તેણે દાસત્વમાંથી મુક્તિ માટે પ્રાર્થના કરતાં કદ્રુએ કહ્યું કે, ‘નાગલોકમાં વાસુકિ દ્વારા અમૃતકુંભ સુરક્ષિત છે, જો કોઈ તે અમૃતકુંભ વાસુકિ પાસેથી લઈ આવે તો તમે મારા દાસત્વમાંથી મુક્ત થાઓ અને વિનતાના પુત્ર ગરુડજીએ તેમનું આ અભિયાન સફળતાપૂર્વક પાર પાડ્યું. અમૃતકુંભ ચોરાઈ ગયો છે તેવી સૂચના વાસુકિ નાગે દેવલોકના અધિષ્ઠાતા ઈન્દ્રને કરતાં, ઈન્દ્રે ગરુડને રોકવા માટે ખૂબ જ પ્રયત્ન કર્યો. વારંવાર પોતાની શક્તિનો પ્રહાર પણ કર્યો, ત્યારે નાગલોકથી ગંધમાદન સુધીની યાત્રામાં જે જે સ્થાનોએ અમૃતકુંભ છલકાયો ત્યાં ત્યાં કુંભમેળાનાં આયોજનોની ધારણા પ્રારંભ થઈ.

આ સિવાય અન્ય સ્થાનોએ ગરુડ અને વાસુકિના સ્થાને દેવ અને દાનવોના યુદ્ધની વાત છે. સમુદ્રમંથનમાંથી જ અમૃતઘટ લઈને ધન્વંતરિ પ્રગટ્યા તે સર્વમાન્ય કથાનક છે, પરંતુ કોઈ કથામાં ઈન્દ્રના સ્થાને તેમનો પુત્ર જયંત જ અમૃતઘટ લઈને ભાગે છે, અને ગરુડજી તેમની પાસેથી ઘટ પાછો મેળવ્યાની કિંવદંતી છે.

છતાં શાસ્ત્રોમાં અમૃત ઉદ્‌ભવ પછી દેવ અને દાનવો વચ્ચે અમૃતપાન સંબંધી સમાન ભગવાન મહાવિષ્ણુ જ મોહિની અવતાર લઈને દેવ તથા દાનવોને સામસામે અલગ અલગ પંક્તિમાં બેસાડીને દેવોને અમૃત તથા દાનવોને મૈરેય પાન કરાવ્યાનું વિશ્વસ્ત પ્રમાણ વાંચવા મળે છે.

ગીતાજીનો સોળમો અધ્યાય દૈવાસુર સંપત્તિ વિભાગ યોગ છે, જ્યાં સુધી ઘડાનો કળશ કે કુંભ અથવા તો ઘટનો પ્રશ્ન છે. ઘડો કે કળશ સુવર્ણ, રજત કે ઘર ઘરમાં સુલભ ત્રાંબા, પિત્તળ અથવા તો સ્ટીલના ઘડા પણ મળી શકે. અખાત્રીજના દિવસે ઘડો ભરીને અન્નદાન કરવાની પ્રથા છે. ભીમ એકાદશી કે નિર્જળા એકાદશીએ માટીનો ઘડો-ભોટવો ઠંડું જળ ભરીને દાન આપવાની પ્રથા છે. આમ સંતો, શાસ્ત્રો અને તત્ત્વચિંતકોએ આપણા શરીરને પણ ‘કાચી માટીની કાયા’, ‘કાચી માટીનો ઘડો’ એમ કહીને વર્ણવ્યું છે. આ દેહકુંભની સાર્થકતા ક્યાં ? ‘પરોપકારાર્થે ઈદમ્ શરીરમ્’. આપણા જીવનના પ્રત્યેક શ્વાસને બહુજન હિતાય સુખાય ચ માટે ઉપયોગી કરી શકાય, ત્યાં જ જીવનસાર્થક્ય !

આ સમુદ્રમંથનની કથામાં ચૌદ રત્નો નીકળ્યાં છે :

‘મળ્યાં ચૌદ રત્ન,
પ્રથમ સુરભિ કલ્યાણી
પછી રંભા છવિમતી,
ચંદ્ર શીતલ સુખકારી
ઘાતક વિષ, પ્રિય શંખ
બાજિ, ગજ, ધેનુ,
મણિપ્યારી તે પછી
પ્રગટ થઈ શોભા-સીમા !
રૂપ ભારથી ભરેલું,
ગમન હતું જેનું ધીમું !
ને હવે પ્રગટ્યા સિત-વસન વૈદ્ય,
ધન્વંતરિ જ્ઞાની કર ગ્રહી સુધાનું પાત્ર,
અર્પવા નવજીવન હો કો’ મૃતપ્રાણી.
મંથનનું ઉપકરણ, રહ્યું જ્યાંનું ત્યાં,
થયો બહુ હાહાકાર

આ અમૃતનું કરી પાન
પ્રથમ કરે કોણ જીવનસત્કાર
પર બંને દળ થયાં બહુ વિહ્વળ
પ્રથમ કરો ઉપાય આ વિષ કો'
કરે પાન હળાહળ ?
જગત હિતને કાજે, શિવે તેને કંઠે ધાર્યું.
'શ્રી' એ હરિને વરી તેમાં જ જીવનસાફલ્ય
માણ્યું પણ દૈત્યો તરફ ન કરી દૃષ્ટિ ભૂલથી
પણ કોઈએ ત્યાંય ત્યારથી જ થઈ રહ્યો છે,
જગતમાં સંઘર્ષ અને અન્યાય.'

અહીં એક વાત સ્પષ્ટ થાય છે કે શૈવ અને વિષ્ણુ પૃથક નથી. શિવ ભલે અમૃત ત્યાગીને વિષપાન કરી ગયા, પરંતુ કચ્છપ અવધાર ધરી પોતાની પીઠ ઉપર મંદરાચળ ધારણ કરાવીને સમગ્ર સમુદ્રમંથનનો વિચાર અને મંથન સમયની પ્રમુખ સમસ્યા મંદરાચળ પર્વતનું પાણીમાં ધસી જતાં, તેનો ભારવહન કરવાનું કાર્ય મહાવિષ્ણુએ જ કર્યું છે. આ જે મહાન પરિશ્રમ કર્યો માટે જ સમુદ્રમાંથી પ્રગટેલાં મહાલક્ષ્મી આજે પણ નારાયણની ચરણસેવામાં પ્રવૃત્ત છે.



આ કથા બે પ્રમુખ વાત સ્પષ્ટ કરે છે : (૧) શિવ અને વિષ્ણુ વચ્ચે ભેદ જાણવો નહિ. શિવ જ પ્રથમ વૈષ્ણવ છે. શિવ રાભક્ત છે. શ્રીકૃષ્ણનાં દર્શન માટે લાલાયિત છે. શિવનો સત્કાર વિષ્ણુનો સત્કાર છે.

(૨) શિવની ભક્તિ કરો કે વિષ્ણુ, રામ કે કૃષ્ણની ભક્તિ કરો, પરંતુ આપણાં જીવન સેવા અને પરોપકારથી ભર્યાં ભર્યાં હોય તો જ આ ભક્તિનું સાર્થક્ય !

આ કથાઓ દ્વારા આપણે દ્વન્દ્વાત્મક સંઘર્ષો પછી અંતતોગત્વા હરિહરાત્મક ઐક્યનું જ દર્શન કરીએ છીએ.

શ્રુતિ 'મૃત્યોર્મા અમૃતં ગમય' મૃત્યુમાંથી અમૃતભણી 'મહામૃત્યુમાંથી અમૃત સમીપે' વૈદિક સૂક્તિનું પ્રતિપાદન કરે છે. મૃત્યુમાંથી અમરતા પ્રતિ અગ્રસર થવાની પ્રેરણા આપે છે. આપણાં જીવન ઉદારી, ખિન્નતા, હારી જવા માટે નથી. સંઘર્ષ એટલે જ જીવન અને સ્થગિતતા એટલે મૃત્યુ ! અમૃતમય જીવનની પ્રાપ્તિ માટે જીવનસંઘર્ષ-સમુદ્રમંથન- તો કરવું જ પડશે. આપણી અંદર, આપણી વૃત્તિઓમાં, સંસ્કારોમાં દૈવી ગુણો પણ છે અને પાશવી ગુણો પણ છે. આ ગુણો વચ્ચે આપણી વૃત્તિઓ વચ્ચે સદા સંઘર્ષ ચાલ્યા જ કરે છે ત્યારે ઉપનિષદના કથન પ્રમાણે 'શ્રેયશ્ચ પ્રેયશ્ચ' - શ્રેય અને પ્રેયનો નિર્ણય આપણે જ કરવાનો રહેશે. શ્રેય એટલે આપણા જ જીવનનું કલ્યાણ, ઈતર જીવનોનું કલ્યાણ, 'આત્માનો મોક્ષાર્થ' જગતહિતાય ચ. જગતના હિતમાં આત્માનો મોક્ષ. આ દૈવી ગુણ છે, જે અમૃત ભણી લઈ જાય છે, જ્યારે 'પ્રેય' એટલે પ્રિય. ઐન્દ્રિયજન્ય ઉપભોગો એટલે પ્રિય. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચેય તન્માત્રાઓના કૂંડાળામાં ભ્રમણશીલ રહેવું અને જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિના આવર્તનમાં વીંટળાયા કરવું. પછી પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનં' ફરીથી જન્મ, ફરીથી મૃત્યુ, આ 'પ્રિય'નાં પરિણામો છે.

માટે કુંભપર્વે આપણા 'દેહકુંભ'નું જીવનસાર્થક્ય ક્યાં ? કેમ ? વિચારવા, આચરવા અને પછી તે પ્રમાણે જ જીવનયાપન કરી, પરોપકાર, સેવા, 'ઉપાસના, આરાધના અને સાધના'ની ત્રિવેણીનું અવગાહન કુંભપર્વ વસ્તુતઃ સાર્થક કરી શકે.

**કુંભ શા માટે અને ક્યારે ?**

આ દેહાકાર ઘટમાં જ આત્માનું અમૃત છે. વેદ આપણને 'અમૃતસ્ય પુત્રાં !' કહીને સંબોધન કરે છે.

માટે કુંભપર્વ આ 'આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિંચિત્ અપિ ચિંતયેત્' મનને આત્મા સાથે અનુસંધાન કરો અને બીજો કોઈ વિચાર ન કરો-ની મહત્ પ્રેરણા આપે છે. કુંભમાં આગમન કરનાર પવિત્ર સંતો જ શિવપદ-વિષ્ણુપદ રૂપ આત્મીય આનંદના અમૃતનું પાન કરાવી શકે, માટે જ વૈદિક મંત્ર છે :

ઈયં કલ્યાણ્ય જરા મત્યેસ્યામૃત ગૃહે ।
યસ્મૈ કૃતશયે સ યશ્ચકાર જજારસઃ ॥

અર્થાત્ આ કલ્યાણી, અજરા તથા અમૃતરૂપી આત્મા મરણશીલ મનુષ્યના માટીનિર્મિત ઘરમાં નિવસિત છે, પરંતુ વિડંબના છે કે આ અમૃતને ધારણ કરવાવાળો જીવ તેને ઓળખતો નથી. સદ્ગુરુ, મનીષી, વિચારક અને મહાપુરુષ ઉદ્ધાર કરનારા સંતો તો જંગમતીર્થો છે. તેમની કૃપા-આશીર્વાદ-નું વરદાન મળે તો જીવાત્મા આ અમૃતનો સાક્ષાત્કાર પામી અમૃતપાન કરી અમર બની શકે.

આત્માનો સાક્ષાત્કાર અંતઃકરણની શુદ્ધિથી થાય છે તેના માટે બહિરંગ પવિત્રતા અને અંતઃકરણની શુદ્ધિ-બંનેની આવશ્યકતા છે. 'દ્વે વિદ્યે વેદિતવ્યે પરાશ્ચૈવ અપરા ચ' ઇહલોક અને પરલોક બંનેની વિદ્યાનું સંપાદન કરવું જોઈએ. ગંગા, યમુના, ક્ષિપ્રા તથા ગોદાવરીને પુરાણોમાં અન્ય પવિત્ર નદીઓમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે, માટે આધ્યાત્મિક ઉત્કર્ષ ઈચ્છનાર મુમુક્ષુએ આ નદીઓના તટે નિવસિત સંતો, મહંતો, જ્ઞાનીઓ કે સિદ્ધો પાસે બેસીને વેદ, ઉપનિષદ, વેદાંતશાસ્ત્રનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું જોઈએ. વૈદિક શાસ્ત્રોમાં પણ પવિત્ર નદીઓ અને જળાશયોના સ્નાનને પાખંડ કે બાહ્યાચરણ ન માનવું જોઈએ; અને લોકોની શ્રદ્ધા તથા વિશ્વાસોનું ખંડન-મંડન પણ ન જ કરવું જોઈએ.

તૈત્તિરીય સંહિતા (૬/૧/૧/૧૨)માં આદેશ આપવામાં આવ્યો છે કે યજમાન તીર્થોમાં સ્નાન અવશ્ય કરે.

'અપ્સુ સ્નાતિ સાક્ષાદેવ દીક્ષાતપસી અવરુન્ધે તીર્થે સ્નાતિ ।' નારદપુરાણ (૬૩/૬૯-૭૦)માં હરિદ્વાર, પ્રયાગ તથા ગંગાસાગરમાં સ્નાનનું વિશેષ મહત્ત્વ ગણાવ્યું છે.

'હરિદ્વારે, પ્રયાગે ચ ગંગાસાગર સંગમે,
સ્નાત્યૈવ બ્રહ્મણો, વિષ્ણોઃ શિવસ્ય ચ પુરે વ્રજેત્ ।'

કુંભપર્વ તથા અમૃતઘટ છલકવાની કથા વિષ્ણુયાગ ગ્રંથમાં પ્રાપ્ત કલશોત્પત્તિ પ્રસંગમાં આપવામાં આવી છે. અમૃતકુંભ જે સ્થાનેથી સમુદ્રમંથનમાં મળ્યો તે સ્થાન હિમાલયની પાછળ ઉત્તરમાં દર્શાવવામાં આવ્યું છે, અર્થાત્ ત્યારે ત્યાં સમુદ્ર હોવો જ જોઈએ.

*અથાતઃ સમ્પ્રવક્ષ્યામિ કલસોત્પત્તિમુત્તમામ્;*
*ઉત્તરે હિમવત્પાર્શ્વે ક્ષીરોહો નામ સાગરઃ ।*
*મથ્યમાને તદા તસ્મિન્ ક્ષીરોદે સાગરોત્તમે,*
*કલશશ્ચ સમુદ્રભૂતો ધન્વંતરિ કરોલ્લસન્ ॥*

આ અમૃતકળશને લઈને ઇન્દ્રપુત્ર જયંત ભાગ્યા, તેમની પાછળ દૈત્યો ગયા, આ વિવાદમાં જ્યાં અમૃતઘટ છલકાયો ત્યાં ત્યાં કુંભપર્વ થાય છે.

*'વિવાદે કાશ્યપેયાનાં યત્ર યત્રાવનિસ્થલે,*
*કલસો ન્યપતત્તત્રં, કુંભપર્વ તદોચ્યતે ।'*

કારણ કે ચંદ્રમાએ તે ઘટ ટપકે નહિ અને સૂર્યે તે ઘટ ફૂટે નહિ તથા બૃહસ્પતિએ તે ઘટને દૈત્યોના હાથમાં જતાં રોક્યો તેથી આ ત્રણેય ગ્રહોનો જયારે જ્યારે યોગ થાય છે ત્યારે ત્યારે કુંભપર્વ થાય છે.

*'સૂર્યેન્દુગુરુ સંયોગસ્તદ્રાશૌ યત્ર વત્સ રે ।*
*સુધાકુંભપ્લવે ભૂમૌ કુંભો ભવતિનાડ્યથા ॥'*

આ સંઘર્ષ ૧૨ દિવસ ચાલ્યો હતો, દેવતાઓના બાર દિવસ તે આ આપણા મર્ત્યલોકનાં બાર વર્ષ થાય છે માટે કુંભપર્વ દર બાર વર્ષે આવે છે.

*'દેવાનાં દ્વાદશાહોભિર્મર્ત્યૈ દ્વાદશવત્સરૈઃ ।*
*જાયતે કુંભપર્વાણિ તથા દ્વાદશ સંખ્યયા ॥'*

આ કુંભપર્વ આચાર્ય શંકર દ્વારા પ્રવર્તિત કરવામાં આવ્યું. તેનો ઉલ્લેખ કુશેશ્વર શર્માપ્રણીત ધર્મશાસ્ત્રીય ગ્રંથપર્વના નિર્ણયગ્રંથમાં મળે છે.

*'ગંગાદ્વારે પ્રયાગે ચ, ધારા ગોદાવરી તટે ।*
*કલાશાખ્યો હિ યોગાડ્યં પ્રોચ્યતે શંકરાદિભિઃ ॥'*

હરિદ્વારમાં સૂર્ય જ્યારે મેષ રાશિમાં તથા બૃહસ્પતિ કુંભ રાશિમાં હોય છે ત્યારે ત્યારે કુંભનો યોગ થાય છે.

*'પદ્મિની નાયકો મેષે કુંભરાશિ ગતો ગુરુઃ ।*
*ગંગાદ્વારે ભવેદ્ યોગઃ કુંભનામ તદોત્તમઃ ॥*

આ જ ગ્રંથમાં પ્રયાગના કુંભ માટે મકર રાશિમાં સૂર્યચંદ્ર તથા વૃષભના બૃહસ્પતિનું હોવું આવશ્યક માનવામાં આવ્યું છે. ઉજ્જૈનને માટે મેષ રાશિમાં સૂર્ય તથા સિંહ રાશિમાં બૃહસ્પતિનું હોવું આવશ્યક માનવામાં આવ્યું છે. નાસિકને માટે કર્ક રાશિમાં ગુરુ, સૂર્ય અને ચંદ્રનો યોગ અમાવસ્યાનો હોય તો કુંભ માનવામાં આવે છે. એક મતાનુસાર નાસિકમાં બૃહસ્પતિ સિંહસ્થ હોય તથા સૂર્ય ચંદ્ર પણ સિંહસ્થ હોવા જરૂરી છે.

*'મકરે ચ દિવાનાથે હયજગે ચ બૃહસ્પતૌ;*
*કુંભયોગો ભવેત્તત્ર પ્રયાગે હયતિ દુર્લભઃ ।*
*ઘટે સૂરિઃ શશિ સૂર્યઃ કુહ્યા દામોદરેયહા;*
*ધારાયાં ચ તદા કુંભો જાયતે ખલુ મુક્તિદઃ ।*
*કર્કે ગુરુસ્તથા ભાનુશ્ચંદ્રસ્યંદ્રક્ષયસ્તથ ।*
*ગોદાવર્યાં તદા કુંભો જાયતેઽવાનિ મંડલે ।*

થોડા લોકોએ આ શ્લોકોને સ્કન્ધપુરાણ તથા બ્રહ્મવૈવર્ત પુરાણથી ઉદ્દ્ધૃત કર્યો છે, પરંતુ તે કેટલું પ્રમાણિત છે તે સંશોધનનો વિષય છે. અહીં આ શ્લોકો આપણે પર્વનિર્ણય ગ્રંથમાંથી સાભાર સૌજન્ય સાથે સ્વીકૃત કર્યા છે. તેના ગ્રંથકારનું દેહાવસાન ૧૯૪૩ માં થયું હતું.



જ્યોતિષ પક્ષીય દૃષ્ટિથી પણ ગ્રહોના ઉપરોક્ત યોગોમાં ગંગા, યમુના, સરસ્વતી, શિપ્રા તથા ગોદાવરીમાં સ્નાનનું પરોક્ષ પુણ્ય વર્ણવેલું જ છે, પરંતુ તેનું વૈજ્ઞાનિક અધ્યયન કરવામાં આવ્યું નથી.

ઈતિહાસકારોએ હર્ષવર્ધનના પ્રયાગસ્નાન તથા દાનને કુંભપર્વ સાથે સાંકળ્યાં છે. નાદરપુરાણના રચનાકાળ સુધી પ્રયાગમાં આ કુંભયોગની ચર્ચા હતી જ નહિ. ત્યાં માત્ર મકરરાશિ ગત સૂર્યયોગમાં જ સ્નાન કરવાની તથા કલ્પવાસ કરવાની પરંપરા હતી અને તેના ઉલ્લેખો પણ છે.

*'સ્નાતા હિ યે ભાસ્કર ભાસ્કરોદયે,*
*તીર્થે પ્રયાગે સુરસિન્ધુસંગમે ।*
*તેષાં ગૃહદ્વારમલં કરોતિ,*
*ભૃંગાવલી કુંજર કર્ણતાડિતા (૬૩/૪૦)'*

જોકે આ પણ સંશોધનનો જ વિષય છે, છતાં અનેક ગ્રંથોના અધ્યયન પછી પ્રથમ કુંભનો આરંભ હરિદ્વારમાં જ થયો હશે, તેવું માનવું જરૂરી થઈ પડે છે.

*'યોઽસ્મિન્ક્ષેત્રે નરઃ*
*સ્નાયાત્કુંભગેજ્યેઽજગેરવૌ ।*
*સ તુસ્યાદ્વયાકપતિઃ સાક્ષાત્પ્રભાકર*
*ઈવાપ્રરઃ । (૬૬/૪૪-૪૫)'*

અર્થાત્ આ ક્ષેત્ર (હરિદ્વાર)માં બૃહસ્પતિ જ્યારે કુંભ રાશિમાં અને સૂર્ય જ્યારે મેષ રાશિમાં હોય ત્યારે જે ગંગાસ્નાન કરે છે તે સૂર્યસમાન તેજપુંજની પ્રાપ્તિ કરે છે. આ સંદર્ભ અનુસાર કુંભપર્વ અને બૃહસ્પતિ તથા સૂર્યનો યોગ આવશ્યક જ છે. જો કોઈ અન્ય યોગમાં પ્રયાગ, ઉજ્જૈન કે નાસિકમાં સ્નાનની પરંપરા હોત તો નારદપુરાણમાં તેનો ઉલ્લેખ હોવો જોઈતો હતો, જે નથી. અર્થાત્ હરિદ્વાર કુંભપર્વ 'પાયોનિયર' પ્રારંભનું મહત્ પર્વસ્થળ છે, કે જ્યાંથી કુંભસ્નાન પ્રારંભ થયો. આ વસ્તુવિષય કે જેમાં બૃહસ્પતિ કુંભ રાશિમાં હોય તેથી તે પર્વને કુંભ કહેવામાં આવ્યાનો ઉલ્લેખ પર્વનિર્ણયમાં છે.

*'કુંભ રાશિ ગતે જીવે યહિદને મેષગે રવૌ;*
*હરિદ્વારે કૃતં સ્નાનં પુનરાવૃત્તિ વર્જનમ્ ।*
*લોકેકુંભૉમિતિ ખ્યાતં જાનીયાત્ સર્વ તો નરૈ;*
*ગંગાયો સ્નાનમાહાત્મ્યં નાલેં કૃતું ચતુર્મુખઃ ॥'*

માટે ભ્રાન્તિપૂર્ણ ધારણાઓનું ખંડન થવું જ જોઈએ. પહેલાં તો પ્રયાગમાં મકર સંક્રાંતિનો મેળો જ અને કલ્પવાસ જ થતો હતો; કાળે આ મેળાએ જ પ્રયાગમાં કુંભમેળાનું સ્વરૂપ ધારણ કર્યું. બાકી કુંભ પહેલાં હરિદ્વારમાં જ આયોજિત થતો હતો, તે સંબંદી તુલસીદાસજીએ પણ પ્રયાગના મકરસંક્રાંતિ પર્વની ચર્ચા કરી છે. અહીં આ ચર્ચામાં કુંભનો ઉલ્લેખ નતી.

*'માધમકર ગત રવિ જબ હોઈ,*
*તીરથ પતિહિ આવ અબ કોઈ ।*
*દેવદનુજ કિન્નર નર શ્રેની,*
*સાદર મજ્જહિં સકલ ગિવેની ॥'*

કુંભની વૈદિક અવધારણા - કલ્પના આચાર્ય શંકરે અથર્વવેદના માધ્યમે કરી.

ચતુરઃ કુંભચતુર્ધા દદામિ;
ક્ષીરેણ પૂર્ણા ઉદકેન દધ્ના ।
એતસ્ત્વા ધારા ઉપયન્તુ સર્વાઃ,
સ્વર્ગે લોકે મધુમત્પિન્વમના,
ઉપત્વા તિષ્ઠન્તુ પુષ્કરિણીઃ સમન્તાઃ ॥ (૪/૩૪/૭)

અર્થાત્ કુંભ ચાર છે. ક્રમશઃ દૂધ, જળ, દહીં અને મધથી ભરેલા છે. આ ચાર ઘડાને ચાર પ્રકારે હું તમને પ્રદાન કરું છું. તમને આ તમામ ધારાઓ પ્રાપ્ત થાઓ. સ્વર્ગલોકમાં મધુરરસને અર્પનારી સર્વે નદીઓ તમારું બહુવિધ માંગલ્ય કરો.

આચાર્ય શંકરે આ ચાર ઘટને ચાર વેદ, ચાર વર્ણ, ચાર દિશા તથા ચાર આશ્રમ (ચાર વેદ - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, ચાર વર્ણ - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂજ. ૧. બ્રાહ્મણ એટલે જે ભણે અને ભણાવે તે અર્થાત્ બધા જ શિક્ષકો અને વિદ્યાર્થીઓ. ૨. ક્ષત્રિય એટલે જે રક્ષા કરે તે અર્થાત્ નેવી, આર્મી, એરફોર્સ, પોલીસ, હોમગાર્ડ વગેરે સંરક્ષકો. ૩. વૈશ્ય અર્થાત્ જે વ્યાપાર કરે તે અર્થાત્ બધી જ પ્રકારના વ્યાપારી. ૪. શૂદ્ર, જે સેવા કરે તે - અર્થાત્ ઓફિસના પટાવાળા, સફાઈ કામદારો, સુથાર, લોહાર, કુંભાર, કડિયાકામ કરનારા કે રસોઈયા, માળી, દરજી વગેરે. ચારેય વર્ણની વ્યવહારમાં એક જ સરખી આવશ્યકતા છે. ભોજન બનાવનારની જેટલી આવશ્યકતા છે, તેટલી જ કપડાં સીવવાવાળા કે જોડા બનાવનારની પણ આવશ્યકતા છે, પરંતુ આ જ કામનું જે શિક્ષણ આપે તે બ્રાહ્મણ, અને તેને વેચે, તેનો વ્યાપારી તે વૈશ્ય અને તેને કોઈ લૂંટી ન જાય માટે શો-રૂમમાં સિક્યુરિટી હોય તે ક્ષત્રિય અને તેને બનાવનારો શૂદ્ર, માટે જાતિ અને વર્ણમાટે કદી માનસિક સંતાપ કરવો નહિ. ભોજન ખાવા માટે મોઢાંની, દાંતની જેટલી આવશ્યકતા છે, તેટલી પાચનક્રિયા પછીના મળનો ત્યાગ કરવા માટે તે સિસ્ટમની પણ એટલી જ મહત્તા છે. કપડું કાપવા માટે કાતર જોઈએ તે સીવવા માટે સોઈની આવશ્યકતાને કદી નકારી શકાય નહિ.)

ચાર દિશા - પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ અને ચાર આશ્રમ એટલે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. આજે પણ પૂજા તથા અનુષ્ઠાનોમાં બ્રાહ્મણો કળશની સ્થાપના કરે ત્યારે કળશની ચોપાસ કળશ ઉપર કુમકુમ તિલક કરતી વખતે ચારેય વેદોને પ્રણતિ પ્રદાન કરે જ છે.

'ઋગ્વેદોય યજુર્વેદઃ સામવેદોહયથર્વણઃ ।
અંગૈશ્ય સહિતાઃ સર્વે કલશન્તુ સમાશ્રિતાઃ ॥'

અહીં ઋગ્વેદ દૂધ, યજુર્વેદ જળ, સામવેદ દહીં તથા અથર્વવેદ મધનું પ્રતીક છે. આ ચારેય પદાર્થોનું મિશ્રણ સ્વાસ્થ્ય પ્રદાયક છે. તેમાં જ ઘી પણ ભેળવવામાં આવે તેને આપણે પંચામૃત કહીએ છીએ.

યોગની દૃષ્ટિએ ચાર કુંભ ચાર પ્રકારની સમાધિની ભૂમિકાઓનાં પ્રતીક છે : (૧) મધુમતી (૨) મધુપ્રતીકા (૩) વિશોકા તથા (૪) સંસ્કારશેષા. વૈશેષિક દર્શનની દૃષ્ટિથી એને ક્રમશઃ ધર્મ, તત્ત્વજ્ઞાન, અભ્યુદય તથા નિઃશ્રેયનું પ્રતીક પણ ગણાવી શકાય. સાંખ્યદર્શન અનુસાર ચાર કુંભ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ઐશ્વર્યમાં માન્યતા પામી શકે. મીમાંસાની દૃષ્ટિએ (૧) હોતા, (૨) અધ્વર્યુ, (૩) ઉદ્ગાતા (૪) બ્રહ્મા. આ ચારેય ઋત્વિજો થયા તથા વેદાંતની દૃષ્ટિએ ચાર શુભ મહાવાક્યોના પરિચાયક આ ચાર કુંભ કહેવાય (૧) પ્રજ્ઞાન બ્રહ્મ (ઋગ્વેદ) (૨) અહં બ્રહ્માસ્મિ (યજુર્વેદ), (૩) તત્ત્વમસિ (સામવેદ) તથા (૪) અયમાત્મા બ્રહ્મ (અથર્વવેદ).

શંકરાચાર્યે ભારતમાં ચાર મઠોની સ્થાપના કરી અને સનાતન વૈદિક ધર્માનુયાયીઓને એકસૂત્રે બાંધ્યા,

કુંભપર્વમાં જળમાં સ્નાનના મહત્ત્વનું ગૌરવ વધાર્યું, જે સ્વાસ્થ્યપૂરક અને આરોગ્ય તથા આયુષ્યવર્ધક છે. વેદોમાં જળ અને સ્નાનની મહત્તા પ્રદર્શક અનેક મંત્રો છે. બૃહસ્પતિ, સૂર્ય તથા ચંદ્રનો યોગ પણ શાસ્ત્રીય પક્ષને મજબૂત કરે છે તથા મહત્ત્વપૂર્ણ છે. યોગનો યજ્ઞ બાહ્ય સાધનો અને ઉપકરણોથી નથી થતો, યોગી લોકોનો યજ્ઞ તો તેમની યોગસાધના જ છે. બ્રહ્માગ્નિમાં વાસનાઓનો હોમ કરવો તે યોગીઓનો યજ્ઞ છે. ઇન્દ્રિયોનો સ્વામી મન છે, મનનો અધિષ્ઠાતાદેવતા ચંદ્ર છે. ચંદ્રમાને મનને પ્રાણાયામની આહુતિ આપવાથી જે જ્ઞાનરૂપી અગ્નિ પ્રકટે છે, જેમાં પ્રાણરૂપ ઘૃતાહુતિ (બૃહસ્પતિ) આપવાથી સાધક પ્રાણાયામના અભ્યાસથી સ્વયં યોગાગ્નિમાં પ્રવેશ કરી સ્વાહા થઈ જાય છે. દક્ષ-યજ્ઞમાં ભગવતી સતીએ પણ સ્વયંને યોગાગ્નિમાં દગ્ધ કર્યાં હતાં માટે જ ગીતામાં કહ્યું છે-

*'સર્વાણીન્દ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે*
*આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ।* (ગીતા : ૪:૨૭)

વૈદિક દૃષ્ટિથી જોઈએ તો ચંદ્રમા (મન), સૂર્ય (આત્મા) અને બૃહસ્પતિ (બુદ્ધિ)ના ઐક્યથી જ પરમ શાંતિ પામી શકાય. શ્રુતિ પણ આ વાતની સાક્ષી પૂરતાં કહે છે કે,

*'આત્મસંસ્થં મનઃકૃત્વા નકિંચિત્ અપિ ચિન્તયેત્'*

આત્મામાં મનને સ્થાપિત કરો અને બીજો કોઈ પણ વિચાર ન કરો. અહીં પણ આત્મા, મન અને બુદ્ધિની યુતિ કરવામાં આવી છે. ઇન્દ્રિયો સહિત મનનો બુદ્ધિમાં લય કરવો પછી બુદ્ધિનું અવસ્થાન આત્મામાં કરવું. આમ કરવાથી દેહકુંભમાં સ્થિત અમૃતઘટની પવિત્રતાની અનુભૂતિ થશે. મુમુક્ષુ પરમ શાંતિને પ્રાપ્ત કરશે.

સંતો કુંભનું તાત્પર્ય કુંભક પ્રાણાયામથી પણ કરે છે. 'પ્રાણાયામથી પણ કરે છે. 'પ્રાણાયામેન કિલ્બીષામ્'. પ્રાણાયામથી જ માનસિક વિકારોનો નાશ થાય છે. કુંભક પ્રાણાયામમાં પ્રાણને સ્થિર કરવામાં આવે છે. પ્રાણ અને અપાન સમાન અવસ્થામાં આવે છે. પ્રાણ અને અપાન સમાન અવસ્થામાં આવવાથી મણિપુર(ચક્ર) નાભિ (સોલાર પ્લેક્સીસ)માં જાગૃતિ ઉત્પન્ન થાય છે. પ્રાણને સૂર્ય અને અપાનને ચંદ્ર કહેવામાં આવે છે. સૂર્યને 'હઁ' અક્ષર અને ચંદ્રને 'સ' અક્ષર વડે ઓળખવામાં આળે છે. આ 'હઁસ' એટલે જ આત્મા. સંન્યાસીઓના અનેક ગુપ્ત મંત્રો છે, જેમાંનો એક પ્રમુખ મંત્ર 'સોઽહં હઁસ' તેથી તે જ હું હંસ આત્મા 'અહં બ્રહ્માસ્મિ'નો ભાવ અહીં સાર્થક થાય છે. સિદ્ધ સાધક બૃહસ્પતિ કે ગુરુ કહેવાય છે, જ્યારે પ્રાણ અને અપાન પર સાધક સિદ્ધિ મેળવે માટે તેને પરમહંસ કહેવાય છે. કુંભ ખરેખર તો પરમહંસ યોગીઓ માટે જ છે. તેથી જ શતાબ્દીઓથી કુંભમાં સંતો, સંન્યાસીઓ, વૈરાગીઓ એકત્ર થાય છે અને તેમનાં દર્શને સાધારણ જનસમૂહ આવે છે. આમ લાખો કરોડો ભક્તો, મુમુક્ષુઓ 'સાધુનાં દર્શનમ્ પુણ્યમ્'નો લાભ લઈ કૃતકૃત્યતાની પ્રાપ્તિ કરે છે.

### સાધુ સમાજના સંગઠનકર્તા : કુંભમેળાના પ્રમુખ આદિ પ્રવર્તક ભગવાન ભાષ્યકાર આદિ શંકરાચાર્ય : પ્રાકટ્ય અને બાલ્યકાળ

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, 'આ સોળ વર્ષના બાળકે લખેલાં શાસ્ત્રોથી આધુનિક સભ્ય જગત વિસ્મિત થયું છે.' આધુનિક સભ્ય સમાજ વિજ્ઞાન અને વ્યવહારનું મિલન છે, જ્યારે આચાર્ય શંકર વેદાંત, વ્યવહાર અને વિજ્ઞાનનો સંગમ છે.

જ્યારે ભારતવર્ષ વિશેષ કરીને સનાતન મતાવલંબી હિન્દુ ધર્મ વિકૃત બૌદ્ધ ધર્મના દબાવમાં બલહીન, વિધ્વસ્ત અને વિચ્છિન્ન થઈ ગયો હતો ત્યારે આચાર્ય શંકરનું પ્રાકટ્ય થયું હતું. તેમનું જીવન અદ્વૈત, વિશિષ્ઠાદ્વૈત, દ્વૈતવાદનો પ્રયાગ હતું. ભારતના સર્વે પ્રમુખ ધર્મો કે મતમતાંતરોને આચાર્ય શંકરની રચનાઓમાંથી જ પ્રેરણા મળેલી છે. સનાતન ધર્મની વિશાલ, વિપુલ વિશ્વવ્યાપી મહાનતાના આચાર્ય શંકર ઉજ્જ્વળ પ્રતિનિધિ હતા.

આચાર્ય શંકરનું પ્રબુદ્ધ જીવન સાર્વભૌમિક સનાતન વૈદિક ધર્મના દિગ્દર્શનકારી આલોકસ્તંભ સમાન છે.

તેમનો પ્રાદુર્ભાવ દક્ષિણ ભારતના કાલડી ગામમાં થયો. તેમનાં માતા વિશિષ્ઠાદેવી અને પિતા શિવગુરુનું દામ્પત્યજીવન બહુ મોટી વયે થયેલું (આજે પણ

કેરળમાં યુવક-યુવતીઓ બહુ જ મોટી ઉંમરે પરણતાં હોય છે. કેરળમાં અધ્યયન ને અધ્યાપન ત્યારે અને આજે પણ શતપ્રતિશત રહ્યું છે. તેથી આચાર્ય શંકરનું પ્રાકટ્ય ભગવાન ચંદ્રમૌલીશ્વરની વિશેષ કૃપા વડે જ સંભવ થયેલું. શિવગુરુ નામ્બુદ્રિ બ્રાહ્મણ હતા. (આ નામ્બુદ્રિ ખરેખર નામપુદ્રિ અથવા નામપુરી શબ્દ છે. મલયાલમ ભાષામાં 'નામમ્' એટલે વિશ્વાસ અને 'પુરી' એટલે પૂર્ણત્વ, જે બ્રાહ્મણ ઈશ્વર, શાસ્ત્રોમાં સંપૂર્ણ શ્રદ્ધા તથા વિશ્વાસ ધરાવે તે નામપુરી, નામપુદ્રિ અથવા વર્તમાનમાં આપણે કહીએ તેવા નામ્બુદ્રિ બ્રાહ્મણો કહેવાય.) શિવગુરુએ શિવારાધના કર્યા પછી કહેવાય છે કે ભગવાન આશુતોષે પ્રત્યક્ષ પ્રગટ થઈને પૂછ્યું હતું કે, 'તને પુત્ર સર્વજ્ઞ જોઈએ કે દીર્ઘાયુ.' શિવગુરુએ સર્વજ્ઞ પુત્ર માટે પ્રાર્થના કરતાં, ઈશ્વરે વરદાન આપેલું કે, 'હું તમારે ત્યાં પુત્રરૂપે અવતરીશ, અને મારું આયુષ્ય સોળ વર્ષ સુધીનું જ હશે.'



આચાર્ય શંકરનો પ્રાકટ્યકાળ વૈશાખ શુકલતૃતીયા ઈ.સ.૬૮૬નો ગણવામાં આવે છે. અનેક વિદ્વાનો આચાર્ય શંકરનો પ્રાદુર્ભાવ વૈશાખ શુકલ પંચમી અને ઈ.સ. ૭૮૮ પણ ગણાવે છે. શંકરકૃપાથી પ્રાપ્ત બાળકનું નામકરણ શંકર જ કરવામાં આવેલું. બાલ્યાવસ્થાથી શંકર શાંત પ્રકૃતિના, ધીર તથા તીક્ષ્ણ બુદ્ધિના હતા. યુવાવસ્થામાં પ્રવેશ થતાંની સાથે તેમણે અસાધારણ પ્રતિભા અને અદ્વિતીય મેધા પ્રાપ્ત કરી હતી. તેમને લોકો શ્રુતિધર કહેતા. એક વખત જે કંઈ સાંભળે કે વાંચે બધું જ તેમના સ્મૃતિપટ પર અંકિત થઈ જતું. પાંચ વર્ષની ઉંમરમાં તેમના પિતાએ શંકરના ઉપનયન સંસ્કાર માટે સંકલ્પ કર્યો, પરંતુ વિધાતાને તે મંજૂર નહોતું અને આકસ્મિક શિવગુરુ શિવપદને પામી ગયા. નિરાધાર માતા બાળક શંકરને લઈને પોતાના-સ્વપિતૃગૃહે આવીને વસ્યાં. ત્યાં શંકરનું ઉપનયન અને ગુરુગૃહે વિદ્યાભ્યાસ પણ થયો.

**સ્વર્ણ વર્ષા**

તે સમયે બ્રહ્મચારી વિદ્યાર્થીઓ ગુરુકુળમાં રહેતા. ઘરે ઘરે જઈને ભિક્ષા માગી લાવતા અને ગુરુપત્ની તેમાંથી વિદ્યાર્થીઓનું ભરણપોષણ કરતા. એક દિવસ બાળક શંકર એક ઘરે ભિક્ષાર્થે ગયા. ગૃહમાલિક વૈધવ્યપ્રાપ્ત બ્રાહ્મણી હતી. અડધું પહેરેલું વસ્ત્ર દારિદ્રનું દર્શન કરાવતું હતું. તેની પાસે બાળ શંકરને ભિક્ષાર્થે આપવા કંઈ જ નહોતું, પરંતુ અતિથિને આંગણેથી પાછો કેમ મોકલાય ? તેથી એકમાત્ર સૂકાઈ ગયેલું આમળું શંકરના ભિક્ષાપાત્રમાં પડ્યું. તે માતાની દરિદ્ર અવસ્થાથી વિહ્વળ થઈને શંકરે ભગવતી લક્ષ્મીની આરાધનામાં એક સ્તોત્ર રચી નાખ્યું અને કહેવાય છે કે તે દરિદ્ર બ્રાહ્મણીના આંગણામાં સોનાનાં આંબળાંની વૃષ્ટિ થઈ હતી. આ સ્તોત્ર કનકધારો સ્તોત્ર કહેવાય છે.

ગુરુગૃહે શંકરે લાંબા સમય સુધી રહેવું ન પડ્યું. માત્ર બે વર્ષના ગાળામાં જ બાળ શંકરે ન્યાય, સાંખ્ય, મીમાંસા, પાતંજલ, આદિદર્શનશાસ્ત્ર, સૌત્રાન્તિક, યોગાચાર, માધ્યમિક અને વૈભાષિક ઉપરાંત બૌદ્ધદર્શન, જૈનદર્શન, ચાર્વાકદર્શન તથા ઈતિહાસ, પુરાણ, સ્મૃતિશાસ્ત્રોમાં પણ પાંડિત્ય પ્રાપ્ત કરી લીધું. સાયન યાદવાચાર્યે તો તેમના ગ્રંથમાં લખ્યું છે કે મોટાભાગના ગ્રંથો તો તેમણે સ્વયંએ જ તેનાં રહસ્ય, તેની વિદ્યા જાણી અને આત્મસ્થ કરી લીધેલાં; ત્યાં ગુરુદેવની કોઈ

સહાયતા હોય તો કૃપાદૃષ્ટિ અને આશીર્વાદ જ તેમની મદદે હતા.

ત્યાર પછી વિધવા માતાની સેવામાં જ શંકર રહેતા અને ઘરે બેસીને જ અધ્યયન-અધ્યાપન કરતા અને કરાવતા, પરંતુ તેમના આ બાળજીવનની શ્રેષ્ઠ ઉપાસના કે સાધના તેમની માતૃસેવા જ હતી. સાત વર્ષની તેમની આયુમાં તો તેમની જ્ઞાનપ્રતિભાનો ડંકો સર્વત્ર ગાજી ગયો હતો.

**નદીએ વહેણ બદલ્યું**

શંકરનાં માતા વૃદ્ધ થયાં હતાં, પરંતુ પ્રતિદિન આલવાઈ નદીમાં સ્નાન કરવા જતાં હતાં. (આચાર્ય માધવ દ્વારા લિખિત શંકર જીવન-ગ્રંથોમાં આલવાઈને પૂર્ણા નદના નામથી પણ વર્ણવવામાં આવી છે. આલવાઈ નગર એર્નાકુલમથી ૧૧ કિ.મી. અને ત્રિચુરથી ૫૫ કિ.મી. તથા કાલડીથી ૬૦ માઈલ છે. ત્યાંથી આ પૂર્ણા નદી



આવે છે, તેથી તે આલવાઈ નદીના નામે પણ ઓળખાય છે.) નદી શંકરના ઘરથી દૂર હતી. તડકામાં એક દિવસ વૃદ્ધ માતા બેહોશ થઈને પડી જતાં શંકરને માતાની ખૂબ જ ચિંતા થઈ હતી. પાછળથી શોધખોળ કરતાં બેહોશ માતાને લોકોની મદદથી ઊંચકીને ઘરે લઈ આવ્યા હતા, પરંતુ શંકર દુ:ખી હતા. તેમણે નદીને પ્રાર્થના કરી અને કહેવાય છે કે રાત્રે ખૂબ જોરદાર વરસાદ થતાં નદીએ તેનું વહેણ બદલી નાખતાં તે બરાબર કાલડીની બાજુમાં લગભગ શંકરના ઘર પાસે થઈને જ વહેવા લાગી હતી. આ અલૌકિક ઘટનાની વાત સર્વત્ર જાણ થતાં અડોશપડોશનાં ગામોમાંથી પણ લોકો આ આશ્ચર્ય અને શંકરનાં દર્શને આવવા લાગ્યાં હતાં.

બાળ શંકરની દિવ્ય શક્તિની વાત કેરળના મહારાજા રાજશેખરને કાને આવતાં તેમણે રાજ્યના મહામંત્રી સાથે હાથીની અંબાડી ઉપર શંકરને રાજસભામાં લાવવા કહ્યું હતું, પરંતુ બાળ શંકરે ખૂબ જ વિનયપૂર્વક આ આમંત્રણ નહિ સ્વીકારતાં કહેવડાવ્યું હતું કે, 'હે દાતૃવર ! ભિક્ષા જ જેની જીવિકા છે, મૃગચર્મ જ જેનું વસ્ત્ર છે, સંધ્યાવંદન, અગ્નિહોત્ર, વેદાધ્યયન-અધ્યાપન તથા માતૃસેવા અને ગુરુસેવા જેનું નિત્યવ્રત છે, ભલા આ હાથી અને અંબાડીનું તેને વળી શું કામ ? માટે હે મંત્રીવર ! આદરણીય રાજવીને કહેજો, ચતુવર્ણના તમામ વિદ્યાર્થીઓનાં વિદ્યાધ્યયનની વ્યવસ્થા કરે. વિધવાઓ ભૂખી અને નિર્વસ્ત્ર ન રહે, વૃદ્ધો નિરાધારતાનો અનુભવ ન કરે, સૌ ઈશ્વરપરાયણ બને તદર્થે પ્રયત્નશીલ રહો, અમારે મન આપની આ જ સેવા આનંદ આપશે.'

બાળ શંકરના ત્યાગની આ અદ્‌ભુત વાત જાણી અને પોતાના રાજકીય કર્તવ્ય પ્રત્યે જાગરૂકતા દર્શાવવા બદલ રાજા રાજશેખર સ્વયં કાલડી તેમનાં દર્શને આવ્યા હતા.

શંકરની નિઃસ્પૃહતા, ત્યાગ, અપરિગ્રહ અને અપ્રતિમ પાંડિત્યનાં દર્શનથી રાજાને અનુભવ થયો કે શંકર કેવળ સર્વશાસ્ત્રવિશારદ પંડિત જ નથી, રાષ્ટ્ર, પ્રેમ, રાષ્ટ્રોત્કર્ષથી ભારોભાર અને અતિ માનવીય દૈવી શક્તિથી પણ સંપન્ન છે.

આમ રાજાના કાલડી વારંવાર આવાગમનથી અનેક શાસ્ત્રજ્ઞ પંડિતો શંકર પાસે જ્ઞાનાર્જન માટે આવવા લાગ્યા. તેમાં એક સમયે દેવજ્ઞ બ્રાહ્મણોએ શંકરની જન્મપત્રી જોતાં કહ્યું કે શંકરના તપથી તે આઠ વર્ષની વયમાંથી સોળનો તો થશે, પરંતુ એકમાત્ર ઈશ્વરઅનુગ્રહ અને પરમાત્માના સંકલ્પથી જ તેને બીજાં સોળ વર્ષનું આયુષ્ય મળી શકે. જો તે મળે તો બત્રીસ વર્ષથી વધુ તો તે કોઈ પણ સંજોગોમાં જીવી જ ન શકે. ત્યારે શંકરનું આયુષ્ય આઠ વર્ષનું જ હતું. તે સમયે જ તેમણે સંન્યસ્ત સ્વીકારવા માટે સંકલ્પ કર્યો.

## વ્યક્તિને જાગ્રત કરતું કુંભપર્વ આંતરચૈત્ય ઉજાગર કરવા સાથે રાષ્ટ્રોત્કર્ષનું પર્વ પણ છે

### આતુર કે આપત્ સંન્યસ્ત

તેમણે તેમની માતાને સંન્યસ્ત માટે અનુમતિ આપવા પ્રાર્થના કરી, પરંતુ માતા રડી પડ્યાં. કહે, બેટા, હું વૃદ્ધ છું. તારા વગર મારો જીવન આધાર વળી કોણ ? અને વાત પડતી મુકાઈ, પરંતુ રોજની માફક એક દિવસ શંકર વૃદ્ધ માતાની સાથે પૂર્ણા નદીમાં સ્નાનાર્થે આવ્યા ત્યારે એક મગરમચ્છે શંકરનો પગ પકડ્યો. તે જોઈને વૃદ્ધ માતા પણ પાણીમાં કૂદી પડ્યાં. તેમનું નિર્બળ શરીર વળી શંકરને કેમ ખેંચી શકે ? મગરમચ્છ શંકરને ખેંચવા લાગ્યો, ત્યારે શંકરે માતાને કહ્યું, ‘મા ! મૃત્યુના દ્વારે ઊભો છું. મને આતુર સંન્યાસ માટે આજ્ઞા આપો, જેથી હું માનસિક સંન્યસ્ત સાથે મૃત્યુ પામું.’ માતાએ આંખમાં અશ્રુ ભરીને કહ્યું, ‘બેટા, મારી આજ્ઞા છે, તને સંન્યસ્ત પ્રાપ્ત થાઓ.’ અને કહેવાય છે કે મગરમચ્છે શંકરનો પગ છોડી દીધો. લોકો ભેગા થઈ ગયા હતા. માતા અને પુત્ર બંને બેભાન હતાં. સભાનતા આવતાંની સાથે જ શંકરે કહ્યું કે, ‘માતે ! હું ઘરમાં રહેવા માટે અસમર્થ છું. હવે હું વૃક્ષ તળે જ રહીશ. ‘કરતલ ભિક્ષા તરુતલવાસ.’ માતાએ કહ્યું, ‘મારી વૃદ્ધાવસ્થાનો આધાર કોણ ?’ શંકરે કહ્યું, ‘જેણે મને મગરમચ્છના કાળગ્રાસમાંથી બચાવ્યો તે તમારી દેખરેખ પણ રાખશે.’ માતાની ઇચ્છા હતી કે તેનો અગ્નિસંસ્કાર શંકર દ્વારા જ થાય, ત્યારે શંકરે વચન આપેલું કે ‘મા ! હું તારા મૃત્યુ સમયે હાજર થઈશ અને તારો અંતિમ સંસ્કાર પણ કરીશ.’ અને માતાના આશીર્વાદ સાથે શંકર ગૃહત્યાગ કરી શ્રીગૌડપાદના પ્રધાન શિષ્ય શ્રીગોવિંદપાદને ત્યાં નર્મદા નદીના તટે આવ્યા.



મુંડિતમસ્તક, ગૈરિકવસન, દંડકમંડલુધારી તેજસ્વી બાળ સંન્યાસીને જે કોઈ જોતું તે વિસ્મય જ અનુભવતું. કિંતુ શંકરે તેમના માર્ગ પરથી દૃષ્ટિ ઊંચી કર્યા વગર જ છેક દક્ષિણ ભારતમાંથી ઉત્તર ભારતની યાત્રા આજથી આશરે સાડા બારસો વર્ષ પૂર્વે કરી હશે તે કેવી હશે ? આ તેમની પદયાત્રા જ નહોતી. તે સમયના વર્તમાન ભારતની પરિસ્થિતિ અને તે યુગના માનવજીવનની સમસ્યાનું પ્રત્યક્ષ દર્શન હતું.

### ગુરુચરણે આગમન

આચાર્ય ગોવિંદપાદના ચરણે તો તેઓ ત્રણ જ વર્ષ રહ્યા, પરંતુ અધ્યયન-અધ્યાપન અતિરિક્ત તેમના વ્યક્તિગત જીવનમાં આંતરચેતનામાં તેમનો પ્રવેશ વિદ્વાન સિદ્ધગુરુથી અજાણ્યો નહોતો માટે જ શ્રુતિપ્રમાણ છે કે, ‘ િભ ઘ ત ા ે હૃદયગ્રન્થિચ્છિદ્યતો સર્વસંશયાઃ’ અને શંકર એક દુર્લભ અવસ્થામાં પ્રતિષ્ઠિત થઈ ગયા.

એક દિવસ વર્ષાઋતુમાં નર્મદામાં ભયંકર પૂર આવ્યું. ગુરુદેવ ગુફામાં થોડા દિવસોથી સમાધિસ્થ હતા. સર્વે શિષ્યો ચિંતિત હતા, હવે શું થશે ? પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે આચાર્ય શંકરે પોતાના કમંડળને ગુફાના દ્વાર પાસે રાખ્યું. દસમસતું પૂર આ કમંડળમાં પ્રવેશ કરતું ગયું. ગુરુદેવની ગુફા નિરાપદ હતી. જ્યારે ગુરુદેવ જાગ્યા, શિષ્યોના મુખે તેમણે આ વાત સાંભળી ત્યારે તેમણે કહ્યું, ‘જેવી રીતે સહસ્રધારા નર્મદાનો તમે કમંડળમાં સમાવેશ કર્યો તેવી જ રીતે સર્વશાસ્ત્રોના સારને તમે તમારા મૌલિક ચિંતનમાં આલેખિત કરશો.’

ત્યાર પછી ગોવિંદપાદે મહાસમાધિમાં પ્રવિષ્ટ થતાં તેમનો અંતિમ સંસ્કાર નર્મદામાં કરી, આચાર્ય શંકર વારાણસી આવ્યા. ત્યાં વેદાંતવિચાર; પંડિતો સાથે ગંગાસ્નાન, ભગવાન વિશ્વનાથદર્શન અને માતા

અન્નપૂર્ણાનાં દર્શન ઉપરાંત સતત બ્રહ્મચિંતન કરતાં મુમુક્ષુઓને 'સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ'નો ઉપદેશ આપ્યો.

ચૌલદેશીય એક બ્રાહ્મણ યુવક કાશી અધ્યયન માટે આવેલો, તે આચાર્ય શંકરનાં દર્શન કરી, તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી તેમનો પ્રથમ સંન્યાસી શિષ્ય થયો. તેનું નામ સનંદન હતું. પાછળથી સનંદનને ભગવાન નૃસિંહનાં પ્રત્યક્ષ દર્શન થયાં હતાં.

**શક્તિમાં શ્રદ્ધા ઉત્પન્ન**

શંકર તો અદ્વૈત વેદાંતી હતા. અદ્વૈત એટલે બે નહિ. 'જીવો બ્રહ્મૈવ ના અપરઃ' 'જીવ જ બ્રહ્મ'. જીવ અને બ્રહ્મમાં ભેદ નહિ તેવી માનસિક સ્થિતિમાં એક દિવસ તેઓ મણિકર્ણિકા ઘાટ પર આવ્યા હતા. માર્ગમાં એક મહિલા મૃતદેહ લઈને ઊભી હતી. તે શોકગ્રસ્ત હતી. આચાર્યને સ્નાન માટે વિલંબ થતો હતો. તેમણે પ્રાર્થના કરી કે, 'માતે ! આ શબ-મૃતદેહને માર્ગમાંથી એક તરફ મૂકો તો અમે જઈ શકીએ.' તે સ્ત્રીએ આકસ્મિક મોઢું-માથું ઊંચું કરીને કહ્યું, 'તમે મૃતદેહને જ કહોને કે તે હટી જાય !' આચાર્ય શંકરે કહ્યું, 'પણ આ તો મૃતદેહ છે, તેમાં હટી જવાની શક્તિ ક્યાંથી હોય ?' સત્વર તે સ્ત્રીએ કહ્યું, 'કેમ ? યતિવર ! આપના મત પ્રમાણે બ્રહ્મ જ જીવનનો કર્તા છે અને શક્તિનિરપેક્ષ છે, પછી શક્તિની જીવન કે મરણોપરાંત આવશ્યકતા ખરી ?'

સ્ત્રીનું આ જ્ઞાનપૂર્ણ વાક્ય સાંભળી શંકર સ્તંભિત થઈ ગયા અને આકસ્મિક તેમણે જોયું કે ત્યાં કોઈ પણ સ્ત્રી કે મૃતદેહ કંઈ જ નથી, બધું જ ગાયબ. આ કેવી લીલા ! આચાર્યનું મન અંતરચેતનામાં આદ્યશક્તિ મહામાયાની લીલાની અનુભૂતિ કરવા લાગ્યું અને તેમના હૃદયમાંથી દેવીસ્તોત્ર સરી પડ્યું.

*'વિવાદે વિષાદે જલે ચાંનલે પર્વતે શભુમધ્યે*
*પ્રમાદે પ્રવાસે... ગતિસ્ત્વં ગતિસ્ત્વં ત્વમેકા ભવાનિ !'*
વગેરે

*ન તાતો ન માતા ન બંધુ ન દાતા, ન જાયા ન વિદ્યા...*

હે ભવાની, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ઇન્દ્ર, ચંદ્ર, સૂર્ય અથવા હું કોઈને પણ જાણતો નથી, પરંતુ આપના શરણમાં છું.

તેમનો મત સ્થાપિત થયો.

'સર્વં ખલ્વિદં બ્રહ્મ અને સર્વં બ્રહ્મમયં જગત્'

**વિશ્વનાથદર્શન**

આવી જ એક લીલા ભગવાન શિવશંકરે પણ તેમના જીવનમાં કરી. આ પ્રસંગ બહુ ચર્ચિત છે અને 'વિશ્વનાથ ભેટ' નામક વિસ્તારથી શંકર દિગ્વિજયમાં વર્ણવવામાં આવ્યો છે. એક દિવસ શંકર તેમના શિષ્યો સાથે ગંગાતટે જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં ચાર કૂતરા સાથે એક ચાંડાળ ઊભો હતો. શિષ્યોએ તેને કહ્યું, 'આચાર્યનું આગમન થઈ રહ્યું છે. તમે દૂર હટો !' ત્યારે આકસ્મિક જ ચાંડાળે કહ્યું, 'વેદ ભણાવો છો ! ઉપનિષદ વાક્ય 'એકમેવ અદ્વિતીયમ્' તે એક જ છે. અદ્વિતીય છે. તે જ બ્રહ્મ છે. અસંગોઽયમ્ પુરુષઃ' તો પછી આ પુરુષને વળી આસક્તિ કેમ ? તમે બ્રાહ્મણ, હું ચાંડાળ, બધું જ બ્રહ્મ હોય તો વળી આ પક્ષાપક્ષી શાને ? પછી તો બહુ લાંબો શાસ્ત્રાર્થ ચાલ્યો (શ્રીશંકર દિગ્વિજય, શ્રવણનાથ-હરિદ્વાર તૃતીય સંસ્કરણ, સંવત ૨૦૪૨ વિક્રમ સં. પૃષ્ઠ ૧૮૭થી ૧૯૨, શ્લોક ૨૧ થી ૪૦). અંતે ભગવાન ચાંડાળ બનીને આવ્યા હતા તે પ્રકટ થયા, ચારેય શ્વાન ચાર વેદ સ્વરૂપે હતા, અને ભગવાન વિશ્વનાથ પ્રત્યક્ષ થતાં, આચાર્યે માર્ગમાં જ દંડવત્ પ્રણામ કરી તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા અને ભગવાન વિશ્વનાથની સ્તુતિ રચી વિશ્વનાથને અર્પણ કરી હતી.

*'પશુનાં પતિં પાપનાશં પરેશં, ગજેન્દ્રસ્ય કૃતિં વસાનં વરેણ્યમ્ ।*

*જટાજૂટ મધ્યે સ્ફુરદ્ગાંગ્યવારિં, મહાદેવયેકે સ્મરામિ સ્મરારિમ્ ॥'*

ત્યાર પછી મહાદેવના આશીર્વાદ લઈ બદરિકાશ્રમ ભણી યાત્રા કરી. માત્ર બાર વર્ષના યતિ સંન્યાસીનાં દર્શને લોકો ટોળે વળતા. આચાર્ય શંકરરચિત દક્ષિણામૂર્તિ-સ્તોત્રમાં એક સુંદર શબ્દચિત્રનું દર્શન છે.


*'ચિત્રં વટતરોર્મૂલે વૃદ્ધાઃ શિષ્યા ગુરુર્યુવા ।*
*ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્નસંશયઃ ॥'*

અર્થાત્ 'એક વટવૃક્ષ તળે યુવા ગુરુ સમક્ષ વૃદ્ધ શિષ્યો બેઠા છે; ગુરુ મૌન જ છે અને તેમના મૌનમાં જ શિષ્યોના સંશય દૂર થાય છે.'

બદરીક્ષેત્ર ૧૦,૨૪૪ ફૂટની ઊંચાઈએ છે. ત્યાં ભયના કારણે ભગવાન વિષ્ણુની પ્રતિમાને છુપાવી દેવામાં આવેલી, જે પાછળથી મળી જ નહોતી. તેથી શાલિગ્રામ શિલાની જ પૂજા કરતા હતા. આચાર્ય શંકરે ત્યાં ધ્યાનસ્થ થઈ ભગવાનનો વિગ્રહ ક્યાં છે તે જોયું

અને તેમની પુનઃ સ્થાપના કરી. આ શિલા નારદકુંડમાંથી મળી હતી. આ કુંડમાં અલકનંદાનો પ્રચંડ વેગ છે. તેમાં નિર્ભય થઈને ઊતરીને વિષ્ણુવિગ્રહને બહાર લાવી સૌનાં મનને આનંદ આપ્યો હતો. તે સમયે ત્યાં કોઈ બ્રાહ્મણ પૂજકો કે અર્ચકો નહોતા. આચાર્ય સાથે આવેલા શિષ્યમંડળમાં એક નામ્બુદ્રિ બ્રાહ્મણ કેરળના હતા, તેમની ત્યાં પૂજારી તરીકે શંકરે સ્થાપના કરી, હજુ આજે પણ બદરીનાથ ધામમાં કેરળના નામ્બુદ્રિ બ્રાહ્મણો જ પૂજારી તરીકે સેવાનિરત કરવામાં આવે છે.

બદરીનાથથી આચાર્ય શંકર વ્યાસાશ્રમ આવ્યા. ત્યાં એક ગુફામાં બેસી અનેક ભાષ્યોની રચના કરી. ગીતા, બ્રહ્મસૂત્ર, દશોપનિષદ અને અન્ય ઈતર અનેક પ્રકરણ ગ્રંથોની રચના અહીં જ કરવામાં આવી હતી.



**આચાર્ય પદ્મપાદ**

અહીંના નિવાસ દરમિયાન એક દિવસ તેમણે શિષ્ય સનંદનને બોલાવ્યા. તેઓ અલકનંદા પાર હતા, પરંતુ ગુરુની આજ્ઞા થતાં જ તેઓ અલકનંદાની જળધારા ઉપર દોડવા લાગ્યા. આશ્ચર્ય થયું. તેમના પગ નીચે કમળો પ્રસ્ફુટિત થવા લાગ્યાં. તે કમળો ઉપર પગ મૂકીને તેઓ સત્વરે ગુરુદેવની સેવામાં ઉપસ્થિત થયા. લોકોએ આ આશ્ચર્ય જોયું. ગુરુદેવે તે દિવસથી તેમનું નામ પદ્મપાદ પાડ્યું.

આચાર્ય હવે બદરીનાથથી યાત્રા કરી કેદારનાથ પધાર્યા. કેદારનાથ ૧૧,૭૫૩ ફૂટની ઊંચાઈએ છે. માર્ગમાં તેમણે જ ગરમ પાણીના સ્રોતનું સંશોધન કર્યું. ગંગાની ભવ્યતાનાં દર્શન કરી ગંગાસ્તુતિ કરી.

'દેવિ સુરેશ્વરી ભગવતિ ગંગે ત્રિભુવનતારિણી તરલ તરંગે ।

શંકર મૌલિવિહારિણિ વિમલે મમ મતિરાસ્તાં તવ પદકમલે ।।૧।।

ભાગીરથિ સુખદાયિની માતસ્તવ જલમહિમા નિગમે ખ્યાતઃ ।

નાહં જાને તવ મહિમાનં ત્રાહિ કૃપાર્મય મામજ્ઞાનમ્ ।।૨।।'

કેદારનાથથી આચાર્ય ગંગોત્રી પધાર્યા અને ત્યાં ગંગાદેવીની મૂર્તિ-પ્રતિષ્ઠા કરી ગંગોત્રી મંદિરનું નિર્માણ કરાવ્યું.

**વ્યાસમહર્ષિ સાથે શાસ્ત્રાર્થ**

ગંગોત્રીમાં નિવાસ કરીને સૌ ઉત્તરકાશી આવ્યા. અહીં ગંગા ઉત્તરવાહિની છે. ત્યારે આચાર્ય શંકરનું સોળમું વર્ષ પૂરું થવામાં હતું. હવે આચાર્ય મોટા ભાગે સમાધિસ્થ જ રહેતા હતા. તે સમયની આચાર્ય શંકરની મનસ સ્થિતિનાં દર્શન ત્યારની તેમની રચના 'વિજ્ઞાન-નૌકા'માં કરી શકાય છે. તેમાં વારંવાર કહેવામાં આવ્યું છે 'હું નિત્ય પરબ્રહ્મ છું. હું મનવાણીથી પૃથક્ વિશુદ્ધ, વિયુક્ત નિત્ય સત્ય શુદ્ધ બુદ્ધ પરબ્રહ્મ છું... વગેરે.'

એક દિવસ આચાર્ય પોતાના શિષ્યોને 'શારીરિક સૂત્ર'નો પાઠ કરાવતા હતા. ત્યાં એક વૃદ્ધ બ્રાહ્મણનું આગમન થયું. તેમની સાથે આચાર્યનો શાસ્ત્રાર્થ થયો. બ્રહ્મસૂત્ર, ચારેય વેદ, કર્મકાંડ, જ્ઞાનકાંડ, વિવિધ શાસ્ત્રોના મતમતાંતર વગેરે. (શંકર દિગ્વિજય મૂલગ્રંથ-સપ્તમ સર્ગ પૃષ્ઠ ૨૧૯-૨૩૬) આ શાસ્ત્રાર્થ આઠ દિવસ ચાલ્યો. ત્યારે આચાર્ય શંકરે તેમને ભૂમિષ્ઠ પ્રણામ કરીને પૂછ્યું, પ્રભો ! પ્રગટ થાઓ. આપ વ્યાસદ્વૈપાયન છો ? વ્યાસ પ્રગટ થયા. અનેક શાસ્ત્રોનું પુનઃગઠન-રચના કરવા તેમને બીજાં સોળ વર્ષનું આયુષ્યનું વરદાન

આપી અંતર્ધ્યાન થયા.

### કુમારિલ ભટ્ટનું શિષ્યત્વ

ભગવાન વેદવ્યાસજીના આશીર્વાદ પ્રાપ્ત કરી આચાર્ય શંકરે દક્ષિણ ભારતના ચૌલ પ્રદેશમાં કુમારિલ ભટ્ટને મળવા યાત્રા કરી. કુમારિલ બૌદ્ધ મતાવલંબિત હતા. તેઓએ પણ આચાર્ય વિશે સાંભળ્યું હતું. આચાર્ય વૃંદાવન શ્રીકૃષ્ણદર્શન કરી પ્રયાગ પધાર્યા. અહીં કુમારિલનું પણ આગમન થયું. ત્યાં ખૂબ શાસ્ત્રાર્થ થયો. કુમારિલે શિષ્યત્વ સ્વીકાર્યું અને આચાર્ય શંકરના મુખે ગંભીર સ્વરમાં તારક બ્રહ્મનાદ સાંભળી તેમનો જીવાત્મા પરમગતિને પામ્યો.

### મંડનમિશ્રને ત્યાં શાસ્ત્રાર્થ

કુમારિલના મહાપ્રયાણ પછી આચાર્ય માહિષ્મતી નગરીમાં આવે છે. ત્યાં મંડનમિશ્રને આંગણે શુક સારિકાઓ (પક્ષીઓ) શાસ્ત્રચર્ચા કરતાં, તેવું કહેવામાં આવે છે. મંડનમિશ્રનાં પત્ની ઉભયભારતીને દેવી સરસ્વતી સ્વરૂપે મધ્યસ્થ રાખવામાં આવ્યાં. તેમણે બંને દુગ્ગજોને એક-એક પુષ્પમાળા પહેરાવી કહ્યું, જેમની માળા સૂકાઈ જાય તે પરાજિત. કહેવાય છે કે શાસ્ત્રાર્થ લાંબો ચાલેલો. ૧૯ દિવસ પછી મિશ્રજી મૂંઝાયા હતા, પરંતુ ઉભયભારતીજીએ કહ્યું, મારી સાથે શાસ્ત્રાર્થ કરવો પડશે. સ્ત્રીએ સ્ત્રીસહજ કામભોગ વિષયક પ્રશ્નો પૂછ્યા હતા. શંકર તે વિશે અજ્ઞ હતા. તેથી તેમણે અનુમતિ માગી પોતાના શરીરને એક ગુફામાં રાખ્યું. તેમાંથી પોતાનો પ્રાણ કોઈ મૃતદેહ (રાજાના)માં પ્રવેશ કરી, કામજ્ઞાન જાણીને પાછા દેહમાં પ્રવેશ કરી સરસ્વતીસ્વરૂપા ઉભયભારતીને તર્કમાં હરાવ્યાં હતાં. ત્યાર પછી મંડનમિશ્રજીએ આચાર્ય પાસે સંન્યસ્ત ધારણ કરી તેમને સુરેશ્વરાચાર્ય યોગપટથી વિભૂષિત કર્યા.

### શૃંગેરીમાં

ત્યાર પછી આચાર્ય યાત્રા કરીને શૃંગેરી પધાર્યા હતા. ત્યાં તેમણે મઠની સ્થાપના કરી. અહીં એક સુકુમાર શુદ્ધચેતા યુવક આચાર્યની સેવામાં આવ્યો. તેનું મન સ્વાધ્યાય પ્રત્યે ઓછું, પણ સેવામાં વધુ હતું, પરંતુ આચાર્ય પાઠ સમયે સદા તેની આવવાની રાહ જોતા. ઈતર શિષ્યોને થતું, આ મૂર્ખ માટે શા માટે આચાર્ય સમય બગાડતા હશે. આચાર્ય શિષ્યોના મનની આ કલુષિતતાને જાણી ગયા હતા. તેથી તેમણે એક દિવસ આકસ્મિક તેમના સેવક શિષ્યને બોલાવ્યો.

શિષ્ય કપડાં ધોતો હતો. નદીના પાણીમાં શિલા ઉપર કપડાં પછાડતાં જે છલક છલક અવાજ થાય તે અવાજ ત્રુટક ત્રુટક આવતો હતો. તેના અવાજમાં શ્લોકો બોલતો બોલતો તે આચાર્ય પાસે આવી દંડવત્ પ્રણામ કરી ઊભો રહ્યો. સૌને પરમ આશ્ચર્ય થયું. આચાર્યે કહ્યું, 'ઊઠો ઊઠો તોટકાચાર્ય ! સૌનું મંગળ કરો.' નિરક્ષર શિષ્યના મુખમાંથી તોટક છંદોની છંદબદ્ધ રચનાએ સૌને શિષ્યની ગુરુભક્તિ પ્રતિ સાદર વિનયાનુત કર્યા.

### માતાની સેવામાં અંતિમ દર્શન

આચાર્ય શંકર દક્ષિણ ભારતના પ્રવાસમાં હતા, ત્યારે એક દિવસે તેમણે તેમના ધ્યાનમાં અનુભવ્યું કે માતા રોગગ્રસ્ત છે, ત્યારે સત્વર તેમણે આકાશમાર્ગે આવીને માતાને ચરણે પ્રણામ કર્યા. તેમની માતા ઉપર પારિવારિક જનોએ બહુ જ અત્યાચાર કર્યા હતા. તે બધું જાણી માતાએ તેમને શંકરની અનુપસ્થિતિમાં એક ગરીબ સ્ત્રીએ જે ભાવ-પ્રેમથી સેવા કરી હતી, તેને સમૃદ્ધ કરવા પ્રાર્થના કરી. માતાને મૃત્યુના દ્વારે ઊભેલી જોઈને, આચાર્ય શંકરે તેમને તત્ત્વોપદેશ કર્યો. માતાની ઈચ્છાથી તેમને ભગવતી ભુવનરંજની અને મહાદેવનાં પ્રત્યક્ષ દર્શન કરાવ્યાં. ત્યાર પછી માતાની પ્રીતિ માટે ભુજંગપ્રયાત છંદમાં અષ્ટમૂર્તિ મહાદેવનું સ્તોત્ર બનાવી તેનું ગાયન કર્યું. ત્યાર પછી વિષ્ણુસ્તુતિ કરી અને પ્રત્યક્ષ ચતુર્ભુજ વિષ્ણુનાં દર્શન કરતાં માતા મોક્ષપદને પામી.

આચાર્ય શંકર સંન્યાસી છે, તેને માતાનો અગ્નિસંસ્કાર કરવાનો કોઈ અધિકાર નથી, તેમ ઊહાપોહ થતાં, આચાર્યે માતાના મૃતદેહને ઘરની પાછળ વાડામાં કેળાંનાં વૃક્ષોના થાંભલાથી અગ્નિસંસ્કાર કર્યા. તેથી હજુ આજ સુધી પણ કેરળમાં અગ્નિસંસ્કાર સમયે કેળનું થડ પ્રતીકરૂપે ચિતામાં મૂકવામાં આવે છે.

આ બધા ચમત્કારની વાતો વાયુવેગે ચોપાસ ફરી વળી, હજારોની સંખ્યામાં લોકો આચાર્યનાં દર્શને આવ્યા, રાજા રાજશેખરે પણ બધું સાંભળ્યું. તેઓ પણ આવ્યા. આચાર્યને તેમની રચનાઓને શબ્દબદ્ધ-લિપિબદ્ધ કરવા એક લિપિક આપવામાં આવ્યો. તેના માધ્યમે આચાર્યે એક સંક્ષિપ્ત ધર્મસંહિતા-આચારસંહિતાનું આલેખન કરાવ્યું, કે જેથી તેનાં આચરણ વડે ભવિષ્યમાં કોઈ એકાકી સ્ત્રી સમાજ વડે ત્રસ્ત ન થાય અને દુઃખી

ન થાય.

**દશનામસંન્યસ્ત અને ચતુર્મઠની સ્થાપના**

ભગવદ્‌પાદ આચાર્ય શંકરે સંન્યાસી વર્ગનું વર્ગીકરણ દસ વિભાગમાં કર્યું. ત્યારથી આ યતિ સંન્યાસીઓ દશનામ સંન્યાસી કહેવાયા. આ દશનામ તીર્થ, આશ્રમ, વન, અરણ્યગિરિ, પર્વત, સાગર, સરસ્વતી, ભારતી, પુરી સમ્પ્રદાય થયા. દા.ત. શ્રી સ્વામી વિવેકાનંદજીની સંન્યસ્ત દીક્ષા શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ પાસે થઈ. તેમને શ્રી તોતાપુરીજીએ સન્યસ્ત આપ્યું. આમ શ્રીરામકૃષ્ણ આશ્રમના સંતોની 'સ્વામી વિવેકાનંદપુરી' એમ ઓળખ થાય. મારી સન્યસ્ત દીક્ષા શિવાનંદ આશ્રમમાં થઈ, તેથી અહીંની પરંપરા પ્રમાણે મારો યોગપટ સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી કહેવાય (સન્યાસીઓને તમારું નામ એમ ન કહેવાય - યોગપદ એવું કહેવાય) દશનામ વિભાજન પછી ભારતની ચાર દિશામાં ચાર આશ્રમોની સ્થાપના પણ આચાર્ય શંકરે કરી.



આમ આ શારદામઠ (દ્વારકા-ગુજરાત)ના આધીન તીર્થ અને આશ્રમ સંપ્રદાય, ગોવર્ધનમઠ (શ્રી જગન્નાથપુરી-ઓરિસ્સા)ને આધીન વન અને અરણ્ય સંપ્રદાય, જ્યોતિર્મઠ (જોશીમઠ-બદરીનાથ, ઉત્તર પ્રદેશ)ને આધીન ગિરિ, પર્વત અને સાગર સંપ્રદાય તથા શૃંગેરીમઠ (તામિલનાડુ-દક્ષિણ ભારત)ને આધીન સરસ્વતી, ભારતી, પુરી સંપ્રદાયો રહે તેવું આચાર્યે નક્કી કર્યું.

આ ચારેય મઠોને, શારદામઠમાં સામવેદ, ગોવર્ધન મઠમાં ઋગ્વેદ, જ્યોતિર્મઠમાં અથર્વવેદ અને શૃંગેરીમઠમાં યજુર્વેદનું અધ્યયન-અધ્યાપન કરવા-કરાવવામાં આવે તેવો નિર્ણય લેવામાં આવ્યો. ચારેય મઠોમાં ક્રમશઃ તત્ત્વમસિ, પ્રજ્ઞાનં બ્રહ્મ, અયમાત્મા બ્રહ્મ અને અહં બ્રહ્માસ્મિ વેદનાં ચાર મહાવાક્યો પર સાધના અને ધ્યાન ઇત્યાદિનું અવલંબન રહેશે તેવું નક્કી થયું.

આ સર્વે મઠોના સંચાલનની આચાર-સંહિતા બનાવવામાં આવી તેને મઠામ્નાય કે મહાઅનુશાસનના નામે ઓળખવામાં આવી. શારદામઠના મઠાધિપતિ શંકરાચાર્ય હસ્તામલક (પૃથ્વીધર) પ્રથમ આચાર્ય થયા. ગોવર્ધનમઠના પ્રથમ શંકરાચાર્ય પદ્મપાદ, જ્યોતિર્મઠના પ્રથમ શંકરાચાર્ય તોટકાચાર્ય થયા અને શૃંગેરીમઠના પ્રથમ શંકરાચાર્ય આચાર્ય સુરેશ્વર (વિશ્વરૂપ) થયા.

ભવિષ્યમાં આ આચાર્યો આદર્શ સંન્યાસી હોય, મઠાધીશ પવિત્ર, જિતેન્દ્રિય, વેદવેદાંગ પારંગત, યોગી અને સર્વશાસ્ત્રજ્ઞ હોય તથા સર્વસદ્‌ગુણોથી ભૂષિત હોય તેવું નક્કી કરવામાં આવ્યું અને જો તેમ ન હોય તો તે મઠાધીશને નિર્વાચિત કરવાની વ્યવસ્થા પણ વિચારમાં આવી.

**મઠવિભાગક્રમ અને મઠાદેશ**

(૧) શારદામઠામ્નાય : શારદામઠના આમ્નાયનું નામ પશ્ચિમામ્નાય છે. સંપ્રદાયનું નામ કીટવાર, ક્ષેત્રઃ દ્વારકા, અધિદેવતાઃ સિદ્ધેશ્વર દેવી - ભદ્રકાલી. આચાર્ય-હસ્તામલક. તીર્થ-ગોમતી તીર્થ. બ્રહ્મચારી સ્વરૂપ, વેદ-સામવેદ. મહાવાક્ય-તત્ત્વમસિ (છાંદોગ્ય ઉપનિષદ), જે જીવાત્મા અને પરમાત્માની એકતાનો જ્ઞાપક છે. ગોત્રઃ અવિગત. પદવી - તીર્થ અને આશ્રમ.

સિંધુ, સૌવીર, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર રાજ્યોએ શારદામઠને આધીન રહેવાનું.

(૨) ગોવર્ધનમઠામ્નાય : ગોવર્ધનમઠના આમ્નાયનું નામ પૂર્વામ્નાય છે. સંપ્રદાયનું નામ ભોગવાર. ક્ષેત્ર-પુરુષોત્તમ ક્ષેત્ર. દેવતા-જગન્નાથ. દેવી-વિમલા. આચાર્ય-પદ્મપાદ. તીર્થ-મહોદધિ પદવી-વન અને અરણ્ય. બ્રહ્મચારી-પ્રકાશ. મહાવાક્ય-પ્રજ્ઞાનં બ્રહ્મ ઐતરેય ઉપનિષદ. વેદ-ઋગ્વેદ. ગોત્ર-કાશ્યપ. અંગ-ભાગલપુર. બંગ, કલિંગ, મગધ, ઉત્કળ, બર્બર આદિ પ્રદેશો અંતર્ગત પૂર્વ ભારતનાં નામ સ્થાન ગોવર્ધનમઠને આધીન રહેશે.

(૩) જ્યોતિર્મઠામ્નાય : જ્યોતિર્મઠના આમ્નાયને ઉત્તરામ્નાય કહેવાય છે. તેનું બીજું નામ મઠામ્નાય પણ છે. સંપ્રદાય - આનંદવાર અર્થાત્ સિદ્ધિદાતા. પદવી-ગિરિ. પર્વત અને સાગર ક્ષેત્ર - બદરિકાશ્રમ. દેવતા-નારાયણ. દેવી-પૂર્ણાગિરિ. આચાર્ય-તોટક. તીર્થ-અલકનંદા. બ્રહ્મચારી-આનંદાખ્ય.

મહાવાક્ય-અયમાત્મા બ્રહ્મ (માંડૂક્ય ઉપનિષદ). વેદ-અથર્વ. ગોત્ર-ભૃગુ.

કુરુ-કાશ્મીર, કાંબોજ, પાંચાલ આદિ ભારતનાં ઉત્તર પ્રદેશનાં રાજ્યો જ્યોતિર્મઠને આધીન રહેશે.

(૪) શૃંગેરી મઠામ્નાય : આમ્નાયનું નામ - શૃંગેરી મઠામ્નાય. સંપ્રદાય ભૂરિવાર. ગોત્ર - ભૂર્ભુવઃ, પદવી-સરસ્વતી-ભારતી-પૂરી. ક્ષેત્ર-રામેશ્વર. દેવતા-આદિવરાહ. દેવી-કામાક્ષી. આચાર્ય-સુરેશ્વર. તીર્થ-તુંગભદ્રા. બ્રહ્મચારી-ચૈતન્યાખ્ય. વેદ-યજુર્વેદ. મહાકાવ્ય-અહં બ્રહ્માસ્મિ (બૃહદારણ્યક ઉપનિષદ)

આંધ્રપ્રદેશ, દ્રાવિડ, કર્ણાટક, કેરળ આદિ દક્ષિણનાં રાજ્યો શૃંગેરીમઠને આધીન રહેશે.

આ પ્રમુખ ચાર આમ્નાય સિવાય બીજા ત્રણ શેષામ્નાય, ષષ્ઠામ્નાય, અને સપ્તમામ્નાય પણ છે.

આ નીતિનિયમોથી સાધુઓ શુદ્ધ રહેતા. છળકપટને સ્થાન નહોતું. કોઈ કહે કે હું સંન્યાસી છું, તો તેનો મઠ, દેવી, દેવતા, ક્ષેત્ર, વેદ, મંત્ર વગેરે પૂછવાથી સત્વર તે સાચો કે બનાવટી સંન્યાસી છે તે ભેદ ખૂલી જતો.

### મહાપ્રયાણ

આ તમામ વ્યવસ્થા કર્યા પછી આચાર્ય શંકર બદરિકાશ્રમથી કેદારનાથધામ આવ્યા અને દીર્ઘકાળ પર્યન્ત અહીં જ તેઓ સમાધિ અવસ્થામાં રહ્યા. અંતે સમાધિયોગ દ્વારા આત્મસ્વરૂપમાં લીન થઈ ગયા. જનશ્રુતિ છે કે તેમનું ભૌતિક શરીર પણ કેદારનાથમાં જ્યોતિસ્વરૂપે પ્રવિષ્ટ થઈ ગયું.

માધવાચાર્યે તેમના શંકરદિગ્વિજયમાં લખ્યું છે કે તેમના મહાપ્રસ્થાન સમયે યતિવેશધારી મહાદેવ ઉપરાંત ઈન્દ્ર, ચંદ્ર, વિષ્ણુ, વાયુ, અગ્નિદેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરેલી અને દેવદુદુંભિના નાદ સાથે તેમણે મહાપ્રયાણ કરેલું.

આચાર્ય શંકરના ભારતભ્રમણ અને જીવનકવનને ખૂબ જ નિકટથી નિહાળીએ તો તેઓએ તેમની ૩૨ વર્ષની અલ્પાયુમાં જે રાષ્ટ્રીય એકતા, અખંડિતતા, ધર્મનિરપેક્ષતા, પરસ્પર પ્રેમ, સદ્ભાવ, સન્માન અને માનવમાત્રના ઉત્થાન, જાત-પાતના ભેદભાવની નાબૂદી, સ્ત્રીસશક્તિકરણ વિદ્યાધનની અનિવાર્યતા તથા પર્યાવરણનું સંરક્ષણ, રાષ્ટ્રની સીમાઓનું સંરક્ષણ, સાધુઓ અને મઠો તથા મતમતાંતરો વચ્ચે વૈમનસ્યની નાબૂદીનું કાર્ય કર્યું છે તે સદૈવ સ્તુત્ય રહેશે. આચાર્ય શંકર યુગપુરુષ હતા. આ કુંભપર્વોનાં આયોજનો તેમણે જ આદર્યાં કે જેથી આપણે રાષ્ટ્રીય સંસ્કાર અને સંસ્કૃતિનો ઉત્સવ ઊજવી શકીએ, કુંભપર્વોના માધ્યમતી રાષ્ટ્રની વિભિન્ન પ્રજા, સંપ્રદાય ઉદ્યોગો અને પ્રશાસન એકસૂત્રે બંધાય છે. કુંભપર્વ જાગરણનું પર્વ છે. કુંભપર્વ આંતરચૈતન્યને ઉજાગર કરવાનું પર્વ છે. કુંભપર્વ રાષ્ટ્રોત્કર્ષ અને આત્મોત્કર્ષનું પર્વ છે. પરા અને અપરાવિદ્યાની ફળશ્રુતિનું પર્વ છે. આવી મહાન વિભૂતિ ભગવાન ભાષ્યકાર આચાર્ય શંકરને કોટીશઃ વંદના.

### કુંભપર્વ અને અખાડાઓ (સાધુસમાજ સંગઠિત)

આદ્ય શંકરાચાર્યજીએ ચોલ અને પાંડ્ય રાજાઓના સહયોગથી તથા સ્વકીય અસાધારણ વૈદુષ્ય તથા તપને આધારે દક્ષિણ ભારતના ધાર્મિક અનાચારની નાબૂદી કરીને ભારતની ચાર દિશાઓમાં ચાર મઠની સ્થાપના કરી. આ મઠોના આચાર્યો તળે માત્ર પરમહંસ સંન્યસ્ત પામેલા સાધુઓ સિવાય તમામ પ્રકારના ત્યાગી વૈરાગી વૈષ્ણવ સાધુઓનું પણ સંગઠન આ દશનામી સંન્યાસીઓની સાથે જ તૈયાર કર્યું, જે અખાડાઓના નામથી ઓળખાય છે.

શ્રી અટલ, મહાનિર્વાણી, નિરંજની, જૂના, આનંદ, આવાહન તથા પંચાગ્નિ. પ્રમુખ સાત અખાડા છે. ત્યાર પછી સાધુ પરંપરાના વૈવિધ્યમાંથી બે ઉદાસીન અખાડા, નિર્મળ અખાડા, વૈષ્ણવ વૈરાગી સંપ્રદાયના ત્રણ અખાડા દિગમ્બર અખાડા, નિર્વાણી અગ્નિ અખાડા તથા નિર્મોહી અખાડાઓ પોતપોતાના આચાર્ય મહામંડળેશ્વરો, મહંતો મહામંડળેશ્વરો સાથે શાહીઓ (હાથી, ઘોડા, શણગારેલા રથો, પાલખીઓ)માં વ્યવસ્થિત આવીને અનુશાસનબદ્ધ સ્નાન કરે છે.

દશનામ સંન્યાસી નાગાઓનો ઈતિહાસ સર યદુનાથ સરકાર તથા લાલપુરીજીએ ખૂબ જ સંશોદનકાર્ય કરીને લખ્યો છે. મહાનિર્વાણી અખાડા, અલાહાબાદના

અધ્યક્ષ મહંત લક્ષ્મણગિરિજી મહારાજે ઈ.સ.૧૯૨૧માં લખ્યો હતો. અટલ અખાડો સાતેય પ્રમુખ અખાડામાં પ્રાચીન છે. (અમદાવાદ ગીતા મંદિરના આચાર્ય મંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી મંગલાનંદજી મહારાજ, પ્રમુખ, અખિલ ભારતીય સાધુસમાજ, આ અટલ અખાડાના અટલ પીઠાધીશ્વર કહેવાય છે.) તેની સ્થાપના વિક્રમ સંવત ૭૦૩માં માર્ગશીર્ષ શુકલ ચતુર્થી રવિવારના રોજ ગૌડવાણામાં થઈ હતી. સત્તરમી શતાબ્દીમાં આ અખાડાના વીર સંન્યાસી રાજેન્દ્રગિરિજીએ ઝાંસીનાં ૧૧૪ ગામો ઉપર તેમનું આધિપત્ય કાયમ કર્યું હતું. તેમની અતૂટ વીરતાને માટે જોધપુર રિયાસત તરફથી તેમને નાગૌર તાલુકો દાનમાં મળ્યો હતો. આ અખાડાનું પ્રમુખસ્થાન આપણા ગુજરાતમાં પાટણ છે, જેના વર્તમાન આચાર્ય મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી મંગલાનંદ ગિરિજી મહારાજ, અમદાવાદ ગીતા મંદિરના પરમાધ્યક્ષ છે. આ અખાડાનું પુનર્ગઠન ઈ.સ. ૧૭૦૪માં થયેલું. તેમનો એક સુપ્રસિદ્ધ આશ્રમ-ગીતામંદિર કનખલ, હરિદ્વારમાં પણ છે.



સર યદુનાથ સરકારે આવાહન અખાડાને સ્થાપના-કાળ વિક્રમ સંવત ૭૦૩ જયેષ્ઠ કૃષ્ણ નવમી શુક્રવાર ગણાવ્યો છે. તેનું પુનર્ગઠન ઈ.સ. ૧૬૦૩માં કરવામાં આવ્યું હતું. સ્વામી અનુપગિરિજી તથા સ્વામી ઉમરાવગિરિજીની શૌર્યગાથાઓ સુપ્રસિદ્ધ છે. આ અખાડાનું મુખ્ય કેન્દ્ર દશાશ્વમેધ ઘાટ વારાણસીમાં છે. હરિદ્વારમાં તેમનો આશ્રમ હૃષીકેશમાર્ગ ભૂપતવાલામાં સ્થિત છે. આ અખાડાના આચાર્ય મંડળેશ્વર શ્રીમત્ સ્વામી શિવેન્દ્રપુરીજી છે.

મહાનિર્વાણી અખાડાની સ્થાપના વિક્રમ સંવત ૮૦૫માં અગહન(માર્ગશીર્ષ) શુકલ દશમીને ગુરુવારના રોજ કરવામાં આવી હતી. છોટા નાગપુર તેમનું પ્રમુખ કેન્દ્ર હતું. તેનું પુનર્ગઠન ઈ.સ. ૧૮૦૫માં કરવામાં આવ્યું. અટલ અખાડાના સાત સાધુઓ જગન્નાથજીનો પ્રસાદ ન મળવાથી અલગ થઈ ગયા હતા. તેમણે ગંગાસાગર જઈને કઠોર તપ કર્યું હતું. કપિલ મુનિ તેમને પ્રત્યક્ષ થયા હતા, તેમનો આશીર્વાદ પ્રાપ્ત કરીને તેઓએ હરિદ્વારમાં મહાનિર્વાણી અખાડાની સ્થાપના કરી. ઈ.સ. ૧૨૬૦ સુધી આ અખાડો નીલધારા પાસે નીલેશ્વર મહાદેવ મંદિર ક્ષેત્રમાં હતો. પછી ઈ.સ.૧૨૬૦માં જ મહંત ભવાનંદ ગિરિજીના નેતૃત્વમાં બાવીસ હજાર નાગા સંન્યાસીઓએ બળ પૂર્વક કનખલ પર પોતાનો અધિકાર અને આધિપત્ય જમાવ્યાં. આજે કનખલ ચૌક, હરિદ્વારમાં તેમનો વિજયધ્વજ સ્થાપિત થયેલો છે, ત્યાં જ અખાડો પણ છે. દક્ષેશ્વર મંદિર તેમના આધિપત્યમાં છે. આ અખાડાના આચાર્ય મંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી વિશ્વદેવાનંદજી મહારાજ છે. (વર્તમાન તેઓશ્રી અમદાવાદ સંન્યાસ આશ્રમમાં જ બિરાજે છે, તથા કનખલમાં મા આનંદમયી માના મંદિર પાસે ગંગાતટે સુંદર વિદ્યા ઉપાસનાર્થે શ્રીયંત્ર મંદિરનું નિર્માણ તેમણે વ્યક્તિગત રીતે સ્થાપેલા વિશ્વાયતન સાધના આશ્રમના નામે સંસ્થામાં પ્રતિષ્ઠા ઉત્સવની પ્રતીક્ષા કરી રહ્યું છે.)

આનંદ અખાડાની સ્થાપના વિક્રમ સંવત ૯૧૨ જયેષ્ઠ શુકલ ષષ્ઠી, રવિવારના રોજ બરારમાં થઈ હતી. આ અખાડાનું પ્રમુખ કેન્દ્ર (વારાણસી) છે. હરિદ્વારમાં શ્રવણનાથનગરમાં પણ આનંદ અખાડાનો આશ્રમ છે. આચાર્ય મહામંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી સેવાનંદ સરસ્વતીજી વર્તમાન આનંદપીઠાધીશ્વર છે.

નિરંજની અખાડાની સ્થાપના વિક્રમ સંવત ૯૬૦માં કારતક કૃષ્ણ ષષ્ઠીને સોમવારના રોજ કચ્છમાં માંડવી સ્થાન પર થઈ હતી. અખાડાનું મુખ્ય મથક દારાગંજ, અલાહાબાદમાં છે. હરિદ્વારમાં ડામકોઠી પાસે નિરંજની અખાડાનું ભવ્ય ભવન બનેલું છે. હરિદ્વારના મનસાદેવી મંદિર તથા બિલ્વકેશ્વર મંદિર અને હૃષીકેશનું સુપ્રસિદ્ધ નીલકંઠ મંદિર નિરંજન અખાડાના પ્રભુત્વ હેઠળ છે. નિરંજની અખાડા દ્વારા હરિદ્વારમાં એક સ્નાતકોત્તર મહાવિદ્યાલય તથા જયભારત સાધુ સંસ્કૃત મહાવિદ્યાલય સફળતાપૂર્વક સંચાલન થઈ રહ્યાં છે. તેમના વર્તમાન આચાર્ય મહામંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી પુણ્યાનંદગિરિજી મહારાજ છે.

જૂના અખાડાને ભૈરવ અખાડાના નામે પણ ઓળખવામાં આવે છે. તેની સ્થાપના વિક્રમ સંવત ૧૨૦૨માં કારતક શુકલ દશમી અને મંગળવારના રોજ ઉત્તરાખંડસ્થિત કર્ણપ્રયાગમાં થઈ. આ અખાડાનું પ્રમુખસ્થાન બડા હનુમાનઘાટ, વારાણસીમાં છે. હરિદ્વારમાં માયાદેવી મંદિરમાં પણ જૂના અખાડાનું અધિપત્ય છે. તેમના આચાર્ય મહામંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી અવધેશાનંદગિરિજી મહારાજ છે. તેમનો એક આશ્રમ ટેઢીનીમ, વારાણસી તથા હરિદ્વારમાં હરિહર આશ્રમ પારદ શિવમંદિર, કનખલમાં છે.

પંચાગ્નિ અખાડાની સ્થાપના વિક્રમ સંવત ૧૧૯૨ અષાઢ શુકલ એકાદશી ઈ.સ.૧૧૩૬માં થઈ. આ અખાડાના આચાર્ય મહામંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી પ્રકાશાનંદજી મહારાજ છે. આ અખાડામાં નૈષ્ઠિક બ્રહ્મચારીઓ દીક્ષા પામે છે. દશનામ સંન્યાસીઓના બ્રહ્મચારીઓ પણ પંચાગ્નિ સાથે સંબંધ ધરાવતા હોય છે.

આ અખાડાઓમાં મહાનિર્વાણી તથા જૂના અખાડા ઉત્તરાખંડ ભૂમિનું વરદાન છે. અખાડા પરિષદના અધ્યક્ષ શંકર ભારતીજી નિરંજની તથા મંત્રી ગોવિંદદાસજી ઉદાસીન પંચાયતી અખાડાના મહંત છે. ઉદાસીન અખાડાની સ્થાપના પણ હરિદ્વારમાં જ થઈ હતી.

ઉદાસીન સંપ્રદાયનું પ્રવર્તન તો સનત્કુમારજીને માનવામાં આવે છે, પરંતુ તેનો પુનરુદ્ધાર આચાર્ય શ્રીચંદ્રજીએ કર્યો. (શ્રીચંદ્રજી ગુરુ નાનકદેવના મોટા પુત્ર હતા) શ્રીચંદ્રજીના ગુરુ અવિનાશી મુનિ સંપ્રદાયના ૧૬૪મા આચાર્ય હતા. શ્રીચંદ્રજીનો પ્રાદુર્ભાવ ઈ.સ.૧૪૯૪માં તથા તીરોધાન ઈ.સ. ૧૬૪૪માં થયો. (ગુરુ નાનકદેવજીની બાવીસ વર્ષે તેમને ત્યાં આ પુત્રની પ્રાપ્તિ થઈ હતી.) શ્રીચંદ્રજી પછી તેમના સંપ્રદાયમાં કોઈએ આચાર્યપદ ગ્રહણ કર્યું હતું. બ્રહ્મલીન મહામંડળેશ્વર પ્રજ્ઞાચક્ષુ સ્વામી ગંગેશ્વરાનંદજી મહારાજે આ ભાષ્યના થોડા અંશો પ્રકાશિત કરાવ્યા હતા. તેમાંની અનંતાનંદજીએ અમૃતસરથી શ્રીચંદ્ર સિદ્ધાંતસાગરના નામથી કરી છે.

આ અખાડાની સ્થાપના નિર્વાણ પ્રિયતમદાસજી મહારાજે ઈ.સ. ૧૮૨૫ વિક્રમ સંવતમાં હરિદ્વાર કુંભમેળા પ્રસંગે કરી હતી. તે સમયે આ પ્રસંગે વિભિન્ન ક્ષેત્રોના પ્રમુખ સંતોની સાથે દહેરાદૂન રામરાય દરબારના મહંત સ્વરૂપદાસજી પણ ઉપસ્થિત હતા. આ અખાડામાં આચાર્ય મહામંડળેશ્વરનું પદ નથી. ચાર મહંત જ હોય છે અને મંડળેશ્વરો પણ થતા હોય છે.

પંચાયતી નયા અખાડા ઉદાસીનની સ્થાપના ૧૯૦૨ ઈ.સ.માં પ્રયાગમાં થઈ. અખાડાનું પ્રધાન કાર્યાલય કનખલ, હરિદ્વારમાં છે. તેમાં પણ ચાર મહંત હોય છે, આ અખાડાના પ્રવર્તક ગુરુ સંગતસાહેબ સચ્ચી દાઢી હતા.

નિર્મળ અખાડાના મૂળ પ્રવર્તક ગુરુ નાનકદેવજીને માનવામાં આવે છે. શ્રીગુરુ ગોવિંદસિંહજીએ તેમના પ્રચાર-પ્રસાર માટે મહત્ યોગદાન આપ્યું. ગુરુ નાનકદેવજીના પ્રથમ શિષ્ય સંત ભાઈ ભગીરથે નિર્મળ મતનો વ્યાપક પ્રચાર કર્યો.


ઈ.સ. ૧૮૦૭ના કુંભમાં કનખલસ્થિત ડેરાબાબા દરગાહ સિંહમાં નિર્મળ સાધુઓ એકત્ર થયા હતા, વિક્રમ સંવત ૧૯૧૨ (ઈ.સ.૧૮૫૬)માં ભાદ્રપદ શુકલ દ્વાદશીએ પટિયાલા, સંગરુર આદિ નરેશોની ઉપસ્થિતિમાં અખાડાની સ્થાપના થઈ.

ઈ.સ. ૧૮૦૬માં મહંત સંત બાબા મહેતાબ સિંહજી વિરક્ત અખાડાના પ્રથમ મહંત થયા. ઈ.સ. ૧૮૯૬માં પટિયાલાના રાજાસાહેબ સિંહે હરિદ્વારમાં સશસ્ત્ર સંઘર્ષ કરીને શીખ સાધુઓ માટે સન્માનપૂર્વક વ્યવસ્થા કરી તેનો ઉલ્લેખ ઈતિહાસકારોએ કરેલો છે. બાબા મહેતાબ સિંહજીએ અખાડાની સ્થાપનાનો નિશ્ચય કુરુક્ષેત્રમાં કર્યો હતો. અખાડાનું ભવ્ય ભવન કનખલક્ષેત્ર હરિદ્વારમાં છે. અખાડા તરફથી નિર્મળ સંસ્કૃત

વિદ્યાલયોનું સંચાલન થઈ રહ્યું છે. આ અખાડાના મહંતો સંસ્કૃતના ઉચ્ચ કોટિના વિદ્વાનો હોય છે.

શ્રીમત્ સ્વામી રામાનંદાચાર્યથી વૈરાગી સંપ્રદાયની સ્થાપના થઈ. ઉત્તર ભારતના મધ્યકાળમાં પુનર્જાગરણ હેતુ માટેના સ્વામી રામાનંદજીના કબીર, રૈદાસ, સેન, ધન્ના વગેરે સુપ્રસિદ્ધ શિષ્યો હતા. સંત તુલસીદાસજીને કારણે સંપ્રદાયની ચર્ચા વિશ્વવ્યાપક બની.

૧૭મી શતાબ્દીમાં રામાદલના પ્રતાપી સંત બાલાનંદજીએ રામાદલનું સંગઠન કર્યું. તેમનું પ્રધાન કેન્દ્ર જયપુર હતું. અગ્નિ અખાડાઓની સ્થાપનાનું મહત્ શ્રેય બાલાનંદજીને જ વરે છે. વિક્રમ સંવત ૧૭૨૯માં માધવ, વિષ્ણુ સ્વામી તથા નિમ્બાર્ક મતાનુયાયી વૈષ્ણવો પણ આ રામાદલમાં જોડાયા. દિગંબર, નિર્વાણી તથા નિર્મોહી, અગ્નિ અને દિગંબર નિર્વાણી, નિર્મોહી ખાકી, નિરાવલંબી, સંતોષી તથા મહાનિર્વાણી અખાડાઓની સ્થાપના કરવામાં આવી. આવી રીતે વૈષ્ણવોમાં ત્રણ અગ્નિ અને સાત અખાડાઓની પરંપરા પ્રારંભ થઈ.




અખિલ ભારતીય શ્રીપંચ રામનંદીય દિગંબર અગ્નિ અખાડાનું મુખ્ય કેન્દ્ર અને કાર્યાલય અયોધ્યામાં છે. હરિદ્વારમાં રામાનંદ આશ્રમ પ્રમુખ કેન્દ્ર છે. આ અખાડાના પ્રતિનિધિ મહામંડળેશ્વર ભગવાનદાસજી છે. ગરુડ આશ્રમ, શ્રવણનાથ નગર, અખાડાના અન્ય મહંત શ્રીબલરામદાસજીનું સ્થાન છે. મહંત રામચંદ્રદાસ પરમહંસ આ અખાડાના વર્તમાન મહંત છે. આ અખાડા સાથે બે અન્ય અખાડાઓ રામજી દિગંબર તથા શ્યામજી દિગંબર વૃંદાવનમાં સ્થિત છે.

અખિલ ભારતીય શ્રી પંચનિર્વાણી અખાડાનું પ્રમુખ કાર્યાલય હનુમાનગઢી અયોધ્યામાં છે. તેની સાથે રામાનંદીય નિર્વાણી, નિરાવલંબી, ટાટાંબરી, હરિવ્યાસી નિર્વાણી, હરિવ્યાસી ખાકી તથા બલભદ્રી વૃંદાવની પણ જોડાયેલા છે.

નિર્મોહી અગ્નિ અખાડાનું પ્રમુખ કાર્યાલય જગન્નાથ મંદિર, અમદાવાદમાં આવેલ છે. તેમની સાથે રામાનંદીય નિર્મોહી, સંતોષી માલાધારી નિર્મોહી, રાધાવલ્લભી નિર્મોહી, રામાનંદીય મહાનિર્વાણી, હરિવ્યાસી મહાનિર્વાણી, હરિવ્યાસી સંતોષી તથા વિષ્ણુ સ્વામી નિર્મોહી અખાડાઓ સંકળાયેલા છે. (જગન્નાથપુરીની રથયાત્રા પછી અમદાવાદ જગન્નાથપુરીની રથયાત્રા ઐતિહાસિક રથયાત્રા ઐતિહાસિક રથયાત્રા છે, જેની વ્યવસ્થામાં ૨૫થી ૩૦ હજાર પોલીસદળો રહે છે. બે માઈલ લાંબી આ જગન્નાથજીની શોભા-યાત્રામાં સેંકડો ટ્રકો, ઝાંકીઓ, મલ્લકુસ્તીના અખાડાઓ તથા લાખો માણસો હોંશે હોંશે જોડાય છે, પુરીના મહારાજાની જેમ જ ગુજરાતના મુખ્યમંત્રીઓ ચીરપહરા - ભગવાનના રથની સામે સોનાની સાવરણીથી માર્ગની સફાઈ કરવાનું કાર્ય આજે પણ કરે છે.) આવી રીતે સંન્યાસી ઉદાસી, નિર્મળ તથા વૈષ્ણવ સંપ્રદાયોના અખાડા કુંભપર્વ પર શાહીસ્નાન કરે છે. શેષ સાધુઓ અખાડાઓની અનુમતિથી એક અલગ વ્યવસ્થા સાથે સ્નાન કરે છે. મધ્યકાળમાં કુંભપર્વો પર દશનામ સંન્યાસીઓ તથા વૈષ્ણવ સાધુઓ વચ્ચે સશસ્ત્ર સંઘર્ષનો જે લોહમર્ષક ઘર્ષણ થતાં તે હૃદય કંપાવી દે છે તેથી જ અખાડા પરિષદના ગઠન પછી હવે તેવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય માટે સૌની સહમતીથી સ્નાનની તિથિ તથા શાહીનો ક્રમ નક્કી કરવામાં આવ્યો છે, જેથી તે પ્રમાણે પ્રશાસનની દેખરેખ હેઠળ શાંતિપૂર્વક સૌ સ્નાન કરી શકે.

મહંત ગોવિંદાનંદ બ્રહ્મચારી અગ્નિ અખાડાએ પોતાના એક લેખમાં સ્નાનાર્થ અખાડાઓમાં થયેલી સમજણની એક પ્રત પ્રાપ્ત કરી છે. તેમાં કરવામાં

આવેલા નિર્ણય પર ૧૫મી જાન્યુઆરી, ઈ.સ. ૧૮૭૯ના રોજ નિરંજની અખાડાના મહંત હીરગિરિજી, મહંત શિવદયાળ ભારતીજી તથા મહંત પંચમપુરીજી, મહાનિર્વાણીના મહંત, લક્ષ્મણપુરીજી, વૈષ્ણવોના મહંત શોભારામજી વૈરાગી, અખાડા કલા ઉદાસીનના મહંત જ્ઞાનદાસજી, અખાડા ખુર્દ ઉદાસીપાનના મહંત બલવંતદાસજી તથા અખાડા નિર્મળના મહંત કરમસિંહજી તથા મહંત હરનામસિંહજીએ હસ્તાક્ષર કર્યા હતા. આ પૂર્વે કુંભસ્નાન માટે ઈ.સ. ૧૮૭૯માં હરિદ્વાર કુંભપર્વ પર ભીષણ ઝઘડો - યુદ્ધ - થયો હતો. તેના પહેલાં ઈ.સ. ૧૮૦૭માં હરિદ્વારમાં તથા ઈ.સ. ૧૮૩૮માં નાસિક કુંભમાં પેશ્વા રાજ્યે નિર્ણય લીધો કે વૈષ્ણવ અખાડાઓ નાસિકમાં રામઘાટ ઉપર અને સંન્યાસી તથા અન્ય સાધુઓ ત્ર્યમ્બકેશ્વરમાં સ્નાન કરશે. આ પરંપરા નાસિકમાં આજે પણ સુરક્ષિત છે.



હરિદ્વારમાં આ શતાબ્દીના પ્રથમ મહાકુંભ ૨૦૧૦માં બારમી ફેબ્રુઆરીએ માત્ર દશનામ સંન્યાસી અખાડાએ જ સ્નાન કર્યું, જેમાં ક્રમશઃ જૂના, આવાહન, અગ્નિ, નિરંજની, આનંદ તથા નિર્વાણી અટલ જોડાયો. પંદરમી માર્ચે સોમવતી અમાવસ્યાના શાહીસ્નાનમાં ક્રમશઃ નિરંજની, આનંદ, જૂના, આવાહન, અગ્નિ તથા નિર્વાણી અટલ રહ્યા. ત્યાર પછી વૈષ્ણવ અખાડાઓ પછી ઉદાસીન બડા અખાડા, ઉદાસીન નયા અખાડા તથા નિર્મળ અખાડા રહ્યા. ૧૪મી એપ્રિલ, ૨૦૧૦ના રોજ શાહીનો ક્રમ આ જ પ્રમાણે રહેશે. ૩૦મી માર્ચે કેવળ વૈષ્ણવ સાધુઓનું જ સ્નાન થયું. ૨૮મી એપ્રિલ, વૈશાખ અધિક માસની પૂર્ણિમાનું અંતિમ સ્નાન થશે.

હરિદ્વાર - એક પૌરાણિક વિહંગાવલોકન

ભારતવર્ષનો પ્રાણ જ ગંગા અને હિમાલય છે. આ બંને પ્રાકૃતિક દૈવી વરદાનોનો વૈદિક સાહિત્યમાં પણ ખૂબ જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'યસ્યેમે હિમવન્તો મહિત્વા, યસ્ય સમુદ્રં રસયા સહાહુ' કહીને યજુર્વેદના ઋષિએ (૨૫/૧૨) હિમાલય, નદીઓના નિસ્સીમ વિસ્તાર અને સૌંદર્યની ચર્ચા કરેલી છે. પ્રાકૃતિક સૌંદર્ય સાથે હિમાલય તપોભૂમિ હોવાને કારણે પર સદૈવ પૂજનીય રહ્યો છે. મહાભારતના આદિપર્વ (૩૦/૧૮) અનુસાર બાલખીલ્ય મુનિઓએ, સભાપર્વ (૧૧/૮-૯) અનુસાર શ્રીનારદજીએ; શાંતિપર્વ (૧૬૬/૩૨-૩૭) અનુસાર બ્રહ્માજીએ, શ્રીમદ્ ભાગવતજી (૧૧/૨૯/૪૭) પ્રમાણે ઉદ્ધવજીએ તથા સૌપ્તિક પર્વ (૧૨/૩૦-૩૧) અનુસાર અને અંતે ભગવાન શ્રીકૃષ્ણે પણ તપસ્યા માટે હિમાલય જ યોગ્ય સ્થાન કહ્યું છે. ગીતાના વિભૂતિયોગમાં શ્રીકૃષ્ણે તો 'સ્થાવરાણાં હિમાલય' હું આ સ્થિર પ્રાકૃતિક સંપદામાં હિમાલય છું; તેમ કહ્યું છે. મહર્ષિ વ્યાસે હિમાલયને એકાંત કંદરાસ્થિત આશ્રમોમાં (શાંતિપર્વ ૩૨૭/૨-૨૭) પોતાના પ્રમુખ શિષ્યો સુમન્તુ, જૈમિનિ, પૈલ તથા વૈશંપાયનને વેદો તથા પુરાણોનું અધ્યાપન કરાવ્યું. અનુશાસન પર્વ (૧૪/૪૩-૪૫) અનુસાર શૈવાચાર્ય ઉપમન્યુનો આશ્રમ પણ હિમાલયમાં જ હતો.

હિમાલયની મહત્તા એટલા માટે પણ ખરી કે તેમાંથી ગંગા પ્રકટેલી છે. ગંગાના સ્વરૂપમાં ધ્રુવપ્રદેશમાં સૂર્યના મંદ પ્રકાશથી એકત્રિત વરાળ સ્થૂળ થઈને જળના રૂપમાં પરિણીત થાય છે. ગુરુત્વને કારણે તે વાયુમાં રોકાઈ શકતી નથી, તેથી આ જ એકત્રિત જળપ્રવાહ હિમાલયના સુમેરુ શિખર ઉપર પડ્યા કરે છે. ખરેખર આ જ દિવ્ય ગંગાજળ છે. સુમેરુ શિખર ઉપર આ જળ જે ધ્રુવસ્થાન પર પડે છે; તેને સપ્તર્ષિ પ્રદેશ અથવા વિષ્ણુપદ કહેવામાં આવે છે; તેથી જ ગંગાને વિષ્ણુપદગામિની કહેવામાં આવે છે. ભગીરથ રાજાએ પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કરવા માટે ગોમુખથી આ ધારાને ભારતભૂમિમાં વહેતી કરી તેથી તેને

ભાગીરથી પણ કહેવામાં આવે છે. ભગીરથ ગંગાની જે ધારાને જે હિમગિરિ કંદરાઓ વચ્ચેથી લઈને આવ્યા તે તમામ માર્ગ અનેકાનેક દિવ્ય ઔષધિઓથી યુક્ત હોઈ ગંગા પણ નવજીવનદાયિની અમૃતમયી બનીને રહી. (ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્ટીમરો લંડનથી ભારત આવતી વખતે માર્ગમાં ત્રણ વખત પાણીપુરવઠો લેવા માટે રોકાતી હતી, પરંતુ પાછાં જતી વખતે અંગ્રેજો કોલકાતાથી ભરેલા ગંગાજળને છેક લંડન સુધી તેઓ પીવા અને રસોઈ માટે વાપરતા હતા.) આ ઔષધિયુક્ત પાણી હોવાથી જ ગંગાજળ અમૃત થયું. (આજે પણ છેક ગોમુખથી હરિદ્વાર સુધી ગંગાતટે વસેલા સંતો પ્રતિદિન ગંગાજળમાં સ્નાન કરે છે; અને ગંગાજળનું જ પાન કરે છે; અને સંપૂર્ણ શારીરિક, માનસિક સ્વસ્થતાની અનુભૂતિ કરે છે.) આમ ધાર્મિક દૃષ્ટિ તથા આયુર્વેદનો સંગમ થતાં ગંગાજળમાં જે દિવ્ય પ્રભાવ પ્રગટ્યો તેને વાગ્ભટ્ટે તેમના 'અષ્ટાંગ હૃદય' નામક ગ્રંથમાં લખ્યું છે.

*'હિમવન્મલયોદ્‌ભૂતા પથ્યાસ્તા એવ ચ સ્થિરાઃ ।'*

અર્થાત્ હિમાલયથી નિઃસૃત ગંગાજળ પથ્ય છે, અમૃત છે, તે સ્વાદિષ્ટ છે, સ્વચ્છ, રુચિકર અને પાચનશક્તિવર્ધક, તૃષાહર, જીવનશક્તિવર્ધક તથા બુદ્ધિવર્ધક છે. (હમણાં તાજેતરની મારી અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, જર્મનીની યાત્રા દરમિયાન મેં રોટલી, ભાત, ફરસાણ અને મિષ્ટાન્ન ખાધું જ નહોતું. માત્ર બાફેલું શાક અને ફળ તથા ઝીરો પરસેન્ટ દૂધનો જ આહાર સાડા ત્રણ મહિના લીધો હતો, આ ક્રમ ભારત આવ્યા પછી પણ ચાલ્યો, પરંતુ છેલ્લા પંદર દિવસથી હરિદ્વાર છું. ટેમ્પરેચર બે-ત્રણ ડિગ્રી સેલ્શિયસ રહે છે. દરરોજ ગંગામાં સ્નાન કરું છું. બપોરે અને રાત્રે બબ્બે રોટલી, ભાત, શાક, સલાડ, દહીં, દાળ, પાપડ - નિયમિત ભોજન બે વાર લઉં છું. બ્લડપ્રેશર ૧૨૦-૮૦ જ છે. વજન વધ્યું નહિ. સવારે કલાક અને સાંજે ૩૪ મિનિટ ચાલું છું. રાત્રે દસ વાગ્યે સૂઈ જાવું છું. સવારે ત્રણ વાગ્યે નિર્વિઘ્ને ઊઠી શકું છું. નિયમિત ધ્યાન, જપ, પાઠ, સ્વાધ્યાય અને લેખન બધું સારી રીતે કરી શકાય છે. પ્રભાવ ગંગાજળનો હજુ પણ પ્રત્યક્ષ જ છે.)

ગંગાજળના સેવનથી આયુ અને સહજ શારીરિક શક્તિ અને ક્ષમતાનાં વિકાસ અને વૃદ્ધિ થાય છે. માટે જ આજથી બે હજાર વર્ષ પૂર્વે આચાર્ય ચરકે ઘોષણા કરી હતી : 'હિમવત્પ્રભાવાઃ પથ્યાઃ'. હિમાલયથી ઉત્પન્ન વનસ્પતિઓ તથા ગંગાજળ અસાધ્ય રોગો દૂર કરવામાં પણ સહાયપ્રદ પુરવાર થયાં છે.

ગંગા કેવળ હિન્દુઓ માટે જ નહિ, પરંતુ આ નવજીવનદાયી નદી મોગલ બાદશાહો માટે પણ એટલી જ મહત્ત્વપૂર્ણ રહેલી છે. એવું કહેવામાં આવે છે કે સમ્રાટ અકબર પોતાના દૈનિક જીવનમાં ગંગાજીના જળનો જ પ્રયોગ-ઉપયોગ કરતા હતા. હરિદ્વારથી જળથી સીલબંધ ઘડાઓમાં ગંગાજળ ઊંટો દ્વારા આગ્રા મોકલવામાં આવતું હતું. (આવું જ કંઈક સાંભળેલું છે કે સુપ્રસિદ્ધ કથાકાર મોરારીબાપુ માટે પણ કહેવામાં આવે છે કે તેઓ દેશમાં હોય કે પરદેશમાં, તેમના દૈનિક ઉપયોગ માટે તેઓ ગંગાજળનો જ ઉપયોગ કરે છે.) જહાંગીરે 'વાકિયાત એ જહાંગીર'માં લખ્યું છે કે ઉનાળાની ઋતુમાં તે હરિદ્વાર જ આવતો. અહીંની શિવાલિક રેન્જ હિમાલયની જમીન ભૂ-સ્ખલન કરવાના પ્રકારની હોઈ તેવી વ્યથાથી મુક્ત એકમાત્ર કાશ્મીર હોઈ તેણે ત્યાં મહેલો બંધાવ્યા હતા. બારમી સદીમાં મુસ્લિમ કવિ અબ્દુલ રહેમાને પણ 'સંદેશરાસક'માં ગંગાને ત્રણ લોકમાં ખ્યાત નદી તરીકે વર્ણવી છે. માટે જ પાલિ ભાષાના પંડિતો કહે છે કે જો ત્રણ લોકોમાં જેનો પ્રભાવ છે, તે ગંગા જો સાગરને મળવા ઉતાવળી થાય તો તેને દેખીને અન્ય નદીઓ પણ સાગરભણી શા માટે ન વહે?

## ગંગાજીનું દર્શન, ગંગાજળનો સ્પર્શ અને જપ કરવાથી મહાન યજ્ઞોનું ફળ પ્રાપ્ત થાય છે

### અસ્થિ વિસર્જન માટે ગંગા

મહાભારતકારે ગંગાને શ્રાદ્ધકર્મ માટે પણ સર્વોત્તમ કહી છે. અનુશાસન પર્વ (૮૪/૧૧-૧૫)માં લખ્યું છે કે ભીષ્મ પિતામહે ગંગાદ્વારે - હરિદ્વારમાં પોતાના પિતા દિવંગત રાજવી શાંતનુનું શ્રાદ્ધ કર્યું હતું. તે સમયે પિંડ ગ્રહણ કરવા માટે ગંગાજળમાંથી મહારાજા પિતા શાંતનુનો હાથ બહાર આવ્યો હતો. આશ્રમ વાસિક પર્વ (૩૯/૧૪-૨૦) અનુસાર ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીએ પણ પાંડવોના સ્વર્ગારોહણ પૂર્વે ગંગાદ્વારે-હરિદ્વારમાં આવીને દેહત્યાગ કરી સ્વર્ગ પ્રાપ્ત કર્યું હતું. આ સમાચાર જાણ્યા પછી મહારાજા યુધિષ્ઠિરે ગંગાદ્વાર-

હરિદ્વારમાં આવી પોતાના પૂર્વજોનાં શ્રાદ્ધ કર્યાં હતાં. અનુશાસન પર્વમાં શરશય્યા પર પડેલા ભીષ્મે યુધિષ્ઠિરને ગંગાનું ગૌરવ અને માહાત્મ્ય સમજાવતાં કહ્યું હતું કે, 'તપસ્યા, બ્રહ્મચર્ય, યજ્ઞ કે ત્યાગ કરવાની માનવની જે મતિ-ગતિ થાય તેથી કંઈ વિશેષ દિવ્યતા અને આત્મીય ઉત્કર્ષ ગંગાજીનું સેવન કરવાથી જીવનને પ્રાપ્ત થાય છે. જે દેહધારીઓના દેહ ગંગાજળથી પવિત્ર થાય છે, અથવા તો મરણ ઉપરાંત તેમનાં અસ્થિનું ગંગાજળમાં વિસર્જન થાય છે, તેઓ મોક્ષના અધિકારી બને છે. ગંગાજીનું દર્શન, ગંગાજળનો સ્પર્શ અને તેમાં ઊભા રહીને જપ કરવાથી અનેક મહાન યજ્ઞોનું પુણ્ય પ્રાપ્ત કરી શકાય છે. ગંગાજી મુમુક્ષુની ચૌદ પેઢી (સાત પૂર્વજો અને સાત ભવિષ્યના)નું મંગળ કરે છે. પિતૃઓના ઉદ્ધાર માટે ગંગાતટે પિંડદાન, શ્રાદ્ધ, તર્પણ અને તપશ્ચર્યા પરમોચ્ચ માનવામાં આવેલાં છે. આશ્રમવાસિક પર્વ (મહાભારત) અનુસાર યુધિષ્ઠિર દ્વારા ગંગાદ્વારમાં આવીને સર્વે મૃતાત્માઓનાં અસ્થિનું વિસર્જન અને તર્પણ કર્યાનો ઉલ્લેખ છે. કહેવાનું તાત્પર્ય એટલું કે ગંગાદ્વાર કે હરિદ્વાર 'મોક્ષતીર્થ'ના રૂપે મહાભારત કાળથી જ પ્રતિષ્ઠિત થઈ ચૂક્યું છે.

(અમદાવાદમાં 'હરિભાઈ પંચાલ, સદ્‌વિચાર પરિવાર, સેટેલાઈટ રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫, ગુજરાત, ઇન્ડિયા'ના નામે દેશવિદેશમાંથી અસ્થિ પ્રાપ્ત થાય છે, તેને તેઓ દર મહિને, બે મહિને પ્રયાગ-અલાહાબાદમાં ત્રિવેણી- ગંગા, યમુના, સરસ્વતીના સંગમમાં નિઃશુલ્ક પ્રવાહિત કરાવે છે.)

ધર્મશાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે રાજા ભગીરથના રથનાં પૈડાંથી પડેલા ચીલામાંથી વહેતી ગંગાધારામાં વહેતાં પાણીમાં જ અસ્થિ પ્રવાહિત કરવાથી કે શ્રાદ્ધ તર્પણ કરવાથી જીવાત્માને પરમશાંતિ અને નિત્યમુક્તિ-મોક્ષ મળે છે અને તેને જ પવિત્ર માનવામાં આવે છે, પરંતુ અંગ્રેજ સરકારે જ્યારે હરિદ્વારમાં હરકી પૈડીથી દૂર ગંગાની નહેર કાઢીને બંધ બાંધવા માટે પ્રયત્ન કર્યો ત્યારે શાસ્ત્રોક્ત નિયમનની રક્ષાર્થે પંડિત મદનમોહન માલવિયાએ સન ૧૯૧૪માં જ આ કલુષિત યોજના વિરુદ્ધ આંદોલન કર્યું હતું. ફરીથી ઈ.સ.૧૯૧૬માં સર જેમ્સ મેસ્ટન, ગવર્નર, ઉત્તર પ્રદેશને પણ માલવિયાએ તેમના નેતૃત્વમાં ભારતના રાજા-મહારાજાઓ, પંડા-પુરોહિતો, સંતો તથા નાગરિકોના વિરાટ આંદોલન દ્વારા ગંગાની પ્રાકૃતિક ધારાની અવિચ્છિન્નતા અને અખંડિતતાની રક્ષા કરી હતી.

### ગંગા ગૌરવ

શ્રીમદ્ ભાગવત પુરાણ (૬/૩/૩૯) અનુસાર અજામિલે પણ ગંગાદ્વારમાં આવી તપશ્ચર્યા કરી મોક્ષની પ્રાપ્તિ કરી હતી. વિદુર-મૈત્રેય સંવાદના રૂપમાં તથા શ્રી શુકદેવજી તથા પરીક્ષિતના સંવાદના રૂપમાં ભાગવત કથા ગંગા તટે જ કહેવામાં આવી હતી. વન પર્વ - મહાભારત (૯૭/૧૧) અનુસાર મહર્ષિ અગત્સ્યે સાપત્નિક તપ અહીં ગંગાદ્વારમાં આવીને જ કર્યું હતું. જયદ્રથે પણ અહીં જ આરાધના કરીને શિવજીને પ્રસન્ન કર્યા હતા. શલ્ય પર્વ (૩૮/૨૭-૨૮) અનુસાર દક્ષ પ્રજાપતિએ પણ ગંગાદ્વારમાં જ કનખલ ક્ષેત્રમાં દક્ષયજ્ઞ કર્યો હતો. ભગવતી સ્વરૂપ માતા સતી (દક્ષકન્યા)એ પણ અહીં હરિદ્વારમાં જ બિલ્વકેશ્વર મહાદેવની સ્થાપના કરી, માત્ર બિલ્વનાં પાનનો આહાર કરી, ગંગાસ્નાન કરી, શિવને પ્રસન્ન કરીને શિવની કૃપા પ્રાપ્ત કરી હતી. (બિલ્વનાં પાન નિયમિત ચાવવાથી મધુમેહ જાય છે. લીવર, કિડની, પેન્ક્રિયાઝ અને ઇન્સ્ટેસ્ટાઈનના રોગો, મરડો, જઠરની બીમારીઓ માટે બિલ્વફળ-બિલ્લું અકસીર ઉપાય માનવામાં આવ્યો છે. બિલ્લામાં સ્વર્ણ અને રજત ભસ્મની શક્તિ અને ક્ષમતા હોય છે. તેમાં પારદ ભસ્મની શક્તિ અને ઓજસ પણ હોય છે. બંધકોષ અને અતિસાર બંને પક્ષે બિલ્વફળ (બિલ્લું) અને બિલ્વપત્ર અમૃતતુલ્ય દિવ્ય ઔષધિ છે.)

આમ ભારતીય સંસ્કૃતિ તથા સંસ્કારના મહાન પ્રકાશસ્તંભો સમાણાં શાસ્ત્રો મહાભારત, રામાયણ, સ્કંદપુરાણ, ભાગવતપુરાણ, નારદપુરાણ, મત્સ્યપુરાણ, વિષ્ણુપુરાણ, પદ્મપુરાણ તથા વરાહપુરાણમાં ગંગા અને હરિદ્વાર કે ગંગાદ્વારના મહિમાનું અખૂટ વર્ણન કરવામાં આવ્યું છે. ગંગાનું તીર્થરૂપે વિવરણ કે વર્ણન સૌથી વિશદરૂપે મહાભારતના વન પર્વ (૮૫/૮૮/૮૯)માં મળી આવે છે. ઉદ્યોગપર્વ (૧૧૧/૧૬/૨૦)માં એ પણ ચર્ચા કરવામાં આવી છે કે સર્વપ્રથમ ગંગા જ્યારે હિમાલયના શિખર પર અવતરણ કરે છે, તે સ્થાન ગંગાદ્વાર અને જ્યારે હિમગૌરી કંદરાઓમાંથી પ્રવાહિત થતી ગંગા જ્યારે પ્રથમ વાર મુક્ત હૃદયે નિર્બંધ વહે છે, ત્યારે તેને હરિદ્વાર કહેવામાં આવે છે. (ગંગાજીનું જ્યાં પ્રાકટ્ય થયું તે સ્થળને ગંગોત્રીના નામથી

ઓળખવામાં આવે છે. હરિદ્વારથી ગંગોત્રી ૨૭૧ કિ.મી. દૂર છે અને ગંગોત્રીથી ગોમુખ ૧૯ કિ.મી. દૂર છે. આમ હરિદ્વારથી ગંગાનું મૂળ પ્રાકટ્ય મૂળ ૨૯૦ કિ.મી. દૂર થયું. આ ગોમુખથી પ્રકટેલા ગંગાપ્રવાહને ભાગીરથીના નામે ઓળખવામાં આવે છે. કેદારખંડની ઉપત્યકાઓમાંથી પ્રવાહિત થતી ભીલંગના નદી આ ભાગીરથીને ટિહરીમાં આવીને મળે છે, જ્યાં બહુચર્ચિત ટિહરી ડેમ બાંધવામાં આવ્યો છે. આ મિલન પછી દેવપ્રયાગ પાસે કેદારનાથમાંથી આવેલી મંદાકિની અને બદરીનાથમાંથી પ્રગટેલી અલકનંદા કે જેમનો સંગમ વિષ્ણુપ્રયાગ પાસે થાય છે તે સંગમ પામેલી નદીને નંદપ્રયાગમાં રૂપકુંડમાંથી આવતો જળપ્રવાહ મળે છે. બદરીનાથ ગ્લેશિયર્સમાંથી આવતી પીંઢારગંગા અલકનંદાને કર્ણપ્રયાગમાં મળે છે. ત્યાર પછી આ બધો જળપ્રવાહ રુદ્રપ્રયાગ પાસે મંદાકિનીને આવીને મળે છે અને દેવપ્રયાગ સુધી અલકનંદાના નામે ઓળખાય છે. દેવપ્રયાગમાં ભાગીરથી અને અલકનંદાનો સંગમ થાય છે, તે પછી આ નદી ગંગાના નામે ઓળખાય છે.

આદિપર્વ અનુસાર ભરદ્વારજમુનિનો આશ્રમ પણ ગંગાદ્વાર-હરિદ્વારમાં જ હતો તથા મહારાજ પ્રતીપે (શાંતનુના પિતાશ્રી અને ભીષ્મના દાદાશ્રી કે પિતામહ) અહીં તપશ્ચર્યા કરી તીર્થસ્વરૂપમાં પ્રતિષ્ઠિત કર્યો હતો.

ગંગાના અસાધારણ મહિમાનો અંદાજ આપણે તે વાત પરથી જાણી કે સમજી શકીએ કે દુષ્યન્ત અને શકુંતલાના પુત્ર મહારાજ ભરતે ગંગાજીના પંચાવન અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. (તેમના નામથી જ પૂર્વે આર્યાવર્ત કે ત્રિપિષ્ટીપ નામે ઓળખાતું આપણું રાષ્ટ્ર ભારતવર્ષ નામથી સુપ્રસિદ્ધ થયું.) કાશીના દશાશ્વમેધ ઘાટ ઉપર ભારશિવ રાજાએ અશ્વમેધ પશ્ચાત્ અવભૃથ સ્નાન (યજ્ઞની સફળતા અને પૂર્ણાહુતિ પછી નદીઓમાં કરવામાં આવતું પારંપરિક વૈદિક સ્નાન) કર્યું હતું. ગુપ્ત સમ્રાટોએ તો ગંગાજીની મગરમચ્છ પર આરૂઢ ચામર-કુંભધારિણી મૂર્તિઓ બનાવીને ઠેરઠેર સ્થાપિત કરી હતી અને ગંગાજીનાં મંદિરો સ્થાપિત કરી ગંગાપૂજા-મૂર્તિપૂજારૂપે પણ પ્રારંભેલી હતી. શ્રીકૃષ્ણે ગીતાજીમાં 'સ્રોતસામસ્મિ જાહ્નવી' નદીઓમાં હું ગંગા છું, કહીને ગંગાજીનું ગૌરવ વધાર્યું છે, તથા ગંગાને શ્રીકૃષ્ણ સ્વરૂપ જ જાણવી જોઈએ તેમ કહ્યું છે. (આપણી અજ્ઞાનતા અને જડતાનું પાસું એટલું બધું દુર્ભાગ્યે ઊંચું છે કે વૈષ્ણવો યમુનાજીની (નદીની) દુર્દશા થઈ હોવા છતાં ગંગાજીમાં સ્નાન કરવામાં અન્યાશ્રય માને છે.)

વાલ્મીકિ ઋષિએ તો પ્રાર્થના કરતાં લખ્યું છે કે, જે મુરારિનાં ચરણોમાં ઉત્પન્ન થઈ છે. (વિષ્ણુપદ-ગામિની ગંગા) અને શંકરની જટામાં સમાયેલી અને વિરાજત ગંગા કે જે સંપૂર્ણ પાપોને હરણ કરવાવાળી છે. તે મનોહારી ગંગાજળ મને પવિત્ર કરે -

*'ગાંગંવારિ મનોહારિ, મુરારિ ચરણચ્યુતમ્ ।*
*ત્રિપુરારિશિરશ્ચારિ, પાપહારિ પુનાતુ, મામ્ ॥*

આદ્ય શંકરાચાર્યજી કહે છે કે હે દેવી ! હું તમારે તીરે, માત્ર તમારું જળપાન કરતો રહું અને વિષય-તૃષ્ણાથી રહિત થાઉં અને સતત શ્રીકૃષ્ણની આરાધના કરતો રહું. હે સકલપાપવિનાશિની, સ્વર્ગસોપાનરૂપિણી, તરલ તરંગિણિ, દેવી ગંગે ! મારા પર પ્રસન્ન થાઓ !

*ભગવતિ તવ તીરે નીરમાત્રાશનોऽહં;*
*વિગત વિષય તૃષ્ણઃ કૃષ્ણમારાધયામિ ।*
*સકલકલુષભંગે સ્વર્ગ સોપાનસંગે;*
*તરલતરતરંગે દેવિ ગંગે પ્રસીદ ॥*

વિષ્ણુપુરાણકાર લખે છે, જ્યારે ગંગા નામ માત્ર શ્રવણ કરો તો પણ આત્મસ્થ થઈ શકાય છે. જ્યારે કોઈ ગંગાજીનાં દર્શનની અભિલાષા કરે છે, જ્યારે પ્રત્યક્ષ દર્શન કરે છે, તેનો સ્પર્શ કરે છે અથવા તો ગંગાજીનું પાન કરે છે, તેની સ્તુતિ કરે છે, ગંગાજીમાં અવગાહન કરે છે, ગંગાજી પ્રતિક્ષણ તેવા મુમુક્ષુઓને પવિત્ર કરે છે. (૨/૮/૧૨૦/૧૨૧)

મધ્યકાળમાં પંડિતરાજ જગન્નાથજીપ્રણિત ગંગાલહરીએ અગણિત શ્રદ્ધાળુઓને મોહિત કર્યા છે. પંડિતરાજ જગન્નાથજીનું સન્માન શાહજહાં તથા તેમના શાહજાદા દારાશિકોહે પણ કર્યું હતું. મુસ્લિમ કવિ અબ્દુર્રહીમ ખાનખાનાએ પણ ગંગાસ્તુતિ કરતાં કહ્યું છે કે

*'અચ્યુત ચરનતરંગિની, સિવ સિર માલતિ માલ ।*
*હરિ ન બનાયૌ સુરસરિ, કીન્હી ઈંદવ ભાલ ॥'*

અર્થાત્ ગંગાસ્નાન કરવાથી મુમુક્ષુ શિવ કે વિષ્ણુપદને પામે છે. કવિ શ્રદ્ધાતિરેક ભાવથી કહે છે, ના ભઈ ના ! આ આપણું કામ નહિ. જો શિવપદ પામીએ તો ગંગા જટામાં બંધાઈ જાય અને વિષ્ણુપદ પામીએ તો ચરણતળે રગદોળાય... માટે હું દર્શનથી જ તૃપ્ત છું. એવી જ રીતે મિયાં સૈયદ ઈબ્રાહિમ

'રસખાન' પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતાં કહે છે કે...

*'વેદ કી ઔષધ ખાંઉ કછૂ ન કરૌ વ્રત સંજય રી સુનુ મોસે;*

*તેરોઈ પાની પિયાં રસખાનિ સંજીવન લાભ લહૌ સુખ તોસે,*

*એ રી સુધામઈ ભાગીરથક્ષ કોઉ પથ્ય કુપથ્ય કરે તઉ પોસે*

*આક ધતૂરે ચબાત ફિરૈ વિષ ખાત ફિરૈ સિવ તોરે ભરોસે ।'*

સંત તુલસીદાસજીએ તો ગંગાજળને બ્રહ્માજીનું દ્રવીભૂત સ્વરૂપ જ ગણ્યું છે. તે વિષ્ણુપાદોદક જ નહિ, સ્વયં દ્રવીભૂત વિષ્ણુ જ છે. તેથી વિશેષ ગંગાજીની સ્તુતિ વળી બીજી શી હોઈ શકે ? 'બ્રહ્મ જો વ્યાપક વેદ કહૈ ગમ નાહિં ગિરા ગુન જ્ઞાન ગુની કો,

*જો કરતા ભરતા હરતા સુર સાહિબ સાહિબ દીના દુઃખી કો ।*

*સોઈ ભયો દ્રવરૂપ સહી જુ હૈ નાથ વિરંચિ મહેસ મુની કો,*

*માની પ્રતીતિ સદા તુલસી જલ કાહે ન સેવત દેવધુની કો ॥'*

અને કવિવર પદ્માકર તેલંગે પણ તેમની ગંગા લહરીમાં ગાયું છે;

*કાહૂ ને ન તારે, તિન્હેં ગંગા તુમ તારે ।*
*ઔર જે તે તુમ તારે, તે તે નભ મેં ન તારે હૈ ॥*

## ગંગાતીર્થ

ગંગાદ્વાર-હરિદ્વાર સુધી પહોંચતાં સુધી ગંગાજીમાં ભાગીરથી મંદાકિની, અલકનંદાની ધારાઓ એકરૂપ થઈ જાય છે. તે પૂર્વે અને તે પછી પણ તેમાં અનેક જળસ્રોત મળે છે. આમ આ પ્રચુર જળરાશિ સમાવિષ્ટ ગંગાધારા કાશીપ્રયાગ થઈને લગભગ ૧૫૦૦ માઈલનું અંતર કાપીને - યાત્રા કરીને અનેક નગરો વનો-ઉપવનોને પાવન કરતી જતી લોકમાતા છે.

માનવી માત્રનાં દુઃખનું કારણ તેનો અહંકાર છે. માનવજીવનના સુખની ચાવી તેના જીવનની સરળતા છે. મોટા તો સૌ થવા માગે, પરંતુ મોટા હોઈએ છતાં વિનમ્ર-નાના થઈને રહીએ તેમાં જે મોટપ છે, તે મોટા થવામાં નથી જ. ગંગા બ્રહ્માના કમંડળમાં હતી. વામન અવતારમાં મહાવિષ્ણુએ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું ત્યારે તેમનાં શ્રી ચરણપ્રક્ષાલન કરતાં ગંગા બ્રહ્મલોકમાંથી વિષ્ણુપદગામિની થઈ. ભગીરથની તપશ્ચર્યા પછી વિષ્ણુલોકમાંથી ગંગાધારા પોતાના અપ્રતિમ વેગને કારણે પાતાળમાં ધસી ન જાય માટે શિવજીએ તેને જટામાં ધારણ કરી, ત્યાર પછી લોકકલ્યાણ માટે જટામાંથી એક નાની ધારા 'બહુજન હિતાય સુખાય ચ'ની ભાવનાથી પૃથ્વીલોક માટે વહેતી કરી. આ ગંગા ત્રણ લોકમાંથી આવેલી છે. દેવતાઓ દ્વારા વંદિત છે, છતાં લોકકલ્યાણાર્થે જનપદોમાં થઈને ઉપરથી નીચેની તરફ વહે છે.

*ગંગે ત્ર્યૈલોકસારે સકલસુરવધુધૌત વિસ્તીર્ણતોયે*
*પૂર્ણ બ્રહ્મસ્વરૂપે હરિચરણરજોહારિણી સ્વર્ગ માર્ગે*
*પ્રાયશ્ચિત્તં યદિ સ્યાત્તવ જલકણિકા બ્રહ્મહત્યાદિ પાપે*
*કસ્ત્વાં સ્તોતું સમર્થસ્ત્રિ જગદઘહરે દેવિ ગંગે પ્રસીદ !*

કહેવાનું તાત્પર્ય ગંગાના જીવનથી - સરળ બનો; સેવાભર બનો, સમાજની ગંદકીનો સ્વીકાર કરો, પરંતુ બદલામાં નિર્મળતા અને શીતળતા જ આપો. માટે જ ગંગા જ્યારે હરિદ્વાર આવે છે, પછી જ તેને તીર્થત્વ પ્રાપ્ત થાય છે. નાદરપુરાણમાં હરિદ્વારના હરિતીર્થ (હરકી પૈડી), કનખલ તીર્થ, કોટિ તીર્થ (બિલ્વક્ષેત્ર), સપ્તગંગતીર્થ (સપ્ત સરોવર) શાંતનું દ્વારા સ્થાપિત લલિતતીર્થ(લલતારૌ) તથા ભીમસ્થળ (ભીમગોડા)ની મહત્તાનું વર્ણન મળે છે. આચાર્ય બળદેવ ઉપાધ્યાયે નારદપુરાણના કાળને ઈ.સ.૭૦૦થી ઈ.સ.૯૦૦ની મધ્યે કુમારિલ ભટ્ટથી પરવર્તી માન્યું કે ગણાવ્યું છે. તાત્પર્ય એ કે ગંગાતીર્થના આ ઉપતીર્થો તે સમય સુધી પ્રતિષ્ઠિત થઈ ચૂક્યાં હતાં. નારદપુરાણ (પૂર્વ ૦૬/ ૫૦)માં કહેવામાં આવ્યું છે.

*'નાસ્તિ ગંગા સમં તીર્થં, નાસ્તિ માતૃ સમોગુરુઃ ।*

તદુપરાંત પુરાણકાર કહે છે કે મહાભાગા ગંગાનું સ્મરણકર્તાના તમામ મનોવિકારોનો નાશ થાય છે, દર્શનમાત્રથી વિષ્ણુલોકની પ્રાપ્તિ અને ગંગાજળના પાનથી સારુપ્ય પ્રદાન કરે છે. મત્સ્યપુરાણનો આવિર્ભાવકાળ ઈ.સ. ૨૦૦થી ઈ.સ. ૪૦૦ની વચ્ચે માનવામાં આવ્યો છે. આ પુરાણમાં પણ ગંગાને કારણે જ હરિદ્વાર, પ્રયાગ અને ગંગાસાગરની મહત્ ચર્ચા કરવામાં આવી છે.

*'સર્વત્ર સુલભા ગંગા, ત્રિષુ સ્થાનેષુ દુર્લભા*
*ગંગાદ્વારે, પ્રયાગે ચ, ગંગાસાગર સંગમે ।'*
*(૧૦૬/૫૪)*

અર્થાત્ ગંગા સર્વત્ર સુલભ છે, ક્યાંય ધારાના

રૂપમાં કે ક્યાંય ગંગાજળીમાં સુરક્ષિત, પરંતુ હરિદ્વાર, પ્રયાગ તથા ગંગાસાગરમાં દર્શન, જળપાન ને સ્નાનનું સૌભાગ્ય મહત્ પુણ્ય હોય તો જ પ્રાપ્ત થાય છે.

હરિદ્વારમાં ગંગા સમતળ ભૂમિ પર પ્રવાહિત થાય છે, તેથી જ અહીં તેનું ગંગા નામ સાર્થક થયું છે. વરાહપુરાણનો રચનાકાળ નવમી કે દસમી શતાબ્દી- આશરે માનવામાં આવે છે. આ પુરાણના ૮૨મા અધ્યાયમાં ગંગા શબ્દની વ્યુત્પત્તિ 'ગાં ગતા' અર્થાત્ જે પૃથ્વી પર પ્રવાહિત થઈ હોય, તેમ વર્ણવવામાં આવ્યું છે. પર્વતીય ઊંચાઈથી જ્યારે હરિદ્વારની સમતળ ભૂમિ પર ગંગા પ્રવાહિત થઈ કે સત્વર જ તેનો શ્યામ રંગ શ્વેતમાં પરિણીત થતો આજે પણ નીરખી શકાય છે. (સપ્ત સરોવરમાં પરમાર્થ નિકેતનની પાછળ ઘાટ પર ગંગાજી શ્યામ રંગનાં છે. માત્ર એક કિલોમીટર આગળ હરકી પૈડી તરફ આવતાં પૂર્વે તેનો રંગ પૂર્વે શ્યામમાંથી નીલવર્ણી અને પછી શ્વેત રંગનો થઈ જાય છે.) 'પૃથ્વીરાજ રાસોની પ્રાચીનતમ પ્રતિ'માં આ દૃશ્યનો ઉલ્લેખ છે. આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી દ્વારા સંપાદિત 'સંક્ષિપ્ત પૃથ્વીરાજ રાસો'ના પ્રામાણિક સંસ્કરણમાં 'હરદ્વાર' નામની સાથે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. માટે હરદ્વારનો ઇતિહાસ લખવાવાળા ઇતિહાસકારોનું તે કથન ભ્રાન્તિભર્યું જ છે કે પંદરમી- સોળમી શતાબ્દી આવતાં જ આ નગરીને હરિદ્વાર કહેવામાં આવી. હરિદ્વારની ચર્ચા ઈસુની દ્વિતીય શતાબ્દીથી આરંભીને ચોથી શતાબ્દીના મધ્યકાળમાં રચયિત પુરાણોમાં પણ કરવામાં આવી છે. મધ્યકાળમાં પૃથ્વીરાજ તથા ચંદવરદાયીના સમયમાં આ ગંગાદ્વાર- હરદ્વાર અને હરિદ્વાર બંને નામથી પ્રચલિત હતાં. 'શશીવ્રતા વિવાહ પ્રસ્તાવ'માં ગંગાદ્વારનું નામ હરદ્વાર તરીકે ઉલ્લેખિત કરવામાં આવ્યું છે, તેની સાથે જ ડૉ. વી.પી. શર્મા દ્વારા સંપાદિત 'પૃથ્વીરાજ રાસો લઘુ સંસ્કરણ'માં 'હરિદ્વાર' નામનો ઉલ્લેખ છે. એકાદશ ખંડમાં 'પૃથ્વીરાજ રાસો'ની આ પંક્તિઓ કહે છે-

'હરિદ્વાર જાઈ બિલ્વક સુહરક, સેવજનનિ સંગહકરિય.'

(એક વિનોદ... એક અંગ્રેજ ઈંગ્લેન્ડમાં અશાંતિથી પીડિત હતો, કોઈએ કહ્યું, હિમાલય જાઓ - તે હરિદ્વાર આવ્યો, પરંતુ અહીં રેલવે સ્ટેશનમાં તેણે વાંચ્યું HARDWAR... HARD WAR? અને તે કહે, 'SORRY અહીં તો રહેવાય જ નહિ !!!)

'પદ્મપુરાણ' રાધાવલ્લભ સંપ્રદાયની માન્યતાઓનું પ્રતિપાદન કરતો ગ્રંથ છે. તેના ઉત્તરાખંડમાં શ્રીશ્રી રાધાજીની મહત્તા હિતહરિવંશજી દ્વારા સ્થાપિત (ઈ.સ.૧૫૮૫) કથિત સંપ્રદાયાનુસાર જ છે - તેઓ દેવબંદ (જિલ્લો સહારનપુર - ઉત્તર પ્રદેશ)ના નિવાસી હતા. કુદરતી રીતે સહારનપુર હરિદ્વારથી માત્ર એક જ કલાકના રસ્તે છે, તેથી તેમણે હરિદ્વારની યાત્રા પણ અવશ્ય કરી જ હશે. તેમના આ 'પદ્મપુરાણ'માં પણ લખ્યું છે કે 'જ્યારે ગંગા વિષ્ણુચરણથી નિઃસૃત થઈને હરિદ્વાર આવી પછી દેવોને પણ દુર્લભ બની. અહીં ભગવાનશંકર નારદજીને કહે છે કે, હું પણ એક વાર હરિપદ (હરકી પૈડી)માં ગંગાસ્નાન માટે ગયો હતો. તીર્થ તથા ગંગાના પ્રવાહે હું પણ વિષ્ણુસ્વરૂપ થઈ ગયો હતો. હરિદ્વાર પરમ પવિત્ર, સુંદર તીર્થ મારી દૃષ્ટિમાં સર્વાધિક મહત્ત્વનું છે. આ તીર્થ માનવને શ્રેષ્ઠ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ - ચારેય પુરુષાર્થ આપનારું છે. (સંક્ષિપ્ત 'પદ્મપુરાણ', ઉત્તરાખંડ પૃષ્ઠ ૬૧૩)

હરિપદ તીર્થને કારણે ગંગાદ્વારને હરિદ્વાર અને કનખલસ્થિત દક્ષેશ્વર તીર્થને કારણે હરદ્વાર કહેવામાં આવ્યું છે. બદરીનાથ અને કેદારનાથની યાત્રાનું પ્રવેશદ્વાર હોવાથી પણ ક્રમશઃ હરિદ્વાર કે હરદ્વારના નામથી પ્રસિદ્ધિ પામ્યું હોય તેવું પણ બની શકે.

પદ્મપુરાણ અને નારદપુરાણે એક જ સ્વરે ગંગા, હરિદ્વાર કે હરદ્વારના મહિમાનું ગૌરવગાન કરતાં અહીં શ્રાદ્ધ, તર્પણ, પિંડદાન, અસ્થિવિસર્જન, ધ્યાન, જપ, સ્વાધ્યાય, એકાંત તપશ્ચર્યા માટેનું શ્રેષ્ઠ સ્થળ ગણાવ્યું છે. હરિદ્વારને શ્રેષ્ઠ તીર્થ પણ કહ્યું છે.

'તીર્થસ્થરન્તિ પ્રવતોમહીરિતિ, યજ્ઞકૃતઃ સુકૃતોયેન યાન્તિ ।'

પરંતુ એ ન ભૂલવું જોઈએ કે તીર્થમાં આવીને પણ કામ, ક્રોધ, હિંસા, લોભ, મોહ, તૃષ્ણા, રાગ, દ્વેષ, ઊંચનીચનો ભાવ, અસહિષ્ણુતા અને અનુદારતાનો પરિત્યાગ ન થાય તો તેની તીર્થયાત્રા નિરર્થક છે.

મથુરાના ચૌબાઓ ભાંગ પીને યમુનાજીમાં નૌકાવિહાર કરવા ગયા. આખી રાત હલેસાં માર્યા, સવારે કહે, 'વાહ ! આપણે પ્રયાગમાં આવ્યા, પણ પ્રયાગમાં પણ આપણા મથુરા જેવા જ ઘાટ છે !' તેઓએ હલેસાં તો માર્યાં, પરંતુ આખીય રાત પરિશ્રમ

કર્યા પછી ત્યાં જ રહ્યા, કારણ કે નૌકાને બાંધી રાખેલી તે તો છોડી જ નહોતી. આવું જ ઘાણીના બળદનું ! તે સવારથી સાંજ સુધી ૨૫ માઈલ ચાલતો હશે, પણ ત્યાંનો ત્યાં જ, કારણ કે ખૂંટે બંધાયેલો છે.

રામકૃષ્ણ પરમહંસદેવ કહેતા, કળિયુગમાં પાપ પણ ચાલાક થઈ ગયું છે. તમે ગંગામાં નહાવા જાઓ, અને કપડાં ઉતારો તેની સાથે તમારું પાપ પણ તમારા ઉપરથી ઊતરીને કિનારે જ બેસી રહે, તમારી જોડે ગંગાજીમાં ડૂબકી મારે જ નહિ ! તમે નાહીને કપડાં પહેરો એટલે પાછું તમારા માથે !

સંતોએ ગાયું છે,

*'અન્ય ક્ષેત્રે કૃતં પાપં પુણ્યક્ષેત્રે વિનશ્યતિ ।*
*પુણ્ય ક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ ॥'*

બીજે સ્થળે કરેલાં પાપ, પવિત્ર તીર્થોમાં ધોવાઈ જાય, પરંતુ પવિત્ર ક્ષેત્રો કે તીર્થોમાં કરેલાં પાપ વજ્રલેપ સમાન થઈ જાય છે તે કદીય છૂટતાં નથી.

પરંતુ તેનો એક બીજો પણ અર્થ ઘટાવી શકાય. ગીતાએ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ વિભાગ યોગમાં શરીરને ક્ષેત્ર અને આત્માને ક્ષેત્રજ્ઞ કહ્યો છે - અર્થાત્ બીજી યોનિઓમાં - માણસ સિવાયનાં બીજાં શરીરોમાં કરેલાં દુષ્કૃત્યોમાંથી મનુષ્ય યોનિમાં ઉદ્ધાર થઈ શકે, પરંતુ માનવજન્મમાં આદરેલાં અપલક્ષણો ઈતર યોનિમાં ઉદ્ધાર નહિ પામે; માટે સાવધાન ! તીર્થયાત્રાની સાર્થકતા માટે કહેવામાં આવ્યું છે કે જેના બંને હાથ બંને પગ તથા મન વશમાં હોય છે, જે સંયમ અને સૌહાર્દપૂર્ણ વ્યવહાર કરે છે, જે નિષ્કલંક છે, સેવાનિરત છે, જેનામાં જ્ઞાન અને વિજ્ઞાન બંનેની જિજ્ઞાસા છે, તેનું જ તીર્થાટન સફળ થાય છે.

*'યસ્ય હસ્તૌ ચ પાદૌ ચ, મનશ્ચૈવ સુસંયતમ્ ।*
*વિદ્યા તપસ્ય કીર્તિસ્ય, સ તીર્થફલં અશ્નુતે ॥'*

વિદુરજીએ કહ્યું હતું કે, જે વ્યક્તિ દાન ગ્રહણ કરીને તેનો ઉપયોગ ઐન્દ્રિયજન્ય ઉપભોગ માટે કરે છે, જે અસંતુષ્ટ છે તથા જેમાં જ્ઞાન, બુદ્ધિ, દાન, તપ, યોગ આદિનો અહંકાર છે, તેને તીર્થોનું ફળ પ્રાપ્ત થતું નથી. પુરોહિત વસુ એ બ્રહ્માજીની કન્યા મોહનીને કહ્યું હતું કે 'ગંગામાં તો માછલીઓ પણ રહે છે અને દેવાલયોમાં પક્ષીઓ નિવાસ કરે છે, પરંતુ તેમના ચિત્તમાં ભક્તિભાવની શૂન્યતા હોવાને કારણે તેઓએ ગંગાસ્નાન કે દેવસ્થાનનિવાસનું કોઈ પુણ્ય પ્રાપ્ત થતું નથી. અશ્રદ્ધાળુ, પાપી, નાસ્તિક, સંશયાત્મા અને કેવળ માત્ર તર્કવાદી હોય તો તેમની યાત્રા પણ પ્રભુપરાયણ કે મોક્ષપ્રદાયક ન થઈ શકે. હાથી, ઘોડા, પાલખી વગેરે વૈભવનું જ પ્રદર્શન છે, બાહ્ય આડંબર છે, તીર્થયાત્રાનું ફળ તો પગે ચાલીને, દીન દુઃખી દરિદ્ર ત્યક્ત વિકલાંગની સેવામાં જ સાર્થક છે. બાકી 'જીન માત પિતા કી સેવા કીની તીન તીરથ ધામ ફિરે ન ફિરે'માં જ જીવનસાર્થક્ય છે.

છતાંય તીર્થયાત્રાનો ઉદ્દેશ આધ્યાત્મિક જ્ઞાનપિપાસાની શાંતિમાં જ સમાહિત થાય છે. સમગ્ર ભારતવર્ષને એકસૂત્રતામાં બાંધવાનું કાર્ય આ તીર્થયાત્રાઓ કરે છે. દક્ષિણ ભારતનો યાત્રી ગંગોત્રી-જમનોત્રી કે બદરી-કેદારની યાત્રાએ અથવા તો દ્વારકાધીશ કે સોમનાથ-ગિરનારની યાત્રાએ આવે અને ગુજરાત-રાજસ્થાનનો યાત્રી અમરનાથ, ગંગાસાગર કે રામેશ્વરની યાત્રાએ જાય, આ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની સુસંવાદિતાનું જ સાર્થક્ય જ હતું. સુદૂર હિમાલયથી કન્યાકુમારી તથા અટકથી કટક સુધી ગંગા, યમુના, ગોદાવરી, નર્મદા, સિંધુ, કાવેરી, સરસ્વતી જેવી પવિત્ર નદીઓનો આશ્રય લઈને આપણે આપણી પવિત્ર ભૂમિને નદીઓનું માતૃત્વ પ્રદાન કર્યું છે. કારણ આપણી સંસ્કૃતિમાં 'માતૃત્વ' સિવાય બીજો પૂજનીય દરજ્જો છે જ નહિ અને કદાચ ઈશ્વરને પણ એવું જ લાગ્યું હશે કે હું સૌને સુલભ કેવી રીતે બનું, તેથી જ તેણે માતાવતાર ગ્રહણ કર્યો હશે ને !

તીર્થોની અવધારણાએ સંપૂર્ણ ભારતભૂમિને દિવ્યતા પ્રદાન કરી છે. તીર્થયાત્રાની બૌદ્ધિક મૂડીથી જ કદાચિત પુરાણકારોએ પોતાના અધ્યેતાઓને ભારતીય ભૂગોળથી પરિચિત કરાવ્યા હશે.

મહાકુંભમેળો ૨૦૧૦ હરિદ્વાર પ્રશાસન વ્યવસ્થા

કુંભમેળાનું ક્ષેત્ર ૧૩૦ ચોરસ કિલોમીટરમાં વિસ્તૃત છે. તેમાં હરિદ્વાર, હૃષીકેશ, મુનિકી રેતી તથા સ્વર્ગાશ્રમના ક્ષેત્ર સમ્મિલિત છે. વર્ષ ૨૦૧૦ના જાન્યુઆરી મહિનાની ૧મી તારીખથી એપ્રિલની ૨૮મી સુધીનાં નાનાં મોટાં અગિયાર સ્નાનપર્વો છે કે જેમાં ચારથી પાંચ કરોડ શ્રદ્ધાળુઓ હરિદ્વારની પવિત્ર ભૂમિ અને પતિતપાવનની મા ગંગામાં અવગાહન કરી, સાધુસંતોનાં દર્શન ઉપદશ શ્રવણ-ગ્રહણનો લાભ લેશે.

કુંભમેળાની વ્યવસ્થા માટે ૨૪મી ઓક્ટોબર,

૨૦૦૯ સુધી વિભિન્ન વિભાગોનાં ૨૫૬ કાર્યો માટે રૂા.૪૨૯.૭૯ કરોડ ફાળવવામાં આવ્યા હતા, તેમાંથી રૂા.૨૭૯.૨૨ કરોડ કાર્યદાયી વિભાગોને ચૂકવવામાં પણ આવ્યા છે, પરંતુ કામની પ્રગતિ જોતાં હવે કુલ ૭૫૦ કરોડ રૂપિયા કુલ મળીને આ પર્વ માટે ફાળવવાની કેન્દ્રની મંજૂરી મળી ગયેલ છે.

કુંભમેળાનાં પ્રમુખ શાહીસ્નાહી પર્વ ૧૨ ફેબ્રુઆરી, ૧૫ માર્ચ તથા ૧૪ એપ્રિલ, ૨૦૧૦ના રોજ રહેશે.

**સડકો અને પુલો :** કુંભના અવસર પ્રસંગે શ્રદ્ધાળુઓ અને સ્થાનિક જનતાને વધુમાં વધુ સુવિધા પહોંચાડી શકાય તે હેતુથી રૂા.૧૧.૪૫ કરોડ રૂપિયાના ખર્ચે ૧૯ કિ.મી. લાંબી સડક, છ નવા પુલ, એક ઓવરબ્રિજ તથા ૩૭ કિલોમીટર મુખ્ય સડકો ઉપર તથા બાયપાસ માર્ગના સુધારા કરવામાં આવ્યા છે.

**આંતરિક સડક :** મેળાક્ષેત્રમાં આવવા માટે શ્રદ્ધાળુઓના આવાગમનને સુગમ બનાવવા માટે રૂા.૧૨.૩૭ કરોડને ખર્ચે ૪૬ કિલોમીટરની સ્થાયી સડકોનો સુધાર કરવામાં આવ્યો છે.

**વિદ્યુત કાર્ય :** મેળાક્ષેત્રમાં વિદ્યુત વ્યવસ્થામાં સુધાર માટે રૂા.૧૭.૦૦ કરોડની લાગતથી ૩૩/૧૧ કેવીએનાં ત્રણ નવાં સ્ટેશન, ચાર સબ-સ્ટેશની ક્ષમતામાં વૃદ્ધિ, ૩૧ નંગ ૧૧/૦૪ કે.વી. નવાં ટ્રાન્સપોર્મર, ૩૦.૬૯ કિલોમીટર ૧૧ કે.વી. લાઈન તથા ૪ કિ.મી. એલ.ટી. લાઈનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. તદુપરાંત રૂા.૨૫.૨૯ કરોડના ખર્ચે ૨૨ કિ.મી. અસ્થાયી (ટેમ્પરરી) કે.વી. લાઈન, ૯૫ કિ.મી. અસ્થાયી એલ.ટી. લાઈન, ૬૬ નંગ અસ્થાયી ટ્રાન્સફોર્મર, ૩૧ કિલોમીટર વિભિન્ન સેક્ટરોમાં અસ્થાયી સ્ટ્રીટ લાઈટ પણ લગાડવામાં આવેલ છે.

**પથપ્રકાશ વ્યવસ્થા :** રૂા.૪.૭૨ કરોડના ખર્ચે શહેરના પ્રમુખ રાજમાર્ગો પર વિશેષ પથપ્રકાશની પ્રાપ્તિનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

**પીવાનાં પાણીની વ્યવસ્થા :** કુંભમેળામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે આવાગમનના તમામ નાનામોટા માર્ગો, છાવણીઓમાં રૂા.૫૪.૧૭ કરોડના ખર્ચે છ નંગ અંતસ્રોત કૂપ (પાતાળકૂવા), ૧૨ નંગ ઉચ્ચ જળાશય (પાણીની મોટી ઊંચી ટાંકીઓ), ૪૦ કિ.મી. લાંબી પીવાના પાણીની પાઈપલાઈન તથા છ નળ કૂપ, ઢાલવાલા ક્ષેત્ર - મુનિ કી રેતી (હૃષીકેશ)માં પીવાના પાણીની વિશેષ વ્યવસ્થા, નીલકંઠના માર્ગે (હિમાલયની ઉપત્યકાઓમાં પહાડી માર્ગ પર પગદંડી પર) પીવાના પાણીની વ્યવસ્થા, અસ્થાયી સેક્ટરોમાં ૨૧૧ કિ.મી. અસ્થાયી પાઈપલાઈન, ૧૬૫૦ અસ્થાયી સ્ટેન્ડ પોસ્ટ, ૨૬૦ ફાયર હાઈડ્રેન્ટ્સ લગાડવામાં આવ્યા છે.

**ગંગા પ્રદૂષણ નિવારણ વિભાગ - પ્રદૂષણ નિયંત્રણ વિભાગ :** ગંગાજીમાં પ્રદૂષણ ન થાય માટે પ્રદૂષણ નિયંત્રણ એકમો દ્વારા રૂા.૩૯.૦૭ કરોડના ખર્ચે ૩૩ કિ.મીટર સિલ્વર લાઈન તથા બે નંગ એસ.ટી.વી.નું નિર્માણ કરવામાં આવ્યું છે. તદુપરાંત ૪ નંગ સિવર ક્લિનિંગ મશીન તથા આઠ નંગ સિવર સક્શન મશીન પણ ખરીદવામાં આવ્યાં છે.

**સ્નાનઘાટ :** શ્રદ્ધાળુ ભક્તોની સુવિધાર્થે સ્નાન હેતુ ૭૪.૮૧ કરોડ રૂપિયાના ખર્ચે ૩.૩૦ કિ.મી. નવા સ્થાયી ઘાટ તથા ૨૨૦૦ મીટર અસ્થાયી ઘાટોનું નિર્માણ તથા આ ઘાટોને જોડતા ૩૯.૫૬ કિ.મી. લાંબા માર્ગો-સડકોનું સુદૃઢીકરણ કરવામાં આવ્યું છે.

ગંગાજીની મુખ્ય ધારાની આજુબાજુના ટાપુઓ પર જે કુંભશિબિરો આયોજાશે તેમને મુખ્ય માર્ગોથી જોડવા-સાંકળી લેવા માટે, આવાગમન સરળ થાય માટે ૨૦.૫૩ કરોડ રૂપિયાના ખર્ચે ૩૬ અસ્થાયી સેતુઓ (પુલો)નું નિર્માણ કરવામાં આવ્યું છે. રૂા.૪.૨૪ કરોડને ખર્ચે એક સ્થાયી સેતુ (Permanent Bridge)નું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.

કુંભમેળામાં અન્ય પ્રાંતોમાંથી આવેલા પોલીસ કર્મચારી ભાઈઓ માટે આવાસીય વ્યવસ્થા માટે રૂા.૧૧.૭૫ના ખર્ચે સાત બેરક, બહુઉદ્દેશીય કાર્યાલય અને જીવનરક્ષક કેન્દ્રનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

**સ્વાસ્થ્ય વિભાગના આવાસીય ભવનોનાં નિર્માણ :** સ્વાસ્થ્ય કર્મચારીઓના નિવાસ હેતુ ચિકિત્સાલય પરિસરમાં ૨.૧૦ કરોડના ખર્ચે ૨૨ આવાસ બનાવવામાં આવ્યા છે.

ભગવાનપુર-હકીમપુર-તુર્રા-ઈમલી-ખેડા-પિરાન કલિયર માર્ગનું સુધારીકરણ કરવામાં આવ્યું છે, જેમાં સરહાનપુરથી હરિદ્વાર આવનારાં વાહનો સીધાં જ હરિદ્વાર જઈ શકે, જેથી ૧૦ કિલોમીટર માર્ગ ટૂંકો થશે, તે માટે રૂા.૩.૩૬ કરોડ ખર્ચવામાં આવ્યા છે.

પુહાના-ઈકબાલપુર-ઝબરેડા-નારસન મોટર માર્ગનું નવીનીકરણ ૧૨.૨૧ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું છે. દિલ્હીથી આવતાં વાહનો, જે હરિદ્વાર જવા માગતાં નથી તેઓને માટે આ બાયપાસ મળશે, જેથી રૂડકી-મંગલૌરનો ટ્રાફિકજામ ટાળી શકાશે.

નનૌતા-હેવબંધ-મંગલૌર માર્ગને વધુ પહોળા કરાયા છે, જેમાં રૂા.૮.૦૯ કરોડનો ખર્ચો થયો છે.

આ સિવાય સપ્તઋષિ-ભારતમાતા મંદિર માર્ગ રૂા.૬.૮૧ કરોડના ખર્ચે નવીનીકરણ ફૂટપાથ સાથે સિમેન્ટ માર્ગ બનાવવામાં આવ્યો છે.

શંકરાચાર્ય ચોકથી વાયા કનખલ સિંહદ્વાર રૂા.૪.૪૩ કરોડના ખર્ચે આ સડકને પહોળી અને સિમેન્ટથી પાકી કરવામાં આવી છે. બંને તરફ ફૂટપાથની પણ પાકી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

પંતદ્વીપ અંડરપાસ માર્ગ પંતદ્વીપના વાહન પાર્કિંગ માટે નેશનલ હાઈવેની નીચે સાઈડમાં એક હજાર વાહનો પાર્ક થઈ શકે તે માટે તેને જોડતો માર્ગ-અંડરપાસ રૂા.૪૨.૭૮ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.

**૩૩/૧૧ કે.વી. વિદ્યુત સબસ્ટેશનનું નિર્માણ :** જ્વાલાપુર ક્ષેત્રમાં લો-વોલ્ટેજ સમસ્યા હંમેશાં રહેતી હતી. તેના નિદાન માટે રૂા.૨.૫૧ કરોડના ખર્ચે ૩૩/૧૧ કે.વી.નું વિદ્યુત સ્ટેશન બનાવવામાં આવ્યું છે, જેથી જ્વાલાપુર-શિવાલિક નગરની આ કાયમી સમસ્યાનું સમાધાન થયું છે.

**અતિરિક્ત સડકો :** નવી દસ સડક રૂા.૬૮.૦૧ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. આ બધાં કાર્યો પૂરાં થઈ ગાયં છે, તેનાં લોકાર્પણ પણ થઈ ગયાં છે.

આ સિવાય ફાયર સ્ટેશન - અગ્નિશાંતિ કેન્દ્ર, આપાતકાલીન વાયરલેસ સ્ટેશનો, પમ્પ યુનિટો, ફાયર હાઈડ્રેન્ટ્સ, એમ્બ્યુલન્સ સેવા, બૈક પૈક સૈટ (ભીડ ભરેલા સમૂહ વચ્ચે આગ લાગે ત્યારે મોટરસાઈકલ દ્વારા ત્યાં પહોંચી આ બૈક પૈક સેટો દ્વારા અગ્નિશમન કરવાની વ્યવસ્થા), વોચટાવર વગેરેની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

તાત્કાલિક ૨૦ હજાર મેટ્રિક ટન ઘઉં, આઠ હજાર મેટ્રિક ટન ચોખા, એ.પી.એલ. ભાવ પ્રમાણે મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેલી છે. કેરોસીન અને બળતણ માટે ગેસ તથા લાકડાંની પણ પૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. કુંભમેળા ક્ષેત્ર માટે ૬૦ મેગાવોટ વીજળી કેન્દ્રમાંથી અને સમગ્ર કુંભમેળા પરિસર માટે ૧૪૦ મેગાવોટ વીજળી (વધારાની) કુંભમેળા દરમિયાન કેન્દ્ર પૂરી પાડશે. આ સિવાય કુંભમેળા દરમિયાન ટેહરી હાઈડલ ડેવલપમેન્ટ કોર્પોરેશન ચાર હજાર ક્યુસેક વધારાનું પાણી ગંગાજીમાં છોડશે.

રક્ષામંત્રાલયમાંથી એક એન્ટી-માઈન્સ ટીમ તથા નેશનલ સિક્યુરિટી સ્કવોટ્સમાંથી એમ બે વિશેષ ટીમ સિક્યુરિટી માટે ઉપલબ્ધ રહેશે. મહત્ત્વનાં શાહીસ્નાનો વખતે હેલિકોપ્ટરો દ્વારા પણ પેટ્રોલિંગ કરવામાં આવશે. બીએસએનએલ તેનું કવરેજ ત્રણ ગણું વધારે કરશે, જેથી સંદેશાવ્યવહારમાં સુવિધા રહે. રેલવે વિભાગ હરિદ્વાર-હૃષીકેશ વચ્ચે વધુ ચાર શટલો ચલાવશે. કેન્દ્રમાંથી ૧૦૦ ડૉક્ટરો કુંભમેળાની સેવાર્થે અતિરિક્ત સહાય માટે આવશે, તે સિવાયનો તબીબી સ્ટાફ ઉત્તરાખંડ સરકાર પૂરો પાડશે. સ્વીફ્ટ ચેકિંગ અને કન્ટ્રોલ માટે ત્રણ નવાં રેડાર મૂકવામાં આવશે.

સમગ્ર પ્રશાસન વ્યવસ્થા ઉત્તરાખંડ તરફથી મુખ્ય સચિવ એન.એસ. થપલયાલ, પ્રમુખ સચિવ (ગૃહ) સુભાષ કુમાર, પોલીસ મહાનિર્દેશક સુભાષ જોશી, પ્રમુખ સ્થાનીય આયુક્ત રાજીવ ગુપ્તા, સચિવ નગર વિકાસ અનુપ વધાવન, મેલાધિકારી આનંદ વર્ધન, મેલા ડીઆઈજી આલોક શર્મા, નિદેશઆયુક્ત જે.પી. મમગાઈ, વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

## કુંભનગરીનાં મંદિરો

કન્યાકુમારીથી કાશ્મીર સુધી અને અટકથી કટક સુધીનું સમગ્ર ભારત આ ટચૂકડા નગર હરિદ્વારના થોડા જ ચોરસ કિલોમીટરના ક્ષેત્રમાં સમાયેલું છે. મોસમના ઋતુપરિવર્તન સાથે હરિદ્વારની રૂપસજ્જા અને ભારતીય ભાષાભાષીની ભરમાર સતત નાવીન્ય ઊભું કરે છે. ભિન્ન ભિન્ન પ્રદેશોની છટા પોતાના સંપૂર્ણ થનગનાટ સાથે પ્રદેશવિશેષની સંસ્કૃતિ તથા તેનાં ગીતો, સંગીત, વેશભૂષા તથા ભાષાબોલીથી હરિદ્વારને તેના રંગમાં રંગી દે છે.

દશેરાથી દિવાળીની ગુલાબી ઠંડી હરિદ્વારને બંગમય બનાવી દે છે, તો વૈશાખીનાં પીળાં સરસિયાં હરિયાણાના રંગબેરંગી ચોળીચણિયા, ઘેરદાર ઘાઘરા અને ઓઢણીઓથી ભર્યાભર્યા ગીતોથી ભીંજાવી જાય છે, તો જાન્યુઆરી અને ફેબ્રુઆરી કાશ્મીરથી ગુજરાત

સુધીના સમગ્ર દેશનું દર્શન હરિદ્વારમાં કરાવી શકે છે.

તો જ્યારે આ નગર ઠંડીમાં થરથરતું થીજી ગયું હોય, તે સન્નાટા વચ્ચે વળી દુનિયાનો સૌથી મોટો મેળો કુંભમેળો કોઈ પણ પ્રકારના પ્રસાર-પ્રચાર વગર પંચાંગની થોડી પંક્તિઓ વાંચીને એક વિશાળ માનવમહેરામણ ભેગું કરી દે છે અને હરિદ્વાર બની રહે છે કુંભનગર !

આ વર્ષે પણ હરિદ્વારમાં સાડા ત્રણ માસ સુધી પૂરા ૧૦૮ દિવસ સુધી સમગ્ર વિશ્વમાંથી ધર્મપ્રાણ હિન્દુઓ જ નહિ, પરંતુ સમગ્ર કોન્ટિનેન્ટલ પ્રજાને પણ ફોટોગ્રાફી, કુતૂહલતા, કંઈક વિશેષ જાણવાની આતુરતા, કોઈ કોઈને સંતસમાગમ, ગંગાસ્નાન દર્શનના ભાવથી અહીં ખેંચી લાવે છે અને જ્યારે મુમુક્ષુઓનું હરિદ્વાર આગમન થાય ત્યારે અહીંનાં દેવી-દેવતાઓનાં દર્શને જ તેમને લોક-પરલોક સુધારવાની આકાંક્ષાથી અહીં લાવે છે.

હરિદ્વારનો પ્રત્યેક પથ્થર દેવતા છે અને પ્રત્યેક ગલીમાં એક દેવી બિરાજે છે છતાં અહીંનાં પ્રમુખ મંદિરોમાં સર્વપ્રથમ હરિદ્વારની અધિષ્ઠાત્રી દેવી માયાદેવીનું નામ છે. આ માયાદેવી સિદ્ધપીઠ કહેવાય છે. એવી માન્યતા છે કે આ સ્થાન પર ભગવાન શિવનાં પત્ની સતીનું તેમના પિતા રાજા દક્ષ દ્વારા પોતાના પતિનું સહન ન થતાં, પોતાના તપથી યોગાગ્નિ પ્રકટાવી તેમાં ભસ્મીભૂત થયાં હતાં. ભારતમાં અન્ય શક્તિપીઠોમાં દેવીનું એક એક અંગ પડ્યું હતું, જ્યારે અહીં ભગવતી માયાદેવીનાં સર્વાંગ દર્શન થાય છે.

માયાદેવી મંદિરમાં ભૈરવી ત્રિમસ્તિકા દેવી દુર્ગાની પ્રતિમા સ્થાપિત છે. તેમના એક હાથમાં ત્રિશૂળ અને એક હાથમાં નરમુંડ છે. માયાદેવી મંદિરનું નિર્માણ અગિયારમી શતાબ્દીમાં માનવામાં આવે છે. કહેવાય છે કે આ અતિ સમૃદ્ધિ મંદિરને તૈમુરલંગે લૂંટ્યું હતું. અહીં પ્રતિષ્ઠિત મહાકાલીની ખંડિત પ્રતિમા તૈમુર કરેલા વિખંડનની સાક્ષી પૂરે છે.

હરિદ્વારમાં શિવાલિક પર્વત શૃંખલાના એક શિખર ઉપર માતા મનસાદેવીનું મંદિર છે. બ્રહ્માના મનથી ઉત્પન્ન તથા ઋષિ જરત્કારુનાં પત્ની સર્પરાજ્ઞી માતા મનસાની અહીં ત્રણ મુખ અને પાંચ ભુજાઓવાળી અષ્ટનાગવાહિની મૂર્તિ છે. નવચંડીમાં મનસાદેવીને દશમશક્તિ કહેવામાં આવે છે.

કહેવાય છે કે વર્તમાન સમયમાં જ્યાં આજે મનસાદેવીનું મંદિર છે. ત્યાં એક એકાકી વૃક્ષ હતું. આ વૃક્ષ ઉપર જ ચીર બાંધીને ઘંટ લટકાવીને સ્ત્રીપુરુષો મનસા રાખતાં હતાં, અને તેમની મનસા પૂર્ણ થતી હતી, ત્યારે અહીં કોઈ પ્રતિમા સ્થાપિત નહોતી, કોઈ મંદિર હોવાનો પણ પ્રશ્ન નથી. ઈ.સ.૧૯૨૭ પહેલાં મનસાદેવીની એક પ્રતિમા અને મંદિર શિવાલિક પર્વત પર સ્થિત સોનારકોટી કે જે આજે સિયાલકોટના નામે ઓળખાય છે, ત્યાં ભગ્નાવસ્થામાં હતું.

સિયાલકોટના ધનપતિયા બાબાના સંપ્રદાયના એક સિદ્ધ બાબાએ હરિદ્વાર-પંચપુરીનાં જ્વાલાપુરના એક પંડા પરિવારને આ પ્રતિમા આપી અને તેમણે નિરંજની અખાડાના માધ્યમે વર્તમાન મંદિરની સ્થાપના અને મૂર્તિની વિધિવત્ પ્રતિષ્ઠા કરાવડાવી. પહેલાં અહીં પહોંચવાનો માર્ગ વિકટ હતો; હવે રોપવેથી જઈ શકાય છે. રજત સિંહાસન પર વિરાજમાન દેવી મનસા લાખો કરોડોની આસ્થાનું કેન્દ્ર છે.

અનેક વર્ષો પૂર્વે બિલ્વકેશ્વર માર્ગ થઈને મનસામાતાના મંદિરની પાછળની પર્વતકંદરાનો એક પગદંડી માર્ગ સૂરજકુંડ જતો હતો. સૂરજકુંડ ભગવાન સૂર્યની તપોસ્થળી કહેવાય છે. સૂરજકુંડની પાસે જ પંચમુખી હનુમાનનું પ્રાચીન મંદિર આજે પણ સ્થિત છે. કહેવાય છે કે હનુમાનનું પ્રાકટ્ય થયું હતું ત્યાં આજે પણ હનુમાનજીનાં માતા અંજનીદેવીનું મંદિર સ્થિત છે. અહીં જ રમતગમત કરતા તપસ્યામાં લીન સૂર્યને ગ્રસતાં, ઈન્દ્રની ગદાના પ્રહારથી હનુમાન જે સ્થળે પડેલા તે આ પંચમુખી હનુમાન અને આ પ્રસિદ્ધ સૂરજકુંડ છે.

પંચમુખી હનુમાન પાસેથી એક જળસ્રોત વહે છે, જે હરકી પૈડીમાં આવી ગંગાજીને મળે છે. આ જળસ્રોતને નારાયણીસ્રોત કહેવામાં આવે છે, જે આજકાલ અપભ્રંશ થઈને ગઢવાલી ભાષામાં નાઈસોતાના નામે ઓળખાય છે. આ સ્રોત પર નારાયણીદેવીનું પ્રાચીન મંદિર ભગ્નાવસ્થામાં પણ વિદ્યમાન છે.

કહેવાય છે કે જ્યાં મનસામાતા હોય ત્યાં ચંડીદેવીનું મનસામાતા અને બીજી તરફ ચંડીદેવીથી સુરક્ષિત છે. ચંડીદેવી મંદિર નીલધારાને પાર કરીને નીલપર્વત પર લગભગ સાતસો ફીટની ઊંચાઈએ છે. મંદિરની બહાર એક શિલાલેખ અનુસાર આ મંદિરનું નિર્માણ ઈ.સ. ૧૮૫૮માં કાનપુરના એક પ્રખ્યાત

તાંત્રિક સંતે કરાવ્યું હતું. પૌરાણિક કથાઓ અનુસાર ચંડીદેવીએ અહીં શુંભ અને નિશુંભ અસુરોનો વધ કર્યો હતો. આ કથાની પુષ્ટિ તે વાતથી થાય છે કે નીલકંઠ મહાદેવ પાસે શુંભ અને નિશુંભ નામના પર્વતો આજે પણ છે. નાથ સંપ્રદાયના યોગીગુરુ અમરાનાથજીનું આ તપોસ્થળ છે. ગુરુ અમરાનાથ પ્રખ્યાત યોદ્ધા આલાહા અને ઉદલના ગુરુ હતા. આલાહા અને ઉદલના કિલ્લાના અવશેષો આજે પણ આ ક્ષેત્રમાં દૃશ્યમાન થાય છે.

વર્તમાન ચંડીમંદિરમાં માતા મહાકાલીની પ્રતિમા સ્થાપિત છે. ચંડીદેવી જવાનો માર્ગ ઘણો વિકટ છે. રસ્તામાં વાંદરા અને જંગલી રીંછ હજુ પણ કરડી ખાવાના પ્રસંગ બનતા હોય છે, પરંતુ હવે અહીં પહોંચવા રોપવે-ઉડનખટોલા-રજ્જુ માર્ગ બની જતાં માતાનાં દર્શન સૌને સુલભ થયાં છે. ચંડીદેવી પાસે જ હનુમાનનાં માતા અંજનીદેવીનું મંદિર સ્થિત છે.

ચંડીદેવી મંદિરની ઠીક નીચે કાલીદેવીનું સિદ્ધ મંદિર છે. કાલી મંદિર આલાહા-ઉદલના ગુરુ અને ગુરુ ગોરખ અમરાનાથની સાધનાસ્થળી કહેવાય છે. કિંવદંતી છે કે ગુરુ અમરા જ્યારે ભ્રમણ કરતા આ ક્ષેત્રમાં આવ્યા ત્યારે અહીં સ્થપિત કાલીમંદિરમાં સ્થિત પ્રતિમાઓમાંથી એક ચુંબકીય આકર્ષણ શક્તિ ઉત્પન્ન થતાં તેઓ પ્રભાવિત થયા અને અહીં જ રહીને તેમણે તંત્ર-મંત્રની સાધના કરી. આજે પણ આ મંદિરને અલૌકિક શક્તિસંપન્ન માનવામાં આવે છે. ચંડી પુલથી થોડે જ દૂર હરિદ્વાર-નજીબાબાદ માર્ગ પર ગૌરીશંકર મંદિર સ્થિત છે.

શિવાલિક પર્વત શૃંખલાની તળેટીમાં ભગવાન શિવની સિદ્ધપીઠ છે, શ્રી બિલ્વકેશ્વર મહાદેવ, આ સ્થાન પર મંદિરની સ્થાપના રાજા બિલ્વકે કરી હતી. પાસે જ ગૌરીકુંડ છે, આ સ્થળ માતા પાર્વતીનું તપોસ્થળ કહેવાય છે.

ગૌરીકુંડથી થોડે જ ઉપર સ્થિત છે સુનારકોટી અથવા સ્યાલકોટી. અહીં દેવી લલિતાનું મંદિર હતું. દસ મહાવિદ્યાઓનાં સુંદર દર્શન દીવાર પર કોતરણીથી કરવામાં આવ્યાં હતાં, બાર પરસાળમાં ચોપાસ અષ્ટમહાવિદ્યાનાં દર્શન હતાં. બધું ભૂકંપમાં નાશ પામ્યું.

આ લલિતામંદિર પાસે થઈને એક નાની નદી લલિતા વહેતી હતી અને ગંગાજીમાં મળતી હતી. આ લલિતા નદીના અવશેષો ભગ્નાવેષમાં છે, અપભ્રંશ નામ રહી ગયું છે. લલતારૌ, જે શહેરની વચ્ચોવચ છે લલતારૌ બ્રિજ. બ્રિજ રહ્યો છે; નદીના નામે નાળું છે.

હરિદ્વારનું ઉપનગર છે કનખલ. અહીં સ્થિત દક્ષ મંદિરને શાસ્ત્રોમાં હરિદ્વારનું પ્રમુખ તીર્થ માનવામાં આવે છે. સ્કંદપુરાણ, કેદારખંડ અનુસાર ભગવાન શિવનું કહેવાનું છે કે, 'દક્ષેશ્વર મહાદેવ અને માયાદેવીનાં દર્શન વગર હરિદ્વારની યાત્રા અધૂરી છે.'

કનખલ ભગવાન શિવનું શ્વસુરગૃહ છે. રાજા દક્ષની રાજધાનીમાં બૃહસ્પતિસ્વરૂપ આયોજિત યજ્ઞનું આયોજન સ્થળ આ દક્ષ મંદિર છે. અહીં જ ભગવાન શિવે સતીના આત્મદાહ પછી દક્ષના છીંદિત મસ્તક પર બકરાનું માથું મૂકી તેને નવજીવન આપ્યું હતું.

દક્ષમંદિરની બરોબર સામે આનંદમયીમાનું ભવ્ય સમાધિ મંદિર છે. તેમના લૌકિક મહાપ્રયાણ પછી તેમને અત્રે ભૂ-સમાધિ આપવામાં આવેલી. કનખલમાં જ દક્ષમંદિર નિકટ રાજઘાટ પર અઢારમી સદીમાં પટિયાલાના મહારાજા કર્મચંદ્રજી દ્વારા નિર્મિત તિલભાંડેશ્વર નામક મંદિર છે. એવું કહેવાય છે કે શુકલ પક્ષમાં આ શિવલિંગ દરરોજ તલ તલ વધે છે અને કૃષ્ણ પક્ષમાં તલ તલ ઘટે છે. આ વધઘટનાં પરીક્ષણ માટે દર મહિનાની અમાવસ્યાએ શિવલિંગ પર એક જનોઈ બાંધવામાં આવે છે, જે પૂર્ણિમા સુધીમાં તૂટી જાય છે.

તિલભાંડેશ્વર મંદિર પાસે જ શીખોના દસમા બાદશાહ ગુરુ ગોવિંદસિંહના એક જનરલને ગુરુસ્થાન સોંપવામાં આવેલું; ત્યાં તેણે ગુરુઆજ્ઞાથી તપ કર્યું હતું. તે સ્થાન બાબા ડેરાબાબા દરગાહ સિંહના નામે પ્રસિદ્ધ છે. કનખલમાં જ દરિદ્રભંજન મંદિર છે, જે દરિદ્રતાનો નાશ કરે છે, તેનો પણ આગવો ઈતિહાસ છે, હજુ પણ આ મંદિરનું 'સત્' જાગ્રત છે, ધબકે છે. તેની પાસે જ પારાથી બનેલું શિવલિંગ મૃત્યુંજય મહાદેવનું મંદિર છે, જે દર્શનીય છે. હરિદ્વારના સુપ્રસિદ્ધ મોતીબજારમાં શ્રવણનાથ મઠમાં સ્થિત ભગવાન પશુપતેશ્વર મહાદેવની નેપાળના ભગવાન પશુપતિનાથની પ્રતિકૃતિ છે. કાળા આરસ પથ્થરમાંથી નિર્મિત ચતુષ્મુખી શિવપ્રતિમાની સ્થાપના ઈ.સ.૧૮૭૬માં સિદ્ધસંત શ્રવણનાથજીના સાંનિધ્યમાં મેવાડના મહારાજ રત્નસિંહ, બિકાનેરના રાણા જવાનસિંહ તથા નેપાળના રાજા રાજેન્દ્રવીર

વિક્રમે સ્વયં ઉપસ્થિત રહીને કરી હતી.

મહામાયા માયા, ચંડી, મનસા અને કાલી દેવી ભગવતી અતિરિક્ત શ્રી સુરેશ્વરી દેવીનાં દર્શન પણ અહીં સુપ્રસિદ્ધ છે. હરિદ્વારનાં સુપ્રસિદ્ધ ઔદ્યોગિક સંકુલ 'B.H.E.L.' પાસે રાનીપુર વન વિભાગના ચેકપોસ્ટની ઉત્તર દિશામાં આશરે બે કિલોમીટર દૂર સૂરફટ પર્વત પર ભગવતી સુરેશ્વરી દેવીનું મંદિર છે. કહેવાય છે કે દેવતાઓના રાજા ઈન્દ્રે અહીં તપ કર્યું હતું તેથી આ સ્થળ સુરેશ્વરીના નામે ઓળખાય છે. દિવાળી પૂર્વેના બે શનિવારે ભક્તો મોટી સંખ્યામાં આમળાંથી અહીં પૂજા કરે છે, જે પ્રથા આજે પણ ચાલુ છે.

હરિદ્વારના બ્રહ્મકુંડને હરિકી પૈડી અથવા તો હરકી પૈડીના નામે ઓળખાય છે. હરિ એટલે નારાયણ અને હર એટલે મહાદેવ. પૈડી એટલે પગથિયાં - હરિદ્વાર કે હરદ્વાર બદરીનાથ અને કેદારનાથ યાત્રાનું દ્વાર છે, તેથી આ નામ પડ્યાં છે, પરંતુ ખરેખર ઉજ્જૈનના પરદુઃખભંજન રાજા વીર વિક્રમાદિત્યે પોતાના મોટા ભાઈ શ્રી યોગી ભર્તૃહરિની સ્મૃતિમાં આ પૈડીઓ બંધાવી હતી. તેથી પૂર્વે તેને ભર્તૃહરિ કી પૈડીના નામે જ ઓળખવામાં આવતું હતું. કાળે કરીને ઉચ્ચારણની સુવિધાર્થે ભર્તૃ નામ નીકળી હતું અને પૈડી રહી ગયું, જે પાછળથી હરિ કી પૈડીના નામે ઓળખાય છે.

રાજા ભર્તૃહરિ નાથ સંપ્રદાયના વૈરાગ્ય પંથે હતા. તેમણે જે ગુફામાં બેસીને તપ કર્યું હતું તે ગુફા આજે પણ હરિ કી પૈડી પાસે અપર રોડ ઉપર ગોરક્ષનાથના મંદિરમાં સ્થિત છે. ગુફામાં પ્રાચીન અસ્ત્રશસ્ત્રો સાથે રાજા ભર્તૃહરિની એક પ્રતિમા પણ સ્થાપિત છે.

પ્રેતયોનિથી મુક્તિ અને શ્રાદ્ધકર્મ માટે વિખ્યાત નારાયણી શિલાનો ઉલ્લેખ પણ પ્રાચીન પુસ્તકોમાં મળે છે. ચંડી પર્વતની તળેટીમાં નીલેશ્વર મહાદેવ છે; તેનો ઉલ્લેખ સ્કંદપુરાણમાં મળે છે. અશ્મચિત્ત નામના એક રાક્ષસે શિવઉપાસના કરેલી, ભગવાન શિવે પ્રગટ થઈને તેને મુક્તિ આપી હતી. અહીં નીલેશ્વર મહાદેવનું મંદિર છે. આ પર્વતોને નીલગિરિ પર્વત મણિમાળાથી ઓળખવામાં આવે છે.

**ઉપસંહાર**

દિવંગત ભારતભૂષણ વિશ્વવિદિત કલાકાર બિસ્મીલ્લાહખાન સાહેબને એકવાર પૂછવામાં આવેલું કે નાના મોટા બધા જ કલાકારો ભારતથી દૂર દરિયાપારના દેશોમાં જઈને સ્થાયી થયા છે, જ્યારે તમો પરદેશ જવાનું જ ટાળો છો, અને ત્યાં કાયમી થાણું નાખવાનો તો પ્રશ્ન જ નથી, તો સમસ્યા શું છે ?' તેમણે ખૂબ જ રુંધાયેલા કંઠે, ગંભીર ભાવે જવાબ આપેલો, 'બાબા ! હું જાઉં તો ખરો, પરંતુ મારા વાલદાયીનનું શું ? (માતાપિતાનું શું ?)' 'કેમ માતાપિતા પણ તમારી સાથે આવીને વિદેશમાં કેમ ન વસી શકે ?' 'અરે બાબા ! વાલદાઈન કો કૈસે લેકર જાયેં, વહ તો નહીં જા સકતે ?' 'કેમ ન જઈ શકે ?' 'અરે ! ભાઈ ! ગંગા તો હમારી અમ્મી હૈ, ઔર બાબા વિશ્વનાથ હમારે અબ્બુ ! અબ બતાઓ ક્યા હમ ઈન્હેં લે જા સકતે હૈ, વિદેશ ?'

આદરણીય બિસ્મીલ્લાહખાન સાહેબનું શરીર મુસલમાન મજહબી હતું, તેથી શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં તેમને કદીયે પ્રવેશ મળ્યો નહીં, પરંતુ જ્યાં સુધી તેમનું શરીર સ્વસ્થ હતું, તેમણે આ મંદિરની દેહલીજની બાર બેસીને પણ ભગવાન વિશ્વનાથ મહાદેવને પોતાની કળાના સ્વરપુષ્પોથી નવાજીત કર્યા જ હતા.

તેમની અંતિમ અવસ્થા બહુ જ કારમી ગરીબીમાં વીતી. તત્કાલીન રાષ્ટ્રપતિ આદરણીય અબ્દુલ કલામ સાહેબે, તેમને દિલ્હી આવીને વસવા માટે આગ્રહ કરેલો, કે જેથી તેમનાં સ્વાસ્થ્યની-કથળતી તબિયતની યોગ્ય સારવાર થઈ શકે. પરંતુ ગંગા અને વિશ્વનાથનો સથવારો તેમણે તેમના અંતિમ શ્વાસ સુધી ન છોડ્યો.

કુંભપર્વો આવશે અને જશે. ગંગા શાશ્વત છે. ગંગાનાં સંરક્ષણમાં જ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારનું સંરક્ષણ છે. ગંગા ભારતના પ્રકોષ્ઠોને એકથી બીજે છેડે જોડતી નથી. તે વિવિધ ભાષા, ભોગ, વિલાસ કે ત્યાગ અને તપશ્ચર્યા કાંચન અને ગેરૂને જોડતી શૃંખલા છે. ગંગાથી જ આપણે ઉજ્જ્વળ છીએ. આ કુંભપર્વે પવિત્ર ગંગા, સર્વે સંતો, મહંતો, ઋષિજનોનું પવિત્ર સ્મરણ કરીએ. માનસિક રીતે ગંગાસ્નાન કરીએ, અને આપણાં બાહ્યાભ્યંતર જીવનને સુરભિત કરીએ, ત્યાં જ જીવન સાર્થક્ય ! ૐ શાંતિ.

# વૃત્તાંત

**દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ : દૈનિક પ્રવૃત્તિ :** શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે પ્રારંભિક અને દૈનિક યોગાસન વર્ગોમાં મોટી સંખ્યામાં યોગ જિજ્ઞાસુઓએ લાભ લીધો, રેઈકી પ્રશિક્ષણમાં પ્રથમ કક્ષામાં ૧૮ અને દ્વિતીય કક્ષામાં ૯ લાભાર્થીઓએ લાભ લીધો, રોગ નિવારણ સંબંધી યૌગિક સલાહ કેન્દ્રમાં ડૉ. સ્નેહલભાઈ અમીન પાસે જૂના અને નવા દર્દીઓએ લાભ લીધો, નારાયણસેવા મારફતે બાળકોને આહાર વિચરણ અને વિશ્વનાથ સેવાકેન્દ્ર મારફતે ૪૦ ઉપરાંત કુટુંબોને અનાજ વિતરણ, દૈનિક સત્સંગ, દર ગુરુવારે શ્રીગુરુપાદુકાપૂજન, દર શુક્રવારે વેદાંત વિમર્શ વર્ગ યોજાયો. તા.૧૯ માર્ચના રોજ ૨૯મો વર્ગ હતો. દર શનિવારે સુંદરકાંડ પારાયણ, પૂનમના રોજ શ્રી લલિતાસહસ્રનામ પારાયણ અને શ્રી સત્યનારાયણ કથા અને મંદિરોમાં પૂજા અર્ચના નિયમિત કરવામાં આવ્યાં.

કારોબારી સભ્યોની બીજા અને ચોથા રવિવારે મિટિંગ નિયમિત રીતે મળી, આશ્રમના સરળ વહીવટ અંગે ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા. જેમાં બીજા અને ચોથા રવિવારની મિટિંગ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના પ્રમુખસ્થાને મળી. આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા.

ધૂળેટીના રોજ અનુપમ મિશન, મોગરીના અધ્યક્ષશ્રી જશભાઈ સાહેબના પ્રાકટ્યોત્સવ પ્રસંગે પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ સાથે આશ્રમનું શિષ્ટમંડળ પણ મોગરી ગયેલ અને સૌએ સાહેબજીનું અભિવાદન કરી ત્યાં આયોજિત સભામાં સત્સંગ માણી પ્રસાદ લઈ પરત થયા હતા.

**ચૈત્ર નવરાત્રી ઉત્સવ :** ચૈત્ર નવરાત્રી નિમિત્તે પ્રતિવર્ષની જેમ જ શ્રીરામચરિત માનસ પારાયણ દરરોજ સાંજે ૪-૩૦ થી ૭-૩૦ સુધી શ્રી શ્રી અષ્ટલક્ષ્મીમાતાજીના પૂજારી શ્રી કમલેશ ઝાએ સામૂહિક પારાયણ કરાવ્યું. જેમાં નિયમિત ૧૦૦ ઉપરાંત ભક્તોએ પારાયણમાં ભાગ લીધો.

પૂજ્ય શ્રી સ્વામી ગુરુસેવાનંદજી મહારાજનો ૯૨મો જન્મદિન નિમિત્તે સવારે શ્રી વિશ્વનાથ મહાદેવ અને શ્રીયંત્રની પૂજાઓ કરવામાં આવી અને ત્યારબાદ આયુષ્યહોમ સંપન્ન થયો. આશ્રમાર્થીઓને વિશેષ ભોજન કરાવ્યા બાદ ગરીબ બાળકો માટે શીરો, પૂરી, ફળ અને દક્ષિણા સાથેની નારાયણ સેવા કરવામાં આવી હતી.

**શ્રી રામનવમી ઉત્સવ :** સમગ્ર નવરાત્રી દરમિયાન દૈનિક શ્રીરામચરિતમાનસ પારાયણનો અંતિમ નવમું ચરણ સવારે સંપન્ન થયું. આજના દિને આદરણીય શ્રી મફતભાઈ જે. પટણી સાહેબનો ૮૯મો જન્મદિન નિમિત્તે સવારે અભિષેક અર્ચના અને શ્રી રામજન્મોત્સવની આરતી સાથે સંપન્ન થયો. ત્યારબાદ આશ્રમવાસીઓને તથા કાર્યકારી સભ્યો-ટ્રસ્ટીઓ તથા પટણી સાહેબના પરિવારના સભ્યો સાથે સમૂહ પ્રસાદ લીધા બાદ કાર્યક્રમ પૂર્ણ થયો.

**શ્રી હનુમાન જયંતી :** શ્રી હનુમાન જયંતી નિમિત્તે સવારે શ્રીમારુતિયજ્ઞ અને સુંદરકાંડ પાઠ કરવામાં આવ્યો. આ યજ્ઞમાં યજમાનોએ પણ લાભ લીધો. હાજર સૌ ભાવિક ભક્તોને પ્રસાદ વિતરણ પણ કરવામાં આવ્યો.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન** દ્વારા અમદાવાદની સ્થાપનાના ૬૦૦મા વર્ષની ઉજવણીના એક ભાગરૂપે વડીલોની વંદનાનો કાર્યક્રમ તા.૨૬ માર્ચ, શુક્રવારના રોજ સવારે ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યો. શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે કાર્યક્રમનું દીપપ્રજ્વલન કર્યું. જીવન સંધ્યાના રંગ સલુણા કેમ થાય તે વિષયક મનનીય પ્રવચન બાદ સ્વામીજીના ધૂન અને કીર્તન ઉપર વડીલોએ ઊભા થઈને નૃત્ય કરીને અત્યાધિક આનંદ માણ્યો.

**ખડદા-દવાડા :** મહેસાણાથી ૨૦ કિ.મી. દૂર બોકરવાડાના દવાડા-ખડદા ગામે શ્રી ખડદીયા હનુમાનજીના વાર્ષિક ચૈત્ર શુક્લ અષ્ટમીના તા.૨૩ માર્ચના રોજ હવન તથા સમૂહ ભોજન સમારંભમાં ત્યાંના વેદાન્ત આશ્રમના મહંતશ્રી સ્વામી નિશ્ચલાનંદજી મહારાજની પ્રાર્થનાથી પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે પધરામણી કરી, સૌને આધ્યાત્મિક આનંદ આપ્યો હતો.

**ગુજરાત દિવ્ય જીવન સંઘના ટ્રસ્ટીમંડળની મિટિંગ** તા.૨૪ માર્ચના રોજ શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે મળી હતી. પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પછાત વિસ્તારના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સહાય કરવા માટે નોટબુક-ચોપડાનું નિઃશુલ્ક વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેમાં આ વર્ષે એક લાખથી પણ વધુ નોટબુક-ચોપડાનું વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. સંઘના નવા ટ્રસ્ટી તરીકે ખેડબ્રહ્માના શ્રી લાલજીભાઈ પટેલ, અમદાવાદના અગ્રણી અને સેવાભાવી શ્રી શ્વેતાંકભાઈ ઉર્ફે સંજયભાઈ મફતભાઈ પટેલ તથા ભરૂચના શ્રી પ્રમોદભાઈ દેસાઈને નવા ટ્રસ્ટી તરીકે લેવાનું નક્કી ઠરાવવામાં આવ્યું. આ ઉપરાંત ગુજરાત દિવ્ય જીવન સંઘ તરફથી વક્તૃત્વ સ્પર્ધા, જરૂરિયાતમંદોને માંદગીમાં આર્થિક સહાય, આફત સમયે સહાય પણ કરવામાં આવે છે.

**દિવ્ય જીવન સંઘ, રાજકોટ :** દિવ્ય જીવન સંઘ રાજકોટના માનદ મંત્રી શ્રી હરિવદનભાઈ અંતાણીની યાદી મુજબ ૬/૯, જંક્શન પ્લોટ, એસ.બી.આઈ. બેંક સામે, રાજકોટ ખાતે ચાલતા 'શિવાનંદભવન'માં દંતયજ્ઞનો શુભારંભ તાજેતરમાં કરવામાં આવેલ. આ દંતયજ્ઞમાં રાજકોટના સુપ્રસિદ્ધ આયુર્વેદિક ડેન્ટિસ્ટ ડૉ. જયસુખ મકવાણા અને તેની ટીમે સેવા આપેલ. હવેથી દર મંગળવારે આ સેવા અવિરત ચાલુ રહેશે. જેમાં દર્દીને મફત તપાસ કરી 'જાલંધરબંધ' યોગ દ્વારા ઈંજેક્શન કે દવા વગર દાંત કાઢી અપાશે તથા રાહતભાવે દાંતની બત્રીસી (ચોકઠુ) બનાવી આપવામાં આવશે. શિવાનંદ મેડિકલ સેન્ટર અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આજરોજ આ સેન્ટરમાં પ્રથમ દંતયજ્ઞ સફળતાપૂર્વક યોજવામાં આવેલ. જેમાં રાજકોટ મહાનગરના દૂર-દૂરથી દર્દીઓ ઉપસ્થિત રહી લાભ લીધેલ. હરિવદનભાઈની સાથે પી.એસ. વસાવડા, દિલીપભાઈ નકુમ, જે.એસ. જાની, કે.બી. માંકડ, એસ.એન. રાજ્યગુરુ જેવા અનેક વડીલોએ સેવા બજાવેલ. ડૉ. જયસુખ મકવાણાની સાથે ડૉ. ભાવિતા પટેલ અને વાહિદ મારફાણીએ સેવા આપેલ.

સવિનય જણાવવાનું કે, અમારી સંસ્થા ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન રાજકોટ (રજી.નં.ઈ-૬૦૧૨) અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નિરંતર શિક્ષણ કેન્દ્રના ઉપક્રમે આગામી ગાંધીજયંતીથી પી.જી. ડિપ્લોમા ઇન આયુર્વેદિક ડેન્ટીસ્ટ્રી નામક અભ્યાસ વર્ગનું આયોજન નક્કી કરેલ છે. તમામ ફેકલ્ટીના ડૉક્ટર મિત્રો માટે આ અભ્યાસક્રમ છે. જેમાં BAMS, BDS, MBBS કે BHMS કોઈપણ ડૉક્ટર જોડાઈ શકશે. આ અભ્યાસક્રમ દર શનિ-રવિ વર્ષભર ચાલશે. વર્ષાન્તે પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નિરંતર શિક્ષણ વિભાગનું સર્ટિફિકેટ મળશે.

આ અભ્યાસક્રમ સુપ્રસિદ્ધ દંતવૈદ્ય ડૉ. જયસુખ મકવાણા કે જેઓ 'જાલંધર બંધ' દ્વારા ઈન્જેક્શન વગર એક લાખથી વધારે દાંત-દાઢ કાઢી વિક્રમસર્જક કામગીરી કરેલ છે. તેની આગેવાની હેઠળ તજજ્ઞોની ટીમ દ્વારા ચલાવવામાં આવશે. ફક્ત ૨૦ સીટની મંજૂરી મળેલ હોઈ વહેલા તે પહેલા પ્રવેશ ચાલુ કરેલ છે. આપ અથવા આપના પરિચિત ડૉક્ટર મિત્રોને આ અભ્યાસક્રમમાં જોડાવા અમારું નિમંત્રણ છે.

એમ.પી.ના સતના ખાતે ડૉ. મકવાણાનો દંતયજ્ઞ યોજાયો. ૪૫૦ દર્દીઓએ લાભ લીધો. શ્રી સદ્‌ગુરુ સેવા સંઘ ટ્રસ્ટ-ચિત્રકૂટ અને શ્રી જૈન-શ્વેતાંબર સેવા સંઘ સતનાના ઉપક્રમે આ ડેન્ટલ કેમ્પ યોજવામાં આવેલ. સર્વશ્રી મોહનભાઈ જૈન, શ્રી ચંદ્રુભાઈ જૈન, સતિષભાઈ મહેતા અને સર્વ જૈન સંઘ દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. ડૉ. મકવાણા સાથે ડૉ. આર.પી. નિગમ અને ડૉ. જયપ્રકાશ સિન્હાએ સેવા બજાવેલ.

**દિવ્ય જીવન સંઘની દક્ષિણ ગુજરાતની મુખ્ય શાખાઓનાં પ્રવાસે શિષ્ટમંડળ :** ગુજરાત દિવ્ય જીવન સંઘના કાર્યને વધુ કાર્યાન્વિત અને સંગઠનને સઘન બનાવવાનાં હેતુથી તા.૬ અને ૭ માર્ચ, ૨૦૧૦ના રોજ બે દિવસ પરમ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ સાથે ગુજરાત દિવ્ય જીવન સંઘના અગ્રણી કાર્યકરોનો પ્રવાસ ભરૂચ, નવસારી, વલસાડ, સુરત અને વડોદરા ખાતે યોજાયો અને શિવાનંદ પરિવારનાં ઘણા બધા ભક્તોને મળવાનું થયું. ખૂબ જ ટૂંકા ગાળાની સૂચના છતાં શહેરમાં મોટા ભાગનાં ભક્તો-કાર્યકરોને મળી શકાય તે રીતે સત્સંગ/મિટિંગનું આયોજન થયું. આ પ્રવાસમાં પૂ. સ્વામીજીની સાથે ટ્રસ્ટી અરૂણભાઈ ઓઝા, શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘનાં મંત્રી શ્રી રાજીવભાઈ શાહ તથા શ્રીમતી પૂનમબેન થવાણી હતાં. બે દિવસમાં પાંચ શાખાઓની મુલાકાત દરમ્યાન યોજાયેલ મિટિંગમાં 'દિવ્ય જીવન' માસિકની સભ્ય સંખ્યા વધારવા માટે ઝુંબેશ હાથ ધરવા વિનંતી કરવામાં આવી તેનો સૌએ ખૂબ સારો પ્રતિસાદ આપ્યો. ઉપરાંત નવા શૈક્ષણિક વર્ષમાં સમાજના પછાત અને ગરીબ આદિવાસી વિસ્તારોનાં બાળકોને નોટબૂક અને ચોપડા નિઃશુલ્ક વિતરણ પ્રોજેક્ટ હાથ ઉપર લેવામાં આવેલ છે તેની વિગતો મિટિંગમાં આપવામાં આવેલ. શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે તા.૨૫ એપ્રિલથી તા.૩જી મે (પૂજ્ય સ્વામીજીનો ૬૬મો પ્રાકટ્યોત્સવ) દરમ્યાન યોજાનાર વિવિધ કાર્યક્રમોની માહિતી પણ આપવામાં આવી.

ભરૂચ ખાતે કાર્યક્રમમાં 'દિવ્ય જીવન'ના નવા ૧૦૦૦ સભ્યો વધારવાનો સંકલ્પ કરવામાં આવ્યો. આ જ રીતે નવસારી, વલસાડ, સુરત અને વડોદરા ખાતે પણ મોટી સંખ્યામાં નવા સભ્યો નોંધવાની ખાતરી આપી છે. જે રીતનો પ્રતિસાદ મળ્યો છે તે જોતાં આગામી તા.૩૦ એપ્રિલ, ૨૦૧૦ સુધીમાં ૫૫૦૦ સભ્યો/નકલ સુધી વિતરણ નોંધાશે તેવો અંદાજ છે. એક વર્ષમાં ૧૧૦૦૦ સભ્યો બને અને તે નોંધવાનાં ઉદ્દેશ સાથે સૌને સક્રિય થવા હાકલ કરવામાં આવી જે મહાનુભાવ રૂા.૨૨,૦૦૦/- આપે તો અંક તેઓના સૌજન્યથી પ્રકાશિત કરી અંકમાં નોંધ મૂકી શકાશે, તેની માહિતી આપવામાં આવી. આ સંદર્ભમાં સ્થાનિક મહાનુભાવો સાથે આ યોજના માટે પણ પ્રયત્નો કરવા જણાવવામાં આવ્યું.

પૂજ્ય સ્વામીજીએ દરેક શાખામાં પોતાનાં વક્તવ્યમાં જણાવેલ કે, ગુજરાત દિવ્ય જીવન સંઘની જે તમામ શાખાઓ છે તેની વચ્ચે યોગ્ય સંકલન અને સંપર્ક જળવાઈ રહે તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જે શાખા નિયમિત સત્સંગ અને કાર્યક્રમોનું આયોજન કરશે તેને 'દિવ્ય જીવન' માસિકની પાંચ પ્રતો પ્રતિમાસ મોકલાશે. જેથી શાખા તેનો ઉપયોગ પોતાની શાખામાં ઉપયોગી એવા મહાનુભાવોને આપવા માટે કે નવા સભ્યો બનાવવા માટે ઉપયોગ કરી શકે. વધુમાં જણાવ્યું કે, આ ઉપરાંત શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે જે નવાં પુસ્તકો પ્રકાશિત થશે તેની પ્રતો પણ મોકલવામાં આવશે કે જેથી સ્થાનિક સંગ્રહ કરી વાંચવા માટે કે તેનાં પ્રચાર દ્વારા તેના વિતરણ માટે વધુ નકલો જોઈએ તો મંગાવી શકે અને તે મોકલવાની પણ વ્યવસ્થા કરી શકાશે. શ્રી અરૂણભાઈ ઓઝાએ પણ પાંચેય શાખાના કાર્યકરોને સંબોધતાં જણાવેલ કે 'દિવ્ય જીવન' માસિકનો ફેલાવો યુવા વર્ગ માટે કરવો અત્યંત જરૂરી છે. તેઓએ વધુમાં જણાવેલ કે, પૂજ્ય સ્વામીજી મહારાજનાં સત્સંગ/કાર્યક્રમો પણ શાખામાં યોજવા માટે આગોતરા આયોજન કરી શકાય તે માટે અમદાવાદ ખાતે સંપર્ક કરી શકો છો.

શિષ્ટમંડળ પ્રવાસેથી પરત આવ્યા બાદ આયોજક કાર્યકરો તથા કેટલાક મહાનુભાવોનો પત્ર દ્વારા સંપર્ક કરવામાં આવેલ તેનો પ્રતિસાદ પણ સારો મળ્યો છે. વલસાડના શ્રી પ્રતાપભાઈ દેસાઈએ રૂા.૨૫૦૦/-ના એક એવા ૫૦ ઉપરાંત પેટ્રન નોંધવાની કાર્યવાહી શરૂ કરેલ છે જ્યારે ભરૂચ ખાતે સંપર્ક કરવા યોગ્ય વ્યક્તિઓની મોટી યાદી તૈયાર કરવામાં આવી છે. વલસાડના શ્રી અશોકભાઈ દેસાઈએ પ્રત્યુત્તરમાં જણાવેલ છે કે, 'આપ સૌ અમારે ત્યાં પધાર્યા એ જ અમારું સદ્‌ભાગ્ય ગણાય. જ્યાં પૂ. સ્વામીજી જેવા સંતનાં પગલાં અમારી ક્લબમાં, વાડીમાં, નવા ઘરમાં પડે એથી વિશેષ કૃપા પરમાત્માની શી હોઈ શકે? એમનાં સાંનિધ્યમાં અમોને ઘણો સમય વ્યતિત કરવાનો મળે તેવી હંમેશાની મહેચ્છા છે. જેઓને એમનું સાંનિધ્ય મળ્યું છે તેઓ ખરેખર નસીબદાર છે. પ.પૂ. સ્વામીજી અહીં પધારે એમનાં સત્સંગનો લહાવો મળે, માર્ગદર્શન મળે એ માટે પ્રભુને પ્રાર્થના.' પ્રવાસ દરમ્યાન પૂ. સ્વામીજીના અનુભવોને કારણે જે પ્રતિભાવ મળ્યા છે તથા કાર્યવૃદ્ધિ માટે કાર્યકરો સક્રિય થાય તે પ્રવાસની સફળતા ગણાય.

**આવશ્યક સૂચના :**

'દિવ્ય જીવન' માસિકના બિન-નિવાસી ભારતીયો (વિદેશમાં વસતા મહાનુભાવો) માટે લવાજમની રકમમાં નાછૂટકે વધારો કરવો પડ્યો છે. અંકની પ્રસિદ્ધિના ખર્ચાઓમાં ખૂબ જ વધારો થયો છે. તેમ જ પોસ્ટિંગ ખર્ચમાં પણ બમણા ઉપરાંત વધારો થવાના કારણે ગુજરાત દિવ્ય જીવન સંઘના ટ્રસ્ટીમંડળની મળેલ મિટિંગમાં લવાજમ દરમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવે છે. આ નિર્ણય અનુસાર તા.૦૧-૦૪-૨૦૧૦થી વાર્ષિક રૂા.૧૨૦૦/- નક્કી થયેલ છે. જેની સૌએ નોંધ લેવી.



શ્રીરામનવમીએ વૃક્ષારોપણ તા. ૨૪-૩-૨૦૧૦



ડો. એમ.જે.પટણીજીનો ૮૦મો જન્મોત્સવ તા. ૨૪-૩-૨૦૧૦




વેદાંત આશ્રમ, ખડદા-દાવડામાં પૂજ્યશ્રી સ્વામી નિશ્ચલાચનંદજી મહારાજ
સાથે પૂજ્ય સ્વામીજી તા. ૨૦-૩-૨૦૧૦



સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, સેટેલાઇટ શાખાના
નૂતન બિલ્ડીંગમાં પ્રવેશ તા. ૨-૩-૨૦૧૦



શ્રી મારૂતિયજ્ઞ તા.૩૦-૩-૨૦૧૦



## પછાત વિસ્તારના ગરીબ વિદ્યાર્થીઓ માટે વિનમ્ર અપીલ

ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ૨૦૦ પાનની ૧,૨૫,૦૦૦ નોટબુક અને ૨૫,૦૦૦ ચોપડાની માંગ આ વર્ષે આવેલ છે. નોટબુક વિના મૂલ્યે અંતરિયાળ પછાત વિસ્તારના ગરીબ વિદ્યાર્થીઓને આપવામાં આવશે. આ કાર્ય માટે કાર્યકરોએ સર્વે કરી વિગતો મંગાવેલ છે. નોટબુકના મુખપૃષ્ઠ ઉપર સ્વામી શિવાનંદજીનો રંગીન ફોટો, મુખપૃષ્ઠ-૨ ઉપર વિદ્યાર્થીઓને સંદેશ, મુખપૃષ્ઠ-૩અને૪ ઉપર અનુક્રમે સૂર્યનમસ્કાર અને તેની બાર સ્થિતિ અને સ્વામીજીનો પરિચય. જ્યારે નોટબુકના પ્રથમ પાને શ્રી સરસ્વતી મંત્ર, વિશ્વ પ્રાર્થના, શ્રી મહામૃત્યુંજય મંત્ર, બીજા પાને પ્રાણાયામ-ધ્યાનના ફાયદા, **'Song of Eighteen *ities*'**, હે પ્રભો, આનંદદાતા પ્રાર્થના તથા નોટબુકનાં છેલ્લાં બે પાન ઉપર અનુક્રમે 'યોગના લાભ અને આવશ્યક સૂચનાઓ તથા અબ્રાહમ લિંકનનો અવિસ્મરણીય પત્ર પ્રસિદ્ધ કરેલ છે. ગત વર્ષે શિક્ષણક્ષેત્રે આ નોટબુકની સેવા ખૂબજ આવકાર પામેલ હતી. આ સેવામાં સહયોગ આવકાર્ય છે.

**Postal Registration No. GAMC 1417/2009-11 Valid up to 31-12-2011 RNI No. GUJGUJ/2003/15738**
**Posted on 5th of every month at PSO, Ahmedabad-380 002. Annual Subscription Rs.100/-**



પૂજ્ય સાહેબજીના ૭૧મા જન્મદિવસે અભિવાદન કરતા
પૂજ્ય સ્વામીજી (મોગરી) તા.૧-૩-૨૦૧૦



ભક્ત સમુદાય દ્વારા જન્મદિવસ મુબારક(મોગરી) તા. ૧-૩-૨૦૧૦



શ્રી રામનવમી ઉત્સવ શિવાનંદ આશ્રમ,
અમદાવાદ તા. ૨૪-૩-૨૦૧૦




તા.૨૬-૩-૨૦૧૦ અમદાવાદના ૬૦૦મા સ્થાપના દિન નિમિત્તેના વયવંદના કાર્યક્રમનું પૂજ્ય સ્વામીજીના હસ્તે દીપ પ્રજ્જવલન

## આત્માનો દિવ્ય આનંદ

ભગવાન કે આત્મા એ સર્વત્ર એક જ છે. ગાય, ઠગ, સંત, ગામડિયો, રાજા એ બધાનો આત્મા એક જ છે. ખરા સુખનું સ્થાન એ અંતરતમઆત્મા, તમારું સ્વ-રૂપ છે. આત્માના આનંદથી ચડિયાતો કોઈ આનંદ નથી. ભગવાન તમારી અતિનિકટ છે. તે તમારા હૃદયમાં રહે છે. તે તમારા શ્વાસથી તથા તમારા હાથ-પગથી પણ વધુ નજીક છે. તે તમારું પોતાનું રૂપ જ છે-તે તમે જ છો-તત્ત્વમસિ।

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

Print Vision